શિવમસ્તુ સર્વજગતઃ

# તત્વાર્થ કારિકા


વ્યાખ્યાતા

પ.પૂ.આ.મ. શ્રી હેમરત્ન સૂરીશ્વરજી મ.સા.

સંકલન

સાધ્વીજી શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી

શિવમસ્તુ સર્વજગતઃ

# તત્વાર્થ કારિકા


: વ્યાખ્યાતા :

પ.પૂ. આ.મ. શ્રી હેમરત્ન સૂરીશ્વરજીમ્

: સંકલન :

સાધ્વીજી શ્રી કીર્તિપૂર્ણાશ્રીજીમ્

# અનુક્રમણીકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. પ્રથમ પ્રવચન | ચાર મંગલ | ૧ | ૨૩. પ્રવચન ચોવીસમું | તત્વાર્થ કારિકા | ૬૫ |
| ૨. બીજુ પ્રવચન | ચાર મંગલ | ૩ | ૨૪.પ્રવચન પચ્ચીસમું | " " | ૬૮ |
| ૩. ત્રીજુ પ્રવચન | ચાર મંગલ | ૬ | ૨૫.પ્રવચન છવ્વીસમું | " " | ૭૦ |
| ૪. ચોથુ પ્રવચન | ચાર મંગલ | ૯ | ૨૬.પ્રવચન સત્તાવીસમું | " " | ૭૨ |
| ૫. પ્રવચન પાંચમું | ચાર મંગલ | ૧૨ | ૨૭.પ્રવચન અઠ્યાવીસમું | " " | ૭૬ |
| ૬. પ્રવચન છઠ્ઠુ | ચાર મંગલ | ૧૫ | ૨૮.પ્રવચન ઓગણત્રીસમું | " " | ૭૮ |
| ૭. પ્રવચન સાતમું | ચાર મંગલ | ૧૮ | ૨૯.પ્રવચન ત્રીસમું | પ્રશ્નોત્તરી | ૮૭ |
| ૮. પ્રવચન આઠમું | તત્વાર્થ કારિકા | ૨૦ | ૩૦.પ્રવચન એકત્રીસમું | પ્રશ્નોત્તરી | ૮૯ |
| ૯. પ્રવચન નવમું | " " | ૨૪ | ૩૧.પ્રવચન બત્રીસમું | પ્રશ્નોત્તરી | ૯૧ |
| ૧૦.પ્રવચન દશમું | " " | ૨૭ | ૩૨.પ્રવચન તેત્રીસમું | પ્રશ્નોત્તરી | ૯૫ |
| ૧૧.પ્રવચન અગિયારમું | " " | ૩૦ | ૩૩.પ્રવચન ચોત્રીસમું | આગમ | ૯૭ |
| ૧૨.પ્રવચન બારમું | " " | ૩૨ | ૩૪.પ્રવચન પાંત્રીસમું | આહાર શુદ્ધિ | ૧૦૬ |
| ૧૩.પ્રવચન તેરમું | " " | ૩૫ | ૩૫.પ્રવચન છત્રીસમું | આહાર શુદ્ધિ | ૧૧૦ |
| ૧૪.પ્રવચન ચોદમું | " " | ૪૦ | ૩૬.પ્રવચન સાડત્રીમું | આહાર શુદ્ધિ | ૧૧૨ |
| ૧૫.પ્રવચન પંદરમું | " " | ૪૨ | ૩૭.પ્રવચન આડત્રીસમું | આહાર શુદ્ધિ | ૧૧૭ |
| ૧૬.પ્રવચન સોળમું | " " | ૪૫ | ૩૮.પ્રવચન ઓગણચાલીસમું | | |
| ૧૭.પ્રવચન સત્તરમું | " " | ૪૭ | | દિવાળી વ્યાખ્યાન | ૧૧૯ |
| ૧૮.પ્રવચન અઢારમું | " " | ૫૧ | ૩૯.પ્રવચન ચાલીસમું | | |
| ૧૯.પ્રવચન વીસમું | " " | ૫૪ | | દિવાળી વ્યાખ્યાન | ૧૨૨ |
| ૨૦.પ્રવચન એકવીસમું | " " | ૫૭ | ૪૦.પ્રવચન એકતાલીસમ | | |
| ૨૧.પ્રવચન બાવીસમું | " " | ૬૦ | | ઉત્તરાધ્યયન | ૧૨૪ |
| ૨૨.પ્રવચન તેવીસમું | " " | ૬૨ | ૪૧.પ્રવચન બેંતાલીસમું | ઉત્તરાધ્યયન | ૧૨૭ |

પ્રખર પ્રવચનકાર, મધુરભાષી પરમ પૂજ્ય પંન્યાસજી શ્રી હેમરત્નવિજયજી ગણિવરનાં પ્રવચનો.....

## પ્રવચન પ્રથમ

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

અનંત ઉપકારી શાસ્ત્રકાર ભગવંત ફરમાવે છે કે, અનંતી વાર આ જીવે જન્મમરણ કર્યા, કોઈપણ જીંદગી સારામાં સારી પસાર કરી નથી, બધી જીંદગી ફેલ ગઈ છે. પરંતુ આ જન્મને બહુ સરસ રીતે પસાર કરવાની તક હવે મળી છે. આ શ્લોકમાં ચાર મંગલ કહ્યા છે. આ મંગલિક શ્લોક છે.

જૈન શાસન જયવંતું છે. તે શાસનમાં અનંતા મોક્ષે સીધાવ્યા છે. તીર્થંકર મહાવીર, ગણધર ગૌતમ અને મુનિશ્રી સ્થૂલિભદ્ર આ ત્રણને જ કેમ લીધા ? શું બીજા અનંત તીર્થંકરો મંગલરૂપે નથી ?

**(૧) પરમાત્મા મહાવીરપ્રભુને** એટલા માટે લીધા કે, તેમના જીવનમાં ઘણા અપડાઉન્સ આવ્યા કર્મના નટરૂપે એ નાચ્યા.

મહાવીરનો જીવ ઠેઠ સાતમી નારકે પણ પહોંચ્યો, ચોથી નરકે પણ ગયો અને તિર્યંચમાં સિંહ તરીકે પણ ઉત્પન્ન થયો.

પણ અંતે જબરજસ્ત પુરૂષાર્થ કરી, કર્મની સામે જંગ પણ રમી સર્વોચ્ચ પરમેષ્ઠિના સ્થાન ઉપર અને છેવટે સમવસરણના ત્રણ ગઢ ઉપર પણ બિરાજમાન થયા. ક્યાં સાતમી નરક અને ક્યાં સર્વોચ્ચ તીર્થંકરનું ઉત્તમ સ્થાન... મંગલ તરીકે મહાવીરપ્રભુને લીધા.

**(૨) મંગલં ગૌતમપ્રભુ :** અહંકારની ટોચ ઉપર રહેનારો, પોતાને સર્વજ્ઞ માનનારો, ભગવાન મહાવીરને હરાવવાની ઇચ્છાવાળો એ જ ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ, પ્રભુવીરને પામીને પરમ વિનયી, પરમ નમ્રતાના શિખરને સર કરીને પ્રભુ વીરના પ્રથમ-ગણધર ગૌતમ બન્યા....

**(૩) મંગલં સ્થૂલભદ્રાદ્યા :-** વાસનાનો પરમ ગુલામ, પરમકામી, ૧૨ વર્ષ સુધી સતત કોશા વેશ્યાને ત્યાં રહેનારા એ જ સ્થૂલભદ્રને કામવિજેતાનું બિરૂદ મળ્યું. સંયમ લઈને કોશાને ત્યાં ચાતુર્માસ કર્યું, પ્રણીત ભોજન જમ્યા પરંતુ અદ્ભૂત કામ કર્યું, કામના ઘરમાં રહીને કામનું જ ખૂન કર્યું.

**(૪) જૈનો ધર્મોઽસ્તુ મંગલં :-** ઉપરના ત્રણ ત્યારે જ મંગલરૂપ બની શક્યા કે જ્યારે એમનામાં જૈનધર્મ પ્રગટ થયો. જિનોક્તધર્મમાં એવી તાકાત છે કે, જે દાનવને માનવ બનાવે.

છ છ જીવોની હત્યા કરનારો અર્જુનમાળી જો મોક્ષને વર્યો હોય તો તે જૈનધર્મના કારણે જ.

આ ધર્મ જ મંગલરૂપ છે.

માટે મહાવીર તિન્નાણં-તારયાણં બન્યા. અહંકારી ગૌતમ પરમવિનયી બન્યા અને સ્થૂલભદ્ર કામવિજેતા બન્યા. આ ત્રણેના મંગલના પાયામાં જૈનધર્મ જ મુખ્ય કારણ છે. ધર્મ મંગલ છે તેનું કારણ સામાયિક, પ્રતિક્રમણ, પૂજા આ બધું જ મંગલરૂપ છે.

લોકો કુમારી કન્યા સામી મળે તો મંગલરૂપ માને છે. પણ સાધુ સામા મળે તો અપશુકન માને ને ? પણ સાધુ તો અત્યંત મંગલરૂપ છે. સાધુને અમંગલ માનો તો ઊંધું થઈ જાય, બિલાડી આડી ઉતરે તો પાછા વળી જાઓને ! ડોક્ટર ભગવાનને ન માને પણ બિલાડી આડી ઉતરે તો માને. ગાય મળે તો અતિ મંગલ માને. ખાસ તો અંદરથી પેદા થતો જે શુભભાવ તે જ મંગલ છે.

સાધુ ગોળ અને દહીં કદાચ ન ખાય પણ સાધુએ શુકન લેવાં હોય તો શું કરે ? ઈર્યાવહિ કરે તો પણ મંગલ થઈ જાય. ત્રણ પ્રદક્ષિણા દે તો પણ મંગલ થાય. શ્રાવક પૂજા કરવા જતો હોય તો પણ સાધુ તેનાં શુકન લઈને જાય તો ય મંગલિક છે.

ગૌતમ સ્વામી પ્રેરણા આપે છે કે, સંસારમાં મેં એક મોટી ભૂલ કરી છે. તે એ કે,

સંસારમાં સાસુ-વહુના, દેરાણી-જેઠાણીના ઝઘડા તો થાય પણ હું એક એવો અહંકારી નીકળ્યો કે, જગતના નાથની સામે લડવા નીકળ્યો. મારી જાતને મહાન ગણાવી પરંતુ ભગવાને મને એ ભૂલ બતાવી. અને ભગવાનના પ્રભાવથી તેઓ લબ્ધિના ભંડાર બની ગયા. કામવાસનામાં ચકચૂર બનેલા સ્થૂલભદ્ર ચોર્યાસી ચોવીસી સુધી ગવાશે તેવા બની ગયા.

ચંદનાના બાકુલા ભૂલાઈ જશે, નેમનાથની જાન ભૂલાઈ જશે, શ્રેયાંસના રસ ભૂલાઈ જશે, પણ સ્થૂલિભદ્રનું બ્રહ્મચર્ય કોઈ નહિ ભૂલે. કામના ઘરમાં રહીને જેમણે કામને મહાત કરેલ છે.

જિનમંદિર, જિનમૂર્તિ સોનાના ભરાવે તેના કરતાં બ્રહ્મચર્યવ્રત પાળનાર ઊંચો છે.

**ચૌદ હજાર શિષ્યોમાં મનના પરિણામ ધન્નાઅણગારના હતા પણ મંગલમાં સ્થૂલિભદ્રનું જ નામ કેમ ?**

**ઉત્તર :-** શાસ્ત્રમાં કોઈપણ વસ્તુ નિષ્કારણ નથી, સ્થૂલિભદ્ર એ પ્રેરણા આપે છે કે, બાર વર્ષ સુધી વેશ્યાના ઘેર રહેનારના પણ આ જિનશાસનની આરાધનાથી ટર્નિંગ ઓફ લાઈફના દિવસ આવી જાય છે, અને તેથી જ તેમનું નામ મંગલમાં ગવાઈ ગયું છે.

**ત્રણ વ્યક્તિના જુદા પ્રકાર**

સ્થૂલભદ્ર કહે છે હે આત્મન્ ! તું તારા આત્માનું શ્રેય કર.

**આત્માનું શ્રેય કેવી રીતે થાય ?**

તું તારી જાતનો કંટ્રોલ કર. પાંચ ઈન્દ્રિયોને કાબૂમાં રાખ. સંપૂર્ણ સૈન્યને કાબૂમાં રાખનાર સહસ્રયોગી કહેવાય. પણ જૈનશાસનમાં શૂરવીર તે જ કહેવાય કે જે ઈન્દ્રિયોને જીતે, આત્માની સંજ્ઞાઓ અને કષાયોને જીતે. જો સંજ્ઞા અને કષાયોને વશ પડે તે જૈન ન કહેવાય. जि-जयति જય પામે, વિજય પામે તે જૈન. બ્રેક લગાવે તે જૈન.

પતિ-પત્નીની ફરિયાદો, પતિને રામ બનવું નથી અને પત્નીને સીતા બનાવવી છે. મંદિરમાં પણ લડે અને ઉપાશ્રયે પણ લડે.

પાર્લાના માણસો તો મહાવિદેહમાંથી આવ્યા છે અને પાછા સીમંધર સ્વામી પાસે જ જવાના છે.

કષાયોની મલિનતા આત્માના શ્રેયમાં બાધક છે.

*કપડાં ધોવા માટે કાદવમાં ન આળોટાય, તેમ ધર્મ કરવા માટે પાપ કરીને પૈસા ન કમાવાય.*

**પ્રશ્ન : ધર્મ કરવા માટે ધન ન કમાવાય ?**

**ઉત્તર :-** ધર્મ કરવા માટે ધન ન કમાવાય, ધન હોય તો ખર્ચો, પણ લોભ ચોવીશ કલાક સતાવે છે. કામની વાસના ૮૦ એંસી વર્ષની વય સુધી પણ સતાવે છે. મૈથુન સંજ્ઞા મોટી છે...

★-★-★

## પ્રવચન બીજું : ચાર મંગલ

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોડસ્તુ મંગલં.**

અનંત કલ્યાણના કરનારા શ્રી મહાવીરાદિ ત્રણે મંગલરૂપ છે, જૈનધર્મ પણ મંગલરૂપ છે, છતાં આપણે તેને મંગલરૂપ કેમ માનતા નથી ! છતાં આપણાં અમંગલ કેમ ટળતાં નથી ?

કારણ, આપણે તેને સાચા મંગલસ્વરૂપે મંગલ સ્વીકારતા નથી.

**માં ભવાત્ ગાલયતિ** મંગલ એટલે સોનાની જેમ મારાં કર્મોને ગાળી નાખે. સોનું શુદ્ધ થઈને ઉજ્વળ બને. નામાપિ તેષાં દૂરિતાની હન્તિ.

***પ્રભુ નામની ઔષધિ, ખરા ભાવથી ખાય,***
***રોગ શોક આવે નહિ, સબ સંકટ મીટ જાય.***
***પ્રહ ઊઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતખીણ સીઝે,***
***નામ લેતાંની સાથે તત્કાળ કાર્ય સિદ્ધ થાય.***

માત્ર નામ અને ઉપાસના આપણે કરવાની છે. કેટલાંક ગામ એવાં હોય છે કે, જેનાં નામ ન લેવાય. કેટલાંક નામથી ભગત તરીકે ઓળખાય. દરેક ગામમાં એવા એક ભાઈ પણ હોય છે. જેના નામથી સંઘનાં કામ થાય છે.

**દેડકાને જાતિસ્મરણ**

જાતિસ્મરણ કોને થાય ? જેણે પૂજાને અને સામાયિકને ગાઢ બનાવ્યું હોય. ભાંગ્યું ભાંગ્યું પણ સોનું જ છે. ભગ્નાપિ સુવર્ણતુલ્યા. ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ. દ્રવ્યક્રિયા કરતાં કરતાં કોઈ દુર્ગતિમાં ચાલ્યો ગયો હોય છતાં આગળ આવશે કેમકે, કરેલી પણ દ્રવ્યક્રિયા ક્યારેય નિષ્ફળ જતી નથી. નહિ જાઉં નરકની ગેહે બોલનારા કૃષ્ણને નરકમાં જવું પડ્યું. વીર પાસે વિનંતિ કરનાર શ્રેણિકને પણ નરકમાં જવું પડ્યું છે. સાતકર્મ અશુભ હોય પણ તેને શુભમાં ફેરવી શકાય. પણ આયુષ્યને ફેરવી ન શકાય.

**આ લોકને તો સારો બનાવ.**

દેડકાના કાનમાં વીર વીર શબ્દો પડતાં જ તે દોડ્યો, પણ શ્રેણિકના ઘોડા નીચે ચગદાઈ ગયો. દેરે જાવા મન કરે, ચોથતણું ફલ પાવે. રસ્તામાં એટેક આવે તો ય તેની દ્રવ્યપૂજા ફળે છે. વૃદ્ધ ડોસી ભગવાનને કરેણનાં ફૂલ ચઢાવવાની ભાવનાથી રસ્તામાં મૃત્યુ પામી પણ શુભભાવથી મરીને દેવી થઈ. પરમાત્માનું નામસ્મરણ સમાધિમૃત્યુ અપાવે છે.

મારૂતિ કાર નીચે કેટલા જીવો ચગદાય છે. વાહ બાપુ ! અણપૂંજયા ચૂલા સંધૂક્યા, ઘી તેલ ગોળના ભોજન ઉઘાડાં મૂક્યાં.

અતિચાર આવે એટલે બધા ક્યાં જાય ? બાથરૂમ. પણ કેટલી સૂક્ષ્મ વાતો તેમાં જણાવી છે તે ખબર છે ! આપણી નાનકડી ભૂલે કેટલાય જીવો ચગદાઈ જાય, દેડકો દેવાત્મા બન્યો. પછી ભગવાન વીરની પૂજા કરે છે. નામસ્મરણની પ્રચંડ તાકાત છે. નામનો મહિમા પાપ ધોવે છે. ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે.

જિનશાસનરૂપી સરોવરમાં ભગવાનના નામ સ્મરણરૂપી જળમાં તારા મનનો મેલ ધોઈ લે.

**अर्हं** પદનો જાપ શરૂ કરી દે. આત્માનું શ્રેય કર. નમો અરિહંત કર્યા કરો. ચાર મહિના પેલા કામવાળા ભૂતની જેમ અજપાજાપ કર્યા કરો, જીંદગી સફળ થઈ જશે. વાણિયાએ બુદ્ધિ વાપરી. ભૂત વશ થયું તેમ મનને વશમાં રાખો.

**નવકારની મહત્તા**

જન્મતાં બાળકને નવકાર સંભળાવવામાં આવે છે. ઉપદેશ-તરંગિણીમાં... લખેલ છે. સમરિજ્જ સવ્વકાલંમિ. જમતાં, બહાર જતાં, બેસતાં, ઊઠતાં નવકાર ગણો. એક ક્ષણ પણ બાતલ ન જવા દો. ચૌદપૂર્વથી પણ ચઢિયાતી ચીજ હોય તો તે મહાશ્રુતસ્કંધ છે. શ્રાવકો મરવા પડે ત્યારે જ નવકાર આપે પણ આ ખાટલે મોટી ખોડ છે.

જૈનકુલમાં જન્મેલા બાબાને સિનેમા થિયેટરમાં ન લઈ જાય. ચિંતામણી દાદાના દેરાસરમાં લઈ જાય. આ જૈનકુલનો મહિમા છે. ભલે બબુડાને કાંઈ જ ગતાગમ ન હોય પણ તેની બોચી પકડીને બધું જ મમ્મી કરાવે. પણ હવે બધું બદલાઈ ગયું છે. તમારી વહુઓ મોડર્ન થઈ ગઈ છે. જૈનકુલમાં જનમ્યા પછી આપણે બટાટાં કંદમૂળ ન ખવાય. પણ જૈનકુલના ડાહ્યા ડમરા દીકરા પર્યુષણમાં જ ડાહ્યા ડમરા થાય પાછાં પર્યુષણ ઉતરે ગાંડા થઈ જાય. જૈનસંઘ હવે હિલબિલ થઈ ગયો છે.

**મંગલં** શ્લોકનો શબ્દાર્થ બહુ નાનો છે. પણ તેની પાછળનો લક્ષ્યાંક બહુ મોટો છે. આપણે શબ્દાર્થ માત્ર નથી જોવાનો, તેની પાછળ રહેલો લક્ષ્યાર્થ પણ જોવાનો. નહિ તો ઘણીવાર અનર્થ થઈ જાય.

**કાના ભરવાડનું દૃષ્ટાંત**

શબ્દાર્થ એક જ પણ લક્ષ્યાર્થ અનેક હોઈ શકે. વક્તાના તાત્પર્ય ઉપર આધાર છે.

**મુનિનું દૃષ્ટાંત**

કેટલાક મુનિઓ વિહાર કરતા કરતા એક નદી કિનારે રેતીમાં પોતાની પાસે રહેલા ઘડાનું પાણી પીવા બેઠા. સામેના ગામવાળા સામૈયું લઈને આવ્યા પણ મુનિઓને ન જોવાથી રાહ જોઈને ચાલ્યા ગયા. રસ્તામાં કાનો ભરવાડ મળ્યો, તેને પૂછ્યું, અલ્યા, રસ્તામાં મુનિઓને જોયા હતા ? ત્યારે કાનો બોલ્યો, હા, નદીમાં પાણી પીતા હતા. આ જવાબ સાંભળી લોકો ભ્રમિત થઈ ગયા. પછી મુનિઓ ગામમાં ગયા, પણ કોઈ તેમને ગોચરી ન આપે. ખુલાસો કરવા કાનાને બોલાવ્યો ત્યારે તે બોલ્યા કે રેતીમાં બેસીને પાણી પીતા હતા. આ સાચો લક્ષ્યાર્થ કહેવાય.

**લલ્લુનું દૃષ્ટાંત**

મમ્મીએ લલ્લુને કહ્યું, તડકામાં છૂંદો મૂકું છું તો ખબર રાખજે, કાગડા આવીને ખાઈ ન જાય. ચાર કલાક લલ્લુ બેઠો પણ કાગડો ન આવ્યો. લલ્લુ ઘરમાં ગયો. મમ્મી છૂંદો લેવા ગઈ. પણ તપેલી ખલાસ. લલ્લુને પૂછ્યું, કેમ ખબર ન રાખી ? કાગડો આવ્યો હતો તો કહે, કૂતરો આવ્યો હતો, આ શું કહેવાય ? લક્ષ્યાર્થ ન કહેવાય.

**તાનસેનનું સંગીત - અકબરની અકળામણ**

જશોદા બાર બાર યહ ભાખે, વ્રજમેં હૈ કોઈ હેતુ હમેરો ચલત ગોપાલકું રાખે.

અકબર કંટાળી ગયો, વારંવાર એક વાક્ય કેમ બોલે છે? પણ એક અક્ષરના અનેકાર્થ હોય છે.

બાર બારનો અર્થ વારંવાર નહિ પણ દ્વાર દ્વાર પણ થાય. બારનો અર્થ પાણી પણ થાય. ઘાટ પણ થાય. અબ્દુલ રહીમખાન, જશોદાના રોમરોમમાં કૃષ્ણ વ્યાપી ગયા હતા. એટલે બાલ બાલ યહ ભાખે પણ અર્થ ઘટાવ્યો.

**ચેતો નલં કામયતે મદીયં.** મારૂં મન નલને ઇચ્છી રહ્યું છે. આ વાક્યના સવા લાખ અર્થ પંડિતોએ કાઢ્યા છે. લીમડી ગામે ગાડી મલી આ લક્ષ્યાંક કહેવાય. સાતલાખનું નાનકડું સૂત્ર જીવોનું સ્મરણ કરાવે છે. જગતમાં જેટલા જીવો છે તેનું વર્ગીકરણ આપ્યું છે. ચારમાં.... નરક, તિર્યંચ, દેવ, નારક. પાંચમાં એકેન્દ્રિયાદિ પાંચ, છ માં પૃથ્વીકાયાદિ છ, જીવવિચારમાં ૫૬૩ ભેદ છે. ચોરાશી લાખ જીવાયોનિ છે.

**ત્રણ પ્રકારના જીવો.**

(૧) અંતરાત્મા (૨) બહિરાત્મા (૩) પરમાત્મા.

(૧) હંમેશાં બહારના ભાવોમાં રમે તે બહિરાત્મા.

(૨) અંતરમાં રમે તે અંતરાત્મા.

(૩) પરમ આત્મામાં રમે તે પરમાત્મા.

(૧) સ્વાત્મા, (૨) પરાત્મા, (૩) પરમાત્મા.

હું તું તે હિ સિ ઇટ

મિ વસ્ મસ્ મિ સિ તિ

આપણા પરમાત્મા કહે છે કે, જૈનોનાં જીવશાસ્ત્ર જેવું બીજું એકે નથી. વૈજ્ઞાનિકોને હજુ સાબિત કરવાનું બાકી છે કે, સાપને કાન છે કે નહિ, અરે લલ્લુ ! અમારા ભગવાને તો ક્યારનું ય આ બાયોલોજી બહાર પાડી દીધું છે. વનસ્પતિમાં જીવ છે કે નહિ તે જગદીશચંદ્ર આવ્યા પછી જ ખબર પડી.

**બીજા ત્રણ પ્રકાર**

(૧) સ્વાત્મા, (૨) પરાત્મા (૩) પરમાત્મા

(૧) પોતાનો આત્મા (૨) બીજાનો આત્મા (૩) પરમાત્મા

(૧) સ્થૂલભદ્ર કહે છે તું તારા આત્માનું શ્રેય કર.

(૨) ગૌતમ કહે છે કે, જો તારે તારા આત્માનું શ્રેય કરવું.

(૩) હોય તો પરમાત્માને ધ્યેય બનાવ.

ત્યારે વીર કહે છે કે જગતના જીવોને પ્રેમ કર.

**(૧) શ્રેય (૨) ધ્યેય, (૩) પ્રેય...**

પણ આપણે ખાટલે મોટી ખોડ એ છે કે જીવ પ્રત્યેનો પ્રેમ છોડીને આપણે જડનો પ્રેમ કરીને બેઠા છીએ. મંદિર ઉપાશ્રયમાં પણ આપણે સલામત રહી શકતા નથી. પરિગ્રહસંજ્ઞા પણ આપણને બહુ પાડે છે. તમારા ઘરમાં રેડ પડે તો બે ટ્રક જેટલો સામાન નીકળે. બહેનો તો વળી એમ બોલે કે સંઘરેલો સાપ પણ કામમાં લાગે.

સામાયિક અને નવકારને મંગલ કહ્યો એટલે ધર્મ આવ્યો. વીરપ્રભુથી અનંત તીર્થંકરો આવ્યા, ગૌતમથી સર્વ ગણધરો અને સાધુઓ આવી ગયા. આ રીતે ત્રણે મંગલરૂપ બન્યા છે. દરેક માણસ પાસે પોતાનો ભૂતકાળ હોય છે તેમ તેનો ભવિષ્યકાળ પણ હોય છે.

આપણે આપણી આવતીકાલ કેવી લાવવી તે આપણા જ હાથની વાત છે.

સૂર્ય બરાબર રાઈટ ટાઈમે ઊગી જાય છે તેમ માણસ નિર્ણય કરી લે કે, મારે આવતી કાલે કેવું જીવવું તે મારા જ હાથની વાત છે.

કારતક શુદ એકમના દિવસે માણસ ડાહ્યોડમરો બની જાય છે, આજના દિવસે લડાય નહિ, ઝઘડાય નહિ, મંગલિક સાંભળવા પણ આવી જાય, સાસુ પણ લડે નહિ, જો બેસતું વર્ષ સારૂં કાઢ્યું, તો બીજા દિવસો સારા ન નીકળે ? જો જાગો તો જાગૃતિ આવી જાય. ઉપાશ્રય, મંદિરમાં બે કલાક સારા કાઢો છો તેમ ઘરમાં પણ અજપાજાપ ચાલુ કરો. આખો દિવસ તમે ધંધો તો કરતા નથી જ.

તું તારા આત્માનું શ્રેય ન કરે ત્યાં સુધી તું બીજાનાં કલ્યાણ ન કરી શકે. આપણે બીજાને નજરમાં રાખીને સ્વકલ્યાણ કરવું જોઈએ. હું બીજાનું કાંઈક કરૂં છું એ ભાવ સાચા જૈનને ન હોય.

મધર ટેરેસા અમેરિકાના જંગલોમાં જઈ મિશનરી ચલાવે છે. ઘરમાં જઈ બાળકોને સ્વચ્છ કરે છે. મેડિકલ આર્થિક રીલીફ કરે છે પણ આની સામે જૈનોનું કાર્ય અલગ છે. કુમારપાલ વી. શાહ જે પરોપકારનાં કાર્યો કરે છે તેમાં ડિફરન્સ છે.

જો આપણે માર્ક્સ મૂકવાના હોય તો જૈનોને ૧૦૦ ટકા આપીએ. અને અમેરિકાવાળાને ૧ જ ટકો આપવો કે નહિ તે સવાલ છે.

જીવની દયા આપણે એટલા માટે કરીએ છીએ કે, મારે મારા આત્માને તારવો છે તો જ મારું આત્માનું ભલું થશે. તે જીવ બિચારો છે તેમ જાણીને આપણે કોઈનું કામ કરવાનું નથી. હું બીજાનું કરૂં તો જ મારા આત્માનું કલ્યાણ થાય, અંતમાં પીતાનો જ આત્મા છે.

પરદેશીઓ આત્મા, પુન્ય-પરભવ કાંઈ જ માનતા નથી, તેથી તેઓએ પુન્ય કરવાનું આ વાત માનતા નથી. જ્યાં સુધી માણસ પોતાનું શ્રેય ન કરે ત્યાં સુધી બીજાનું કલ્યાણ કરી શકતો નથી માટે પ્રથમ મંગલ તે જ કે, સંજ્ઞાઓને કાબુમાં રાખવી....

★-★-★

## પ્રવચન ત્રીજું : ચાર મંગલ

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરૂં શાસનરસી. સકલ જગતને તારવાના ભાવ માત્ર ચોવીશ જીવોને જ થાય છે. સોયના અણીપર રહેલા અનંતા જીવોને જ તારવા એવું ભગવાનના જીવોને નથી. તેઓ કોઈને પણ માઇનસ કરતા જ નથી. નિગોદીના જીવને પણ તેઓ ધ્યાનમાં રાખે છે.

ભગવાને આપણા ઉપર આવો જ એક ઉપકાર કર્યો ને આપણે આટલે ઊંચે આવી ચઢ્યા. આપણા ઘરનાં છ માણસો પણ સદ્‌ગતિ પામે એવી પણ આપણે તો ચિંતા કરતા નથી.

### જિનદાસસાધુ અર્હદાસી

આપણે ત્યાં જિનદાસ અને અર્હદદાસી શ્રાવક-શ્રાવિકા થઈ ગયાં. એમને ત્યાં રોજ ભરવાડ દૂધ આપી જતો. ભરવાડને ત્યાં એકવાર લગ્નપ્રસંગ આવ્યો. અને અમુક સામગ્રી જિનદાસને ત્યાંથી મળી.

લગ્ન બાદ ભરવાડે ખુશ થઈ પરાણે બે બળદ આપ્યા. આ બંને તો બળદને કામ કરાવવું આવા વિચારનાં હતાં જ નહિ, પોતે નિઃસંતાન હતાં. બાળકોની જેમ બળદનું લાલનપાલન અને ધર્મ પમાડવાનું કામ તેઓએ કરવા માંડ્યું. અમારા આંગણે બંધાયેલાં પશુ પણ તરવાં જોઈએ. એવું બંનેને થયું. પોતે સામાયિક કરવા બેસે, બળદોને નવકાર સંભળાવે. સ્વાધ્યાય કરતાં પણ સાથે બેસાડે. આ રીતે સતત સમાગમથી પેલા બળદો ધાર્મિક બની ગયા. એકવાર એક માણસે તેમની પાસે ઘણો બોજો વહન કરાવીને બંને બળદોને થકવી નાખ્યા. કોઈવાર આ રીતે સહન કરેલું ન હોવાથી સાંધા ઢીલા થઈ ગયા. જિનદાસ પામી ગયા... અને બંનેને નિર્યામણા કરાવી. બંને મરીને શંબલ-કંબલ નામે દેવ થયા. જેમણે પ્રભુ વીરનો ગંગાનદી ઊતરતાં ઊપદ્રવ નિવાર્યો. શરીરથી પણ કરવા જેવાં કામ તો ઘણાં ય કરી શકાય છે.

મારી પાસે પાંચ ક્રોડ રૂપિયા હોય તો જ હું ધર્મ કરી શકું આ માન્યતા બરાબર નથી. તારૂં સંપત્તિનું પુન્ય ન હોય તો તે કામ તું ન કરી શકે પણ મન અને તન તો તારાં સાબૂત હોય તો તું માનસિક, કાયિક ધર્મ કરી શકે છે. બીજાનું ભલું પણ કરી શકાય. બીજાનું પ્રેય કરવા દ્વારા કાયા પણ કામ લાગે.

દહેરાસર જતાં ગરીબ ડોસી રસ્તામાં બેઠી હોય અને તમે તેને ચારઆના આપીને પણ શાંતિ આપી શકો. જેના ઘરમાં ધર્મનાથ પ્રભુ બિરાજમાન હોય, જે ઘરમાં સુપાત્રદાન દેવાતાં હોય, પરોપકારનાં જે કામ કરી રહ્યાં છે, એવાં તારાબેન-કાંકરિયાનાં નામ કામ જાણવા જેવાં છે. કોઈપણ રસ્તામાં દુખિયારો હોય, એક્સીડેંટ થયેલો હોય, તો તેની સહાયમાં તેઓ સંપૂર્ણ ભોગ આપતાં લગભગ ૨૦૦ કિસ્સા છે. દવાખાનામાં તારાબેનનો કેસ નોંધાયેલો જ હોય. જગ્યા તેમના માટે રાખી જ હોય. એકવાર કોઈ સંઘપતિની માળનો ચઢાવો હતો અને પોતે પોતાની પુત્રવધુ સાથે તે માટે કારમાં બેસીને જતાં હતાં, રસ્તામાં કોઈ આઠવર્ષની નાનીબાળકી તાવમાં સબડતી હતી. તારાબેન નીચે ઊતરી ગયાં. પુત્રવધુએ કહ્યું, ત્યાં જવાનું મોડું થશે ? પણ તેઓ કહે, તમે બંને પ્રસંગને સાચવી લેજો. હું બાળકીને લઈને હોસ્પિટલ જાઉં છું. બેબીને ઊચકી. તરત જ સંડાસ તેને થઈ ગયો. પુત્રવધૂ મર્યાદા તોડીને છી છી કરવા લાગી. ત્યારે તારાબેન બોલ્યાં, છી છી ક્યોં કરતી હૈ, તેરી બચ્ચી હોતી તો તું ક્યા કરતી ? શાંતિની સુખની આશા રાખો પણ ક્યારે ? બીજાના સુખે સુખી હો તો જ.

## ધમ્મં શરણં પવજ્જામિ

ચાતુર્માસ આવી રહ્યું છે. હવે ધર્મની જયપતાકા બોલાવવાની છે. વ્યાપારધંધા પુરૂષો ઓછા કરી દે. અને બહેનો ખાંડણ પીસણ ઓછું કરી દે. દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે આ લોકોક્તિ આપણે ત્યાં નથી.

દ્વારિકાના રાજાધિરાજ શ્રીકૃષ્ણે ચારમાસનાં રાજકાજ છોડી દીધાં હતાં. વીરો સાળવી રોજ શ્રીકૃષ્ણને નમીને જ જમતો. ચાર માસ સભા ન ભરાવાથી તે દૂબળો થઈ ગયો. આવા પણ સ્વામીભક્ત તે કાળમાં હતા.

કુમારપાલરાજા ગામની બહાર ન નીકળતા. ચોમાસા પછી જ યુદ્ધાદિ કરતા. ક્યારેક હુમલા થાય તો ન ડગતા. જેમ આહારાદિ ચાર સંજ્ઞા, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા હોય છે. તેમ માનવે ધર્મસંજ્ઞા બરાબર સાધી લેવી જોઈએ. સામાયિક કર્યા વિના ચેન ન પડવું જોઈએ. પૂજા ન થાય તો જાણે કાંઈ જ કર્યું નથી તેવું માનવીને ધર્મનું વ્યસન લાગવું જોઈએ. અંતરમાં ધર્મસંજ્ઞા વણાઈ જવી જોઈએ. મૃત્યુ પહેલાં આપણે નિશ્ચિંત થઈ જવું જોઈએ કે હવે મને મૃત્યુનો ભય નથી, ખાવાપીવાની લાલસા નથી. વિષય-કષાયની લાલસા નથી.

સાઠ વર્ષની વય લટકામાં કહેવાય. કાયદેસર કહેવાય. સાઠ ઉપરની વય બોનસ તરીકે મળી કહેવાય. પહેલાંના કાળમાં વનમાં એકાવનમાં પ્રવેશે કે વાનપ્રસ્થ થઈ જતો. સંસાર ધ એન્ડ.

હવે તો ડોસો ૮૦ નો થાય તો ય દુકાન છોડતો નથી. ૮૦ વર્ષ સુધી પાર વગરનું ખાધું હોય પણ ડોસાઓ ચહાપાણીના ઝઘડા વહુઓ આગળ કરે છે. પણ હવે શરમ આવવી જોઈએ.

ખાવામાં જે હશે તે ભાવશે, રહેવામાં જે હશે તે ફાવશે. આવું જીવન હવે બનાવી દેવું જોઈએ. સાસુ કહે, બધા સાથે બનશે પણ વહુ સાથે નહિ. વહુ કહે, બધા સાથે બનશે પણ સાસુ સાથે નહિ.

**એનું નામ વહુ જેને દબડાવે સહુ.**

**સોનું નહિ પણ કાંસુ તેનું નામ સાસુ, જે જોવે ત્રાંસુ તેનું નામ સાસુ.**

એક છોકરો ભાવિ બનવાની પત્નીની કુંડલી જોષીને બતાવવા ગયો. જોષી કહે, ત્રણની લાવો. વહુનો સાસુ સાથે મેળ હોય તો બધાંની સાથે મેળ છે.

કલ્યાણનો કામી નાના નાના ઝઘડાને લેટ-ગો કરી દે. બાહ્ય સ્વરૂપ જોઈને કરૂણા થાય, અંતર સ્વરૂપથી અહોભાવ થાય.

કોઈ વહુ કાળી છે, કોઈ બાળક લંગડું છે, અક્કલ નથી, પણ આ બધું કર્મકૃત છે. જીવ જે કર્મ બાંધીને આવ્યો છે, તે રહેવાનું જ. તેથી તિરસ્કાર ન થાય. કોઈ બુદ્ધિહીન હોય, તેમાં તેનો જ્ઞાનાવરણનો ઉદય છે. સીધી વાત ન સમજાય તેમાં મોહનીય પણ નડે છે. તારક તીર્થંકરદેવની પણ દેશના નિષ્ફળ ગઈ. કર્મ છે.

**આકર્ણિતોઽપિ....**

હે પ્રભો ! તમને જોયા, પૂજ્યા, સાંભળ્યા પણ ભક્તિથી હૃદયમાં ધારણ કર્યા નહિ, તેથી હે જગબાંધવ ! ભાવશૂન્ય એવી મારી ક્રિયાઓ ફળતી નથી.

રોષ કર્મ સામે કરી શકાય. વ્યક્તિ પ્રત્યે ન કરાય. એય આંધળા, એ બહેરા ! આવાં વચન ન બોલાય. બહેરા થવામાં પણ તેનું કર્મ નડ્યું છે.

થાણા મુંબઈમાં એક બાળક નાપાસ થઈને આવ્યો, તેના બાપા જમવા આવ્યા, માને ખબર હતી કે આ નાપાસ થઈને આવ્યો છે, બાપાએ તરત પૂછ્યું, પાસ કે નાપાસ ? પત્નીએ કહ્યું, પહેલાં જમી લો. બાપ કહે, ના, હમણાં જ ઉત્તર જોઈએ. પત્ની ધ્રૂજતાં બોલી નાપાસ, અને ખલાસ. બાપની ક્રોધની કમાન છટકી. વીસ મિનિટ સુધી એક સરખો બાળકને માર્યો, તેના પ્રાણ પરલોકે પહોંચી ગયા. પણ બાપને ખબર નથી આ મરી ગયો છે, પછી ઊઠાડે છે પણ ચીડિયાં ચૂગ ગઈ ખેત ફિર પછતાયે ક્યા હોગા ? ડોક્ટરે મરેલો જાહેર કર્યો, બાપે પછી માથાં કૂટ્યાં. કોઈપણ કર્મપરિણતિને વિચારો. બીજાના દોષને બહુ ન તિરસ્કારો.

દરેક જીવાત્મા સિદ્ધાત્મા છે. જીવે જીવે શિવ છે. જે સિદ્ધ થઈ ગયા તેને તો નમસ્કાર, પણ થવાના તેનેય નવકારમાં નમસ્કાર છે. ઝાડનાં પાંદડે પાંદડે શિવ વસેલો છે.

**અક્ષરનો અનંતમો રે, ભાગ ઉઘાડો છે નિત્ય રે,**
**તે તો અવરાયે નહિ રે, જીવ સૂક્ષ્મનું એ ચિત્ત રે,**
**શ્રુત શું દિલ માન્યો...પ્રભુ આગમ સુખકાર રે...શ્રુતશું....**

★-★-★

# પ્રવચન ચોથું : ચારમંગલ

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

જગતના સર્વ જીવો સુખની આશાવાળા છે. એક નાનકડી કીડી સાકરના ડબ્બા પાસે તરત પહોંચી જાય છે. તેની ઘ્રાણેન્દ્રિય સતેજ હોય છે, પણ ત્યાં જઈને તે મોતને ભેટે છે. સુખ મળતું નથી. ઊડતો પતંગ દીવાની જ્યોત પાસે જાય છે, સુખની કલ્પનામાં રાચતો અંતે બળીને ખાખ થઈ જાય છે.

એક પણ જીવાત્મા સાચા સુખને પામી શકતો નથી. તમે નાની રૂમો છોડી પાર્લામાં આવ્યા, હવે બધી જ સુવિધાઓ મળી ગઈ, મકાનની દિવાલો બદલાઈ પણ સુખ નામનો પદાર્થ મળ્યો નહિ.

સ્મશાનમાં ઘણાંને વળાવી આવો છો, પણ સ્મશાનિયો વૈરાગ્ય ટકતો નથી. જ્ઞાનવૈરાગ્ય આવે તો કામ થાય. જૈનદર્શને તો સ્મશાનિયો વૈરાગ્ય પણ મંજૂર રાખ્યો. સળગતા મડદાને જોઈને પૂર્વના લોકો વૈરાગ્ય પામતા. આજના કાળમાં જાત નઠોર થઈ ગઈ, ભીનાશ લાગણી ખલાસ થઈ ગઈ.

**એક પ્રસંગ પાંડવોનો...**

પાંડવો જંગલમાં ફરતા હતા. એકવાર તળાવના યક્ષે દરેકને મૂર્ચ્છિત્ કરી દીધા છે. પછી યુધિષ્ઠિર ગયા. અને યક્ષે પ્રશ્ન પૂછ્યો ! किम् आश्चर्यं जगति ?

યુધિષ્ઠિરે જવાબ આપ્યો.

अहनि अहनि भूतानि, गच्छन्ति स्म यमालयम् ।
शेषाः स्थावरं इच्छन्ति, किमाश्चर्यं अतः परम् ॥

દિવસે દિવસે પ્રાણીઓ યમના ઘેર જાય છે, પણ બાકીના લોકો આ જોઈને પણ પોતાની સ્થિરતા ઇચ્છે છે, આ સિવાય જગતનું બીજું આશ્ચર્ય શું છે ?

**એક કથા**

એક રાજા હતો, તેને પેટમાં દુખવા આવ્યું, દવાની અસર ન થવાથી ભુવાઓ આવ્યા, જોરદાર વિધિ કરી. સાત દિવસ પછી ઉતારો કર્યો, અને સ્મશાનમાં વિધિ પૂર્ણ કરી. આઠમા દિવસે પાછું નહિ જોવાનું. પેલા માણસે કહ્યું કે, વિધિ થઈ ગઈ છે, અને હવે જે માણસ સંપૂર્ણ સુખી છે તેનું પહેરણ લઈ આવો. બધા પહેલાં પ્રધાનને પૂછવા ગયા. પ્રધાન કહે, મારી પાસે પૈસા તો ઘણા છે, પણ બાયડી એવી કજીયાળી છે કે, શાંતિ નથી આપતી.

બીજા દિવસે મંત્રી પાસે ગયા. મંત્રી કહે, મારી છોકરી પિયર આવીને બેઠી છે, તેની મોટી ચિંતા છે. નગરશેઠને પૂછવા ગયા, તે કહે, મારો છોકરો લંગડો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જગતમાં કોઈ એવો નથી કે, જે સંપૂર્ણ સુખી હોય.

રાજા માટે ક્યાંય પહેરણ મળ્યું નહિ, નગરની બહાર ગયા, એક બાવાજીની મઢૂલી હતી. બાવાજી સાદડી કાપી રહ્યા હતા.

પેલા રાજાના માણસો ત્યાં જઈને પૂછે છે, બાવાજી ! ઇસ જગતમેં કોઈ સુખી આદમી હૈ ? બાવો કહે, હું જ સુખી છું. પટે ભરવા માટે રોટલો મળી જાય છે. પીવા લોટો ભરી પાણી મળી

રહે છે. નિંદર કરવા ધરતી જગ્યા આપી દે છે. અને રહેવા માટે ઝાડ નીચે ચાલ્યો જાઉં છું. આવતી કાલની ફિકર કરતો નથી, ગઈ કાલને યાદ કરતો નથી. આવેલા માણસો આશ્ચર્ય પામી ગયા.

**પ્રશ્ન : તમે મને સુખી માનો છો ?**

સભા - હા... તો ચલો અહીં આવી જાઓ. બધા જ ચૂપ. જૂઠાબોલા લાગો છો ! સાધુને સુખીયા માનો છો, પણ તમે સાધુ પાસે જતાં ડરો છો.

***સાધુ તો સુખીયા ભલા, દુઃખનો નહિ લવલેશ***
***અષ્ટ કર્મને જીતવા, લીધો સાધુનો વેશ.***

એક તરફ બાહ્યથી તો સાધુપણામાં કષ્ટ લાગશે. લોચ, ગરમી, ઠંડી સહન કરવાની, મચ્છરોના ત્રાસ, ઊંઘ પૂરી થાય નહિ. સવારે વ્હેલા ઊઠવાનું, ચાલવાનું, નાના ગામડામાં જઈએ, ગરીબોનાં ઘર હોય, પાણી માટે દશ દશ ધક્કા ખાવાના. થાક લાગે, આનું નામ જ ઉપસર્ગ. દુઃખથી ભરેલું જીવન લાગે. પણ અમે આ બધા ઉપસર્ગોને આનંદથી સહન કરીએ છીએ. અને પ્રસન્નતામાં જીવીએ છીએ. તમે તો સાત વાગે ઊઠો. ધાબળા ઓઢો, સવારે ગરમાગરમ ચહા પીઓ, અને વચ્ચે વળી પત્નીને પૂછો, આજે રાતે ઠંડી ઘણી જાલિમ હતી હો. તરસ કેવી, ભૂખ કેવી, તમને અનુભવ નથી. કારણ તમે ભૂખનું દુઃખ વેઠતા જ નથી. અમને વિહારમાં જે સાચી ભૂખ લાગે અને વાપરીએ તે ભૂખનો અનુભવ કહેવાય.

પહેલાના કાળમાં ફાનસ સળગાવતા. ઓલવાઈ જાય, અંધારૂં થાય, આજે ઇલેક્ટ્રિકે કેટલા પ્રોબ્લેમ તમારા સોલ કરી દીધા. સાયન્સે સગવડો આપી દીધી. હવે તો પલંગમાં લાઈટ આપી દીધી. ભાઈસાબને પલંગમાંથી ઊઠવાની પણ તકલીફ લેવી ન પડે.

એક આંગળી દબાવો કે ઓન, એક દબાવો કે ઓફ. કેટલી સાધનસામગ્રી તમારા હાથમાં ? છતાં પણ તમે સુખી કે દુઃખી ?

સ્વામિ ! શાતા છે જી ? અમે અપ્રસન્ન દેખાણા ? તમારી દીકરી સાસરે દુઃખી થાય, ફોન કરે, પપ્પા ? મને ગમતું નથી. પણ સાધુને બધું ફાવે, બધે ફાવે. ઝૂંપડપટ્ટીમાં જઈને જુઓ તો ખરા ? તેમને જોતાં તમારાં તોફાનો શાંત થઈ જશે. પત્ની પાસે આ નથી ફાવતું ને તે નથી ફાવતું, ભીંડાનું શાક નથી ફાવતું ને ખીચડી નથી ફાવતી. બોલતા બંદ થઈ જાઓ...

હું ઘરમાં ભીંડાના શાકથી દૂર ભાગતો, હવે કાંઈ જ નહિ. સાધુ પાસે કાંઈ જ નહિ છતાં સુખી.

તમે તો પતિ-પત્ની ઘરમાં ય ઝઘડ્યા કરો, અમે તો સંઘમાં પ્રેમથી રહીએ.

અમને ક્યાંય કલેશના વાતાવરણમાં પણ દુઃખ પડતું નથી. કારણ અમે તે મન ઉપર લેતા જ નથી.

***(૧) બધું જ ફાવે (૨) બધે જ ફાવે (૩) બધાની સાથે બને (૪) અંતે બધા વિના પણ અમને ચાલશે.***

કેમકે, સાધુ પાસે સ્વાધ્યાય છે. આ ચાર સૂત્રો તમે ઘેર જઈને સ્વાધ્યાયરૂપે ગોખી લો. જીવનમાં અપનાવી લો. તમારી બાયડી હેમરતનને આશિષ આપશે. સો વરસના થજો એવી આશિષ આપશે. લોકોએ બાવાનું પહેરણ માંગ્યું. તે બોલ્યો, મારી પાસે તો પહેરણ જ નથી. જેની પાસે કશું જ નથી, તે સુખી છે. જેની પાસે બાર બાર... ચોવીશ ચોવીશ પહેરણ-સાડી છે, તે દુઃખી છે, અશાંત છે, અતૃપ્ત છે.

તમારાં ચપ્પલ, બ્લાઉઝ, કાનનાં એરીંગ, ચાંલ્લો, શર્ટ, બંગડી, રીબીન બધું જ મેચીંગ છે પણ ફક્ત ધણી-બાયડીમાં ક્રોસ મેચીંગ છે. તેઓના સ્વભાવ જ મેચીંગ થતા નથી. આવા કલરમેચીંગને ફેંકી દો. ઓલ મેચીંગ હોવા છતાં સ્વભાવમાં મનમેળ નથી. અને સ્વભાવ મનમેળ ન હોવાના કારણે જ ઘરઘરમાં કજીયાનાં તોરણો બંધાયાં છે. જો સ્વભાવ મેચ નથી તો પેલા મેચીંગની કાંઈ કિંમત નથી.

## ઓલ મેચીંગ - સ્વભાવ ક્રોસીંગ

સુખ ક્યાં છે ? સાધનોમાં ! ના.

પરમાત્મા મહાવીર કહે છે કે, તું લાઈન બદલ. તું બીજાના વિચારો કર. તારા પ્રોબ્લેમને તું ભૂલી જા. કોઈના કપાયેલા બે પગને જો.

બાબાની બર્થડે, આવા અનાથ, દીનના દુઃખને દૂર કરવામાં, મીઠાઈ ખવરાવવામાં ઉપયોગ કરો.

જો તને આ જન્મમાં સારાં માબાપ મળ્યાં છે, તો તને મળેલા જન્મનો તું સારાં કાર્યોમાં ઉપયોગ કર. તું તારા આત્માનું શ્રેય કર. બીજાનાં દુઃખો દૂર કર. તને સુખ જોઈએ છે, તો તું બીજાને સુખ આપ.

## સંત ગાડગેનો એક પ્રસંગ....

ગાડગે સાવ અભણ હતા. ઢ હતા. તેમનાં લગ્ન થયાં. બાળકો થયાં, પછી વૈરાગ્યમાં આવ્યા. રોજ પચીસ રૂપિયા કમાય. ઘેર થોડા મોકલે. બાકીના રૂપિયાથી ગરીબોનાં બાળકોને ભોજન ખવરાવે.

એકવાર એમની પત્ની ખીજાણી અલ્યા એ ભગતડા ! ઘરમાં ખાવા નથી ને પારકાં છોકરાંને ખવરાવવા હાલી નીકળ્યો છે. ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને મેવા ! પરણ્યો શું કરવા ? એમ બોલીને માટીનાં ઢેફાં મારવા લાગી. પોતાની પત્નીનાં ખાસડાં પણ સહન કરવાં પડે તેમ માનીને તેઓ પરોપકાર કરતા જ રહ્યા. તો તેનું પરિણામ એ આવ્યું કે, તેમના નામથી લોકો ક્રોડો રૂપિયાનાં ડોનેશન આપે છે, ઠેર ઠેર હોસ્પિટલો અને કોલેજો બંધાવે છે. આ સાધારણ ગણાતો માણસ આ રીતે પરોપકારથી સંત-ગાડગેની પ્રસિદ્ધિને પામ્યો. ટાટા હોસ્પિટલમાં જાઓ, કીડનીના રોગીઓ, કેન્સરના રોગીઓને જુઓ. સાત લાખ ગામડાંના માણસો પાણી વિના મરી રહ્યા છે તે જુઓ....

## મહાવીરનો સંદેશ.

તું તારા દુઃખને ભૂલી જા. જગતનાં દુઃખોની સામે તારાં દુઃખો કાંઈ જ હિસાબમાં નથી. તારાં દુઃખો માઈનર છે. તારાં કરતાં મેઝર પ્રોબ્લેમવાળાં ઘણાં છે. આપણે અત્યાર સુધી આપણા પ્રોબ્લેમ સોલ કરતા રહ્યા, સેલફીશ રહ્યા. પણ હવે તમે સ્વાત્માને ભૂલી પરાત્માનો વિચાર કરો. તું તારા પ્રોબ્લેમને ભૂલી જા. બીજાના, પ્રોબ્લેમને નજર સમક્ષ લાવી દે. યેન કેન પ્રકારેણ હું મારા અવળચંડા સ્વભાવને શાંત કરૂં, સજ્જન બનું, શાંત બનું, વિષય-કષાયને શાંત કરૂં, સાત-આઠ ભવમાં મોક્ષે જાઉં એવો પ્રયત્ન કરૂં. એ જ આ પ્રવચનનો સાર છે.

## કયું ન ભયે હમ મોર. (પ્રસંગરંગમાંથી...)

ઋષભદાસ એક મહાન કવિ થઈ ગયા. આ કવિ એકવાર શત્રુંજય ગિરિરાજની ભવ્ય યાત્રા કરવા ગયા હતા. દાદાનાં દર્શન કરતા હતા. ચોકમાં મોર નાચી રહ્યા હતા, મીઠા મીઠા ટહૂકા કરી રહ્યા હતા, અહાહા, કેટલો પુન્યોદય છે આ મોરોનો ! ચોવીશે કલાક દાદાના દરબારમાં રહેવાનો પરમ ભાગ્યોદય મળ્યો છે તેમને, અને કવિના હૃદય-મુખમાંથી શબ્દો સરી પડ્યા.... કયું ન ભયે હમ મોર... વિમલગિરિ... આવી હોય છે ભક્તોની ભક્તિની મસ્તી.....

★-★-★

# પ્રવચન પાંચમું : ચારમંગલ

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

પરમાત્માના અનુગ્રહ વિના કોઈનો મોક્ષ શક્ય નથી. ન સ્વતઃ અનુગ્રહં વિના.

કોઈ કહે હું આગળ આવ્યો, મારી જાતમહેનતથી. બાપાએ તો અમને પહેરે કપડે બહાર કાઢી દીધાં હતાં પણ અમે મહેનત કરી આગળ આવી ગયા. પણ પ્રભુની કૃપા વિના કોઈ આગળ આવી શકે નહિ, અરિહંત પરમાત્મા જેવા કોઈ દયાળુ નથી. સંસારમાં જીવે ત્યાં સુધી સહાય કરે જાય, સિદ્ધ થયા બાદ પણ ત્યાં બેઠા બેઠા દયા વરસાવ્યા કરે, અને શાસન નામનું નાવડું ભવ્યજીવોને તારવા માટે મૂકીને જાય.

ભગવાને જો મારગ સ્થાપ્યો ન હોત તો ચૌદશ શું ? આઠમ શું અને તેરસ શું એ ખબર જ ન હોત. જીવાદિ નવતત્ત્વો અને પુણ્યપાપ પણ ખબર ન પડત.

જો પરમાત્માનું શાસન ન મળ્યું હોત તો રોઝ જેવા અને આદિવાસી જેવા હોત. ભટકતા ભૂતડા જેવા હોત. આદિમાંથી માનવ બનવાનો ઉપકાર આ જૈન શાસનનો જ છે. જાનવરમાંથી મનુષ્ય બનાવનાર આ જૈનશાસન જ છે.

હું તમને ન ઓળખું, તમે મને ન ઓળખો પણ આપણે વગર ઓળખાણે ભાઈભાઈની જેમ સામસામે બેસીએ છીએ તો આ ભેગા કરનારૂં કયું તત્ત્વ છે ?

ઘરમાં છોકરૂં રડતું હશે તો શ્રાવિકા તમને અને બાળકને દૂધ અને ખોરાક નહિ આપે પણ અમને આપશે. સંઘને દેવગુરુ ધર્મનો નાતો છે. જેમ ધનિક થવાને ઇચ્છતો માણસ ઊંઘને ય ગણકારતો નથી.

એવરીથીંગ ઈઝ ઈન મની, આ જેમ મગજમાં બેસી ગયું તેમ ધર્મમાં પણ દૃઢ બની જાઓ.

આપણે ત્યાં રવિવારની રજા ન હતી, રવિવાર ક્રિશ્ચિયનનો હતો, પર્વતિથિઓની રજા આપણે ત્યાં રહેતી જયારથી રવિવારી રજા આવી ગઈ, ટી.વી. વીડિયો આવી ગયાં ત્યારથી રવિવારી આરાધના પણ જૈનોએ જતી કરી. અને અન્ય દિવસોમાં જીવોને વ્યાપારધંધા હોય છે. સમય બહુ ઓછો છે. **સમયં ગોયમ મા પમાયએ....**

૫૦ હજાર શિષ્યોના ગુરૂ, નમ્ર, વિનયી, તપસ્વી એવા શિષ્યને પણ પ્રભુ પ્રમાદ ન કરવા જાગતા રાખતા. **જિહાં જિહાં દિયે દિકખ, તિહાં તિહાં કેવલ ઉપજે એ.**

આપણને પણ ગૌતમે એક દીક્ષા આપી દીધી હોત તો ન્યાલ થઈ જાત.

ભગવાન મહાવીર ચંપામાં વિહાર કરતા હતા. બીજી બાજુ પૃષ્ઠચંપા ન્યુ હતી. ત્યાં ગાગલિ નામે રાજા હતા. સાલમહાસાલના મામા થાય. આ બંને ભગવાનના મુનિ હતા. ભાણિયાઓને થયું કે, મામા ક્યારે ધર્મ પામશે ? એમ વિચારી પ્રભુ પાસે આજ્ઞા માગી, અમે મામાને ધર્મોપદેશ આપવા જઈએ ? ત્યારે ભગવાને કહ્યું, તમે ગૌતમને સાથે લઈ જાઓ. છઠના પારણે છઠ, અલમસ્ત કાયા, તેજનો અંબાર, મનઃપર્યવજ્ઞાની આવા ગૌતમને લઈને બંને મુનિ પાછળ, ગૌતમ આગળ પહોંચી ગયા. સામૈયું થયું, આપણાં જ કમભાગ્ય, તેમના ચેલા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત ન થયું.

એક કલાકની દેશના ચાલી. ગૌતમસ્વામિના મુખમાંથી ફૂલડાં ખર્યાં. દેશના સાંભળી ગાગલિ બોલ્યા, ભગવન્ મમ મુંડાવેહ, પવ્વાવેહ, વેષં સમપ્પેહ. હે પ્રભો ! મને વેષ આપી દો.

અહીં પાર્લામાં એકનું ય પાણી નહિ હાલે. ભલે ચાર મહિના દેશનાનો ધોધ વરસે. ગાગલિ હાલી ગયા. ગૌતમગણધરની પ્રભાવી વાણીની જાદુઈ અસર લાગી ગઈ. ગૌતમ કહે છે, દીક્ષા લેવી હોય તો વૃદ્ધ માતપિતાની રજા લઈ આવ. રાજા રજા માંગવા ગયો, રજા મળી ગઈ. માતપિતા પણ હલી ગયાં, પણ વૃદ્ધાવસ્થાએ મૂંઝાવ્યાં... છોકરાને રજા આપી. શિવાસ્તે પન્થાનઃ અમે તો વૃદ્ધ થયાં, ધોળા આવી ગયા, તું ભલે દીક્ષા લે.

**કર્મસત્તાની ચાર નોટિશ.**

(૧) દાંત હાલવા માંડે. (૨) વાળ ધોળા થાય. (૩) હાથમાં લાકડી આવે. (૪) આંખની ઝાંખાશ, મોઢામાંથી લાળ પડે.

***જીવને જમડાનું તેડું આવ્યું, સર્વ મૂકીને જાવું જી,***
***રહો રહો જમડાજી આજનો દાડો, શેત્રુંજે જઈને આવું જી.***
***શેત્રુંજે જઈને દાન જ ખર્ચું, મોક્ષ મારગ હું સાધું જી***
***ઘેલા રે જીવડા ઘેલું શું બોલે, આટલા દિવસ શું કીધું જી.***

ચોમાસામાં પાઉં ભાજી તો છોડો. માસક્ષમણ લગાવી દો. જીવનનો કાંઈ જ ભરોંસો નથી.

ગાગલિ માતપિતાને કહે છે, હજુ શું બગડી ગયું છે ? લઈ લો દીક્ષા, અને વૃદ્ધ માતપિતાએ પણ ગાગલિ સાથે દીક્ષા લઈ લીધી. સાલ-મહાસાલ મુનિ ખુશ થઈ ગયા અને બોલ્યા, ભલું થજો, ગૌતમસ્વામીનું, અમે તો મામાને બારવ્રત જ ઉચ્ચરાવત, પણ આમણે તો ત્રણેને દીક્ષા આપી... ગૌતમ નવદીક્ષિતોને લઈને ત્રીજા ગઢમાં પહોંચ્યા. પ્રદક્ષિણા દઈને બેઠા. પ્રદક્ષિણા દીધા વિના ન ચાલે. આજે પ્રદક્ષિણા નીકળી ગઈ. ભગવાનની જમણી તરફથી સૂરજ અને ચંદાનાં બિંબો, આખું ય જ્યોતિષચક્ર, પૃથ્વીચક્ર ડાબી બાજુથી જમણી તરફ જાય છે. આરતિ પણ આ રીતે ફરે છે. ઘડિયાળનું ચક્ર પણ આ રીતે ફરે છે.

નવદીક્ષિતોને પ્રદક્ષિણા ફરવા કહ્યું પણ પાંચે પાંચ આમ જ ઊભા છે. પ્રદક્ષિણા દેતા નથી. કારણ કેવલજ્ઞાન પામી ગયા છે. ગૌતમ કહે છે, પ્રદક્ષિણા આપો. પછી ભગવાને કહ્યું, તેઓને કેવલજ્ઞાન થઈ ગયું છે. ગૌતમ આ સાંભળીને ડઘાઈ ગયા. ઓ હો હો હો ! આજે જ દીક્ષા, આજે જ કેવળ, હું જ રહી ગયો, મ્લાન થઈ ગયા. ભગવાને સમજાવ્યા, તું ચિંતા ન કર. તું પણ મારા જેવો જ કેવળી બનીશ. ગૌતમને માતા જેવો ભગવાનનો સ્નેહ હતો.

મા વિના જેમ બાળક ન રહી શકે તેમ ભગવાન વિના ગૌતમ રહી શકતા ન હતા. પ્રશસ્ત રાગ તો છે જ પણ ભગવાન ઉપર ગૌતમનો સ્નેહરાગ હતો. ગૌતમસ્વામિના રાગભાવને પણ નમસ્કાર કર્યો છે. રાગની અંદરથી પણ વીતરાગતા પ્રગટાવી શક્યા.

***માન કીયો ગણધર હુઓ, રાગ કિયો ગુરૂભક્તિ***
***ખેદ કીયો કેવલ લહ્યો, અદ્‌ભૂત ગૌતમ શક્તિ.***

***ધ્રસક પડ્યો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર***
***વીર વીર કહી વલવલે, સમરે ગુણ સંભાર.***

ભગવાનને ઠપકો આપતાં ગૌતમ બોલ્યા છે, હે પ્રભો ! તમે જગતનો પણ વ્યવહાર પાળ્યો નહિ, દુનિયામાં તો બાપ માંદો પડે તો છોકરો બહાર હોય તો બોલાવે, આપે ઊલ્ટું કર્યું છે. ગૌતમે જે વિલાપ કર્યો છે, તેવો આજ સુધી કોઈએ કર્યો નથી. આજ સુધી ગૌતમ જેવાં વિરહનાં આંસુ કોઈએ

પાડ્યાં નથી.

વીર વીરની અંદરથી વી રહી ગયો, વીતરાગ બની ગયા.

કોણ વીરને કોણ ગૌતમ એ રાગગ્રંથિ તૂટતાં વર જ્ઞાન ગૌતમને થતાં...

ઓ જીવડા ! તું તારા અંતરાત્માને જો. કેટલા દોષો ભર્યા છે ! અંતરના ઓરડાને કામક્રોધાદિ કષાયોથી તથા વિષયોથી, આહારસંજ્ઞાથી દૂર કરતો જા.

તારે એકલા જવાનું છે તો પરલોકનું ભાતું બાંધ. શાસ્ત્રકારોએ આપણા માટે પર્વોની ગોઠવણ કરી છે. કેટલાક બળદો ગાડામાં જોતર્યા પછી સીધા ચાલે પણ કેટલાક આડા હોય છે. તેઓને આર-પરોણા કરવી પડે. તો સીધા ચાલે. આ પર્વો આપણને ઘોંચપરૂણા જેવું સીધું કામ કરાવે છે. ચાલ ! ચૌદશ છે, ઘેર બેસી ન રહેવાય. પર્વો પ્રેરણા કરે, પર્વો જાગૃત કરે.

આવ્યા પર્યુષણના દાડા, કરો કર્મના તાડા. હવે ટાઈમ ન બગાડો. ભલાભલા પણ ઊઠી ચાલ્યા. રાજુભૈયા, ઇંદિરાબેન બધું મૂકીને ચાલ્યાં ગયાં. સત્તાસંપત્તિ અહીં જ પડી રહી. અવસર બેર બેર નહિ આવે, સંપત્તિને સારા કામોમાં ખરચી નાખ. તારા કમાયેલા, પસીનાથી ઉત્પન્ન કરેલા પૈસાને તારો છોકરો ક્લબમાં, દારૂપીઠામાં વેશ્યાવાડે ખરચી નાખશે.

એક રાજસ્થાની છોકરો હતો, મોટો થયો પણ કોઈક કારણસર તેની સગાઈ થતી ન હતી. તેર હજાર રૂપિયા લઈને પરણવાની આશાથી સૂરત પહોંચ્યો.

હજુ કાંઈ પાર ન પડ્યું કામ પછી રાણકપુર પહોંચ્યો. ત્યાં મીટીંગ ચાલુ હતી, શું છે પૂછ્યું, બધા સભ્યો કહે, ગઈકાલે જ પ્રતિષ્ઠા થઈ છે. તેના દ્વારોદ્ઘાટનની બોલી બોલાય છે. અને તરત જ ૧૩ હજાર પરણવાના રૂપિયાથી આ છોકરાએ ચઢાવો લઈ લીધો. સંસારની સંપૂર્ણ ઇચ્છા પણ આ રીતે ય પોતાની સંપત્તિને સુકૃતમાં જોડનારા થઈ ગયા છે. પાર્લે બીસ્કીટ વખણાયા છે. પણ આ બધું એક દિવસ મૂકીને જવું પડશે. સાથે તો પુન્ય-પાપ બે જ આવશે.

### બહેનોને સાદ

બાવીશ વર્ષની છોકરીને વાળ કપાવવામાં, લાલી લિપસ્ટિકમાં જ પોતાનું જીવન ઇતિકર્ત્તવ્યતા જેવું લાગે છે. સનત્કુમારના સ્ત્રીરત્નની વાળની લટ પેલા સંભૂતિમુનિને માત્ર સ્પર્શ કરી ગઈ અને તેઓ કામથી પ્રજ્જવલી ઊઠ્યા, નિયાણું કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તી થઈ સુખમાં લીન બની સાતમીએ પહોંચી ગયા.

એક વાળની લટ જો સાતમી પાતાલ ભૂમિમાં પહોંચાડી શકે તો છૂટા વાળની લટો લઈને ફરનારીને કઈ ગતિ થશે ? દર્પણ સામે ઊભાં રહીને કલાકો સુધી જોયા જ કરો છો મુખડાને...

*પાપ છિપાયા નવિ છીપે, જો છીપે તો મહાભાગ*
*દાબી દૂબી નવિ છીપે, રૂઈ લપેટી આગ...*

ઘડીકમાં વાળને આગળથી કટીંગ કરાવે, ઘડીક પાછળથી, લટક મટક ચાલ, હિલચપ્પલ, મોઢાના નખરા, આ બધું કોને બતાવો છો ? આનાથી તમારી પર્સનાલીટી પડતી નથી. મહાત્મા ગાંધી-પોતડી, હાથમાં લાકડી, ઘડિયાળ, ચપ્પલ આથી વિશેષ તેમની પાસે કાંઈ જ ન હતું. છતાં મહાન બની શક્યા. હસી હસી આગળ ધસે ડોસલો. એનું ચરિત્ર એ એનું કેરેક્ટર હતું. પરદેશીઓએ ગાંધીની ફિલ્મ ઉતારી

છે. ભારતવાળાને ગાંધીની પડી નથી. આપણે સચ્ચારિત્રથી ખખડી ગયા છીએ. બહેનો મેકઅપમાં પાયમાલ થતી જાય છે.

### પુરૂષોને સાદ

તમે લોકો ધંધામાં કેટલા ઊંધાચત્તા કરો છો ! જૂઠ કેટલાં બોલો છો ! કેટલાને બાટલામાં પૂરો છો ! પૈસો તો હાથનો મેલ કહેવાય.

બાઈઓ તો બિચારી સામાયિક કરીને પણ કર્મ ખપાવે છે. લૂંટારો હતો વાલિયો તો ય ચેતી ગયો અને વાલ્મિકી-ઋષિ બની ગયો.

તમને બાથરૂમમાં ઊભા છતાં શાંતિ નહિ, ટેલિફોન ગયા અને પ્લેઝ આવી ગયા, વધારે બીઝી બનતા જાઓ છો. પણ ધર્મ પ્રથમ કરો.

***કલ કરના સો આજ કર, આજ કરે સો અબ***
***અવસર બીત્યો જાત હૈ, ફિર કરેગા કબ***

### છ ઋતુના ફૂલ ખીલ્યા (પ્રસંગરંગમાંથી..)

પૂજ્ય ગુરુદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે ગુરૂભક્ત કુમારપાલને એકવાર કહ્યું, પરમાત્માનો પ્રભાવ કેવો છે ? જયાં જયાં જિનેશ્વર વિહરે ત્યાં ત્યાં છ ઋતુનાં ફુલ ખીલે છે. જો પરમાત્માનો આ પ્રભાવ છે તો તેમની ભક્તિનો તો પ્રભાવ અનોખો અને અચિન્ત્ય છે. અચિન્ત્યશક્તિવાળો છે. પરમાત્મભક્ત કુંમારપાલે નિશ્ચય કર્યો કે, જયાં સુધી મારા ઉદ્યાનમાં છ ઋતુનાં ફૂલો નહિ ખીલે ત્યાં સુધી હું આહારપાણીનો ત્યાગ કરી દઉં છું. ભક્તનો અવાજ અને ભક્તની લાજ રાખવા માટે દેવીએ ઉદ્યાનમાં છ ઋતુનાં ફૂલ ખીલાવ્યાં.

ભગવાનને ફૂલો ચઢાવીને ભક્ત ભક્તિની સુગંધથી સુગંધિત થયા.

★-★-★

## પ્રવચન છઠ્ઠું : ચારમંગલ

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

(૧) પરમાત્માને ધ્યેય બનાવવા (૨) જીવોનું પ્રેય કરો (૩) આત્માનું શ્રેય કરો.

પ્રચંડ પુન્યથી તમને દેવાધિદેવ મળ્યા છે. શું કરવાનું ?

(૧) પરમાત્મા ધ્યેય, વંદન સ્મરણ કરવા યોગ્ય છે. .... ધ્યેય
(૨) પરજીવોના પરોપકાર કરવાના છે. .............. પ્રેય
(૩) પણ છેવટે પોતાના આત્માનું શ્રેય કરવાનું છે. ..... શ્રેય

આપણે દયા ભલે પાંજરાપોળની ગાયોની ભેંસોની જ કરીએ પણ આ બધા કાર્યોથી પોતાના આત્માનું જ ભલું થાય છે. પુન્ય નામની ચીજ સુકૃતો કરવાથી જ થાય છે. આત્માની શુદ્ધિ પણ માનવનો

અવતાર મળ્યા પછી નહિ કરીએ તો બીજો કોઈ ભવ તે માટે છે જ નહિ.

કુમારપાળના પૂર્વજો શિવ-શંકરવાળા હતા. હેમચંદ્રાચાર્યજી તો પચાસ વર્ષ પછી મળ્યા છે. જ્યારે આપણને તો જૈનધર્મ જન્મથી જ મળ્યો છે. દેવગુરૂ ઉત્તમ મળ્યા છે. બારણાં બંધ કરીને નાચી લેવું જોઈએ. ગાલ પર ચૂંટી ખણવી જોઈએ. જાતને અભિનંદન આપવા ઘટે.

પૂજ્યપાદ શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકામાં જણાવે છે કે, જંબુસ્વામી પછી મોક્ષનાં બારણાં તો બંધ થઈ ગયાં છે પણ હવે મહાવિદેહ ખૂલ્લું છે. વાયા-વાયા જવું પડે. જરા ટર્ન લઈ લો. સીધી લાઈન છે. એક જનમ તો વચ્ચે લેવો જ પડે. પંચમકાળનાં તોફાનો ઘણાં છે. મહોપાધ્યાયજી લખે છે કે, ભગવાન્ ! મને તો હવે એક જનમનો પણ ભય લાગે છે. આ વખતે દીક્ષા તો મળી ગઈ, પણ કદાચ બીજો જન્મ ભારે કર્મથી નરક, તિર્યંચ કે મુસ્લિમ-ભંગી કુળમાં જન્મ મળી જાય તો શું થાય ? બધું જ ફેલ. ન માલુમ હવે ક્યાં જઈશું ? **શ્રીમતાનાં શ્રાદ્ધાનાં કુલે...** ફરી જન્મ મળવાનો હોય તો શ્રાવકના ઘેર જ મળજો.

પણ આપણી શ્રાવિકા બેનો પંચેન્દ્રિય ગર્ભની હત્યાઓ કરાવી રહી છે. બિચારો ગધાડાં, બકરાંના કુલમાં ભટકતો હતો અહીં પુન્યથી એન્ટ્રી કરવાનો હતો પણ ખટાક કરતી ડોક્ટર છરી ફેરવી નાખે છે. જૈનકુલના અરમાનો ખતમ થઈ જાય છે.

અતિચારમાં લખ્યું છે – ઘી, તેલ-ગોળ, છાશતણાં ભાજન ઉઘાડાં મૂક્યાં, આ શીખવ્યું અતિચારમાં હવે, પંચેન્દ્રિયની હત્યા બંધ કરો આ શીખવવાનું છે.

## નરકગતિનાં કારણો

**મહારંભ....**જેની અંદર ખૂબ આરંભ કરવો પડે. ખૂબ પાણી વપરાય. ચોવીશ કલાક ઈલેક્ટ્રિક વપરાય. હજારો જલચર ખતમ થઈ જાય. કર્માદાનના ધંધા હોય. ષટ્કાયની હિંસા ભરપૂર હોય.

**મહાપરિગ્રહ** - પચાસ ક્રોડ, પચાસબંગલા પણ ઓછા પડે છે. રાજીવગાંધી પાસે માથાના વાળ કરતાં પણ પૈસા ઘણા હતા. પેટ ભરવા માટે આટલા બધા પરિગ્રહની જરૂર નથી. પાંચ ક્રોડવાળાની અને પચીસ ક્રોડવાળાની રોટલીમાં કાંઈ ફરક પડે ? ઘઉંમાં ફરક નથી, ઘીમાં ફરક નથી.

**શ્રાદ્ધવિધિકારે કેવો શ્રાવક સુખી કહ્યો છે !**

રોટલી લૂખી ખાવી પડે, સાંધેલાં કપડાં પહેરવાં પડે તે દુઃખી. ચોપડી રોટલી ખાય, સાંધ્યા વિનાનાં કપડાં પહેરે તે સુખી કહેવાય.

(૧) ચિત્તપ્રસન્નતા (૨) આરોગ્ય (૩) કુટુંબનું સુખ – તે પણ સુખીની વ્યાખ્યા કહી છે.

રાજા કુમારપાળે સ્વઆરાધના અને શાસનપ્રભાવના આ બે કાર્યો કર્યાં છે.આપણે પણ આરાધના તો કરી શકીએ પણ આગળ વધી પ્રભાવના પણ કરાય.

પ્રથમ પ્રભાવના સોનાનાણું, રૂપાનાણું, ચલણીનાણું, છેવટે સોપારી અને ટુકડો મુહપત્તિ પણ આપવી.

ભગવાનનું શાસન કેવું દયાળુ છે, અઠ્ઠમ ન થાય તો છૂટા ત્રણ ઉપવાસ, છ આયંબિલ, બાર એકાશણાં, ચોવીસ બેસણાં છેવટે ૬૦ માળા ગણીને પણ દંડ વળાય. આ શાસનનો કેટલો ઉપકાર માનવો ! માંદગીમાં પણ માળા ગણાય. સમ્રાટ કુમારપાળે જે આરાધના કરી તેનું લિસ્ટ તો વિચારો. અઢાર દેશમાં અમારિ પ્રવર્તાવી. બારસો જિનમંદિર નવાં બનાવ્યાં. ચૌદશો જિનમંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો. બાર ક્રોડ સાધર્મિકોનો ઉદ્ધાર કર્યો, સાતસો સાળવીને જૈન બનાવ્યા.

અઢારસો કોટ્યાધિપતિ સાથે પૂજા, સ્નાત્ર ભણાવતા. પિતાના નામે મોટો ત્રિભુવનપાળ વિહાર બંધાવ્યો. અભૂતપૂર્વ આરાધના કરી છે. સ્વદ્રવ્યથી દહેરાસર બનાવનારા આ કાળમાં પણ છે કે નહિ ? *શત્રુંજયના અભિષેક રજનીભાઈએ આ કાળમાં જ કરાવ્યા. સત્યુગમાં કામો કરનારા હતા* તો કલિયુગમાં પણ છે જ. રાણકપુર તીર્થ કેવું મનોહર બનાવ્યું કે, ૧૪૪૪ થાંભલા હોવા છતાં દર્શન કરતાં એક પણ આડો ન આવે. મુંબઈનો માણસ તેનું નામ કે, દર્શનમાં આડો આવ્યા વિના ન જ રહે. દર્શન કરવાની પદ્ધતિ બદલો કોઈને અંતરાય ન થાય તેમ ઊભા રહો.

મુસ્લિમ દરબારની પદ્ધતિ જુઓ. આપણે ત્યાં પાંચ અભિગમ છે. વિનય છે. ઘંટ વગાડવો તે નાદપૂજા છે. દેવદુંદુભિ દ્વારા દેવો નાદવડે પૂજા કરે છે.

ફૂલ ગંદું ન ચાલે તેમ કાન ફોડી નાખે ભેંસાસુર નાદ ન જોઈએ. નાદ કર્ણપ્રિય મધુરધ્વનિ જોઈએ. કોઈને અંતરાય થાય તેવા જોર જોર અવાજથી ગાવું નહિ. શાંતચિત્તે - મધુરસ્વરે ગાવું.

પહેલાંના સમયમાં ઝાલર વગાડતા. શંખનાદ થતા. હવે તે વિધિ લુપ્ત થઈ ગઈ. વૈષ્ણવોના મંદિરમાં ચાલુ છે. બૈરાની જાત દેરાસરમાં પણ સાડલાની ભાત જુએ. ઉપાશ્રયમાં જાય તો નિંદા કરીને ઓટલા તોડે. કદાચ ઉપયોગ વિના બોલાય-સંભળાય પણ લખાય તો નહિ જ. જેમાં ઉપયોગ મુખ્ય હોય તેને જૈનદર્શન ધ્યાન કહે છે. વ્યાખ્યાનશ્રવણ, પૂજા, સામાયિકમાં એકતા તેને જ જૈનશાસન ધ્યાનયોગ કહે છે. તન્મયતા, તલ્લીનતા જે ક્રિયામાં આવે તે જ મહાયોગ તે જ મહાધ્યાન કહેવાય.

અશુભ વિચારથી નિવર્ત્તન, શુભમાં પ્રવર્તન ઉપયોગ તે જ ધ્યાન. ઉમાસ્વાતિજી મહારાજે એક સ્થાને કહ્યું છે કે, જગતના જીવોને તારવાનો ભાવવાળો જે વક્તા રાડો પાડી પાડીને પણ બોલે તો તેને તો એકાંતે લાભ જ છે.

જો કલ્યાણબુદ્ધિથી, શાસન પંમાડવાના ભાવથી બોલે તો તે વક્તાનો ધોધમાર ક્ષય થાય છે. શ્રોતાને પણ લાભ થાય છે. ત્રેવીસ કલાક અશુભ વિચારોનું જે આંદોલન ચાલે તેના કરતાં એક કલાક તો શુભની ગંગા વહે છે ને ! તદ્રૂપતા, એકાકારતા આવે તેનાથી જ શુભકર્મનો બંધ થાય છે. અશુભકર્મનો બંધ તૂટી જાય છે. જ્યાં હરપલ શુભ જ વાતાવરણ હોય છે એવા મંદિર-ઉપાશ્રયમાં આવતા જ રહો. કુમારપાળ રાજવી હોવા છતાં ચોમાસામાં રોજ એકાશણાં કરવાં એવી પ્રતિજ્ઞા કરી છે. પાંચ વિગઈનો ત્યાગ. ચારે મહિના બ્રહ્મચર્ય, ઉભયટંક પ્રતિક્રમણ, ચાર મહિના ગ્રામાંતર નહિ કરવું. બ્રહ્મચારી બનવું છે ? પશુવેડા હવે છોડી દો.

બહારની વસ્તુ ખાવાની છોડી દો. ચોમાસામાં મદ્રાસ, દીલ્હી જવાનું છોડી દો. પાર્લાવાળા તો બટાટાં ખાતા જ નથી ને ? આવું તો નથી ને કે બહારથી ગોલગોલ અંદરથી પોલંપોલ. ધર્મસંગ્રહના પાઠો છે કે, કદાચ દુષ્કાળ પડી જાય તો શ્રાવક અચિત્ત પાંદડાં ખાય, તે પણ ન મળે તો ઓછા જીવવાળી પ્રત્યેક કાયની વનસ્પતિ ખાય એ પણ ન મળે તો જૈનદર્શન કહે છે કે, ધમ્મં શરણં પવજ્જામિ સ્વીકારવાની આજ્ઞા છે. ચારે શરણાં સ્વીકારી ખપી જવું પણ કંદમૂળ ખાઈને તો ન જ જીવવું....

### બટાટાં અંગે પ્રકાશ...

બટાટાના નાનામાં નાના ટુકડામાં પણ અસંખ્યાતા જીવ છે. બટાટાનો એક નાનો ટુકડો લઈને એના એક પોઈન્ટ ઉપર કોઈ જાદુઈ લકડી ફેરવે, અને તેનું કોઈ કબૂતર બનાવે અને એ કબૂતરો આખા વિશ્વમાં છોડવામાં આવે, એના કરતાં અસંખ્ય જીવો એક બટાટાનાં પોઈન્ટ ઉપર છે. એક કેળાની લૂમમાં એક જીવ છે. એક ભીંડામાં બાર જીવ, બટાટામાં અનંતા જીવ. માટે ભાગ્યશાળી

જૈનોએ અનંતું પાપ જાણીને પણ છોડવા યોગ્ય છે. તારા એક જીવના, જીભડીના સ્વાદ ખાતર પણ આટલા અનંતા જીવોને મારવાની તમારે કાંઈ જરૂર છે ? આજનું બટાટાનું શાક તો ટેસ્ટફૂલ બન્યું છે, ડાઈનીંગ ટેબલ ઉપર બેસીને ધણીને બાયડી વખાણતાં હોય છે, પણ આ વખાણેલું શાક કેટલા કર્મબંધ કરાવશે તે ખબર છે ? તે વિચારવું જોઈએ.

### અક્કલનું બજાર

બિરબલનો રંગ શ્યામ હતો, કહેવાય છે કે, શ્યામ રંગવાળો બ્રાહ્મણ ખૂબ બુદ્ધિમાન હોય છે. એક દિવસ બાદશાહે પૂછ્યું, બિરબલ ! આપણા દરબારમાં બધા ગોરા-ધોળા અને સુંદર દેખાવડા માણસો છે, જ્યારે તમે જ શ્યામ રંગના છો તેનું શું કારણ છે ? બિરબલે કહ્યું, હજૂર ! જ્યારે રૂપનું બજાર ભરાયું હતું, ત્યારે હું અક્કલના બજારમાં ગયો હતો.

★-★-★

## પ્રવચન સાતમું : ચારમંગલ

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

અનંત ઉપકારી શ્રી તીર્થંકરભગવંતો કહે છે કે, તું તારા શ્રેયના કામે લાગી જા. પછી પ્રેયના કામે લાગી જા. તો તારો જન્મ સફળ થઈ જાય. શાસ્ત્ર કહે છે કે હે જીવ ! તું ક્યાંથી આવ્યો છે તેનું થર્મોમીટર અમારી પાસે છે.

જેને વારંવાર ઊંઘવાની ઇચ્છા થાય, મન ઈર્ષ્યાથી બળતું હોય, ભાઈ સાથે વૈરાનુબંધ હોય, સતત મોં ચાલુ જ હોય, ભોગ ભોગવ્યા કરો, આરામ કરો, આવું જેનું જીવન છે, તે પશુની દુનિયામાંથી આવેલો સમજવો.

જેને આયંબિલની રસોઈ ભાવે, અલ્પઆહારી હોય, વિદ્વત્તા હોય, રૂપ, લક્ષ્મીવંત હોય, સારાં વચનયુક્ત હોય તે દેવની દુનિયામાંથી આવેલો સમજવો.

પશુની દુનિયામાંથી માનવ કેવી રીતે થયો ? તો સમજવાનું કે, પશુને ખાવા આપેલું ત્યારે તે સમતાભાવમાં આવેલો અને મનુષ્યભાવમાં જ્યારે એંટ્રી પામ્યો ત્યારે પશુની દુનિયાના ભાવ પામી આવ્યો, માટે તે સંસ્કાર ખસ્યા નહિ. ઓઘો હાથમાં હોય ને માર ખાવો પડે એવી સ્થિતિ બની જાય તો માનવું કે પૂર્વના સંસ્કારો ખરાબ પાડીને આવ્યા હોઈએ. ક્રોડો, અબજો પૈસા પાસે હોય પણ સંગ્રહની વૃત્તિ હોય તો માનવું કે, સર્પ-ઉંદરના ભવમાંથી આવ્યાં છીએ. ખાવા માટે રસોઈ કરવી પડે પણ આખો દિવસ રસોડામાં બેસી ન રહેવાય. સંડાસમાં જવું પડે, પણ જરૂર પૂરતો જ ટાઈમ ત્યાં કઢાય. ત્યાં બેસીને કાંઈ છાપાં ન વંચાય. જ્ઞાનાવરણીય કર્મ બંધાય. પૈસા કમાવવાના પણ ધર્મધ્યાન ન છોડાય.

પૈસા કમાવવા તેને આપણે પ્રધાન કાર્ય બનાવી દીધું. ધર્મને ગૌણ બનાવી દીધો. પણ ક્યારેક અને ક્યાંક તો અટકવું જ પડશે. પ્રતિસમય આયુષ્ય વિના સાત કર્મો તો બંધાયે જાય છે. ત્રણ યોગ ત્રણ કરણ ઉપર શુભાશુભ કર્મો પરિણમે છે.

યુગપ્રધાન મંગુઆચાર્ય ખાળના યક્ષ થયા. પણ ત્યાં ઉત્પન્ન થયા પછી ચેત્યા, કે શા માટે આવો યક્ષ બન્યો, અને કારણ રસનાનાં તોફાન જાણ્યાં. ત્યાં રહીને શિષ્યોને ચેતાવ્યા.

બ્રહ્મદત્ત સ્પર્શના લોભે સાતમી નરકે પહોંચી ગયા. સુમંગલાચાર્યને પીઠમાં ગાંઠ થઈ હતી. કોઈ શ્રાવકે કમરમાં બાંધવાનો પટ્ટો આપ્યો, જેથી આરામથી બેસી શકાય. રોજ ઉપયોગ કરવા લાગ્યા. અને પટ્ટા સાથે જ ગાઢ મમત્વ બંધાઈ ગયું. મરીને અનાર્ય દેશમાં પંગુ રાજકુમાર થયા. પછી તો શિષ્યોએ બોધ કર્યો પણ એકવાર તો આ મમત્વ પછાડી નાખે જ.

સાધુ બનતાં સકલ સંસાર છોડનારા અમે ક્યારેક ચીંથરામાં અટવાઈ જઈએ તેવું પણ બને. ઉપાશ્રયમાં હવા-પાણી સારાં અનુકુળ આવી જાય અને છોડવાનું મન ન થાય તો મરવાનું થઈ જાય. સાધુ તો ચલતા ભલા...

દશવૈકાલિકમાં લખ્યું, મમત્તભાવં ન કહિંપિ કુજ્જા.... બધી જ જગ્યાએ સાધુએ ફાવે તેમ મન ઉપર રાખી દેવું જોઈએ. સર્વત્ર દેવગુરૂપસાય બોલનારો સાધુ પ્રસન્ન જ હોય. સ્ત્રી પ્રત્યેનો રાગ જીવનભરનો હોય, મરતાં સુધી પણ ન છોડો તો દુર્ગતિ નક્કી જ થવાની.

ગૌતમને પ્રભુ મહાવીરે દેવશર્માને પ્રતિબોધવા મોકલ્યા, સમજાવ્યા, સાચું લાગે છે, પણ સંસારને છોડવાની ઈચ્છા થતી નથી. તમે બધાં જીવો છો સાથ-સાથ પણ મરવાનું સાથ સાથ નથી. દેવશર્મા બોધ ન પામ્યા અને ગૌતમ ત્યાંથી નીકળી પરમાત્મા વીરના નિર્વાણના સમાચાર સાંભળી રસ્તામાં જ કેવલજ્ઞાન પામે છે. દેવશર્મા ઊભો થવા જાય છે ને મૃત્યુ પામે છે. મરણ પામવામાં તો ક્યારેક એક જ ઠોકર બસ છે.

કેવલજ્ઞાનથી ગૌતમ દેવશર્માના જીવને પોતાની સ્ત્રીના માથામાં લીખરૂપે ઉત્પન્ન થયેલો જુએ છે. આ છે રાગની માત્રા. ચોવીશ કલાક હવે તું વાળમાં જ બેસી રહે. સ્ત્રીને ખણજ આવશે ત્યારે કાંસકી લઈને તને ફાંસી આપી દેશે.

એક રાજા પત્નીઓમાં ભારે મોજીલો હતો. એક સંન્યાસીએ રાજાને કહ્યું, તું સાતમે દિવસે મરીને ગટરમાં પંચરંગી કીડો થઈશ... પણ રાજાને આ વાત ન ગમી. એણે સૈનિકોને કહ્યું, જો હું ત્યાં ઉત્પન્ન થાઉં તો કીડાને મારી નાખજો. સાતમા દિવસે મૃત્યુ થયું જ. અને રંગબેરંગી કીડો થઈ ગયો. સૈનિકો ગટર ઉલેચીને મારવા પ્રયત્ન કરે છે પણ કીડો હવે હાથમાં આવે ? જીવ જ્યાં ઉત્પન્ન થાય ત્યાં તેને ફાવી જાય. મરવું ન ગમે. કીડો અંદર ઘૂસી ગયો.

સવ્વે જીવા વિ ઇચ્છંતિ, જીવિઉં ન મરિજ્જિઉં...

આત્મા, કર્મ, કર્મબંધ આ બધી વસ્તુ સ્વીકારવી જોઈએ. તમે પત્ની, પૈસા, પરિવાર, ફ્લેટ, ફ્રીજ, ફેન, ટી.વી., ટેલિફોન, ગાડી, ડ્રેસ આ બધામાં ફસાઈ ગયો તો રાગનો અંત ક્યારે આવશે?

એક છોકરાએ અણશન લીધું, અંતસમયે આંખ ખૂલી, સામે બોર દેખાયાં. પાકાં અને મીઠાં બોર જોઈ વિચાર આવ્યો, કે જો ઉપવાસ ન હોત તો બોર ખાઈ લેત. અને એક મિનિટમાં મૃત્યુ થઈ ગયું. અને કર્મસત્તાએ ત્યાંથી ઊઠાવી બોરડીના કાંટામાં તે છોકરાના જીવને મૂકી દીધો. પરિગ્રહનું મમત્વ ન તોડ્યું, તો તિજોરીની આગળ-પાછળ નાગ થઈને ભમશો.

સમરાઈચ્ચકહામાં પરિગ્રહની મમતા વિષે એક દૃષ્ટાંત આવે છે. તેમાં બે ભાઈઓએ જ્યાં ધન દાટ્યું છે ત્યાં દરેક ભવમાં આવી ઝઘડા કરી કરીને મરણ પામે છે. છેવટે એક ભાઈ સાધુમુનિરાજથી બોધ પામી તે ધનને વોસિરાવે છે. ઝાડનાં મૂળિયાં આટલાં ફેલાયેલાં કેમ છે ? તેનું કારણ આ પરિગ્રહનું મૂળ છે તેમ તે દૃષ્ટાંતમાં કહ્યું છે. પંચમપરિગ્રહની પૂજામાં લખેલ છે કે,

તિર્યંચ તરૂનાં મૂળ, રાખી રહ્યો ધન ઉપરે રે

મોટા મોટા નાગ, ઉંદર જંગલમાં ફરતા હોય છે. રાફડા ઉપર વારંવાર ફરતા હોય છે તેનું

કારણ પૂર્વનાં ધન દાટેલાં હોય તે જ મમતાથી ફરે. કુમારપાળે મૂષક વિહાર પ્રાયશ્ચિત્તમાં બંધાવ્યો તે પણ ઉંદરની ધન ઉપરની મૂર્ચ્છા જ કારણ હતી.

*ભાગ્યે મળીયા ભગવંત, અવસર પામી વ્રત આદરૂં રે,*
*ગયો નરકે મમ્મણશેઠ, સાંભળી લોભથી ઓસરૂં રે.*

*મનમોહનજી જગતાત, વાત સુણો જિનરાજજી રે*
*નવિ મળીયો આ સંસાર...તુમ સરીખો શ્રી નાથજી રે.*

ચાર મંગલ વિષેનાં આ સાત વ્યાખ્યાન પૂર્ણ થયાં, તેમાં આદર્શ તરીકે શ્રી મહાવીર પરમાત્માને ધ્યેય તરીકે રાખો. અને જગતના જીવો વિષે પ્રેમ રાખો. ગૌતમ કહે છે ધ્યેય તરીકે પરમાત્માને રાખો. સ્થૂલિભદ્ર કહે છે કે, આત્માનું શ્રેય કરવા તનમનને વશમાં રાખો...

આ રીતે ત્રણને આદર્શરૂપે મંગલ તરીકે સમક્ષ રાખી જૈનધર્મને ભવોભવ આરાધી શાશ્વત સુખ પામો એ જ મંગલકામના.

★-★-★

**શ્રીચિંતામણિપાર્શ્વનાથાય નમઃ**

**પ્રવચનકાર શ્રી હેમરત્નવિજયજી ગણિવર**

## પ્રવચન આઠમું : વિષય શ્રી તત્ત્વાર્થકારિકા

**સમ્યગ્દર્શન શુદ્ધં, યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ**
**દુઃખનિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ...૧**

અનંત કલ્યાણ કરનારા શાસ્ત્રકાર મહર્ષિ શ્રી ઉમાસ્વાતિજી મહારાજ તત્ત્વાર્થસૂત્રની કારિકામાં કહે છે કે, જન્મ કોનો સફળ થાય ? કયા કાર્યો કરવાથી જન્મ સફળ થાય ?

પ્રથમ તો જન્મ જ દુઃખનું કારણ છે.

**જન્મ અંગેના ત્રણ વિકલ્પ.**

(૧) કેટલાક જન્મ ખરાબ હોવા છતાં સારો કરનારા

(૨) કેટલાકનો જન્મ સારો હોવા છતાં ખરાબ કરનારા

(૩) કેટલાક ખરાબ જન્મને પણ સફળ કરનારા હોય મૃત્યુ પછી તેની પાદુકાને લોકો પૂજે.

**જન્મ સારો શી રીતે કરવો ?**

તત્ત્વાર્થાધિગમના દશ અધ્યાયો છે. દિગંબરો દશ અધ્યાય પર્યુષણમાં વાંચે છે. તેમના પર્યુષણના દશ દિવસ દશ લક્ષણ કહેવાય છે.

એકલા તત્ત્વાર્થ ઉપર પચાસ સૂત્રો લખાયાં છે. દિગંબરસંઘે ૧૬ ટીકા લખી છે. રાજવાર્તિક ટીકા દિગંબરમતમાં પ્રધાન કહેવાય છે. આપણે ત્યાં પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીજીમહારાજે તેના ઉપર ટીકા રચેલી છે.

ઉમાસ્વાતિજીને દીક્ષા લેવાનું મન થયું. જાતિથી બ્રાહ્મણ હતા. માતાપિતા દીક્ષાં માટે અનુમતિ આપતાં ન હતાં. પણ ગુરૂમહારાજે સમજાવ્યા. માતપિતાએ કહ્યું, અમારૂં કાંઈ નામ આવે તેમ કરો.

માનું નામ ઉમા હતું. પિતાનું નામ સ્વાતિ હતું. આ બંનેના નામથી ગુરુદેવે તેમનું નામ ઉમાસ્વાતિજી પાડ્યું. તેઓના ગુરુનું નામ ઘોષનંદી હતું. અને વિદ્યાગુરુનું નામ શ્રીમૂળ હતું. લગભગ ચૌદપૂર્વી હતા. જંબૂદ્વીપપન્નતિ વિગેરે ગ્રંથો તેઓએ લખ્યા છે. સાયન્સનો વિષય તત્ત્વાર્થમાં લીધો છે. તત્ત્વાર્થે કમાલ કરી છે.

આખા ગ્રંથના જર્મનીમાં, કર્ણાટકી, ઇંગ્લિશમાં અનુવાદો થયા. સંસ્કૃતમાં તો અનુવાદો છે જ.આપણે સાહિત્યથી કેટલા બધા ઉજળા અને સમૃદ્ધ છીએ. જૈનદર્શન સાહિત્યમાં ઘણું મોખરે છે. ભૂગોળ અને ખગોળ જૈનદર્શનમાં છે. ગણિતશાસ્ત્ર પણ જબ્બર છે.

સાયન્ટીસો કલાક, મિનિટ, સેકંડ કહે છે, ત્યારે જૈનદર્શન તેનાથી પણ સૂક્ષ્મ અણુ, પરમાણુ અને આંખના પલકારામાં વીતતા અસંખ્ય સમય બતાવે છે.

હજાર કમલની પાંખડી લઈએ અને એમાં કોઈ સોયો ભોંકે, અને તે પાંખડી વીંધાઈ જાય, આંખના પલકારામાં વીંધાયેલી લાગે, જૈનદર્શન આને કહે છે કે પહેલી પાંખડી જે વિંધાઈ તે સમય પણ બદલાઈ જાય છે. સૂક્ષ્મ સમય જૈનદર્શનમાં જ છે.

સેકંડના અસંખ્યાતમા ભાગમાં પાંદડી વિંધાઈ જાય છે, સમય અલગ અલગ છે. પહેલી બીજી પાંખડી વીંધવામાં જે સમય જાય તે સેકંડનો અસંખ્યાતમો ભાગ જૈનદર્શને જ માન્યો છે.

(૧) ધર્મકથાનુયોગ - જ્ઞાતાધર્મકથા નામના આગમમાં સાડા ત્રણ ક્રોડ કથા હતી. બધી વિચ્છેદ પામી ગઈ. ઓગણીશ વાર્તાઓ જ બચી છે.

(૨) ગણિતાનુયોગ - ક્ષેત્રસમાસ, બૃહત્સંગ્રહણી જેવા ગ્રંથોથી ભરેલો છે.

(૩) દ્રવ્યાનુયોગ - દ્રવ્યાસ્તિકાયાદિ નિક્ષેપા મૂકેલા છે.

(૪) ચરણ કરણાનુયોગ - આચારાંગાદિ. તેમાંથી આચાર મળે છે.

જૈન શાસન તીર્થોથી પણ સમૃદ્ધ છે. જૈનોનાં તીર્થોની તોલે કોઈ આવી ન શકે. પવિત્રતાના પૂંજ એમાં જ ભર્યા છે. ગિરિરાજ ચઢવા માંડો, મનના પરિણામ પલટાઈ જાય. સમેતશિખરજી કલ્યાણક ભૂમિ, ૨૦ ભગવાન્ મોક્ષે ગયા છે. પાવાપુરી, વીરની નિર્વાણભૂમિ, જલમંદિર પગલાં જોવા જેવાં છે. અઢીહજાર વર્ષની પવિત્રભૂમિ-પવિત્ર પરમાણુથી ભરેલી છે.

તમને વેકેશનમાં ઊટી અને ડુટી યાદ આવે છે. કુલુ અને મનાલી યાદ આવે છે પણ તીર્થે જવું યાદ આવતું નથી.

ગિરનાર જાઓ. રહનેમિ અને રાજીમતીની ગુફાઓ જુઓ. આવતી ચોવીશીના તીર્થંકરો ત્યાં મોક્ષે જશે. શત્રુંજય મહાન પર્વત ઊભો છે. શંખેશ્વર જીવતી જાગતી જ્યોત છે. તીર્થોથી સમૃદ્ધ, ગ્રંથોથી સમૃદ્ધ છીએ. અગિયાર લાખ જૈનપ્રતો જર્મનીમાં પૈસાના જોરે ચાલી ગઈ છે ત્યાં.

ભગવાનની મૂર્તિ હોય, પણ તેને જણાવનાર ગ્રંથો જ ન હોય તો ભગવાનને કોણ ઓળખાવે ? હિંદુનાં મંદિરો અવશેષ જેવાં થઈ ગયાં. કેમકે, ગ્રંથો જ ટક્યા નથી. તેમના મંદિરોમાં દારૂ પીવાય છે, જુગાર રમાય છે. સૂઈ જાય છે, ખાય, પીએ આશાતના કરે છે. થુંકે છે. સારૂં છે કે, સંડાસ-બાથરૂમ નથી કરતા.

આપણે ત્યાં ભૂલથી પણ ખાવાની ચીજ કોઈ લઈ જાય તો ખાતા નથી.

જ્ઞાન ન હોય તો મંદિરની શુદ્ધિ પણ શી રીતે જાળવે ? ભગવાનની ગેરહાજરીમાં જેમ મૂર્તિની જરૂર છે, તેટલું જ આગમ અનિવાર્ય જરૂરી છે.

આગમના પ્રકાશ વિના માર્ગ પ્રકાશ થાય નહિ. ભગવાન સ્વયંસંબુદ્ધ હતા પણ જ્યાં સુધી કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી આગમ ન આપે. આગમનો ઉદ્ગમ કેવલજ્ઞાન થયા બાદ જ હોય. બાઈબલ બીલીવ આમ બોલનારા હવે બાઈબલને જૂઠું માને છે. રોમન તો તેને સ્કારતું જ નથી. કારણ તેના પ્રકાશનાર કેવળી ન હતા. જિનેશ્વર તો કેવળી થયા પછી જ ઉપદેશ આપે છે, તેથી બધા દ્રવ્યો તેમના જ્ઞાનમાં છે.

જૈનદર્શન બે મનને માને છે. દ્રવ્યમન, ભાવમન.

સર્વલોકમાં સારભૂત હોય તો પરમાત્માના મુખમાંથી નીકળેલ વાણીરૂપી ગંગા છે. જેમ પ્રયાગ પાસે ગંગા આવે ત્યારે ભાગીરથી બને છે, પછી પદમા બને પછી અલખનંદા બને. ગંગોત્રીમાંથી ગંગા બને છે. ગંગાસાગરના મિલનમાં ઋષભદેવનું તીર્થ હતું. ગંગાનું ઉદ્ભવસ્થાન નાનું છે. પણ પછી તે સાગરરૂપે મોટું બને છે. તેમ ભગવાનનું શ્રુત મૂળમાં નાનું પણ અંતે શ્રુતસાગર બને છે.

જન્મેલું બાળક છી-સંડાસને સમજતું નથી, પછી એને માતા ટ્રેનિંગ આપે છે, આને ન અડકાય.

માનું દૂધ કેવી રીતે પીવું એ બાળકને શીખવવામાં આવતું નથી, પણ જન્મતાં જ બાળક દુધ પીવા લાગે છે. આ જ્ઞાન એને કોણ આપે છે ! અનાદિના આત્મામાં પડેલા સંસ્કારથી તેને દુગ્ધપાનનું જ્ઞાન થાય છે. આ સંસ્કારથી બાળક જાણે છે કે, આ મારૂં જીવન ટકાવવનું સાધન છે. ગયા જન્મમાં આ માણસ મરી ગયો હતો અને 'હવે ક્યાં ગયો તે ખબર પડતી નથી તે ઉપરથી બાઈબલ વિચારે છે કે, જીવ દેખાતો નથી જીવ ક્યાંયથી આવતો નથી. બાઈબલ માટે તોફાન મચી ગયું છે.

જૈનશાસનની એક પણ વાતને કોઈ ખોટું પુરવાર કરતું નથી. છદ્મસ્થ અવસ્થામાં ભૂલ થવા સંભવ છે. ઋષભદેવપ્રભુએ દીક્ષા લીધી ત્યારે ચાર હજાર રાજાઓ સાથે હતા. ભગવાને દીક્ષા લઈને જ મૌન ગ્રહણ કર્યું. તે વખતે આહાર વહોરવવાની પ્રણાલિકા ન હોવાંથી ચાર હજાર રાજાઓ ભૂખને સહન ન કરવાથી સંન્યાસી બની ગયા, અને કંદમૂળ લીલાં પાન આદિ ખાવા લાગ્યા હતા. ભગવાનને એક હજાર વર્ષ બાદ કેવલ થયું પછી જ માર્ગ બતાવ્યો. એટલે કે તીર્થંકરો કેવળ પ્રગટ્યા વિના ઉપદેશ આપતા જ નથી.

અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં..

પ્રયાગ-ત્રિનદી-ગાંગા, જમના, સરસ્વતી.

ભગવાન શ્રુતસાગરને ઉત્પન્ન કરવા ત્રિપદી બોલે છે. ત્રિપદી ત્રણ કેપ્સૂલરૂપે છે.

***કલ્યાણપાદ પારામં, શ્રુત ગંગા હિમાચલમ્***

***વિશ્વાંભોજ રવિં દેવં, વંદે શ્રી જ્ઞાતનંદનમ્***

**(૧) ઉપ્પન્નેઈ વા.**

આ ત્રણ પદો બોલતાં અજ્ઞાનનાં અંધારાં ઉલેચાઈ જાય છે. જ્ઞાનના ભંડાર અગિયાર ગણધરો ત્રિપદી સાંભળતાં જ દ્વાદશાંગીની રચના કરે છે. જગત ઉત્પત્તિમય છે. નિકાલ ન થાય તો ? દર વર્ષે ભારત વધી રહ્યું છે. સંપૂર્ણ પૃથ્વીતલ ભરાઈ જાય તો ? ભારત ચિંતામાં છે. તેમ ગણધરો ચિંતામાં છે. પૂછે છે, ભયવં ! કિં તત્તં ! ભગવાન સમજી ગયા, ઉત્તર આપે છે.

ધુવેઈ વા. વિગમેઈ વા...

કોઈ ખીલે છે, કોઈ કરમાય છે. ઉદ્ઘાટન છે, તેમ સમારોહ પણ છે. આ જગતમાં સર્જન પણ

છે, વિસર્જન પણ છે. સવારે સર્જન, સાંજે વિસર્જન આવું આ વિશ્વ છે. આખું વિશ્વ સમાપ્ત પણ થઈ જાય. ફરી ગણધરો ચિંતામાં.... નાશ જ હોય તો ? કાંઈ જ ન બચે. ઉત્પત્તિ અને વિનાશથી જગત અનિત્ય અને સ્થિર પણ રહે છે. દ્રવ્યથી, પર્યાયથી નાશ પણ પામે છે.

જગત દ્રવ્યથી સદા સ્થિર છે. તેના પાર્ટ રૂપાંતર થાય છે. તે નાશ પામે. દ્રવ્યથી શાશ્વત, પર્યાય અશાશ્વત છે. જગત દ્રવ્યથી નિત્ય, પર્યાયથી નાશવંત છે. સોનાનો હાર ભાંગી ગયો, બંગડી આવી, પણ સોનાના દશ તોલા અખંડ છે.

પર્યાય બદલાય, પણ આત્મદ્રવ્ય ન બદલાય. પરમાણુ એના એ જ રહે છે. માણસ મરી જાય, શરીર બદલાય પણ આત્મા નાશ પામતો નથી.

ત્રિપદી એ જૈનશાસનનો ઉદ્ગમ પોઈંટ છે. અંતર્મૂહૂર્તમાં ચૌદપૂર્વ રચી લે છે. દ્વાદશાંગીની રચના કરી લે છે.

**ગણધરરચિતં....**

ભગવાન કેવળી છે. ગણધરો છદ્મસ્થ છે. ગણધરો રચના તેમની પાસે કરે. ભગવાન સહી સિક્કા કરે. જ્યારે શિષ્યો રચના કરે ત્યારે ભગવાન પોતે સિંહાસન ઉપરથી ઊભા થઈ જાય છે. ઈન્દ્ર વાસક્ષેપ લઈને ઊભા છે. ઈન્દ્ર ભગવાનને વાસચૂર્ણ આપે છે. એક મૂઠી વાસક્ષેપ લઈને તેમના મસ્તક પર નાખતાં બોલે, દ્રવ્યથી અને ભાવથી તમારી દ્વાદશાંગીને અનુજ્ઞા આપું છું.

આ રીતે મહસેન વનમાં વૈશાખ સુદ અગિયારસના દિવસે શાસનની સ્થાપના કરી.

***દ્વાદશાંગવિશાલં, ચિત્રંબહ્વર્થયુક્તં, મુનિગણવૃષભૈર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ.....***

આ સૂત્ર ઘણા અર્થોથી ભરેલું છે. મુનિરૂપી વૃષભોએ આ શ્રુત મનમાં ધારી રાખ્યું છે. તેથી જ આ સૂત્ર આપણા સુધી પહોંચ્યું છે.

આપણે ત્યાં પીસ્તાલીશ આગમ છે. સ્થાનકવાસી ૩૨ આગમને માને છે. તેરાપંથી ૩૨ દિગંબરો એક પણ આગમને માનતા નથી. સ્ત્રીમુક્તિની, કેવલી ભુક્તિની વાત આપણને માન્ય છે... તેઓમાં માન્ય નથી. તત્ત્વાર્થકારિકાનું આ પ્રથમ પ્રવચન સમાપ્ત થયું...

***પ્રસંગ પરિમલ. ખુદાસે મિલ રહેથે ન !***

**પિયુમિલનકી ઉતાવલાપન.**

નયનોમેં વિરહકી વેદના થી. અંતરમેં મિલનકી પ્યાસ થી. ચાલમેં પ્રિયમિલનકી ઉતાવલ ચલ રહી થી, અપને પ્રિયતમકો મિલનેકે લિયે.

જંગલકે રાસ્તેમેં સમ્રાટ ગલીચા બિછાકર નમાજ પઢ રહે થે, પિયુકો મિલને મેં બાવરી બની હુઈ નારી, ગલીચે પર પાંવ રખકર ચલી ગઈ, સમ્રાટને દેખ લી. પ્રિયતમકો મિલકર વાપસ લૌટી, તબ સમ્રાટને કહા, રે સ્ત્રી ! તુઝે કોઈ હોશ હૈ કિ નહિ ! નમાજ કે સમય ગલીચા પર પાંવ રખકર ચલી ગઈ ! સ્ત્રીને કહા, સમ્રાટ ! ક્ષમા કીજીયે ! મૈં તો પિયુ મિલનમેં બાવરી થી, મુઝે કોઈ માલુમ નહિ પડા, મગર આપને યહ કૈસે જાના !

***નમાજમેં આપ તો ખુદા-સે હી મિલ રહે થે ન !***

★-★-★

**સમ્યગ્દર્શન શુદ્ધં, યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ**
**દુઃખનિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ...૧**

અનંતકલ્યાણકારી શ્રી શાસ્ત્રકારમહારાજા ભગવાન શ્રી ઉમાસ્વાતિજી મહારાજ તત્ત્વાર્થકારિકાના પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે, જન્મ દુઃખનું કારણ છે, પણ તે જન્મને સફળ બનાવી શકાય છે.

કાંટા વિના કાંટો ન નીકળે એ ન્યાયે જન્મ વિના ન ચાલે. પણ નારક-તિર્યંચ-દેવનો જન્મ ન ચાલે. મનુષ્યનો જ જોઈએ.

એક જન્મ લીધો તો તે અનંત જન્મોનાં દુઃખોને ઊભાં કરે છે. કારણ તેને ખબર નથી કે, મારો જન્મ મટે કેવી રીતે ?

જન્મે જ આપણને દુઃખી કર્યા છે. જન્મ પામ્યા માટે જ સર્વ પંચાતો ઊભી થઈ છે. બર્થડેના દિવસે પેંડા આપો છો પણ જન્મના વર્ષો ઘટી રહ્યાં છે તે જોતા નથી. જન્મે કરી તારી ઉજવણી, અને તું બેઠો કરવા ઉજવણી. હાર્ટ દુઃખવા આવી ગયું છે, લીવર દુઃખવા આવી ગયું છે, શરીરની પાછળ બધા રોગો છે. પણ શરીર ક્યાંથી આવ્યું ? જન્મ લીધો માટે. બધી ઉપાધિ જન્મથી જ છે. સાગરજી મહારાજે એક જગ્યાએ લખ્યું છે કે,

નમાજ પઢતાં મિયાંને મસ્જિદ કોટે વળગી ગઈ. જીવને તો મુક્તપંખી બનીને ઊડવું જ હતું પણ માતાના ઉત્પત્તિસ્થાનમાં આવી ગયો.

જ્યાં જીવ પેદા થવાનો હોય ત્યાં પ્રથમ આહારનું કાર્ય કરે. આ જ જીવની પહેલી મૂર્ખાઈ છે. ખાધું નથી ને શરીર થયું નથી. આહાર-શરીરને ઈન્દ્રિય કરતો ગયો ને મોટો થતો ગયો. બાબલો બહાર નીકળ્યો, છ ફૂટનો ઊંચો, કદાવર શરીર, સુંદર નમણો ફુટડો યુવાન થઈ ગયો, બીજું વજન ઊંચકવું તેને ભારે પડે પણ પોતાનું શરીર ૮૦ કિલો વજનનું લઈને ફરે. શરીર એટલે દુઃખ દુઃખ ને દુઃખ.

જન્મ ફક્ત તીર્થંકરનો જ ઉજવાય. લોકોત્તર પુરુષ છે. સ્વને, પરને, માતાને, જગતને તીર્થંકરનો જન્મ સુખકારી છે. બીજાના જન્મ તો ત્રાસરૂપ છે. એવું સુંદર કામ આપણે નથી કરતા કે, આપણો જન્મદિવસ ઉજવીએ.

ઉમાસ્વાતિજી મહારાજ દુઃખનિમિત્ત મપીદં.... આ જન્મને કહે છે. આ જગતમાં એવો કોઈ જીવ નથી કે જ્યાંનો સંબંધ ન કર્યો હોય. આ જન્મમાં ય સંબંધો ઘણા કર્યા. એક કૂતરીને પણ દશ ગલૂડિયાં સાથે સંબંધ હોય છે. લોહીના સંબંધ બધાંની સાથે થયા છે, વહાલા કોને કોને માનવા ? પારકા કોને માનવા ? બધા જ આપણા છે. આ જન્મે આપણો આખો ય મૈત્રીભાવ નંદવી નાખ્યો. કોનો ક્યારેય પરાભવ ન કરવો. બધા જ સિદ્ધ ભગવંતોના સાધર્મિકો છે.

જૈનદર્શનનો આ ન્યાય છે. અનંતુંજ્ઞાન સિદ્ધોનું તેમની પાસે ખૂલ્લું છે. આપણું બેંકમાં છે. આપણો ચેક આપણે વટાવ્યો નથી. જ્ઞાનાદિ ત્રણનું કોઈ વધ-બંધન-છેદન કરી શકતું નથી.

સાધુ દીક્ષા લે ત્યારે સ્વજન-ધૂનન કરે છે. આ આચારાંગમાં લખ્યું છે. દશવૈકાલિકમાં લખ્યું છે, હે સાધુ ! તારે કોઈને મામા-બાપા-કાકા ન કહેવાય.

***અજ્જએ પજ્જએ વા વિ, બપ્પો ચુલ્લપિઉ ત્તિ અ***
***માઉલો ભાઈણિજ્જત્તિ, પુત્તે નત્તુણિઅત્તિ અ....***
***હે હો હલિ ત્તિ અન્નિત્તિ, ભટ્ટે સામિઅ ગોમિઅ***
***હોલ ગોલ વસુલિત્તિ, પુરિસં નેવ માલવે...***

આવી ભાષા સાધુ ન વાપરે. તું હવે જગતનો છે. સાધુ માંદો પડે તો આખો સંઘ ચિંતા કરે. તમારી તમારાં ઘરનાં જ કરે. એની મા ચિંતા કરે. અજૈન માણસ પણ સાધુને માટે પ્રેયર કરતો હોય છે. તે પણ હેલ્પ કરે.

તમારે જમવું કેવી રીતે તે બાળકોને શીખવ્યું છે ? સાહમ્મિ વાત્સલ્ય કેવાં જમાડો ? જાણે ઊભાં ઊભાં પશુઓ ખાતા હતાં. તમે બાળકોની કેર લેતા નથી. સંસ્કાર કેવા સુંદર આપવા જોઈએ ? તે મમ્મીઓ જ જાણતી નથી.

સ્થૂલભદ્રને જ્યારે વાંચતાં આવડતું ન હતું ત્યારે પણ પંચપ્રતિક્રમણ આવડતાં હતાં. આ મમ્મીએ જ શીખવ્યું હશેને ? તેમની માતને નવ સંતાન હતાં... કેટલાં ભણેલાં હતાં. સાત બેનોની શક્તિ પણ ગજબની હતી... યક્ષા એકવાર બોલે ને બીજી બેનની યાદ રહી જાય... સાતેય બહેનોએ દીક્ષા લીધી છે, અને બંને ભાઈઓએ પણ પાછળથી લીધી છે. લાછલદે માનો જ આ ઉપકાર કહેવાયને ! આજની મમ્મી... બાળકને સ્કૂલે લેવા જાય, મૂકવા જાય... અભ્યાસ કરાવે. પાઠશાળા બાળક જાય કે ન જાય તેની તેને સંભાળ લેવાની પડી નથી. ઘરમાં ગાથા ગોખાવવાની તેને ફુરસદ જ નથી.

કેટલાંક છોકરાં પૂર્વના સંસ્કાર લઈને આવ્યાં હોય છે, મંદિરમાં આવી દીવો-ધૂપ કરવા લાગે છે. કાલી કાલી ભાષામાં સ્તુતિ બોલે છે. આવાં બાળકોને આગળ વધારવા માતાએ ધ્યાન આપવું જોઈએ.

સાધુ આખા ય જગતનો હિતચિંતક છે તેથી જગત તેની ચિંતા કરે છે.

સંત ગાડગે બીજાંનાં છોકરાંની સંભાળ લેતા લેતા મહાન બની ગયા.

આપણે વરસાદમાં આપણી કેટલી સાવધાની રાખીએ છીએ. પાણી ગળે તો તે બંદ કરાવવા પ્રયત્ન કરીએ છીએ. જ્યારે ગરીબોનાં નાગાં-પૂગાં છોકરાં બેઠાં બેઠાં કેવાં પલળતાં હોય છે ! શિયાળામાં ગરમગરમ ધાબળા ઓઢનારા તમે, રજાઈઓ ઓઢીને ટેશથી સૂઈ જાઓ છો.

રસ્તામાં ઠંડીથી થરથરતાં ગરીબોને યાદ કરો છો ? આપણા સર્કલમાં આપણે પ્રવેશી ગયા છીએ તમારા અંતરને તમે કોરૂ ધાકોર ન રાખો. પૂર્વકાળમાં રિવાજ હતો, કોઈ બિમાર હોય તો સાંત્વન આપવા જતા. પાસે બેસીને તેને આનંદ આપતા. ભાવ તે ઔષધરૂપ બની જતો. દર્દીના દૂ:ખને દૂર કરી દેતા. હવે તો હલ્લો ! કેમ છો ! પત્યું, ફોનથી પૂછી લીધું.

બિમારના ખાટલે જઈને તે ગભરાઈ જાય તેવી વાતો ન કરાય. હિંમત આપવા મહેનત કરવી. અરે, તમે શું કામ ડરો છો ? એટેકવાળા તો માસક્ષમણ કરે છે, નવાણાં કરે છે, વિગેરે વીરવચનો દ્વારા ઉત્સાહ આપવો જોઈએ.

આપણે ત્યાં મરણસમાધિ નામના પયન્નામાં રોગને જીતવાનાં કારણો બતાવ્યાં છે.

રોજ ઉદય રોજ અસ્ત. હે માનવ ! ભય ન પામ. અત્યારે તો ૫૦ વર્ષની વય થાય ને ભય પામે છે. શિબિર રવિવારી નક્કી, યમને રવિવાર નક્કી નથી.

બીજાના રોગની ચિંતા ન કરે. જાતે વેઠવાના ટાઈમે ગભરાઈ જાય છે.

માનો કે, મહિલામંડળની ૫૦ બેનો યાત્રાએ ગઈ. તેમાં ટ્રકની સાથે એક્સીડંટ થતાં ૪૯ બેનોનું મૃત્યુ થઈ ગયું, પણ આપણી નજર એક ઉપર હતી. મારી કંકુને કે ભારતીને તો કાંઈ નથી થયું ને ? આ જન્મમાં ગાઢ સંબંધ આપણો કંકુ સાથે થઈ ગયો તેથી બીજાના સમાચારથી આપણને ચિંતા થતી નથી. દુ:ખ નિમિત્ત- મપીદં...

એક જન્મમાં જે કર્મો ખલાસ થવાનાં હતાં તેના બદલે અનેક જન્મોનાં એકઠાં કરી લીધાં.

કલ્પસૂત્રકારે કહ્યું છે કે, સત્તટ્ઠભવા નાઈક્કમંતિ.

જૈનદર્શને મરણને મીટાવનારી ઇલમકી લકડી નથી બતાવી પણ જન્મને મીટાવનારી કારી આપી છે. અનંત આત્મા મરણ પામ્યા પછી જન્મ ન પામ્યા તે સિદ્ધ પરમાત્મા છે. જનમ્યો છતાં મર્યો નહિ એવો પૃથ્વીતલમાં એક પણ જીવ નથી.

માણસ મરણથી હરિણની જેમ ડરે છે. સારી રીતે જીવવા માટે એક્સરસાઇઝ કરે છે. ઇંદિરા અને રાજીવની પાછળ કેવી સિક્યુરીટી હતી પણ મોતને કોઈ નિવારી ન શક્યું.

મરણ મટી ન શકે પણ સુધરી શકે. મરણને મહોત્સવરૂપ બનાવી શકાય. સમાધિમરણ બનાવી શકાય.

ઇન્દ્રે પ્રભુને બે શ્વાસ લેવા કહ્યું, બે શ્વાસ વધારી, અઢી હજારનો ભસ્મગ્રહ નીકળી જાય, પણ ભગવાને કહ્યું, તે બની શકે નહિ.

સુનીલ તેની પત્ની નરગીસની પાછળ પાગલ બની ગયો, પૈસાથી પણ કોઈનું મૃત્યુ બચાવી શકાય નહિ.

ભલેને માંદગી પાછળ ક્રોડો ખરચો. તુટીની બુટી નથી. પુન્ય જેણે બેલેન્સ કરી દીધું છે તેને ચિંતા નથી. તમો શાંતિથી બેઠા છો ને ?

મોતીશા શેઠે છેલ્લા શ્વાસે માણસોને બોલાવી કહ્યું, કેટલાં લેણાં બાકી છે ? બધાંએ આવીને કહ્યું, કોઈનાં પણ બાકી નથી. શેઠને બધા અભિનંદન આપે છે. આવા મોતીશા શેઠનાં કામ અને નામથી જગત જાણીતું છે. નીતિ અને ન્યાયનો જ પક્ષપાત મરતાં મરતાં પણ...

જેણે જીંદગીમાં પરોપકારનાં કામો કર્યાં નથી. કોઈનું ભલું કર્યું નથી, બીજા કોઈને સહાય કરી નથી હમ દો હમારે દો. નાનું ગણાતું પોતાનું કુટુંબ લઈને જે બેઠો છે, તે પોતાના જન્મને મીટાવશે ? મારો સન-મારી ડોટર મારી વાઈફ... જન્મને મિટાવવા પ્રયત્ન કરો.

શ્રી ઉમાસ્વાતિજીનાં વચનોને ભાવિત કરો. જન્મને મીટાવવાની દવા છે ? હા. રોગ છે તો તેનો ઉપાય પણ છે. જન્મના રોગને જીતી શકાય છે...

આગળ પ્રવચનોમાં તેનો ઉપાય મેળવીએ...

**પ્રસંગરંગ**

***ભગવાન કરૂણામયી માતાથી પણ વધે છે.***

પ્રભુની પાસે જવું તો યાચક બનીને નહિ પણ પુત્રના રૂપમાં જવું, યાચક બનીને જઈએ તો માંગણી કરવી પડે, તમે રસોડામાં ભોજન કરવા રસોઈયા પાસે બેસો તો દાળ લાવ, શાક લાવ, માંગ માંગ કરવું પડે, પરંતુ જો માતા ભોજન કરાવતી હોય તો માંગવાની જરૂર જ ન પડે. મા પોતે જ બધું પીરસતી હોય. આપણે જો ભગવાનને વાત્સલ્યમયી મા માનીએ તો માંગવાની જરૂર જ નહિ. હવે તમે જ વિચાર કરી લો !

***ભગવાન મા જેવા છે કે રસોયા જેવા !***

★-★-★

**સમ્યગ્દર્શન શુદ્ધં, યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ**
**દુઃખનિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ...૧**

ભગવાન ઉમાસ્વાતિજી મહારાજ તત્ત્વાર્થકારિકામાં જણાવે છે કે, સઘળા ય દુઃખનું કારણ જન્મ છે. જે જન્મને મીટાવી દે છે, તેને દુઃખના સંતાપ નડતા નથી. પણ પ્રયત્નો હજુ સાચા થતા નથી.

આપણું સંશોધન એ છે કે, પૈસા નથી તેથી અમે દુઃખી છીએ. શાસ્ત્રકારની ઘટના જુદી છે. જન્મ છે, માટે જ દુઃખ છે.

તમને પૈસા છે એનો પ્રોબ્લેમ નથી પણ પૈસા ઓછા છે, માટે દુઃખ છે. પાંચ ક્રોડવાળાને પૂછો ! તને સુખ છે ! અભિપ્સાઓ દરેકની ઊભી ને ઊભી છે.

**જન્મ-જરા-રોગ**

શરીર નથી તો રોગ નથી, શરીર નથી તો ઘડપણ નથી. દરેકને જવાની ગમે પણ તે ટકતી નથી.

યોગશાસ્ત્રમાં શ્રી હેમચંદ્રસૂરિજીમહારાજા જરાના ત્રણ દોષ બતાવે છે.

(૧) ઊંઘ ઓછી થઈ જાય (૨) કફ વધી જાય. (૩) પરાભવ. તિરસ્કાર.

ઘડપણ આકરૂં છે. ખોરાક ખાધેલો પચે નહિ. ઘરડાને સારૂં સારૂં ખાવાના કોડ થાય. હજમ થાય નહિ ને ખાધે રાખે. લોહીના બદલે કફ જ થાય. લોકો માન ન આપે, તિરસ્કારે. ઘડપણમાં આ ત્રણ કુલક્ષણો છે. બહુ જીવદયા પાળીને આવ્યા હોય, તે છેલ્લા દિવસ સુધી પુસ્તક વાંચી શકે. જયણા પાળી શકે. માનભેર રહી શકે.

નિમિત્ત ન હોય તો કર્મ ઉદયમાં ન આવે. અત્યારે તો નાનપણથી જ ચશ્માના નંબર વધી ગયા છે. પહેલાં ડિલીવરી ઘેર કરાવતા. હવે રોગના ઘર જેવી હોસ્પિટલમાં કરાવે. લાઈટમાં જન્મ થવાથી આંખો કાચી પડી જાય. નાની વયમાં ટી.વી. મળી જાય એટલે આંખો કાચી થઈ જ જાય. બિલાડીને સેન્સ હોય માનવને નથી.

બિલાડીએ ચાર બચ્ચાંને જન્મ આપ્યો. સંશોધનકારે તે બચ્ચાંને ટી.વી.નાં કિરણો નીચે રાખ્યાં, બિલાડીને તે અવસ્થામાં રાખેલી, તેમાંથી ત્રણ બચ્ચાં આંધળાં હતાં. ગર્ભના સંસ્કાર જીવને પડે છે. કલ્પસૂત્રમાં સુંદર વર્ણન છે. વડેરી સ્ત્રીઓ કેવી સુંદર શિખામણ આપે છે.

અતિ સર્વત્ર વર્જયેત્ , અતિશોક, અતિહાસ્ય ન કરજો. હસવાથી ગર્ભ વાયડો થાય છે. પછી મોટો થઈને જોકર બને છે. બાબલાનો વાંક કે તેની માનો !

નવલાખ નવકાર મા ગણે તો ગર્ભ પર તેની અસર પડે છે. શિવાજી ગર્ભમાં હતા ને જીજાબાઈએ રામાયણનું અરણ્યકાંડ સંભળાવ્યું હતું. જો શિવાજી ન હોત તો આખું મહારાષ્ટ્ર કેવું હોત ? બળવાન બન્યા તેનું કારણ માતાની ધાર્મિકતા જ હતી.

આપણે ઘડપણને તિરસ્કારીએ છીએ પણ જન્મને રોકવાથી જ ઘડપણ રોકાશે.

પુનરપિ જનનં પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનં...

ચારગતિ અને ચોરાશી લાખ યોનિ છે.

સાથિયો આ વાતનું પ્રતીક છે. અત્યારે તમે મનુષ્યગતિમાં છો. પછી દેવની ગતિમાં હશોને ?

પાન લેવા જાઓ તો ય પાંચ પૈસા આપવા પડે છે, અને ભાઈસાબને કાંઈ જ કર્યા વિના દેવલોકમાં જવું છે. સદ્‌ગતિ ઘણી દૂર છે. દૂર દીઠું છે શિવપુર શહેર જો. રોજ સાથિયો કાઢો પણ મીનીંગ ભૂલી ગયાં છો ? તમામ ધાન્યો વાવ્યા બાદ ઊગે. ચોખા ઉગતા નથી તેમ મારે હવે જન્મ લેવો જ નથી આ નિર્ધાર કરો. સમ્રાટ સંપ્રતિનું બીજું નામ સંપદિ હતું. રાજા બનીને તેણે નવું નાણું સ્થાપ્યું. બીજી તરફ ચોખાનો સાથિયો હતો.

પહેલાંના કાળમાં ઘેર ઘેર વાતો થતી, હવે અજન્મા બનવું છે.

દેવકીનો ગજસુકુમાલ લાડકો છેલ્લો પુત્ર દેવના વરદાનથી મળ્યો હતો. નેમિનાથની દેશના સાંભળી દીક્ષાની રજા માંગી. દેવકી સમજાવે છે. દીક્ષા ખાંડાની ધાર છે. રેતીના કોળિયા જેવું ચારિત્ર છે. તમારૂં તો સાલ ઓઢાડીને સન્માન કરવું જોઈએ કારણ તમે અમારા કરતાં ઘણા મુશ્કેલીમાં છો. બાથરૂમ જેવડા નાના ઘરમાં તમે રહો છો. અમે મોટા મહેલ જેવા ઉપાશ્રયોને પણ કાર્તિકપૂર્ણિમાના દિવસે છોડીને સિંહની જેમ ચાલ્યા જઈએ છીએ. સાધુ મેળવી પણ શકે, છોડી પણ શકે. માણસે દરેક વાતે છૂટા રહેવું જોઈએ. દેવકી સમજાવે છે, ધાર તરવારની... આજ્ઞા મુજબ ચાલવાનું છે. લોઢાના ચણા હાડકાંના દાંતે ચાવવાના છે. જંગલમાં વનવગડા વહાલા કરવાના, ઠંડા, ઊના તીખા ખોરાક બધા જ સહન કરવાના.

ગજસુકુમાલના ઉત્તર-સસલાના ભવમાં મેં કેવું સહન કર્યું છે મા ! ઠંડીમાં કઈ મા સસલાને મફલર પહેરાવવા ગઈ હતી ?

ભૂખવાળા કૂતરાને કઈ મા રોટલો ખવરાવવા ગઈ હતી !

કર્મસત્તાથી નરકનાં કેવાં દુઃખો સહન કર્યાં હતાં. દેવકીએ દીકરાને વૈરાગી જાણી લીધો. પણ એક શરત મૂકે છે.

***મુજને તજીને વીરા, અવર માતા મત કીજે રે***

તમારી છેલ્લી મા કંકુબાઈ તમે નક્કી કરી છે ? લાઈટ ચાલી જાય તો બૂમો પાડ્યા કરો છો ? પહેલાં કૂવાથી પાણી લાવતાં હોવાથી પાણીનો બગાડો કરતાં ન હતાં. હવે ધોધમાર જળવર્ષા. તુંબી જલે સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. જે ચીજનો દુરૂપયોગ થાય તે ચીજ કુદરત ઝૂંટવી લે. માત્ર દૂધીના તુંબડા જ પાણીથી સ્નાન કરતાં હતાં. દુનિયાની ચીજો હોઈયાં કરનાર અમેરિકા ખતમ થવા લાગ્યું. અતિ ઉપયોગને પણ કુદરત ખેંચી લે. પચાસ વર્ષ પહેલાં ભારતના લોકો સંતોષથી જીવતા. પહેરવામાં ઉપરનું અંગરખું, નીચેનું ધોતિયું, રહેવામાં એક ઓરડો, રસોડું અને ઓસરી હતી. ઘરમાં પ્રેમ-વાત્સલ્ય નીતરતાં હતાં.

ફ્લેટમાં રહેનારા તમે એકબીજાને ઓળખતા પણ નથી. ઘરમાં પ્રેમનાં નીર નથી. પહેલાં શીરાને ચોળાથી લગ્ન થતાં હતાં. ન્યાય અને નીતિથી ચાર કલાક ધંધો કરતા હતા. રોજી, રોટી કપડાં, મકાન બસ હતું. આજે સામગ્રીના ઢગલા થયા, છતાં દુઃખી છો.

તમે આજે ગામડામાં જાઓ તો માણસ તમારી સાથે બે કલાક બેસી શકે. અને મુંબઈમાં કોઈ ગામડાનો માણસ આવી ચઢે તો તમે બોલાવો ય નહિ. આજે વડિલોને મુંબઈ રહેવું ગમતું નથી. ઓ વડિલો ! તમે ગામડામાં જાઓ. સંતોષથી જીવો. મુંબઈ મુંબાપુરી-મોહમયી છે. મેલેરિયા રાજધાની છે. સાધુને કોઈ પૂછે ! તો તમે કેમ મુંબઈમાં બેઠા છો ! પણ અમે ન બેસીએ તો કલેશ-કંકાસ વધી જાય, ચોમાસું બેસતાં આવી જઈએ, ઊતર્યા બાદ ભાગી જઈએ. ભૌતિકવાદથી માણસ પાગલ બની ગયો છે. ગજસુકુમાલ સ્મશાનમાં કાઉસ્સગ લઈને ઊભા છે. સસરાને તેમને જોઈને ક્રોધ ચઢ્યો. ચીકણી માટીની પાઘડી કરીને માથે બાંધી.

અંગારા લાવ્યો. ખોપરીની પાળ કરી. તેમાં અંગારા બળતા ભર્યા પરંતુ નિશ્ચલ મહાત્મા ડગ્યા નહિ. અગ્નિકાયના જીવોને ત્રાસ ન આપ્યો. શરીર બળ્યું, સાથે કર્મો બળ્યાં. સમતા અખંડ રાખી. નિરંજન સિદ્ધાત્મા બની ગયા. સોળ વર્ષની ઉગતી વયે જ અંતકૃત કેવળી બનીને નિર્વાણ પામી ગયા.

ભગવાનને પૂછતાં ઉત્તર મળ્યો, સસરાની સહાયથી કેવળી બની ગયા. પહેલાં જન્મ મીટાવવાની વાતો ઘરે ઘરે ચાલતી હતી.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર આ ત્રણ વસ્તુઓ જન્મને મટાડવાની દવાઓ છે. સાથિયો તે ચારગતિરૂપ જન્મનો રોગ છે. સિદ્ધશિલા તે આરોગ્યભવન છે.

*સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત*
*વસીયા તેણે કારણ ભવિ, શિરશિખા પૂજંત....*

જ્ઞાનાદિ ત્રણને મિશ્ર કરવાનાં. જ્ઞાન એકલું ન ચાલે. દર્શન વિના પણ ન ચાલે. સમ્યગ્દર્શન પણ તેને જ થાય કે જેને જ્ઞાન અને ચારિત્રનો તલસાટ હોય. આ જ્ઞાનાદિ ત્રણ એ ત્રિફલા છે.

એકલાં જ્ઞાનરૂપી આમળાં ખાટાં પડે. રત્નત્રયી એ મહા ભેજ છે. રામબાણ ઇલાજરૂપી આ રત્નત્રયીને સેવીને સિદ્ધશિલારૂપી આરોગ્યભવન જલ્દી, વહેલામાં વહેલું પ્રાપ્ત કરો એ જ શુભાભિલાષા....

**ભગવાનભક્તિના ટૂચકા (પ્રસંગરંગમાંથી...)**

એક સ્વામીજી પોતાના શિષ્યો સાથે જંગલ પસાર કરી રહ્યા હતા. સુંદર વાતાવરણ અને એકાંત જોઈને સ્વામીજી પ્રભુનું ધ્યાન ધરવા લાગ્યા. બધા શિષ્યો પોતાના કામમાં હતા. અચાનક એક સિંહ આવી ગયો. બધા શિષ્યો ભાગવા લાગ્યા. પણ સ્વામીજી ધ્યાનમાં મસ્ત રહ્યા, ભાગ્યા નહિ. ધ્યાન પૂર્ણ થયું, આગળ વધ્યા. નદીકિનારે સુંદર વાતાવરણ જોઈ રાત્રિ ત્યાં વીતાવવા વિચાર કર્યો. જેમ જેમ રાત્રિ વધતી ગઈ તેમ તેમ મચ્છરનો ત્રાસ વધવા લાગ્યો. સ્વામીજી મચ્છરથી ગભરાઈને ત્રાહિમામ પોકારી ગયા. કેવી પરેશાની થઈ હવે ક્યારેય અહીં નહિ ઠહરીયે.

સ્વામીને પરેશાન થતા જોઈને શિષ્યો હસવા લાગ્યા. મજાક ઉડાવવા લાગ્યા. સ્વામીજીએ કહ્યું, મને તો વેદના થાય છે. અને તમો હસો છો ?

શિષ્યોએ કહ્યું, સિંહ આવ્યો ત્યારે તો જરાય ડર્યા નહિ અને મચ્છરના ત્રાસથી બૂમો પાડો છો ? સ્વામી બોલ્યાં, અરે શિષ્યો ? સિંહ આવ્યો ત્યારે હું ભગવાનની સાથે હતો, અને હવે તમારી સાથે છું.

★-★-★

**સમ્યગ્દર્શન શુદ્ધં, યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ**
**દુઃખનિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ...૧**

આ જન્મ દુઃખના કારણરૂપ છે. રોગ આપવાનું કામ જન્મનું જ છે. જૈનો જન્મની ઉજવણીમાં માનતા નથી. આપણો જન્મ સુખકારી નથી. ભગવાનનો જન્મ સુખકારી છે.

જય પામે તે જયંતિ. નેતાની જન્મજયંતિ કહેવાય. પાંચ વર્ષે નેતા જગતને દુઃખી કરે છે.

ભગવાનના જન્મને કલ્યાણક કહેવાય. જે સ્વપરનું કલ્યાણ કરે તેને કલ્યાણક કહેવાય. કલ્પ એટલે સુખ. જૈનો સદાને માટે જન્મના શત્રુ છે. હવે ગર્ભાવાસમાં પૂરાવું નથી. ભગવાનનો જન્મ જગતને આનંદકારી છે. સાચા દુઃખનું નિદાન જન્મનું થતું નથી. દુઃખને મીટાવી દેવાનો સાચો ટ્રાય થતો નથી.

એક ગરીબ માણસને હું પાંચક્રોડ રૂપિયા અપાવી દઉં તો તે તત્કાળ સુખી થતો દેખાશે. તારક પરમાત્મા વરસીદાન વખતે ઘણા વરસે છે, ફૂલોની વૃષ્ટિ કરનારા દેવો પૈસા વરસાવી દેત. પણ આ એકલા પૈસાથી માણસ સુખી થઈ શકતો નથી. ભગવાને એક જ આજ્ઞા કુબેરને કરી હોત કે, સાત દિવસ સુધી તું સોનામહોરની વૃષ્ટિ કરતો રહે તો તત્કાળ આજ્ઞાને શિરોધાર્ય કરી કુબેરે અનેક વરસાવી હોત. જગતને સુખી બનાવી દીધું હોત. પણ આપણી ખરી દુઃખને મીટાવવાની ચાવી જુદી છે. મરણને મારો એટલે કે જન્મને જ મારો. હવે છેલ્લો જ જન્મ પામવાનો. ગર્ભવાસ જ્યાં સુધી ઊભો છે ત્યાં સુધી દુઃખ જ છે.

**જન્મને મીટાવવાનો ઉપાય**

જન્મને મીટાડવાની દવા રત્નત્રયી છે. દેવગુરૂધર્મ એ તત્ત્વત્રયી છે. જેના હૃદયમાં શ્રદ્ધા નથી તેને ધર્મ આપી શકાતો નથી. વિજ્ઞાન પ્રશ્ન કર્યા કરે છે. હાઉ અને વ્હાય તેનું ચાલુ જ છે. ધર્મની વાત અલગ છે. જિનેશ્વરની વાતો શ્રદ્ધાથી જ ચાલે. સ્વીકાર કરવો જ પડે.

સમ્યગ્દર્શન એટલે પૂર્ણ વિશ્વાસ. એ આવ્યા બાદ જ જ્ઞાન અને ચારિત્ર સમ્યગ્ બને. ત્રિફળા એ હરડાં, બરડાં અને આમળાં. ત્રણને ભેગાં કરવાથી દવા થઈ જાય.

*ગુડો હિ કફહેતુઃ સ્યાત્ , નાગરં પિત્તકારણં*

*દ્વયાત્મનિ ન દોષોઽસ્તિ, ગુડનાગર ભેષજે.*

એકલું જ્ઞાન મારે. ફાટી જાય, એકલો ગોળ ખાય તો કફ થાય, સૂંઠ પિત્ત કરે પણ બંનેની ગોળી કરીને ખાય તો ઔષધરૂપ બની જાય.

કમ્મપયડિ પણ તે સાધુને જ ભણાવવી કે જેને પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા હોય. પ્રેમસૂરિજીમહારાજ શ્રદ્ધાને માન આપતા. પુનર્જન્મ અને પુનર્ભવને માનનારાં દર્શન સત્ય છે. આગમન અને નિગમનને માનનારાં છે.

હિંદુ લોકોની ગીતા છે. અર્જુને કૃષ્ણને ઘણા પ્રશ્નો પૂછ્યા છે. સવાલ પૂછવાની પણ હદ હોય છે. છેવટે કૃષ્ણ અકળાયા.. અને બોલ્યા, સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા ? કેટલાક પ્રશ્નો ભૂત-ભવિષ્યના હોય, પણ કેટલીક વાતો શ્રદ્ધાથી જ માનવી પડે.

તમે ગ્રાંડફાધરના પણ ગ્રાંડફાધર જોયા છે ? ના, પણ પીછેસે ચલી આતી હૈ. નાનું ટેણીયું પૂછે છે, આ કોણ છે ? અંકલ છે. અંકલ એટલે કોણ ? પપ્પાના ભાઈ. સમાધાન મળી ગયું. મમ્મીના ભાઈ તે મામા આ પણ સમજાય છે. જાડાં કંકુબા આવ્યાં. પૂછે છે, કોણ ? ફઈબા. પપ્પાનાં બેન તે ફોઈબા કહેવાય.

બે જણા એક ઘરમાં ધાડ પાડે તેને સાઢુભાઈ કહેવાય. તમે મારા પપ્પા કેવી રીતે ? પૂછનાર ગાંડો કહેવાય. મમ્મીનાં સંશોધન ન હોય, તે તો માનવું જ પડે. ગંગાનું પાણી નિર્મળ છે આ શ્રદ્ધાનો વિષય છે. લેબોરેટરીનું ત્યાં ચેકીંગ ન હોય. ગંગે ! હર હર પાપે ગંગા પવિત્ર જ હોય, તરસ્યાની તરસ જ મીટી જાય. આખું ભારત વડાપ્રધાનને સલામ કરે પણ વડાપ્રધાન ઝંડાને સલામ કરે. ઝંડાનાં કપડાં જોવાનાં ન હોય. ઝંડો ઊંચો રાખવામાં રાષ્ટ્રની શાન છે. ત્યાં ચેકીંગ ન ચાલે. માના સ્તનમાંથી આવતું દૂધ શ્રદ્ધાનો વિષય છે. એ દૂધ નથી પણ અમૃત છે. વાત્સલ્યથી ભરપૂર હૃદય બને ત્યારે જ એ આંચળમાંથી દૂધ આવે છે. જે મા પોતાનાં બાળકોને દૂધ પાતી નથી તેનો ગગલો પચીશ વર્ષનો થાય તો ય ડીકો મારશે. આજે સ્ત્રીઓ સૌંદર્યના નામે બાટલીનાં દૂધ પીવરાવવા લાગી. આઈ.એમ. મોડર્ન, મધર મોડર્ન, વાઈફ મોડર્ન.

કૂતરી કહે છે, મારાં ગલૂડિયાંને હું જ દૂધ પાઈશ, ગધેડી પાસે નહિ પીવરાવવા દઉં. બકરી પોતાનાં બચ્ચાં જ્યાં સુધી દૂધ ન પીએ ત્યાં સુધી કોઈને દોહવા ન દે. ગાય ભેંસ પણ પોતાનાં વાછરાં દૂધ ન પીએ ત્યાં સુધી બીજાને લાત મારી દે.

ગંગા જેવા નિર્મળ બનો. બટાટામાં જીવ શ્રદ્ધાથી સ્વીકારો. ત્રસંતિ-હાલી-ચાલી શકે. સ્થાવર હાલી ન શકે. માણસ મરે છે કે જીવે છે તે માટે રૂનું પૂમડું મૂકીને ચકાસણી કરે છે. માથા ઉપર થીજેલું ઘી મૂકે છે.

પર્વતમાં જીવ છે ! ભગવાનની વાતો શ્રદ્ધાથી સ્વીકારવી જોઈએ. કૈવલ્યચક્ષુથી જોયેલી વાતો છે. ચર્મચક્ષુથી ન દેખાય.

કાપડિયા કાપડ લેવા જાય તો છેતરાય, પપૈયું લેવા જાઓ તો છેતરાઓ. આપણી સગી આંખે જ આપણને ઘણીવાર છેતર્યા છે. દાતણવાળાથી પણ છેતરાઓ ને શાકવાળાથી પણ છેતરાઓ. દૂધવાળાથી તો રોજ ઠગાઈ જાઓ. ક્યાં બાકાત રહ્યા છો ?

હસ્બંડે સ્વીકાર કર્યો વાઈફનો. વાઈફ રોજ તમારો ખરખરો કાઢે. મરચાં પાકેલાં લાવ્યા છો, લીંબુ સડેલાં લાવ્યા, વાલોળ ઘરડી લાવ્યા, ચોળી ખોરડી લાવ્યા. હે પ્રિયે ! બધે જ છેતરાયો છું, તારાથી પણ છેતરાયો છું. પરણીને પણ પસ્તાયો છું, ધાર્યું તું શું ને નીકળ્યું શું ? આપણી આંખો કાચી છે, તેથી ભગવાનની વાતો સ્વીકારવી જ પડે.

ભૂતકાળના માણસોને તર્કની જરૂર ન હતી, હવે લોજિક આપવું પડે છે. તર્ક-વિતર્ક અને કુતર્કનો કાળ છે. સૂંઠ ખવાય તો બટાટાની કાતરી કેમ ન ખવાય ? પહેલાં ધર્મ પમાડવો સહેલો હતો હવે મુશ્કેલ બનતો જાય છે.

અર્જુન કૃષ્ણ પાસે ગમ્ય, અગમ્ય પ્રશ્નોના ઉત્તર માંગતા હતા. યાજ્ઞવલ્કય પાસે ગાર્ગીએ પ્રશ્નો પૂછ્યા ખૂબ ઊંડી ઊતરી ગઈ. પણ પછી યાજ્ઞવલ્કયે શ્રદ્ધાના વિષયમાં કહી દીધું...

सर्वान् कामान् परित्याज्य माम् एकं शरणं व्रज.

ગાર્ગીએ સ્વીકારી લીધું. અર્જુન પણ છેલ્લે કૃષ્ણના શરણમાં નમી ગયો. નષ્ટો મોહઃ, સ્મૃતિ ર્લબ્ધા, કરિષ્યં વચનં તવ. અર્જુનના સ્વીકારથી કૃષ્ણ ખુશ થઈ ગયા.

ઓફિસર પાસે તમે ઝૂકી પડો છો, બકરી બેં બેં કરો છો. બૈરી પાસે મ્યાઉં મીયાંજીની મીંદડી થઈ જાઓ છો. પણ ઉપાશ્રય, મંદિરમાં વાઘ બની જાઓ છો. એક હજામ પાસે પણ તમે માથું નમાવી દો છો, ત્યાં ડાઉટ નથી. કારણ ફેમિલી હજામ વાળ કાપશે પણ માથું નહિ કાપે એવો વિશ્વાસ છે. હજામં શરણં ગચ્છામિ... અર્જુન કુરુક્ષેત્રમાં ઝૂકી ગયો, પણ આપણે ધર્મક્ષેત્રમાં ઝુકતા નથી. હૃદયની સાચી શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે.

**ભગવાનની સામે...પ્રસંગરંગમાંથી...**

ગુરૂ હરિદાસની સામે બેસીને ભગવાનના ભક્તો પ્રભુભક્તિનાં ગીતો સાંભળી રહ્યા હતા. અકબર બાદશાહ ડોલી ઊઠ્યા. મૂર્તિની જેમ સ્થિર બની રહ્યા. ભજન ક્યારે પૂરૂં થયું તે ખબર પણ પડી નહિ. ભજન પૂર્ણ થતાં જ ભાવવિભોર બનેલા અકબરે કહ્યું, અરે તાનસેન ! હું કહું તને ! આટલી મધુરતા અને મોહકતા તો તારા ગીત અને સંગીતમાં પણ નથી મળતી. તાનસેને કહ્યું, સમ્રાટ ! હું ખરેખર કહું આપને ! હું ગાઉં છું ધનને માટે, હરિદાસજી ભક્તિથી ગાય છે. હું બાદશાહ સામે ગાઉં છું. હરિદાસજી ભગવાન સામે ગાય છે. તેઓ ભગવાનમાં મસ્ત બને છે, માટે મોહકતા, મુગ્ધતા અને મધુરતા છે.

★-★-★

## પ્રવચન બારમું : તત્ત્વાર્થકારિકા

**સમ્યગ્દર્શન શુદ્ધં, યો જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ**
**દુ:ખનિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ...૧**

**જન્મ જ ખતરનાક...**

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્મા શ્રી તત્ત્વાર્થસૂત્રની કારિકામાં... સમ્યગ્દર્શન કોને કહેવાય ? અને સમ્યગ્દર્શન જેની પાસે હોય તે જ જ્ઞાન વિરતિને અપાવે છે. જન્મને મીટાવવાની દવા છે.

જે માણસ મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને ચારિત્ર લેતો નથી, લેવાની અભિલાષા કરતો નથી તે કૂતરા બિલાડાની જેમ મરણ માટે છે. ક્ષુદ્રજંતુવત્ મરણાય ભવતિ.

ચારિત્ર લઈ ન શકે તેનો સંતાપ પણ થતો નથી તેનો જન્મ નિષ્ફળ કહ્યો છે.

ઝેર ખાઈને મરી જવાય પણ જન્મ લઈને જેણે જન્મને જ મારી નાખ્યો છે, અને ત્રિફળા ચૂર્ણ જેવી રત્નત્રયીને મેળવી તેનો જન્મ પ્રણામ કરવા યોગ્ય છે. જનમ નાગ, સિંહ, રીંછ અને આગ જેવો છે. નાગ ભેગો રહે પણ ડંખ ન મારે તે દાઢો કાઢીને રાખનાર મદારી છે. મદારીને ધન્યવાદ ઘટે. મરવાના સાધનને આજીવિકા બનાવે.

સિંહ ફાડી ખાય પણ તેના ખેલ કરનારને રોજી પૂરી કરે. રીંછ મારી નાખે પણ મદારીને કામ કરી આપે. આગનો બાળવાનો સ્વભાવ પણ રસોઈ કરનાર બાઈને ધન્ય છે, આગને કંટ્રોલમાં રાખી ખાવાનું બનાવી લે છે. તેવી રીતે આ જન્મ ખતરનાક છે, પણ અહીં આવીને મોક્ષે પણ પહોંચી શકે અને સાતમી નારકે પણ જઈ શકે.

દેવ મરીને નારક ન થાય, નારક મરીને દેવ ન થાય. સવ્વત્થ જંતિ મણુઆ. બધાં ય દ્વાર માનવને ઉઘાડાં. બારે ભાગોળ ચોરાશી લાખ બારણાં ઉઘાડાં. આ ભવ જેટલો સારો તેટલો જ કંડ છે. જીવતાં આવડે તો જ સારો નહિતર નિકંદન કાઢે. અનંત જન્મના મસાલા ભેગા ય કરી દે, કાઢી પણ દે. ક્રોડો, અબજો પુન્યનાં મૂલ્ય ચૂકવીએ તો જ એન્ટ્રી મળે. કંઈક પુન્ય કરીને આવ્યા છીએ નહિતર, કોળી, વાઘરી ચંડાલને ત્યાં ઉત્પન્ન થયા હોત તો શું દશા હોત ? હવે સારી જગ્યા મળ્યા પછી સારા ન બનો તો ન ચાલે.

ધીસ ઇઝ અ બોમ્બે... ગામડિયો મુંબઈમાં આવે ને શીખે નહિ તો ન ચાલે. શહેરી થવું જ પડે. મનુષ્યપણામાં આવીને પશુવેડા ન શોભે.

હાઉ-ડુડુ-બાય-વ્હાય ને હલ્લો કરતાં આવડી ગયું છે પણ સારૂં જીવન જીવતાં ન આવડે તો ગામડિયા કહેવાઓ.

કૂતરાના ભવમાં ભૂંકવાનો સ્વભાવ ગયો છે ? લાળિયો કાળિયો પૂંછડી ઊંચી કરીને લડે. આડોશી-પાડોશી લડતા હોય કે, પૂંછડી વિનાના કૂતરા લડી રહ્યા છે. **कूत्र्याची शेपूट सहा महिना आत घातली तरीपण वाकडी आणि वाकडी ।**

રમણ મહર્ષિ કહેતા હતા કે, ગુસ્સો આવે તો તમારૂં નામ નાગભાઈ = ક્રોધ. માયા આવડે તો માયાબેન. ભાઈ સાથે ન બને તો તમારૂં નામ કુત્તાભાઈ.

**અવર અનાદિની ચાલ, નિત નિત તજીએ જી.** મનુષ્યના અવતાર પછી આત્માનું ઠેકાણું પાડતાં શીખવું જોઈએ. ચિંતામણી દાદાના દર્શન કરતા રોજ આવડે પણ સ્વભાવ સુધારતાં ન આવડે તો વાંક તમારો પોતાનો છે.

આ કળિયુગમાં ઘણાં સાધન મળ્યાં છે હવે તું શાંતિ મેળવી ન શકે તો વાંક તારો જ છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિમહારાજ વીતરાગસ્તોત્રમાં ફરમાવે છે કે, નમોડસ્તુ કલયે યત્ર. હલાહલ કળજુગમાં શત્રુંજયનો દાદો મળ્યો છે. તે ઓછું નથી. સીમંધરસ્વામિ ભારતભૂમિનું ગૌરવ લે છે. સનેહી સંત એ ગિરિ સેવો, ચૌદ ક્ષેત્રમાં તીર્થ ન એહવો.

એકેક કાંકરે અનંતા સિધ્યા. ચઉહત્યા કરનાર, ઘોરાતિઘોર પાપ કરનારા, પોતાની બેન સાથે ભોગ કરનારો ચંદ્રશેખર રાજા પણ તે જ ભવમાં મોક્ષે ગયો છે.

વિચરતા ભગવાન ભલે અહીં નથી, પણ સીમંધરસ્વામી સ્વમુખે પ્રશંસા કરે એવું તીર્થ અહીં છે. ભારત આ રીતે ધન્યાતિધન્ય છે.

લોહીના ખીચડા કરનારા, ૧૮ અક્ષોહિણી સેનાનો નાશ કરનારા, સૈનિકોના કચ્ચરઘાણ કરનારા, દ્રોણાચાર્ય કૃપાચાર્ય જેવા ગુરૂને મારી નાખનારા. આવા સંગ્રામ કરનારા પાંડવો છેલ્લે જીતી ગયા પણ માતા કુંતીને પૂછે છે, મા ! હસ્તિનાપુરના તાજ માટે પૃથ્વી માટે અમે અમારા ભાઈઓનો, કુરૂવંશનો નાશ કર્યો છે. તો હવે પાપ નાશ કરવાનો કોઈ ઉપાય ખરો ? ત્યારે માતાએ શત્રુંજય તીર્થ બતાવેલ છે.

*દ્વિતિયપદં સમારાધ્ય, ધ્યાયંતઃ પંચ પાંડવાઃ*
*સિદ્ધગિરિં સમં કુન્ત્યા, પ્રાપ્નુવંતિ પરમં પદમ્*

આંધળી દળે ને કૂતરી ચાટે. તપ કરવા સહેલા છે. પણ માનકષાય જીતવો મુશ્કેલ છે. દોષનો પાર નથી. બેસતો મહિનો, શ્રાવણ મહિનો, જુગારનો મહિનો. બેનો પણ જુગાર રમે છે ને ! અબજો ખરચાઈ જશે, આદત કાઢી નાખો.

કોઈપણ દવા પેટમાં નાખો તો અસર થાય તેમ કોઈપણ બુરાઈ અંદર નાખો તો રીએકશન આવે જ. દુઃખ જેટલાં આવે છે તેમાં ટુ હોય પણ ફ્રોમ નથી હોતું. કારણ આ દુઃખમાં ટુ પણ આપણે અને ફ્રોમ પણ આપણે જ હોઈએ છીએ.

ટુનાં એડ્રેસો હોય છે, ફ્રોમનાં હોતાં નથી. જવાહરનહેરૂને એકવાર કોઈ ગાંડો મળ્યો. તે લેટર લખતો હતો, નેહરૂએ પૂછ્યું, ક્યા લિખતા હૈ ? ગાંડો બોલ્યો, લેટર લિખ રહા હૂં. કિસકો લિખ રહા હૈ ? મેરેકો. ક્યા લિખા ? એ તો અભી પોસ્ટમેં ડાલૂંગા વાંચૂંગા, તબ માલુમ પડેગા.

આ ગાંડા માણસ જેવી આપણી પણ પરિસ્થિતિ છે. કર્મ કરીએ ત્યારે ખબર પડતી નથી. વિપાક

વખતે અંજામ ભોગવતી વખતે માલુમ પડે છે.

**કર્મના બે પ્રકાર સત્તા અને અબાધા કાળ.**

કરેલું પાપ સત્તારૂપી ગોડાઉનમાં ચાલ્યું જાય છે, અને પછી તે ટાઈમ બોંબ કેટલાક વર્ષે ફૂટે છે. પછી માણસ પાગલ બની જાય છે. ધગધગતું શીશું રેડવાનું કામ ભગવાન મહાવીરના જીવે અઢારમા ભવે કર્યું પણ તે કર્મ ઉદયમાં ક્યારે આવ્યું ? કેવલજ્ઞાન થવાના ટાઈમે. જ બોંબ કર્મનો જોરદાર ફૂટ્યો. ભગવાનને ત્રાસ આપ્યો.

નંદિવર્ધન સાથે ઘરમાં રહ્યા, માતપિતાની હાજરીમાં તે કર્મો ઉદયમાં ન આવ્યાં, કોઈ પવાલું ભરી પાણી પાનાર હતું નહિ ત્યારે જ ઉદયમાં આવ્યાં. સિદ્ધાર્થવ્યંતર પણ તે ટાઈમે ભાગી ગયો, અને ભગવાન જંગલમાં એકલા જ હતા...

**ભૂલ્યો રે ભરવાડ એની શાનમાં, ખીલા ઠોકાણા વીરના કાનમાં...**

**તાજું પુણ્ય તાજું પાપ.**

ઉગ્ર પાપ તરત જ ઉદયમાં આવી શકે. અને ઉગ્ર પુણ્ય પણ તરત જ ફળ આપી શકે. તીવ્ર રોષ સાથે કરેલું પાપ કેન્સર પણ કરાવી દે અને એક્સીડંટ પણ કરાવી દે. હાલમાં ફટાકડાનાં પાપો નીકળી પડ્યાં છે. પંખીના ફફડાટ શરૂ થઈ જાય છે. સાધુની નિંદર ઉડાડી દે છે. તમે કેવાં ખાનદાન છો ! પણ બેનો કેવી છડેચોક ઉઘાડાં નાચે છે ! રોડ વચ્ચે, બજાર વચ્ચે કોણ નાચે ? વારાંગના કુલીન સ્ત્રી ન નાચે. હવે મર્યાદાવાળી કુલીન સ્ત્રી ઘરમાંથી નીકળવા માંડી. સંસ્કૃતિનો લોપ કરવો તે સંસ્કૃતિ માનો જ લોપ છે.

નાનામાં નાની ભૂલનું રીએક્શન આવ્યા વિના રહેતું નથી. તું જ તારો ગુરૂ થા. અને તું જ તારો ચેલો થા. તમો તમારી રીતે જ હવે સાવધાન થઈ જાઓ. ધર્મરાજ યુધિષ્ઠિર ધર્મી હતા, ન્યાયી હતા અને ચરમશરીરી પણ હતા, સમજુ હતા, છતાં એક જુગારની બુરી આદતે પકડાઈ ગયાં, આખા કુટુંબનો નાશ થવાનો વારો આવી ગયો. દુર્યોધનથી ઘેરાઈ ગયા. શકુનિમામાએ દાવ ફેંક્યો, તમે હારશો તો ય જીતેલા માનશે. હું રમી શકું તેવો કોઈ રમી ન શકે. આ રાઈ ધર્મરાજના મનમાં આવી ગઈ. કુંતીને વનમાં રખડવું પડ્યું, દ્રૌપદીને પાંચ પાંચ પતિ રક્ષક હોવા છતાં વનોવન ભમવું પડ્યું. આમાં યુધિષ્ઠિરનો જ દોષ છે.

એકવાર કર્મ અંદર છે તો ફૂટશે જ. સમ્યગ્દર્શનાદિ ત્રણ ગ્રહણ કરી લે. અનંત ભવોનાં ભટકવાનાં દ્વાર બંધ થઈ જાય. પણ જેના આત્મામાં શ્રદ્ધા નથી તે કર્મની થિયેરી જાણી ન શકે. જન્મજન્માંતરનાં પાપોને ચૂરવા રત્નત્રયી એ જ મીક્ચર એ જ અકસીર ઔષધ છે.

સમ્યગ્ચારિત્ર લઈ કર્મના સંચયરહિત આત્માને બનાવો. શ્રદ્ધા વિનાનું જ્ઞાન તે માત્ર માહિતી જ કહેવાય. એક્સરસાઈઝ તે જ્ઞાનસ્વરૂપ કહેવાય.. ટાઈમબોંબ કર્મનો ફૂટે તો દીકરો લંગડો થાય, દીકરી પિયર આવીને બેસી જાય. બૈરી રિસાઈ જાય. કેન્સર થાય અને આખું કુટુંબ ફના થઈ શકે. માટે કર્મરોગને દૂર કરનાર ચારિત્રનો આશરો લો.

**મહાનગુણ સરળતા...**

બુદ્ધિના તીક્ષ્ણ માણસો ઘણા મળી જશે પણ હૈયાના એકદમ સરળ માણસો તો વિરલ જોવા મળશે. બહુ મોટા ધર્મી લોકો પણ સરળ હોઈ શકતા નથી. પોતે જેવા છે તેવું જ દેખાવું, પોતાની જાતનું મૂલ્યાંકન જરાક પણ વધુ નહિ જ કરવું, તેનું નામ જ સરળતા. જે સરળ છે તેને જ બોધ દેવાય. તે જ પાપશુદ્ધ

થઈ શકે. તે જ પરમગતિ પામી શકે. બુદ્ધિના પ્રાજ્ઞ અને હૈયાના સરળ આ બેમાંથી કોઈ એકની જ પસંદગી કરવાની હોય તો હૈયાની સરળતા જ પસંદ કરજો કેમકે, બુદ્ધિની જડતા એ હૈયાની કુટિલતા કરતાં ખૂબ ઓછી નુકશાનકારક છે.

★-★-★

## પ્રવચન તેરમું : તત્ત્વાર્થકારિકા

### બીજો શ્લોક

**જન્મનિ કર્મક્લેશૈરનુબદ્ધેઽસ્મિંસ્તથા પ્રયતિતવ્યમ્**
**કર્મક્લેશા ભાવો યથા ભવત્યેષ પરમાર્થઃ.....૨**

પરમપૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિજી મહારાજે પ્રથમ શ્લોકમાં જણાવ્યું કે, જન્મ એ જ ખરાબ છે, પણ જન્મને ઉત્પન્ન કોણ કરે છે ? તો તેનો ઉત્તર આ બીજા શ્લોકમાં આપ્યો છે કે,

જન્મને ઉત્પન્ન કરનાર કર્મ અને કલેશ-કષાય આ બંને છે. કર્મ અને કલેશનો જથ્થો વારંવાર ચાલુ રહેવાથી

*પુનરપિ જનનં પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનં...*

છતાં પણ કર્મ-કલેશનો અભાવ થાય તેમ પ્રયત્ન કરાય તો આ બંધ થઈ શકે છે. આ મનુષ્યજન્મમાં જ શક્ય છે.

*કર્મક્લેશાભાવો ભવત્યેષ પરમાર્થઃ*

જૈનશાસનમાં તમામ પર્વોમાં મુખ્ય મહાપર્વ પર્યુષણ છે. પર્યુષણનું હાર્દ સંવત્સરી છે. સંવત્સરીનું હાર્દ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણનું રહસ્ય મિચ્છામિ દુક્કડં છે. એટલે જ કષાયોને શાંત કરવા. મોટામાં મોટો પરમાર્થ સંવત્સરીએ થશે. उवसमसार खलु सामण्णं ।

સ્વયં ઉપશાંત. બીજાને શાંત કરવા. સાધુતાનો સાર છે. પ્રત્યેક ક્રિયા કરતાં ક્રોધ અને કષાયો શાંત થાય તે જોવાનું. ષટ્ખંડના સામ્રાજ્યવાળો ચક્રવર્તી રાગ ન છોડે તો સાતમીએ જાય. પરંતુ સમજીને જ ડાહ્યા બનીને રાગ છોડીને પ્રવ્રજ્યાના પંથે વળી ગયા. ઉપસર્ગોને જીતવા ચાલ્યા ગયા. મનને મક્કમ ન બનાવો તો પુરૂષાર્થ ન થાય. ભાંગી પડાય માટે તૈયારી જ રાખો. આકાંક્ષા અને અપેક્ષાઓ આજે વધી ગઈ છે.

તે પૂરી ન થાય તો આપઘાતના માર્ગે ચાલ્યા જાય. કોઈપણ આપત્તિ આવે તો સહન કરવા રેડી રહેવુ જોઈએ. ગમે ત્યારે આપત્તિરૂપી વીજળી ત્રાટકી જશે માટે મનને સારૂં મક્કમ બનાવો. તેથી તે ટાઈમે ભાંગી ન જવાય. આ વિશ્વમાં આઘાત-પ્રત્યાઘાતો આજે ઘણા છે. કુછ ભી હોગા મૈં સહન કરૂંગા આ વિચાર જીવતો રાખવાથી હાર્ટને ઘણી અસર ન થાય. મગજને ઠંડું બનાવી રાખો. સહુ સારાં વાનાં થશે. આ સૂત્ર મગજમાં ગોઠવી દો.

### બાવાજીની કથા

એક બાવાજીના મઠમાં કોઈ માણસ બે ગાય ગોઠવી ગયો. શિષ્ય ખુશ થઈ ગયો. અને ગુરૂને કહેવા આવ્યો. ગુરૂ બે જ શબ્દ બોલ્યા, અચ્છા ભાઈ ! અપને કો દૂધ મિલેગા.

ચાર દિવસ દૂધ મળ્યું. ચોરની નજર પડી. રાત્રે ગુરૂચેલા ઊંઘતા હતા, અને ચોર ગાય લઈ ગયો.

શિષ્ય સવારે ઉદાસ થઈ ગયો. અને ગુરૂને ફરી કહેવા આવ્યો. ગુરૂજી ! ગાય કોઈ ઉઠાકે ગયા, ગુરૂ ફરી બોલ્યા, અચ્છા, કલસે ગોબર નહિ ઊઠાના પડેગા. આ રીતે જે બને તેમાં શાંત થવાનો વિચાર ગોઠવી રાખવો જોઈએ.

## પ્રોફેસરની કથા

એક પ્રોફેસર હતા. દરેક વાતમાં બહુ મઝા આવી ગઈ આ વાક્ય તેઓ બોલે જ.

એકવાર કોલેજના યુવાનો હુલ્લરમાં ચઢ્યા. પથ્થરમારો થયો. પોલીસ આવી. પ્રોફેસરો ભેગા થયા હતા. તેમાં પેલા પ્રોફેસરને પૂછવામાં આવ્યું, તેઓ કહે, બહુ મઝા આવી ગઈ. ટાલકું તૂટી ગયું પણ બહુ મઝા આવી ગઈ. અને ફરી બોલ્યા, આવું થયું ત્યારે જ આપણને ખબર પડી કે આપણા વચ્ચે પરસ્પર પ્રેમ છે.

માર ખાધા પછી પણ મઝા આવી ગઈ, ટાલકું તૂટ્યા પછી પણ મઝા આવી ગઈ. હોસ્પિટલમાં પણ મઝા આવી ગઈ અને બધાં ખબર લેવા આવ્યાં તો ય મઝા આવી ગઈ આ પણ શાંત થવાની રીત છે.

**જે થાય તે સારા માટે...** આ વાક્ય પણ ઘણું ઉપયોગી છે. તપ-સ્વાધ્યાય-ભક્તિથી કર્મ ખપાવો. માસક્ષમણ તપ મૃત્યુંજય તપ છે. મનની કસોટી થાય છે અને મૃત્યુનું કષ્ટ સહ્ય બને છે. ડર ભાગી જાય છે. આબરૂ, મકાન, પૈસો, રોગના ભય કરતાં મૃત્યુનો ભય વધારે છે.

નમસ્કાર મંત્રનો જપ તે મૃત્યુંજય તપ છે. નવલાખ જાપ કરીને કર્મોને શાંત કરી દેવાં જોઈએ. તમારો સ્વભાવ બાર મહિનામાં ફરી જાય તેવો આ જપ છે. તેવો તેનો મહિમા, પ્રભાવ છે. આપણે મરતાં સમરો પકડી રાખ્યું પણ જીવતાં સ્મરણ નથી કરતા. જો જીવતાં નથી સમરતા તો મરતાં કેવી રીતે યાદ આવશે ? આખી જીંદગી પૈસાનો જ જાપ જપ્યે રાખ્યો તો મરતાં અરિહંત કેવી રીતે યાદ આવશે ?

આત્માની કસોટી અંતિમ ટાઈમે ઓ બાપ રે, અરે નહિ આવતાં અરિહંત આવશે. ઈંદિરાજીના મુખમાંથી મરતાં ઓ બાપરે નીકળ્યું. ગાંધીજીના મુખમાંથી મરતાં મરંતાં રામ-રામ-રામ ત્રણવાર નીકળ્યું.

આ ડોસો એક પળ પણ રામનામ ભૂલ્યો નથી. નવકારરૂપી પ્રાર્થના કરીને સૂવાનો નિયમ ખરો ? સાથે બેસીને રાત્રે પ્રાર્થના કરો છો ? સાદા-સીંપલ ધર્મોની પણ તમારી તૈયારી નથી. માંસક્ષમણ, અઠ્ઠાઈ, વિહાર, લોચ આ બધું દૂર છે. મોટાં કામ છે પણ દશ મિનિટ પ્રભુને તો આપી શકાય. સંધ્યાકાળે જમ્યા બાદ ઘરનાં બધાં ભેગાં થઈને સાથે બેસો છો ? પ્રાર્થના કરવાની ટેવ પાડવી જોઈએ. આખા દિવસની અશાંતિ ચાલી જશે. આજે ટેન્શન વધી જાય ત્યારે ફ્રેશ થવા સોપારી પાનપરાગ ખાય છે, પણ તેનાથી તાજા ન થવાય. પ્રાર્થનાની શક્તિ મેડિકલ જેવી છે, તમારા શ્વાસોશ્વાસ દીર્ઘ લો, દીર્ઘ છોડો અને રોજ ગીત ગાઓ પ્રાર્થના કરો, ચિત્ત પ્રસન્ન બની જશે. જૈનશાસનનાં ગુજરાતી બે મહાન સ્તુતિકાવ્યો છે.

**રત્નાકરપચ્ચીશી અને અરિહંત વંદનાવલિ...** હું કેવો તે રત્નાકર પચ્ચીશી, તું કેવો તે અરિહંત વંદનાવલિ. હું ક્રોધ અગ્નિથી બળ્યો, શું બાળકો માબાપ પાસે, મેં દાન તો દીધું નહિ ને એકેક શ્લોક આપણો એક્સરે છે. શું ભાવો ભર્યા છે એમાં આટલો એકરાર કોણ કરે ? મારો જન્મ નિષ્ફળ ગયો. દાનાદિ ચાર ધર્મો ન કર્યા, એક માર્ગને એક યોગને તો ચીટકી જ પડો, પ્રાર્થનારૂપે પણ પોતાના દોષનો સ્વીકાર કરો. જે દુર્ગુણ તમને સતાવતો હોય તે ભગવાન પાસે ગાયા કરો. જેની તમે પ્રાર્થના કરો તે સફળ થયા વિના ન જ રહે. પ્રયત્નો સાચા હોય તો કાંઈ જ અશક્ય નથી. ભિખારી બનીને પ્રભુ પાસે માંગતા રહો, માંગીને જ રહો. અબ સોંપ દિયા ઇસ જીવનકો, ભગવાન તુમારે ચરણો મેં. ભિખારીને શ્રદ્ધા હોય છે, તેથી શેઠ ના પાડે તો ય કાલાવાલા કર્યા જ કરે છે, અને પાછળ દોડીને જ બે ચાર પૈસા લઈને જ જંપે છે.

*દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનં*

*દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષ સાધનં...*

માત્ર વાણીથી નહિ બોલવાનું. મોક્ષસાધનં માગતાં માગતાં તો હૃદયથી ભીના ભીના થઈ જવાનું હોય, ગદ્‌ગદ્ વાણી બની ગઈ હોય, હર્ષાશ્રુ વહેતાં હોય, તમને બે યોગ આપવામાં આવે છે.

**એક પ્રાર્થના યોગ - એક જપયોગ**

(૧) યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે.

(૨) આ જનમનો પરમાર્થ કર્મ અને કષાયને દૂર કરતા રહો.

**ગગ્ગાવલિ...**

ગ ગર્વ કરવો એટલે શિખર પર ચડી ખીણમાં પડવું.

ગા ગાળ આપવી એ એક જાતનું મહાતુચ્છ દાન છે.

ગિ ગિરા એટલે વાણી હંમેશાં સુંદર બોલવી.

ગી ગીતો સદા દેવગુરૂનાં ગાવાં

ગુ ગુસ્સો એ અલ્પસમયની પાગલતા છે.

ગૂ ગૂડા-લાકડી એ એક *પ્રકારની જૂની પણ બિહામણી સજા છે.*

ગે ગેરસમજ થાય એટલે મિત્રતા તૂટે.

ગો ગોપનીય વાત કોઈને કહેવી નહિ

ગૌ ગૌણવસ્તુ ખાતર મુખ્યવસ્તુનો ત્યાગ એ નરી મૂર્ખતા છે...

નામ જેનાં ત્રણ છે, નાગ-લાભ ને જ્ઞાન. બોલો ! એ પર્વ કયું ? આપે સમ્યગ્જ્ઞાન.... જ્ઞાનપંચમી...

**શ્રીતત્ત્વાર્થકારિકા**

**જન્મનિ કર્મક્લેશૈરનુબદ્ધેઽસ્મિંસ્તથા પ્રયતિતવ્યમ્**

**કર્મક્લેશા ભાવો યથા ભવત્યેષ પરમાર્થઃ.....૨**

ભગવંત ઉમાસ્વાતિજી-મહારાજ જણાવી રહ્યા છે કે, આ જન્મ મળ્યો છે તેને કર્મ અને કલેશથી શાંત કરો. નિગોદમાં સુખની ઘણી જ કામના હતી, પણ ત્યાં સુખનો અભાવ હતો.

નિગોદમાં લોંગ લાઈફ કાઢી, સુખ મળો એવા ભાવ કર્યા આ સુખની અભિલાષાથી એની ટેંડસી વધી ગઈ. મૂળ વિષય અને કષાય હેરાન કરે છે. મૂળમાં વિષયનો રાગ અને તેમાં ફેલ જાય એટલે કષાય આવે. વિષયકષાય વધી જાય એટલે હાર્ટએટેક અને બ્રેનહેમરેજ આવે છે. માણસનું મન એ રોગ લાવે છે. આપણે તનના ઇલાજ કરાવીએ છીએ પણ મનના નથી કરાવતા. દેખવું નહિ ને દાઝવું નહિ આ રીતે જોવામાં કાબૂ રાખતાં શીખવું જોઈએ. ટી.વી. સામે જોઈને બેસી રહે છે. શ્રીમંતાઈના અભાવે કદાચ છ'રી'પાલિત સંઘ નહિ કાઢી શકો પણ યેનકેનપ્રકારેણ પરમાર્થ તો કરી શકો. અને વિષય-કષાય ઓછા કરી કર્મ-કલેશને દૂર કરો. મનની આડાઈ કેટલી છે તે પશુયોનિમાં ખબર પડશે. હવે તમે મનુષ્યજન્મરૂપી સુંદર પ્લેટફોર્મ ઉપર આવી ગયા છો હવે કર્મ ઓછાં કરવાનું જ કામ કરો. પચાસ દિવસ ભગવાનની પૂજા કર્યા બાદ મનને તપાસો કે, અંદરનો આત્મા ભીંજાયો કે નહિ ? ક્રિયાઓ ઘણી કરી, ઓઘા ઘણા લીધા, હવે આત્માને માપી લો કે કર્મ ઓછાં થયાં કે નહિ ? કષાય ઉપર તિરસ્કાર આવ્યો કે નહિ ?

**બે મોટા રોગ :** (૧) વિષયનો રાગ (૨) કષાયની આગ

વિષય વિના એકલો કષાય ટકતો જ નથી. દાળમાં મીઠું ઓછું હોય અને નાખે એટલે સ્વાદ આવે.

રાગની આગ દેખાતી નથી, કષાયનો ભડકો દેખાય. રાગની આસક્તિ જાય એટલે કષાય ટકતો નથી. વરસ દિવસમાં અષાઢ ચોમાસું, મહાન દિવસ સંવત્સરી અને તેનું પ્રતિક્રમણ. જિનશાસનનું મંદિર તે મિચ્છામિદુક્કડં છે.

અનંત જન્મથી વિષય કષાય વધારતા આવ્યા છીએ, હવે સારા ભવમાં આવ્યા બાદ ઓછા કરવા જોઈએ. પ્રત્યહં પ્રત્યવેક્ષેત. ચોવીશકલાક બધાના સરખા પણ જેને જ્યાં વાપરવા હોય ત્યાં વાપરે.

બૈરાં હજાર રૂપિયા લઈ કલાનિકેતનમાં ખરીદવા જાય, બાળક ૧૦૦ રૂા. લઈ પુસ્તક પાટી લઈ આવે. બાપાજીએ બે બાળકોને પાંચ પાંચ રૂપિયા આપ્યા. એક બાળક ઉકરડાની વસ્તુ લઈ આવ્યો, ઘર ભરી દીધું, અને બીજો કોડિયાં લાવ્યો, પ્રકાશથી ઘર ભર્યું. મૂડીને વાપરતાં શીખવું જોઈએ, વેડફતાં ન શીખાય. સાધુના ચોવીશ કલાક જ્ઞાનધ્યાન સ્વાધ્યાયમાં જાય, તમારા શામાં જાય ?

મૃત્યુ આવે ત્યાં સુધી કમાયા કરવાનું ? અને પૈસા સારા માર્ગે ખર્ચવાનો ભાવ જાગે ત્યારે મૃત્યુ સમીપ આવી ગયું હોય.

પુણિયાશ્રાવકનું ઝૂંપડું ક્યાં, અને શ્રેણિકરાજાનો મહેલ ક્યાં ? છતાં મગધના સિંહાસન કરતાં પુણિયાનું કટાશણું ચઢી જાય. ત્રણ ભુવનનું રાજ તેને કટાશણા ઉપર મળે છે. સમતાનું રાજ્યસિંહાસન તેને સામાયિકમાં મળે છે. હાથમાં મળેલી સામગ્રીને આપણે ઉપયોગમાં લેતા નથી અને જે નથી તેનો ઉપયોગ કરવા તેને મેળવવા ફાંફાં મારીએ છીએ.

આડોશી-પાડોશીના ઘેર ટી.વી. આવેલાં જોઈને આપણે પણ દોડીએ છીએ તે લેવા. બચ્ચો જીવતો છે તો શ્રીખંડ ખાઈ જ લેવા દે. ભલે પછી માંદો પડું. જીવ્યા કરતાં જોયું ભલું આ લગન લાગી છે. મારૂતિકાર આવ્યા પછી સંતોષ થઈ જશેને ? જેટલા બેડરૂમ તેટલા અંદર સંડાસ. સંડાસમાં પણ ટી.વી. જોઈએ છે.

નાનાવિધરશ્મયઃ પુદ્ગલોનો ખેલ જુદો જ છે. દુનિયા તમારી સામે નવું નવું લાવ્યા જ કરે પણ તેનાથી તમો અસંતોષી બનતા જવાના.

કૃષ્ણે અર્જુનને કહ્યું, ત્યક્તેન ભુંજીથાઃ છોડીને ભોગવી લે. સાધુ છોડીને સુખી થયા છે, તમે ભોગવીને દુઃખી થઈ રહ્યા છો. બીજાના આંધળા અનુકરણ ન કરો.

**જોગેસરમહારાજની કથા - કુંભારનો ગધેડો.**

એણે ટી.વી. લાવી, આપણે લાવો, એણે સ્કુટર લાવ્યું આપણે લાવો. ચાલ્યું, જોગેસર મહારાજના મરણ બાદ માથું બધાએ મુંડાવ્યે રાખ્યું.

રાત્રિભોજન કરવું નહિ અને જેને ઘેર થતું હોય તેને ઘેર જવું નહિ આવું ઘર મળે પાર્લામાં ? નવરાબેઠા નખોદ વાળે આ ઉક્તિ અનુસારે સાતવર્ષે સુંદર ફર્નીચર તૈયાર થયું એક માણસનું પણ છેવટે મૃત્યુ પામ્યા બાદ એક ડગલું ય સાથે નહિ આવે. પરમાર્થને કર્યા કરો, વિષયકષાય રાગદ્વેષને મોળા પાડી દો. જૈનાગમ અને જિનમંદિરને જો હૃદયમાં લઈએ તો આપણને બધું જ ઘણું સારૂં મળ્યું છે. દેવગતિમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે પણ સમ્યગ્ચરિત્ર નથી, તેત્રીસ સાગરોપમના કાળમાં એક દિવસ પણ ચારિત્ર ન મળે.

નારકીને સમક્તિ હોય પણ ચારિત્ર ન હોય. દર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય જ. ત્રણે ગતિમાં સમક્તિ હોવા છતાં ચારિત્ર તો મનુષ્યને જ મળી શકે. પશુઓ વિરતિધર બની શકે પણ ચારિત્ર તો ન જ લઈ શકે. ભગવાને ચંડકૌશિકને સમકિત આપ્યું પણ ચારિત્ર તો નહિ જ.

***દુલ્લહે ખલુ માણુસે ભવે, સમયં ગોયમ મા પમાયએ***

ભગવાને ગૌતમને કહ્યું, પણ ઇન્દ્રને આ વાક્ય ન કહ્યું. લેવું છે ચારિત્ર ને લઈ શકતા નથી.

સંયમ કબહી મિલે સસનેહી પ્યારા....શ્રાવક ઝંખતો જ હોય.

*તૃણપરે જે ષટ ખંડ સુખ છંડી, ચક્રવર્તી પણ વરીયો.*

ચારિત્રની કિંમત ચક્રવર્તીને સમજાણી પણ આપણને સમજાતી નથી. તમે ક્યારેય અભિલાષા પણ કરતા નથી. બધા જ કરોડપતિ બની શકતા નથી પણ ઇચ્છા તો હોય જ. કોઈના દીક્ષામહોત્સવમાં ગયા છો ? દીક્ષા જોતાં આંખમાં આંસુ આવ્યાં ?

ધન્નાકાકંદીના દીક્ષામહોત્સવ માટે મા ભદ્રા પોતે જિતશત્રુ રાજા પાસે ગઈ છે છત્ર અને ચામર લેવા. સાંભળીને રાજા કહે છે, તમારો દીકરો દીક્ષા લે છે તો હું પોતે જ ઓચ્છવ કરીશ. અને રાજા સામે ચાલીને ભદ્રાને ઘેર ગયો છે. અને ધન્નાના શણગાર સજાવીને વરઘોડો કાઢીને ઉદ્યાનમાં ભગવાન પાસે લઈ ગયો છે. ચારિત્રનાં બહુમાન વિના આ વાત ન બની શકે. શ્રેણિકરાજા ભદ્રામાતાને કહે છે મા ? તારા દીકરાનું છત્ર શ્રેણિક ધરશે. હું તારા દીકરાનો સેવક થઈને રહીશ. તમે સાધુનાં પાત્રાં ભરો છો, પણ સંયમી બનવાનું મન નથી.

માણસ શ્રીમંતની પગચંપી કરે છે તો શ્રીમંત બને કે ન બને પણ ઇચ્છા તો શ્રીમંત બનવાની જ રાખે. સાધુઓની સેવા કરતો પણ માણસ સંયમને ઇચ્છતો નથી કે મને સંયમ મળો.

આઠ વર્ષની વયે સંયમ લઈને કામે લાગી જવું જોઈએ. સંઘ અક્ષતથી વધાવતો હોય, દીક્ષા લેવાની તૈયારી કરી હોય એવું સ્વપ્ન આવ્યું ખરૂં ? માનો કે સ્વપ્ન જોઈ તરત આંખ ખૂલી ગઈ અને કાંઈ ન જોયું તો મનમાં ઉદાસી આવી ? હલવો તો બધે જ મળે પણ મુંબઈનો હલવો મુંબઈથી જ લઈ જાય. ભાગલપુરની જ સાડી લઈ આવે. બીજે સારી સાડીઓ મળતી હોય તો ય.

ભાવનગરના જ ગાંઠિયા, શિહોરીપેંડા, નાગપુરનાં સંતરાં સ્પેશ્યાલિટીનો મહિમા છે.

તેમ ચોરાશી બંદરના વાવટામાં મનુષ્યજન્મ જ શ્રેષ્ઠ છે, જે ચીજનો જ્યાં મહિમા હોય ત્યાં તે લેવાય. મનુષ્ય જન્મમાં જ ચારિત્રનો મહિમા છે.

સાપ અને ઉંદર રાફડા સાચવે. કોઈનાં ધન લેવા તે પ્રાણ લેવા બરાબર છે. નાગ-સાપ-ઉંદરને પરિગ્રહની મમતા હોય છે. શ્રાવકને સર્વવિરતિનો અભિલાષ જોઈએ. નરક કરતાં નિગોદના જીવો વધુ દુઃખી હોય છે.

૧૭ાા ભવ એક શ્વાસોશ્વાસમાં કરે. પણ તે જીવ કરતાં પણ સમકિતી વધુ દુઃખી છે, તેને ચારિત્રની ઝંખના છે. અને તેવા શ્રાવકને પૂછવું પણ નહિ કે, તમારે ક્યારે ચારિત્ર લેવું છે ? સાધુ પણ ન પૂછે, કેમકે, તે રડીરડીને બળીને ખાખ થઈ જતો હોય છે, પૃથ્વીકાયાદિ જીવોની વિરાધના તેને ઘણી ખટકતી હોય છે. એક ભાઈને પાંત્રીશ વર્ષે તેની પત્નીએ સંયમ લેવાની અનુમતિ આપી. છ વિગઈ ત્યાગ રાખી હતી. તપમાં એક પ્રચંડ તાકાત છે.

જે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિરાયા...તપ-બાળક નિર્દોષ અને નિરોગી હોય છે કારણ તેનો આહાર અને તેનું જીવન નિર્દોષ છે.

પશુઓ શું ખાય ? લીલું કે સૂકું ઘાસ. પણ તે નિરોગી હોય છે. પશુને ખાસ રોગ થાય નહિ અને ક્યારેક થાય તો તરત મટી જાય.

મનુષ્યને રોગ થાય તો ય તે ખાધા જ કરે. ખોરાક નહિ તો ફ્રુટ. જ્યારે પશુ ખાવાનું જ છોડી દે. અને લાંઘણથી તાવ ટકે નહિ. ઉરલીકાંચન ગામમાં નેચરોપથી ઉપાય છે, કફ કાઢી દે. ગમે તેટલો શ્વાસ

ચઢતો હોય પણ અઠ્ઠમના પ્રભાવથી મટી જાય.

આ જગતમાં મોટામાં મોટું દુઃખ મૃત્યુનું છે. મૃત્યુ આવવાનું જ હોય તો અઠ્ઠમમાં આવે તો બહુ સારૂં. પ્રથમ શ્લોકમાં કહ્યું તેમ જન્મ એ જ ખરાબ છે તેને દૂર કરો પણ તે માટે રત્નત્રયીરૂપી ઔષધિ લેવી જ પડે. તો આ જન્મમાં શું કરવું કે જન્મ દૂર થાય ? તો જેમ જેમ મોક્ષમાર્ગની ક્રિયા કરીએ તેમ તેમ આપણાં કર્મ અને કષાય પાતળા બને....

★-★-★

## પ્રવચન ચૌદમું : તત્ત્વાર્થ કારિકા

**જન્મનિ કર્મક્લેશૈરનુબદ્ધેઽસ્મિંસ્તથા પ્રયતિતવ્યમ્**
**કર્મક્લેશા ભાવો યથા ભવત્યેષ પરમાર્થઃ.....૨**

સ્તિમિતોદધિસંન્નિભઃ આત્મા બની જાય તે જ પરમાર્થ છે. પણ પરમાર્થનો અભાવ છે તો શું કરવું ? આત્માની અંદર એવા દોષ પડેલા છે કે, કર્મ બંધાવે જ. બલાત્કારે પણ દોષ થાય જ. વારેવારે ક્રોધ, લોભ કામ સતાવે. તો શું કરવું ?

**પરમાર્થના અભાવમાં કામક્રોધાદિ સતાવે તો શું કરવું ?**

જેને પાપો ખૂબ ગમે છે, પાપો કરતાં ધ્રૂજારી આવતી નથી તેવાઓની વાત અહીં નથી. પાપનો પસ્તાવો નથી, વિષયવાસના ખૂબ ગમે છે તે જીવોને ભવાભિનંદી કહેવાય. હરવા-ફરવામાં ખૂબ મઝા આવે છે તેની વાત અહીં નથી, પણ જેને પરમાર્થ ગમવા છતાં થઈ શકતો નથી, પાપ કરવું નથી, રાગદ્વેષ ગમતા નથી, અંદરથી પાપનો ઉહાપોહ છે, પણ પાપ થઈ જ જાય છે, આત્મા સમજવા છતાં દોષ થઈ જ જાય છે, પાપ કરવું ન ગમે છતાં થઈ જ જાય તો તેઓએ શું કરવું ?

**પરમાર્થ ન થાય તેણે સત્કર્મનો આશ્રય લેવો.**

જેને અશુભકર્મો બહુ સતાવતાં હોય તેણે ઘણાં સત્કર્મોનો સહારો લેવો જોઈએ. શુભ કાર્ય કરવાની શરૂઆત કરી દેવી જોઈએ.

સત્કર્મદ્વારા અશુભને બહાર ખેંચી લેવાય. અને પુન્ય વધવાથી ધીમે ધીમે પાપ ઘટતાં જ જાય. અર્ણિકાપુત્ર આચાર્ય ભાલાથી વીંધાવા છતાં ક્ષમા ન ચૂક્યા. તેમણે પોતાનો સ્વભાવ જ ક્ષમાશીલ બનાવી દીધેલો. આપણને જરાક વાગે તો ય બોઈલર ફાટી જાય. સંતને સારી છોકરી રૂપવાન નજર સમક્ષ આવે તો પુદ્ગલનો પર્યાયપૂંજ લાગે. અને અધર્મીને એ જ છોકરી રૂપવાન, અપ્સરા, રંભા દેખાય. વિષ્ટાના કોથળાને અધર્મી ચાહે.

સૂર્ય અસ્તાચલ પર ઢળે છે અનેક લોકો જુએ છે. દિવસ ઊગે તે કોઈને જોવાની મઝા આવતી નથી. કોઈની ચડતી જોવાની આપણને ગમતી નથી. પડતી જ જોવી ગમે છે. કોઈને માર પડતો હોય તો ઘણા લોકો ત્યાં જોવા ઊભા રહે, મૂળ પડતી જ જોવાનો આપણો સ્વભાવ પડી ગયો છે.

સનસેટ જોઈને આપણને રાગ થાય જ્યારે હનુમાનજીએ અસ્તાચલ જોઈને વૈરાગ્ય લાવ્યો છે. સંધ્યાના રંગ આથમતાં શી વાર ?

તમારે મળવાનું ફોન ઉપર. જોવાનું ટી.વી. ઉપર. બજરંગબળી દીક્ષિત થઈને મોક્ષે પધારી ગયા છે. મહાભારતની સીરીયલ જોતાં આપણને જરાય વૈરાગ્ય ન થયો. વિદુરજી યુદ્ધ પહેલાં વૈરાગી થઈ

ગયા હતા. પર્વતાઃ દૂરાત રમ્યાઃ યુદ્ધની વાતો સારી પણ યુદ્ધ સારૂં નથી. વિદુરે યુદ્ધની ભયાનકતા વિચારી લીધી. દીક્ષા લઈ લીધી. રામાયણના પાત્રોમાં ઘણી દીક્ષા આ રીતે વૈરાગ્યથી થઈ ગઈ છે. મહાભારતના અંતમાં દુર્ગતિનો ખડકલો થયો છે.

ભીષ્મે અંતમાં દીક્ષા લીધી. પાંડવોએ રાજ્ય લીધા પછી દીક્ષા સ્વીકારી છે. વિદુર પહેલાં જ જાગી ગયા.

## મુનિ થોભણનો વૈરાગ્ય

થોભણ નામે એક વાણિયો હતો. કોઈનું મડદું જોઈ વૈરાગ્ય પામી ગયો. રાત્રે ઊઠીને ઉપાશ્રયમાં ગયો. મૂળચંદજી મહારાજના ચૌદ ઠાણા હતા. થોભણને થયું, બધા મહારાજ સૂતેલા છે, પણ હું મોટા મહારાજનો ઓઘો લઈ લઉં. પછી ઓઘો લઈને ખૂબ નાચ્યો. આનંદમાં ને આનંદમાં ઊંઘી ગયો. ગુરૂમહારાજ ઊઠ્યા, તો ઓઘો ન મળ્યો. શોધતાં શોધતાં થોભણ સૂતેલો ત્યાંથી મળ્યો. કેમ લીધો પૂછતાં બોલ્યો, હું થોભણવિજય છું. નરોડા પદ્માવતી દેવી પાસે સવારે દીક્ષા આપી. અને પોતે નામ બોલ્યો તે જ પ્રમાણે થોભણવિજય નામ રાખ્યું. તે જ મુનિએ સુરેન્દ્રનગરમાં પ્રતિષ્ઠા કર્યા બાદ ગામમાં ચમક આવી છે. જૈનોનાં ઘણાં ઘર વધ્યાં. મુનિના નામ ઉપરથી થોભણરોડ રાખ્યું. તેમને થયાને હજુ ૧૦૦ વર્ષ જ થયાં છે. આ રીતે પણ વૈરાગ્ય પામ્યા.

## ભોગાવાનદી...

બ્રાહ્મણની પ્રિય આઈટમ લાડુ. ભોગાવા નદીના કીચડમાં એક બ્રાહ્મણ ફસાઈ ગયો, નીકળાય જ નહિ. બાજુમાં એક બાઈ લાકડાં વીણતી હતી, તેની છોકરીનું નામ લાડુ હતું. કામ પૂર્ણ થયે બૂમ મારી, લાડુ ઓ લાડુ ? અને બ્રાહ્મણના પગમાં જોમ આવી ગયું. અને લાડુ નામના પ્રભાવથી તે બ્રાહ્મણ કીચડની બહાર નીકળી ગયો. સિગારેટના સંસ્કાર ઊંઘમાંથી પણ જગાડે છે. બહાર નિમિત્ત મળતાં જ માણસ ગાંડો બની જાય છે. ભૂંડું જોઈને સારા વિચારો ન આવે, માટે ખરાબ નિમિત્તોમાં પડવું જ નહિ.

સિનેમા જોવો તે પાપ, પણ ટોકીઝ પાસેથી ચાલવું તે પણ પાપ છે. ચીકણી ધરતી પર ચાલે તો લપસી જવાય, જેના આત્મામાં કર્મોનો થોક છે તેણે ઘણું સાવધ રહેવું જોઈએ.

## સૌભરી સંન્યાસી...

સૌભરી સંન્યાસી રોજ ભરેલા તળાવમાં સ્નાન કરવા જાય. પદ્માસનમાં પ્રાણાયામ લગાવી ચાર કલાક ધ્યાન ધર્યું. તળાવમાં એ મત્સ્યુગલને ક્રીડા કરતું જોઈ મન વિકૃત પામ્યું. ઓહ ! આવા તુચ્છ જીવો પણ આવો આનંદ મેળવે છે ? હું રહી ગયો. ખલાસ.

એક નિમિત્ત મળતાં જ મન અશાંત બની ગયું. સદ્‌ગુરૂનો યોગ આવા ટાઈમે ન મળે તો નાનું પાપ પણ મહાપાપ બની જાય માટે નિમિત્તોથી દૂર જ રહો.

માંસની દુકાનેથી પસાર પણ ન થવાય. ખાવાની તો વાત જ નહિ. બારી-બારણાં અને નાનાં છિદ્રો પણ સાધુ માટે ચેન્જ કર્યાં. સાધુને ગોચરીનાં નામ પણ જુદાં. સંસારી નામનો પણ અહીં ફેરફાર થાય. અમારે કોઈ મરે તો કાળધર્મ કહેવાય. અમારી ભાષા પણ કોડવર્ડ કહેવાય. ઝીણા કાણામાંથી પણ ચોરને પેસવાનું છિદ્ર મળી જાય.

સંન્યાસી સૌભરી કવિ પણ હતો. સુંદર કાવ્યની રચના કરીને રાજસભામાં લલકારે છે. કવિઓ હાજર હતા. બધા ખુશ થઈ ગયા. રાજા કહે, માંગ માંગ, માંગે તે આપું. એ માંગતો નથી. રાજા આગ્રહ કરે છે ત્યારે કહે છે, હું જે માંગું તે આપો. હજાર કન્યાની માંગણી કરી. સંન્યાસી મટી ગયો. હજાર કન્યાઓ

સાથે લગ્ન કરીને ભોગ ભોગવીને દુર્ગતિમાં ચાલ્યો ગયો. આ છે નિમિત્તની મોટી પ્રબળતા.

કુમારનંદીને રાજકુમારી પીરસવા આવી. માન-સન્માન ઘણું છે, આકાશગામિની વિદ્યા છે, પણ મનમાં વિષય હોવાથી વિદ્યા ભ્રષ્ટ થઈ ગઈ. લોકોએ તેને ભ્રષ્ટ તરીકે જાહેર કર્યો. નાનકડી નજર માણસને પટકી નાખે છે. અંદરના દોષો પટકી નાખે માટે ખૂબ સંભાળીને રહેવું. આ દોષો પરમાર્થ કરવા દેતા નથી. અને દોષો ઉછળ્યા વિના રહેતા નથી. ત્યારે બળથી નહિ પણ કળથી કામ લેવું જોઈએ. નિર્બળ બળવાન સાથે લડે તો માર ખાઈને આવે. બળ કર્મનું વધારે હોય અને આત્મા નિર્બળ હોય તો શું કરવું?

**વાણિયાબુદ્ધિ**

બે વાઘરી ઝઘડતા હતા. ચીમનલાલ વાણિયો ત્યાંથી પસાર થયો, અને ઝઘડો જોવા ઊભો રહ્યો. બંને વાઘરીનો ઝઘડો કોર્ટમાં ગયો. ત્યારે જજ સાક્ષી માટે પૂછે છે, વાઘરી ચીમનલાલ વાણિયાનું નામ આપે છે.

જજે વાણિયાને પૂછ્યું, તમે ત્યાંથી પસાર થયા ત્યારે શું ચાલતું હતું ? તમે ત્યાં હતા ? વાણિયાએ હા પાડી. જજે પૂછ્યું, પછી શું થયું ? વાણિયો બોલ્યો, અમે તો ભાઈ વાણિયાભાઈ !

**સામસામી ખેંચાણી ત્યારે મારી આંખ મીંચાણી** આ પ્રમાણે વાણિયો કળથી છૂટી ગયો. વિદ્યા બ્રાહ્મણની કહેવાય પણ બુદ્ધિ વાણિયાની કહેવાય. કાચની બાટલીમાં બુચ પેસી ગયો શું કરવું ? સાણસીની જરૂર નથી. કળથી બહાર નીકળે. કાટવાળી ચાવીને ઘાસલેટ લગાડો તો કાટ નીકળી જાય. તાળું તોડવાની જરૂર નહિ. કર્મ નીકાળવાં છે તો મોક્ષસુખની ચાવી મેળવી લેવી જોઈએ. મોક્ષસુખની પ્રથમ ચાવી કઈ છે તે હવે બતાવશે.

(૧) જન્મને બંદ કરો. (૨) પરમાર્થ કરો.

(૧) કર્મ બંદ કરો. (૨) કષાય બંદ કરો.

***જહ જહ દોષા વિરમઈ, જહ જહ વિસએહિં હોઈ વેરગ્ગં***
***તહ તહ વિન્નાયવ્વં, આસન્નં હોઈ પરમપયં...***

★-★-★

## પ્રવચન પંદરમું : તત્ત્વાર્થકારિકા

**જન્મનિ કર્મક્લેશૈરનુબદ્ધેઽસ્મિંસ્તથા પ્રયતિતવ્યમ્**
**કર્મક્લેશા ભાવો યથા ભવત્યેષ પરમાર્થઃ.....૨**

પરમ પૂજ્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજ જણાવે છે કે, પ્રથમ જન્મને બંદ કરો, બીજા નંબરમાં તમે પરમાર્થ કરો, તે પણ ન બને તો તમે અનાદિકાળથી લાગેલી વિભાવદશાને દૂર કરો.

એક વર્ગ એવો છે કે, જે મોક્ષને માને છે, પરલોક સુધારવાની જેની મતિ છે, જેને પાપ કરવા નથી પણ પરાણે થઈ જાય છે, પાપના ભાવો જન્મોજન્મમાં રીપીટ થવાથી જે વિભાવ હતો તે સ્વભાવ બની ગયો છે.

આપણા આત્માનો સ્વભાવ ક્ષમાનો છે પણ વારંવાર ક્રોધના સંસ્કારોથી તે વિભાવ થઈ ગયો છે. રાગદ્વેષની ચીકાશ કરીએ તો તે રજ આપણને ચોંટી જાય છે, એકેક આત્મપ્રદેશમાં કુસંસ્કાર ભરેલા જ

છે, જરાક નિમિત્ત મળતાં જ તે પ્રગટ થઈ જાય છે. અંદરના સંસ્કારો ગાંડા બનાવે, સર્વ જગ્યાએ કુસંસ્કાર ધામા નાખીને પડ્યા છે. અંદરની ખરાબ વૃત્તિને મારવાનું કામ સંત સિવાય કોઈ કરી શકતું નથી.

પ્રથમ દુર્ભાવમાંથી શુભભાવમાં આવો, પછી આત્મા પોતાના સ્વભાવમાં ચેન્જ થાય છે. રૂપિયાની પ્રભાવનાની લાલચથી એકવાર તો બાળકને ઉપાશ્રયમાં આવવા દો. પછી ધીમે ધીમે સંતની સંગતથી પામી જશે.

**પ્રથમ પ્રવેશ ચારિત્રમાં....**

ઉત્તરાધ્યયનમાં કહે છે કે, કચ્છપની જેમ મન અને ઈન્દ્રિયોને ઢાલમાં નાખી દો. વાંદરાએ દારૂ પીધો ચંચળ તો હતો જ પછી કરડ્યો વીંછી, મનરૂપી વાંદરૂં ચંચળ તો હતું જ અને તેમાં પૈસો રૂપી દારૂ આવી ગયો પછી કૂદાકૂદ કરી મૂકો.

આ દેશના લોકો પહેલાં ઘણા પાપી ન હતા, ઘણી સામગ્રી એકઠી કરી તે પૈસાના જોરે જ. પૈસાના જોરે પાપો વધી ગયાં છે. વૈજ્ઞાનિકોને મન સાધુની લાઈફ આશ્ચર્યરૂપ છે, કારણ સાધુ વિધાઉટ મની પણ મસ્તીથી જીવી શકે છે.

જૈનશ્રમણને બીજા દિવસે શું ખાશું આવી ચિંતા હોતી જ નથી. ભગવાને સુંદર સંઘવ્યવસ્થા કરી છે. ઈન્કમટેક્ષ, સેલટેક્ષની ચિંતા સાધુને ન કરવી પડે. સર્વવિરતિ લેનારને હંમેશની નિશ્ચિતતા છે. માણસ ક્રોધ કર્યા પછી પસ્તાવો કરે છે. આત્મા પર બળવાન થઈ ગયેલાં કર્મો જીવને પાડે છે. ક્રોધ કર્યા પછી, કામ સેવ્યા પછી પસ્તાવો કરે છે પણ પછી તો રાંડ્યા પછીના ડહાપણ જેવી વાત હોય છે. જીવમાં સત્ત્વ હોતું નથી તેથી કર્મનો ખેંચાયો ખેંચાયા કરે છે. દેવીએ ના પાડી તો ય નંદિષેણે સંયમ લીધું, છઠના પારણે છઠ કર્યા, છતાં ત્રણવાર વાસના પ્રગટી છે. સેયં તે મરણં ભવે. તેમના મનમાં એમ હતું કે, મરી જવું તે બહેતર છે, પણ હું સંયમ નહિ છોડું. વમેલું કૂતરો પણ ન ઇચ્છે. મહાવીરપ્રભુ પાસે દીક્ષા લે છે. પર્વત ઉપરથી પડતા પણ દેવે બચાવ્યા છે. કામલતાવેશ્યાની વિનંતિથી નંદિષેણ ભૂલો પડી ગયો, બીજી ભૂલ એ કરી કે, નાણા વિનાનો હું નાથિયો નથી આ અભિમાન પણ આવ્યું અને મૂછને ઊંચી રાખવા આંખના પિયામાંથી તૃણથી મૂશળધાર સાડાબાર ક્રોડ સોનામહોરની વૃષ્ટિ કરી. અને કામલતાને આકર્ષણ થઈ ગયું. અધધધ ! આટલી પૈસાની લબ્ધિ ! અહીં તો અર્થલાભ છે આ ઉક્તિ તેને યથાર્થ થઈ ગઈ, ધર્મલાભ એક તરફ રહી ગયો.

મરહટ્ટદેશ શરાબ માટે સુપ્રસિદ્ધ છે. નિષિધસૂત્રમાં આવે છે કે, દુકાનો પર ધજાઓ લટકાવવામાં આવતી. આ કાળમાં હવે જીવતા સર્પના સૂપ બનાવીને પીવામાં આવે છે. ૧ લાખ ૭૨ હજાર સાપ મુંબઈમાં લાવ્યા હતા.

***ચત્વારિ નરકદ્વારાણિ, પ્રથમં રાત્રિભોજનમ્***

કબૂતર-ભૂંડ આદિના ભવોમાં વારંવાર ખાવાના કુસંસ્કાર પાડેલા તે અહીં મનુષ્યના જૈનકુલમાં પણ રાત્રે બાર વાગે પણ ખાવા જોઈએ છે. શ્રેણિક અને કૃષ્ણ અવિરતિના પાપે રડતા હતા.

હો પ્રભુજી ! નહિ જાઉં નરકની - ગેહે....

રાત્રે ખાનારને નરકમાં જવું પડશે તે ભાન નથી. નરક અત્યારે દેખાતી નથી. અને દેખાય છે તો ચિંતા નથી. સાધુને એક જગ્યાએ કહ્યું, તમે સીધા ન ચાલ્યા તો ભરૂચના - પાડા થઈને ઢાળથી પાણી

ખેંચવાં પડશે. નંદિષેણે પડ્યા પછી પણ રોજ દશદશને બૂઝવ્યા, વેશ્યાના ઘેર વિલાસ માણતાં માણતાં પણ પેટનાં પાણી બીજાનાં હલાવી નાખ્યાં.

અમે તો પાટે બેસીને પણ એકનેય આખા ચોમાસામાં બૂઝવી શકતા નથી. સારા માણસને ય સાધુ બનાવવો મુશ્કેલ છે તો વેશ્યાને ઘેર બેસી દશને બુઝવવા કેટલું કઠિન કામ... છતાં જ્યારે દશમો એકવાર ન બૂઝ્યો ત્યારે દશમા તમે આટલા વેશ્યાના મહેણાથી ફરી ભગવાન પાસે પહોંચી ગયા... અને તરી ગયા... તમે ક્યારેય નથી ચેતતા.

ક્ષમા રાખવી છે તો નથી રહેતી, ક્રોધ નથી કરવો તો ય થઈ જાય છે. બ્રહ્મચર્ય પાળવું છે તો ય મન ઢીલું થઈ જાય છે. સંતોષ રાખવો છે અને લોભ નથી કરવો તો ય થઈ જાય છે.

પરલોકના ડરવાળા ચેતી જાય છે, વાણિયો કળથી કામ કરે.

### વાણિયો અને મીયાં...

એક વાણિયો અને મીયાં સામસામે રહેતા હતા. વાણિયાએ મીયાંને પૈસા ધીર્યા. ત્રણ મહિના થવા છતાં અને માગવા છતાં મીયાં પૈસા પાછા આપતો નથી.

વાણિયો ચતુર હતો. ઘેર જઈને પત્નીને કહે, હું બોલું ત્યારે તારે વચ્ચે બોલવાનું નહિ. પત્નીએ હા કહી. ચંપા ! મેં ચાર ડાકુ રાખ્યા છે. મીયાંની બીબી સાંભળી ગઈ. મીયાંને બીબી કહે, સાંભળો ! વાણિયાએ ચારને રોક્યા છે. મીયાં કહે, તું ચિંતા ન કર. આપણે આઠને રોકીશું. ચંપાએ વાણિયાને વાત કરી. વાણિયાએ સોળની વાત કરી. મીયાંએ બત્રીશની વાત કરી. વાણિયો હવાઈ વાતો જ કરતો હતો પણ કોઈને ખવરાવતો ન હતો. પણ મીયાંને બત્રીશને ખવરાવવું પડતું હતું. તેથી કંટાળીને વાણિયાને રૂપિયા આપી દીધા. આ કળથી કામ કર્યું કહેવાય. જયદ્રથને મારવાનું કામ અઘરૂં હતું, અર્જુને તેને મારવાની પ્રતિજ્ઞા લીધી, શ્રીકૃષ્ણે કળ વાપરી, અર્જુનને બચાવવો છે અને જયદ્રથને મારવો છે. અને શ્રીકૃષ્ણે એકવાર ફૂંક મારી. દિવસ આથમ્યો ન હતો, સૂર્ય આકાશમાં હતો અને કૃષ્ણે બૂમ મારી, હે અર્જુન ! હવે તું બાણ છોડ, અને અર્જુને આ રીતે કળથી જયદ્રથને મારી નાખ્યો.

કર્મો બળવાન બની ગયાં છે, ત્યારે ઉમાસ્વાતિજી મહારાજ કહે છે કે, પાપો જ્યારે બળવાન બને ત્યારે આ જીવાત્માએ જબરજસ્ત પુણ્યો ઊભાં કરી દેવાં જોઈએ. પ્રથમપુણ્ય - કર્મોને ઊભાં ને ઊભાં ખતમ કરી દે તેવી સર્વવિરતિ. બીજું પુણ્ય. પાપોની સામે પુણ્ય ઊભાં કરી દો...

### આવો હતો પેલો અકબર

(૧) નાનકડી ભૂલના કારણે બારવર્ષના નોકરને અકબરે મહેલની બારીમાંથી ફેંકી દીધો હતો, જે તરત જ ખોપરી ફાટતાં મૃત્યુ પામ્યો હતો.

(૨) પોતાની ખુશામત નહિ કરનાર કવિગંગને હાથીના પગ નીચે કચડાવી નાખ્યો હતો.

(૩) લાહોર પાસેના જંગલમાં એક લાખ પશુઓને ભેગા કરી તેમની નિર્દોષ કતલ કરાવીને તે જોવાનો આનંદ માણ્યો હતો.

(૪) ચિત્તોડનો કિલ્લો સર કરવા જતાં અકબરે આડી આવેલી સેંકડો સ્ત્રીઓને પણ કાપી નાખી હતી.

(૫) એટલા બધા બ્રાહ્મણોની ઠંડે કલેજે હત્યા કરી કે, જેમની જનોઈના ઢગલાનું વજન ૭૪ મણ હતું.

(૬) ૧૬૨૦ ની સાલમાં ગોંડવાણાની રાણી દુર્ગાવતી સાથે જે ખૂનખાર લડાઈ થઈ તેમાં અકબરે બેહદ

ક્રૂરતાનું આચરણ કર્યું હતું.

(૭) રણથંભોર, કલિંજર, ગુજરાત બિહાર અને બંગાલને જીતવામાં તેણે લાખો માણસોની કતલ ચલાવી હતી. પણ આવા પાપીને સુધારનાર સંતપુરૂષ શ્રી જગદ્‌ગુરૂ હીરસૂરીશ્વરજી મહારાજા જૈનશાસનમાં થઈ ગયા તે ખરેખર આપણો પરમ ભાગ્યોદય કહેવાય...

★-★-★

## પ્રવચન સોળમું : તત્ત્વાર્થકારિકા

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

પૈસાથી જ પુન્ય ઊભું થાય તેવું માનવું નહિ. તનથી, મનથી, ધનથી અને વચનથી પણ પુન્ય ઊભું થઈ શકે છે. આગળના શ્લોકમાં કહ્યું કે, કર્મ અને કલેશ મટે ત્યારે પરમાર્થ થાય.

અન્યોન્યાશ્રય. કર્મ વિના કલેશ ક્યારેય થાય નહિ. કેન્સરની ગાંઠ આવવાની શક્યતા છે પણ તે પહેલાં પ્રતિકારના ઉપાય થઈ શકે છે. અધ્યાત્મ-નમ્રતા-સંતોષ વિગેરે દ્વારા કલેશને અટકાવી શકાય છે. કર્મના કારણે જ કલેશ છે તો કર્મ ક્યાંથી આવ્યાં ?

જન્મનિરનુબદ્ધ. સીરીયલ કર્મવિષચક્ર ચાલુ જ છે. પ્રથમ કર્મ કે કલેશ ? પહેલાં સૂરજ કે પહેલાં ચંદા લલ્લુ ! આ તો અનાદિસિદ્ધ પદાર્થો છે. તેનો અંત ન હોય તેમ જ આદિ ન હોય. આત્મા અજર-અમર છે.

કર્મ અને કલેશનો સ્ટાર્ટિંગ પોઈન્ટ નથી. પણ કલેશ અને કર્મનો એંડીંગ પોઈન્ટ તો છે જ. સોનાનાં મંદિરો બાંધો કે ચાંદીરૂપાનાં બાંધો પણ પ્રથમ નંબરે શાંત બની જાઓ. કાલસૌકરિક-કસાઈ પાપ કર્યા વિના રહી શકતો જ ન હતો. કૂવામાં પણ માટીના પાડા કાપ્યા. આવી કોલિટી પણ દુનિયામાં છે.

પણ પાપને, પાપના ફળને જે માને છે, પાપ કરતાં જે ડરે છે, પાપ કરાય જ નહિ આવી માન્યતા જેની છે, તે ચરમાવર્તમાં દાખલ થઈ ગયો છે. ૮૪ લાખના ચક્કરનો લાસ્ટ રાઉંડ. ચરમાવર્ત્તમાં પણ અનંતા રાઉંડ તો ખરા જ.

પણ હવે છેલ્લો સંસારનો ચક્કર કહેવાય. સમક્તિની પ્રાપ્તિ પછી ભવ એ ખાબોચિયારૂપ થઈ જાય.

પાપ નથી કરવું પણ થઈ જાય છે તો કાઢવાનો કયો માર્ગ ? મનના મળને કાઢવાનો રસ્તો કયો ? ચતુરવૈદ્યરાજ ધીમે ધીમે ઔષધ આપી પહેલાં મળ કઢાવે. કોઠાને નીરોગી બનાવવા છ મહિને એકએક ચમચી દિવેલ આપી પેટને સાફ કરાવે.

### એક એક ચમચી દિવેલ એટલે ?

પૂજા-પરોપકાર-સત્કાર-દયા દાનાદિ ધર્મ... પુણ્યકર્મને કાઢવા કોઈ જ પ્રયત્ન કરવો પડતો નથી. આજે એક પંથ એવો નીકળ્યો છે કે, પુણ્ય પણ ભેગું ન કરાય અને અશુભ-પાપ પણ ન જોઈએ. (કાનજી સ્વામીનો પંથ) પણ દિવેલનો એવો સ્વભાવ છે કે મળને ય કાઢે અને સાથે સાથે પોતે પણ નીકળી જાય. પુણ્યકર્મ દિવેલ જેવું છે. સિદ્ધ ભગવંતો મોક્ષમાં પધારી જાય ત્યારે પુણ્યકર્મો પણ રહેતાં નથી જ.

## તન મન વચન ધન દ્વારા પુન્ય બંધાય. (તનદ્વારા)

પુનીયાએ તનનો સદુપયોગ કર્યો હતો. આજની આવક આજે જ ભોગવતા પુનીયાએ મહાવીરના હૃદયમાં પ્રવેશ મેળવ્યો હતો. શ્રણિકને ત્યાં મોકલીને ભગવાને ત્રાગડો રચ્યો હતો, બાકી તો તેને સામાયિકની મહત્તા જ બતાવવી હતી. વેધકુમારની જેમ, પૂર્વના હાથીના ભવમાં જોરદાર પુન્યના ગોડાઉન ઊભા કરી દીધા. તનથી જ શુભ ઉપાર્જન કરી લીધું. સસલાને બચાવીને... પુન્યના ભંડાર ભરી લીધા. રાજા શ્રેણિકને ત્યાં અવતરી.... ભગવાન મહાવીરના શિષ્ય બની ગયા... સર્વવિરતિ ન લેવાય તો તનથી પુન્ય ઉત્પન્ન કર્યા કરો... તન ન ચાલે તેણ.... મનથી પુન્ય ઉત્પન્ન કરવું જોઈએ.

### મનથી પુણ્ય

સત્કાર્યોની અનુમોદના કર્યા કરો. પત્રિકાઓને હાથ જોડો. માસક્ષમણ, અઠ્ઠાઈ કરનારને ધન્યવાદ આપતા જાઓ.

### કરણ-કરાવણ-અનુમોદન

એક બાવો હતો, મઠમાં રોજ રામધૂન ચલાવે, મંજીરા વગાડે. રઘુપતિ રાઘવ ગાયં. બાવાને લાગતું કે, ભગવાન આવશે. એક વેશ્યા સામે ઘરમાં રહે. બાવો રોજ મનથી વેશ્યાને ભાંડે. વેશ્યા રોજ બાવાની ભક્તિ વખાણે. ધન્ય છે બાવાને. હું તો લોહીના ધંધા કરૂં છું. બાવા કેવા ! ભગવાનની ભક્તિ કરે છે. એક દિવસ વિમાન આવ્યું, બાવો જવા તૈયાર થઈ ગયો, દેવદૂત બહાર કાઢે છે. વેશ્યાને વખાણે છે. ખાનાપીનારા ક્યારેક મોક્ષે પહોંચી જાય, તપ કરનારા ઈર્ષ્યાથી બળી જાય... કુરગડુ અને સાધુતપસ્વીની જેમ. હસનબસરી... આ જગતમાં કોણ કોણ બુરૂં છે તે જોવા નીકળેલો. એકવાર દરિયાકિનારે એક સ્ત્રી છે અને તેના ખોળામાં માથું મૂકીને એક યુવાન સૂતો છે. હસનબસરી આ જોતાં હલી ગયો, એટલીવારમાં દરિયામાંથી બચાવો-બચાવોની બૂમ પડી, અન પેલો સૂતેલો યુવાન ઊઠીને બચાવવા દોડી ગયો, અને પેલાનો જાન બચાવી લીધો. આ તનનું સત્કાર્ય કહેવાય.

***બૂરા દેખન મેં ચલ્યો, બૂરા દેખન ન કોય.***

હસનને ક્યાંય બૂરાઈ ન દેખાઈ. સાગરના કિનારે રહેલો નાવિક દશને ડૂબતા બચાવીને પણ કાયાથી સત્કાર્ય કરી શકે છે. રીયલ પુન્ય કરીને પુન્યના પૂળા બાંધી લેવા જોઈએ. એક્ટીંગ મત કરો. સત્કાર્ય રીયલ જ કરો. ક્રોડો ખર્ચવાવાળો ભિખારી હોઈ શકે, પણ એક ચમચી ખર્ચીને પણ તરવાવાળો હોઈ શકે.

**પુન્યકર્મનો એક બોંબ ફૂટે ને લાખો પાપોના ફૂરચા ઊડે.** ફટાકડા હોય તે ફૂટે પણ કેટલાક ફૂસ થઈ જાય, પાપોની તાકાત ફૂસ કરી નાખે.

**સ્વલ્પમલ્પસ્ય ધર્મસ્ય પ્રાયતે મહતો ભયાત્ :** અલ્પ એવો પણ ધર્મ મોટા ભયથી રક્ષણ કરે છે. કપર્દીયક્ષના પૂર્વભવનો નાનકડો ધર્મ ગંઠસીના પચ્ચકખાણનો પણ મોટો યક્ષ બનાવી દીધો આ નાનકડા ધર્મે. પૂર્વના વણકરને મહારાજે ધર્મ આપ્યો, માંસ-શરાબ ત્યાગ કર પણ તેને ન ગમ્યો, પછી તેને એક વસ્ત્ર ઉપર ગાંઠ વાળી આપી, ખાય પીએ ત્યારે ગાંઠ ખોલે અને વાળે. ગમતો ધર્મ આપ્યો. જૈનદર્શનમાં આને ગંઠસી પચ્ચકખાણ કહેવામાં આવે છે.

અંત સમયે ગાંઠ ખૂલતી નથી. બીજાએ વાળી આપી. મડાગાંઠ કહેવાય ખૂલે જ નહિ, મરવા પડ્યો પણ ગાંઠમાં ઘાલમેલ ન કરી. શુભધ્યાનમાં મરી કપર્દીયક્ષ થયો. નાની ગાંઠના નિયમથી પણ લાભ થઈ

ગયો. પાપની સામે પુન્યની જબ્બર તાકાત છે. ઋષભદાસ કવિ પૂર્વના જીવનમાં ઉપાશ્રયનો કચરો કાઢતા હતા. આજે કોઈ મંદિર-ઉપાશ્રયનો કાજો કાઢવા તૈયાર થાય ? એય પાંડુ ? આટલો કાજો લઈ લે. ઓર્ડર કરી દે. અંદરની દર્શનની તલપ ઘણાં અશુભપાપોને ખતમ કરે છે. પહેલાં કચરો કાઢવા ઇચ્છા કરવી જોઈએ.

બાઈઓ આલોચના લખે, બીજાની ચાર સુવાવડ કરી, બીજાની નિંદા કરી... પણ આખી જીંદગીમાં દેરાસરનાં વાસણ ક્યારેય માંજ્યાં ? માથા ઉપર અભિષેકનું પાણી ભરીને લાવ્યાં ? આ શરીરથી પુન્ય કમાવાની લાખો તક છે. પરમાત્માના મંદિરમાં કાજો કાઢતાં જેને શરમ આવે તેને નીચગોત્ર બંધાય.

આપણે મોટા કામને નીચું કરી લીધું છે. એક આચાર્યમહારાજે પોતાના શિષ્યને વિદ્વાન બનાવવા દેવી દ્વારા ગુટિકા આપવા રાખેલી પણ ઉપાશ્રયમાં પડી હતી તે કાજો કાઢતાં ઋષુભદેવના હાથમાં આવી ગઈ અને તેમણે મોંમાં નાખી દીધી. પુન્યનો પ્રભાવ. શીઘ્ર કવિ બની ગયા અને ઘણી રચનાઓ તેમની મોટા આચાર્યોએ પણ માન્ય રાખી. પણ આ બધું ઉપાશ્રયનો કાજો લેવાના પુન્યથી બન્યું.

પુન્યકર્મને બેલેન્સ કરતાં શીખો, શુભ પુન્ય ઘણું કરો. કોઈક કાળો બજારી પુન્યકર્મ કરે તો તેને પણ પાંચ લાખ ખર્ચવા આપો. ભૂંડાં કામ કરવાવાળાને ભલાં કામ કરવાની રજા આપો. દારૂડિયાને પણ પૂજા કરવાની છૂટ આપો તો તેનો દારૂ ધીમે ધીમે છૂટી જશે. પાંચસો આયંબિલ કરતાં કરતાં પાંચ તો સારાં થશે જ. પગલે પગલે પંથ કપાય, સ્મોલ સ્મોલ પુન્યને કરો. ગવર્નરની પંક્તિ-નાની બચતમાં નાણાં રોકો. ટ્રેનમાં ઊભેલી બાઈને બેસાડીને પુન્ય કરી શકાય. આંધળાને આંગળી પકડીને રસ્તો ઓળંગી શકાય. ભૂલાં પડેલાં સાધુસાધ્વીને રસ્તો બતાવીને પણ તનથી પુન્ય કરી શકાય. આ રીતે તન અને મનનાં પુન્ય બતાવ્યાં....

### સોનેરી સુવાક્ય

ખરાબ સ્વભાવ તો આપણા ખુદના માટે ય નરકની ગરજ સારે છે જ્યારે સારો સ્વભાવ તો બીજાના માટે ય સ્વર્ગની ગરજ સારે છે. આટલી સીધી સાદી વાત સમજવા છતાં ય આપણે આપણો સ્વભાવ સુધારવા તૈયાર નથી એ ય આશ્ચર્યની વાત જ છે ને ?

★-★-★

## પ્રવચન સત્તરમું : તત્ત્વાર્થકારિકા

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

અનંતકાળથી કલેશ અને કર્મોથી રઝળપાટ કરી છે. બાયચાન્સ મનુષ્યજન્મની ફાટક ખૂલી ગઈ છે. પણ હજુ તો ગોડાઉનમાં ઘણો માલ પડ્યો છે. જાણે તાજ્જેતાજ્જા પશુના કુસંસ્કારોથી ભરેલા હોઈએ તેવું આપણાં અપલક્ષણો જોતાં લાગે.

હજુ આપણી અનાદિની ચાલ બદલાઈ નથી. જગ્યા ચેન્જ થઈ છે. દિવાલ-રૂમ બદલાય પણ માણસ હજુ બદલાયો નથી. ચેન્જ ઓફ એડ્રેસ થયું પણ વિચાર-વર્તન, વાણી બદલાયાં નથી.

ઓરિજિનલ આપણે પશુ-નરક યોનિ જેવા છીએ. ભગવાને ઉત્તરાધ્યયનસૂત્રમાં દશ દષ્ટાંતે દુર્લભ એવો નીકો નરભવ પાયો, માનવના ભવને માર્ક આપી દીધા છે. અહીંથી પાછા દુર્ગતિમાં ગયા તો તકલીફોનું લીસ્ટ બનાવી રાખજો. દેવમાં ગયા તો શિવાસ્તેપન્થાનઃ પણ કૂતરા થઈ ગયા તો યાદ કરો, પથ્થરા ખાઈ ખાઈને લાકડીના માર ખાઈને જ જીંદગી પૂરી કરવાની ને ? વિષય-કષાયો જોર મારી રહ્યા છે, હવે શીતલ-શાંત બની જા. સર્વવિરતિ શક્ય નથી તો હવે શું કરવું ? એક પથરી કાઢો તો બીજી પથરી. ટેંડસી જ એવી પડી ગઈ છે.

ચારિત્રનો મૂળ સ્વભાવ શું ? પુન્યના બંધ ઓછા અને કર્મની નિર્જરા લાખો પ્રમાણે થાય.

બીજા નંબરે... કુશલાનુબંધી પુન્યકર્મને ઘુસાડતા જાઓ. પ્રથમ પોતાનું બળ ઉત્પન્ન કરશે, આખી સેનાનું બળ વધી જશે. અંદર કર્મના ગઢ તૂટતા ન હોય તો શું કરવું ? સિદ્ધરાજે રાખેંગારને પૈસાના જોરે કળથી જીતી લીધો. આપણે મોહરાજનો ઘેરો તોડી નાખવો છે. જેટલાં પુણ્યકર્મ વધારશો, તેટલાં પાપકર્મોને ભાગી જવું પડશે. પુન્યથી હડસેલાં મારો, પાપોને ભાગી જવું પડે.

**બે દુષ્ટભાવ...સ્વાર્થભાવ...અહંભાવ**

આપણે ભૂતકાળમાં અહંકારી હતા, સેલફીસ હતા. જે સ્વાર્થી હોય તે પરોપકારી ન બની શકે. જેને પરોપકાર કરવો છે તેને સહન કરવાનું આવે જ. ગરમાગરમ ભજીયાં લેવા માટે આપણે પહેલી જ પંગતમાં બેસીએ.

તમામ ઝઘડાનું મૂળ ઇગો. મેં આમ કહ્યું ને તેં કેમ ન કર્યું ? કજીયાનો આ રોગ છે. શરીરમાં જે રોગો છે તે મનના રોગો છે. મનનો કોઈ દોષ ઉગ્રતા પકડે તો આગળ જતાં રોગને ઉગ્ર કરે છે. સંસાર અનાદિથી દોષવાળો તો છે જ. ભૂતકાળમાં દોષોને બહાર આવવા માટે બહુ સાધન ન હતાં. હવે પચાસવર્ષમાં આ દોષો ફૂલ્યા એટલે રોગો ફાલ્યા. મનને સમતામાં રાખવું એ જ સમભાવ છે.

**જ્ઞાનકળશ ભરી આતમા, સમતારસ ભરપૂર**

**શ્રી જિનને ન્હવરાવતાં, કર્મ થાયે ચકચૂર....**

જેની ચિત્તવૃત્તિ શાંત હોય, તેની શારિરીકસ્થિતિ પણ લગભગ શાંત હોય. ટી.વી. જોયા પછી મન ઉછળ્યા વિના રહે નહિ. મન તોફાની થયા બાદ શરીર ઠેકાણે રહેશે નહિ અંગ્રેજી લોકોને ભારતીય શબ્દો પણ પૂરા બોલતાં આવડતા નથી. ભરતને ભરટા કહે છે, યોગને યોગા બોલે છે, રામને રામા કહે છે, શત્રુઘ્ન તો બોલતાં જ આવડતું નથી.

યોગસૂત્રના રચયિતા પાતંજલિ છે. યોગનું પહેલું સૂત્ર ચિત્તવૃત્તિનિરોધો યોગઃ અજૈનમહાત્મા આ લખે છે. ઋષિ અને સાધુમાં ફરક છે. અહિંસા પ્રતિષ્ઠાયાં વૈરત્યાગઃ બ્રહ્મચર્યપ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ યથા ભીષ્મપિતામહઃ આવાં સિંપલ પાતંજલિનાં છે.

એક સંન્યાસીના ગ્રંથ પર પરમપૂજ્ય શ્રી હરિભદ્રસૂરિમહારાજે ટીકા લખી છે. સર્વજ્ઞ શાસનના મહારાજે ચિત્તવૃત્તિનિરોધો છે ત્યાં અશુભચિત્તવૃત્તિનિરોધો યોગઃ આ પ્રકાશ પાડ્યો છે. કેવલજ્ઞાની પણ મનોયોગનો ઉપયોગ છેક સુધી કરે છે. મનની સ્વીચ ઓફ થતી નથી. શરીરનાં આસનો મન ઉપર પ્રભાવ પાડે છે. મુદ્રાઓની અસર પણ જુદી જુદી થાય છે. મુક્તાશુક્તિ, યોગમુદ્રા, જિનમુદ્રા પ્રકારો અલગ અલગ છે. જૈનદર્શન સ્યાદ્વાદ છે. તમોએ મનનો ત્રીજો માળ અંગ્રેજોને આપી દીધો છે. ભોટમાણસોનો આશરો લઈને તમો સોફાસેટ ઉપર બેસી ગયા છો. ટાંગા લટકતા રાખીને ખુરશી પર ન બેસાય. દરેક આસનમાં પગ વાળવો જ પડે. કાઉસ્સગ્ગમાં શરીર ઢીલું છોડી દેવાનું. ગાદી અને તકિયાનું પણ આપણે ત્યાં મહત્ત્વ

હતું. પલાઠીમાં-પદ્માસનમાં બેસી જાઓ તો કોઈ મારી ન શકે. જૈનદર્શને વગર સંશોધને બધું મૂકી દીધું છે.

કુક્કુડિપાયપસારણ...સાધુએ ડાબા પડખે સૂઈ જવું. સાધ્વીએ ચત્તા ન સૂવાય. સંકોઇએ સંડાસા, ઊંઘમાં ઊર્જા ચાલી જાય છે. કોકડું વાળી લો તો ઊર્જા સંચિત થઈ જાય. અહંભાવ-સ્વાર્થભાવ હોવાથી પરનાં કાર્ય કરી શકતો નથી. આપણાં બાળકોને આપણે કેવાં સ્વાર્થી બનાવીએ છીએ. ઘરમાં એક દાણો એંઠો ન મૂકનારો તમારો નાનડો ટપુડો જમણવારમાં અરધું એઠું મૂકીને ઊઠી જાય છે. સંસ્કાર આપ્યા નથી કે, સંઘનો બગાડ ન થાય. અહંકારી હોવાથી નમી શકાતું નથી.

(૧) તનદ્વારા (૨) મનદ્વારા (૩) વચનદ્વારા (૪) ધનદ્વારા

તન અને મનની વાત પછી ધનની વાત કરીશું. ધનપતિઓ જગતમાં ઘણા થઈ ગયા. હઠીસિંગ અને મોતીશા શેઠ જેવા સદ્‌ગૃહસ્થોની આ વાતો છે. હજુ દોઢસો વર્ષની જ વાતો છે. પૈસાના કેવા સદ્‌ઉપયોગ કર્યા તે વાતો વાંચવા જેવી છે... અભિષેક ટાણે લાવે લાવે મોતીશા શેઠ ન્હવણજળ લાવે છે આપણે હોંશે હોંશે ગાઈએ છીએ.

**એક તનમનની વાત...રાજસ્થાની બાઈની...**

રાજસ્થાનમાં એક મારવાડી બાઈ હતી. એક સાધુ મહારાજ વહોરવા ગયા હતા. આ બાઈએ એક સુંડલામાં મક્કાઈના મોટા મોટા રોટલા તૈયાર કરીને રાખ્યા હતા. આખો સુંડલો ભરીને વહોરાવવા લાગી. બે પતળી રોટલી ખાનારા મહારાજે કહ્યું, બેન ! મને રોટલાનો ચોથો ભાગ આપો. પણ પેલી બેને જે શબ્દો ઉચ્ચાર્યા તે હજુ પણ યાદ આવે તેવા છે. અજ્ઞાની બાઈના શબ્દો... બાબજીશા ! થાકો માકો સહિયારો થાકો માકો મઝિયારો..

આપણે ત્યાં પહેલાં કેવી સુંદર પ્રણાલિકા હતી. બધાંનો ભાગ રાખતા હતા. કબૂતરના ચણમાં... ભાગ હતો. કૂતરા પૂંછડી પટપટાવતા આપણે ત્યાં રોટલો ખાવા આવતા. યોગી-કૂતરા-કબૂતર વિગેરે માનવની દયામાં જ જીવતા હતા. ખેડૂતને જગતનો બાપ ગણતા હતા. જ્યારે પાંચ પાંડવો દ્રૌપદીને પરણીને આવ્યા ત્યારે મા કુંતો કહ્યું છે, જે મળ્યું છે તે વહેંચીને લેજો.

**મનદ્વારા પુન્ય....**

મનની જીતે જીત પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દષ્ટાંત.

**બળદેવનું દષ્ટાંત...**

બળદેવ, જ્ઞાન સુધારસ પીજે, જેવા અવધૂત મહાત્મા હતા. **અહિંસાયાં પ્રતિષ્ઠાયાં વૈરત્યાગઃ** પશુઓ પૂરા શિષ્ય બની ગયેલા. ફેશનેબલ ઇન ફોરેસ્ટ. હરણ એક શિષ્ય જેવું જ કામ કરતો. કરણ સાધુ તપસંયમ અહિંસા કરે છે.

**કરાવણ સુથાર...**

અનુમોદન હરણ. જાતને ધિક્કાર કરી બંનેની અનુમોદના તિર્યંચ એવો હરણ કરે છે. કાળ કરીને ત્રણે એક જ સ્થાને ઉત્પન્ન થયા. હરણે મન લગાડીને અનુમોદના કરી કહેવાય. મૂડી રોકીને પણ પાર્ટનર બની શકાય છે. (૧) સાધુ તપસ્વી (૨) સુથાર દાનેશ્વરી (૩) અનુમોદનાર.

તન-વચન અને મન દ્વારા પુન્ય જોયું હવે ધનદ્વારા જોઈએ.

પુણ્ય એવું છે કે જેને નાશ કરવા તે પાપોને નાશ કરે, પછી ચાલ્યું જાય. આગ જ્યાં સુધી ઇંધણ હોય ત્યાં સુધી બાળે, પછી પોતે શાંત થઈ જાય. પુન્ય વિના ચાલી શકે તેમ જ નથી. મોક્ષે જવા પ્રથમસંઘયણ

જોઈએ. કેવલજ્ઞાન પામવા શરીર જોઈએ પણ તે પુન્યના ઉદયથી જ મળે. આરાધના, સાધના કરવા, નિરોગી કાયા મેળવવા પણ પુન્ય જોઈએ. સારા માતપિતા પણ પુન્યથી જ મળે. દરેક સ્થાને જેમ પૈસા જોઈએ, મુંબઈમાં વધારે જોઈએ, તેમ અધ્યાત્મની દુનિયામાં પુણ્ય વિના ન ચાલે.

લાભાંતરાયનો ઉદય હતો તો ઢંઢણને ગોચરી મવતી ન હતી. બીજા સાધુ ગોચરી જતા તો મળી જતી. ઢંઢણ છ મહિના ભટક્યા પણ ગોચરી ન મળી. ગુરૂના પુન્યે ચેલો ચરી જાય તેવું પણ બને. પ્રેમસૂરીજીમહારાજના નામથી ચેલાને પુન્ય વધી જતું.

### ૩. ધનદ્વારા પુન્ય.

ભૂતકાળના કોઈ અંતરાયે પૈસો હોવા છતાં ખર્ચવાનું મન ન થાય.

ઢંઢણની સાથે જનાર સાધુ પણ ભૂખ્યો મરે. છ મહિનામાં ત્રણ દિવસ ઓછા હતા ને મોદક મળ્યા. ભગવાનને મોદક બતાવ્યા. પ્રભુએ કઠોર-કરૂણાથી કહ્યું, આજના મોદક તારા પુન્યથી નહિ. ભગવાનને પૂછ્યું, કોના પુન્યથી મળ્યા ? તું ઢંઢણારાણીનો દીકરો, ગોચરી જતો હતો, અભિગ્રહ લઈને ફરી રહ્યો હતો, અને કૃષ્ણ મહારાજાએ પ્રદક્ષિણા આપી, શ્રાવક જોઈ ગયો, અને તને શ્રીકૃષ્ણ વંદન કરતા હોવાથી તે શ્રાવકે બહુમાનના ભાવથી મોદક આપ્યા. રાજાના પુન્યથી મળ્યા છે. આ સાંભળી ઢંઢણ મોદકને પરઠવતાં કૈવલ્ય પામી ગયા. બહારથી લાડવા મસળ્યા, અંદરથી ઘાતીકર્મને ચોળી નાખ્યાં. ભગવાને પહેલેથી જ આ જોયું હતું. આત્મા પુન્યકર્મને આધીન છે. આજે પણ આવું પુન્ય હોય, કેટલાક સાધુ પાત્રાં હલાવતાં જ આવે. કેટલાક ભરીને આવે. પુન્ય વિના સ્થવિરકલ્પ પણ ન ચાલે. કેટલાક ધનના એરૂ થાય છે. પૈસો મહેનત હોય તો મળે પણ સાથે પુન્ય જોઈએ જ. મજૂરની મહેનત ખરી. પણ મજૂરનું પુન્ય ન હોય. શેઠને પુન્ય હોય, મહેનત ન હોય. પુન્યથી મળેલો પૈસો પુન્યમાં જાય તો એક નંબરનો પૈસો કહેવાય. બીજા નંબરનો પૈસો ભોગમાં જાય. ફર્નિચર, લકઝરીઆઈટમ, દેખાવ કરવામાં આ પૈસો વાપરે છે. પૈસાનો દેખાવ કરવાની જરૂર નથી.

લલિતાએ દત્તક લીધેલ દીકરાના લગ્ન માટે પંદર ક્રોડનો માંડવો બાંધ્યો અને ૨૦ ક્રોડ લગ્નમાં ખર્ચ્યા. જેનો પૈસો પુન્યના માર્ગે જતો નથી તેનો ભોગના માર્ગે જાય છે. હવે તો જૂના દાગીના પહેરીને પણ ફરવાનો ટાઈમ નથી. પહેર્યું તો મર્યા જ સમજજો. રાખ્યું તો ય મર્યા જ સમજજો.

પહેલાં દીકરી સાપના ભારારૂપ હતી, હવે દીકરા ભારે છે. છ વર્ષની છોકરી ઉપર બોરીવલિમાં બલાત્કાર થયો છે. આ તોફાન ટી.વી.નાં જ હોય. ગણપતિદાદા મોરિયાને જેમ દરિયામાં પધરાવો છો તેમ ટી.વી.ને પણ પધરાવી દો.

કેવલજ્ઞાન થયા વિના દુનિયા જોવાય નહિ અને જોઈ લે તો ઉન્માદી જ થઈ જવાય. ટી.વી. ના વાયરા ચોવીસે કલાક વાવા લાગ્યા છે. તમારા ફ્લેટોમાં પણ તમારા છોકરા જ ચોરનાર હોય છે, અને નામ ઘાટીનું લે છે. ગુન્હાખોરી પણ શીખી ગયા છે.

બાર વર્ષનો બાબો કોઈનાં ગળાં કેમ કાપવાં તે શીખી ગયો છે. મમ્મી-ડેડીને ઉલ્લુ કેવી રીતે બનાવવાં તે પણ તેને આવડે છે.

### પૈસાની સફળતા ક્યાં ?

(૧) પ્રથમ પુન્ય : સારા કાર્યમાં ખરચો તો જ સફળતા છે.

*(૨) સેકંડ : ભોગમાં જાય.*

(૩) થઈ : નાશ-પરિગ્રહની આસક્તિ.

મમત્વથી પૈસાને પકડી રાખે, નધણિયાતો પૈસો પડ્યો રહે માલિક ચાલતો થાય. કૂતરા રોટલાના ટુકડા માટે હડકવા કરે માણસ રૂપિયાના હડકવાવાળો થાય. રૂપિયા મૂકીને છેવટે મરે. રૂપિયાની ખતરનાક શોધ છે. માત્ર માણસને જ પૈસાની જરૂર પડે. દેવ, નારક, તિર્યંચને જરાય જરૂર નહિ. ખોરાકની જરૂર ખરી. સેનપ્રશ્નકારે લખ્યું છે કે, ચઢાવામાં ઘી બોલો તે જ આપવું જોઈએ. પણ હવે તો ઘી બોલીને રૂપિયા આપવાના. રાધનપુરમાં એક દહેરાસરમાં નવટાંક, પાશેર ઘી બોલાય છે, તે કાળે સવા રૂપિયામાં ઘી મળતું. માટે તે સિસ્ટમ રહી ગઈ. હુંસાતુંસીમાં બોલીઓ શરૂ થઈ ગઈ.

હું પહેલી પૂજા કરૂં આ આગ્રહથી બોલી ચાલુ થઈ ગઈ. ઈન્દ્રો બોલી ક્યાં બોલે છે ! બહુમાનભાવ હોય છે. દ્રવ્યથી દ્રવ્ય આપતા. પચાસ વર્ષથી પૈસો આવ્યો ત્યારથી મોકાણ મંડાણી છે. મર્યા પછી પણ પૈસો તોફાન કરાવે છે. તમો જ્યારે મુંબઈ આવ્યા ત્યારે ખાલી લોટે આવ્યા હતા, હવે મારા બેટ્ટાના બેટ્ટાનું પ્રણ શું થશે આ ભવિષ્યની ચિંતાથી વર્તનમાં તમે પૈસો સુકૃતમાં ખરચતા નથી. ઘી ઓફ મેન સ્વીચ ઓલ ઓફ.... કુદરતે તમારા ઉપર મૂકી દીધી છે. કદાચ માનો કે, પરલોકમાં કાંઈ લઈ જવાતું હોત તો, મને લાગે છે કે, તમે કચરો કાઢવાનું ઝાડુ પણ છોડત નહિ. જૈનશાસનની સુંદર વ્યવસ્થા છે. ધર્મમાં ખરચી લો. કરેલું પુન્ય ક્યાંય ફાલતુ જશે નહિ.

**કક્કાવલિ**

| | |
|---|---|
| ખ | ખટપટ કોઈની સાથે કરવી નહિ |
| ખા | ખાઉધરા ના બનવું |
| ખિ | ખીજવવું એ સારી ટેવ નથી |
| ખુ | ખુશમિજાજ સ્વભાવ સહુ કોઈને ગમે |
| ખૂ | ખૂનીનો સંગ ના કરવો. |
| ખે | ખેદ એટલે પાપનો પશ્ચાત્તાપ કરવો. |
| ખો | ખોટું બોલવું એટલે ગુણો ખોવા |
| ખં | ખંતીલા બનો. |

★-★-★

## પ્રવચન અઢારમું : તત્ત્વાર્થકારિકા

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

ધનદ્વારા ધર્મ કરનારા આપણે ત્યાં થઈ ગયા... મોતીશાહ, જગડુશાહ, જાવડશાહ, હઠિસિંગ, વસ્તુપાલ, તેજપાલ આદિ દાનેશ્વરી થયા છે. શ્રી ઉમાસ્વાતિજી મહારાજ ફરમાવે છે કે, સત્કાર્યો કરતાં રહો. પાપકર્મોથી લદાયેલા આત્મા ઉપર પુન્યનો ભાર ભરી દેવો. સર્વ પુન્યનું બળ વધી જાય ત્યારે પાપને હટવું જ પડે છે.

આપણું ઉત્પત્તિસ્થાન નિગોદ હતું, ત્યારે સ્વાર્થી હતા, જાનવરને પોતાની જ ચિંતા હોય છે. તેને પોતાનાં બચ્ચાંની પણ પડી નથી હોતી. પોતાના જ પ્રશ્નો બિચારાને ઘણા હોય છે. અનંતકાળની ટેંડસી સ્વાર્થી થઈ હોવાથી પશુના જ સંસ્કાર હોવાથી સામે ઘણાં પુન્યનાં સ્થાન હોવાથી કોઈનું પણ કરી છૂટવાની

ભાવના થતી નથી. તું બીજાનું કલ્યાણ કર, તો તારૂં તો અચૂક થવાનું જ છે. કદાચ બીજાનું થાય કે ન થાય પણ પોતાનું તો થાય જ.

આપણે ભિખારીને ટુકડો આપીએ ત્યારે તેના હાથમાં તો પુન્ય હોય તો રહે પણ પોતાનું તો કલ્યાણ થાય જ. દાયક, દાતાનું પુન્ય ક્યારેય નષ્ટ થતું નથી જ. પશુથી ક્યારેય પરોપકાર થતો નથી. કદાચ કોઈને થઈ પણ જાય પણ બહુ ઓછા પ્રમાણમાં... ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો.

## ગધેડાની કથા.....

એકવાર ધોબીના ઘરે ચોરો આવ્યા. કૂતરાને ગધેડો કહે, માલકિને જગાડવા માટે તું ભૂંક. કૂતરો કહે, ધોબી તને માન આપે છે, હું શું કામ ભૂંકું. ભલે ચોરો માલ લઈ જતા. ગધેડાને થયું, આપણો માલિક છે તો ઉપકાર તો કરવો જ જોઈએ. ગધેડો ભૂંકવા લાગ્યો. ધોબી જાગી ગયો, અને કહે છે, ચૂપ થઈ જા, આવી રીતે કેમ ભૂંકે છે ? અને ધોબી ઓઢીને સૂઈ ગયો. ગધેડો ફરી જોરથી ભૂંકે છે, બરાડે છે, માલિક દંડો લઈને મારે છે, ગધેડો બિચારો વાણી દ્વારા વ્યક્ત કરી શકતો નથી, પરોપકાર કરવા જાય છે, પણ માર ખાવો પડે છે, અને સહન કરવું પડે છે.

## નોળિયાની કથા...

એક ઘરમાં નોળિયો હતો, બાળક ઘોડિયામાં ઊંઘ્યો હતો. બાળકની મા પાણી ભરવા ગઈ હતી. સાપ ઘોડિયા ઉપર બાળકને કરડવા ચઢ્યો. નોળિયાએ સાપને મારી નાખ્યો. પણ તેનું મોં લોહિયાળ હતું. માએ આવીને જોયું કે, નક્કી આ નોળિયાએ મારા બાળકને મારી નાખ્યુ, માએ નોળિયાને મારી નાખ્યો અને ઘોડિયામાં આવીને જોયું તો બાળક હસતું હતું. પછી પસ્તાવો ઘણો કર્યો પણ હવે તે નકામો હતો. નોળિયાએ તિર્યંચપણામાં પરોપકાર કર્યો પણ જીવતાં મરી જવું પડ્યું.

આપણી કમનસીબી, આપણે બીજાનું કાંઈ કરી શકતા નથી. સાસુ કહે, હું આ કામ નહિ કરૂં, વહુ ના પાડે, જેઠાણી ના પાડે, પછી રોજ રોજ મહાભારત થાય.

રામાયણમાં લડાઈ ન હતી, રાજ્ય લેવા ભરત અને રામ ના પાડતા હતા. પૂર્વકાળમાં જીવાત્માઓ પરમાર્થભાવવાળા હતા. પરાર્થવ્યસની આત્માઓ પરોપકાર કર્યા વિના રહે જ નહિ. તીર્થંકરોનું પ્રથમ વિશેષણ. આકાલમેતે પરાર્થવ્યસનિનઃ

## વીંછીનો ધંધો...

એક સંતે સાતવાર વીંછીને પાણીમાંથી બહાર કાઢ્યો. ભરવાડ ત્યાં ઊભો હતો સંતને કહે છે, હવે છોડી દો. સંત કહે, તે તેનો સ્વભાવ ન છોડે, તો હું પણ મારો પરને સુખી કરવાનો સ્વભાવ ન છોડું. પોતાના સ્વાર્થને સળગાવીને પણ ઉત્તમપુરુષો બીજાનું કલ્યાણ કરે છે. ધર્મરૂચિ અણગાર જેવા...

જે ચોથા માળેથી પડે અને બચે તો પુન્ય કહેવાય. ત્યાં પુણ્ય બળવાન અને કેળાની છાળથી લપસી રોડ ઉપર મરી જાય તો પાપ બળવાન કહેવાય.

## રાજા ભોજની કથા

ભોજરાજા દાનેશ્વરી હતો. મંત્રી કંજૂસ હતો. કોઈનું સારૂં જે જોઈ ન શકે તે ઈર્ષ્યાવાન છે. બીજાનાં દુઃખ જોઈ રાજી થાય આવા પણ જગતમાં જીવો હોય છે. કેટલાક બાળકો બીજાને માર પડે તે જોઈને આનંદ પામે છે, આ અનાદિના સંસ્કાર છે.

રાજા ભોજ ઘણું દાન કરે છે, મંત્રીને ગમતું નથી પણ રાજાને કેવી રીતે ના કહેવાય. તેથી યુક્તિ કરી સંસ્કૃતમાં એક પદ ભીંત પર લખ્યું : आपदर्थे धनं रक्षेत्

રાજા પામી ગયો તેણે સામે લખ્યું, महतां आपदः कुतः

મંત્રીએ ફરી લખ્યું, कदाचिद् रुष्यति भाग्यः

રાજાએ લખ્યું संचितं अपि नश्यति

નેપોલિયન જે દિવસે હાર્યો તે દિવસે તેણે કાંદા-લસણ ખાધાં હતાં, રીબાવી રીબાવીને તેને માર્યો છે. ભૂખ્યા માણસો ભોજન ઉપર વરૂની જેમ તૂટી પડે છે. પુન્યની લાઈટ ક્યારે બૂઝાઈ જાય તે કહેવાય નહિ.

રામકૃષ્ણ પરમહંસ, રમણમહર્ષિ જેવાઓને પણ કેન્સરની ગાંઠ નીકળી. કરમને કોઈની શરમ નથી, જન્મજન્માંતરનાં પાપો ઉદયમાં આવી શકે છે.

પુન્યકર્મ બેલેન્સમાં હોય તો પૈસા જલ્દી મળી જાય છે. હૈદ્રાબાદમાં નિઝામનો ખજાનો જોવા જાઓ. આજે તેમનાં સ્વજનો રીક્ષા ચલાવે છે. તેમની દીકરીઓની દીકરીઓ વાસણ માંજે છે.

સદા દીઠાં મેં શાહ આલમને, ભીખ માંગતા શેરીએ.

*યેષાં ભ્રૂભંગમાત્રેણ, ભજ્યન્તે પર્વતા અપિ*

*તૈરહો કર્મ વૈષમ્યે, ભૂપૈ ર્ભિક્ષાપિ નાપ્યતે.*

કટકો રોટલો પણ ચપ્પણિયામાં ન મળે. ઔરંગઝેબનો બાપ જેલમાંથી સંદેશો મોકલાવે છે કે, અબ્બાકો કહ દેના, તેરા શકીરા ફૂટ ગયા હૈ, લેકિન હાથ તો તૂટા નહિ હૈ ન ?

પાર્લામાં અમનચમન ઘણું છે, પણ તેમાં પાગલ ન બનો. આવે ત્યારે છકો નહિ, જાય ત્યારે દીન ન બનો. જરાક આઘુંપાછું થાય તો મેન્ટલ બ્રેનહેમરેજ થઈ જાય છે. કારણ પૈસામાં માણસ છકી જાય છે.

દો દિનકી ચાંદની ફિર ઘોર અંધારી રાત. લગ્નના માંડવે હોય થોડું ને બતાવે ઝાઝું. ધર્મના માંડવે હોય ઝાઝું ને બતાવે થોડું.

ધર્મના સ્થાનમાં ડોસાનું નામ લખાવે, ઘરમાં અનેકનાં નામ જુદાં જુદાં લખાવે. B.Com., વાળાને પપ્પાનો સ્પેલિંગ લખતાં પણ આવડતો નથી. સંપ્રતિરાજાની પ્રતિમાને બધાં યાદ કરે છે. તેની તમામ સંપત્તિ જિનમંદિર અને જિનમૂર્તિમાં વપરાઈ છે. પૂન્યદ્વારા પુન્યને ઉત્પન્ન કરો. ખીસા ખાલી ભભકા ભારી આવું ન હોવું જોઈએ. દાબી હતી સોનામહોર ને નીકળ્યા કોલસા જેવું ન થવું જોઈએ. માઘકવિના બાપે માઘ માટે છત્રીસહજાર ચરૂ ધનના દાટ્યા હતા, માઘ ઘણો જ દાનેશ્વરી હતો, તેણે પોતાનું બધું ધન દાનમાં વાપરી લીધું, અને મર્યો ત્યારે પહેરવાનું અંગરખું પણ પાસે ન હતું. આને દાન કહેવાય.

**સોનેરી સુવાક્યો.... બે બે ગુણની વિશેષતા...**

ભગવાન મહાવીરમાં કર્મને કાઢવા માટે સત્ત્વ હતું અને આત્માને નિર્મળ કરવા શુદ્ધિ હતી. આ બે ગુણથી ભગવાન મંગલરૂપ બની ગયા. ગુણો તો અનંત હતા પણ આ બે ગુણ વિશેષ વિકસેલા હતા.

મંગલં ગૌતમપ્રભુઃ બે ગુણ મુખ્ય. વિનય અને મોક્ષ. વિનયથી લબ્ધિઓ પ્રાપ્ત થઈ... અને મોક્ષની જ લગન હતી... મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ બે ગુણ બ્રહ્મચર્ય અને શુદ્ધિ. સત્ત્વ-શુદ્ધિ, વિનય મોક્ષ-બ્રહ્મચર્ય અને શુદ્ધિ... આ છ ગુણોને વિચારવા જોઈએ...

**સુંદર સુવાક્યો**

(૧) સાકર પર બેઠેલી માખી.... શાલિભદ્ર પુન્યાનુબંધી પુન્ય

(૨) પથ્થર પર બેઠેલી મધમાખી પુનીયો શ્રાવક પુન્યાનુબંધી પાપ

(૩) પગ અને પાંખ મધમાં લેપાયેલી પાપાનુબંધી પુન્ય મમ્મણશેઠ

(૪) શ્લેષ્મમાં લેપાયેલી માખી કાલસૌકરિક કસાઈ પાપાનુબંધી પાપ

★-★-★

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

પૂ.ઉમાસ્વાતિજીમહારાજ શ્રી તત્ત્વાર્થકારિકાના ત્રીજા શ્લોકમાં સત્કર્મની વાત કરે છે કે, પુન્ય કર્યા જ કરો. તેથી પાપનો એક્સીડન્ટ થાય છે. પુન્યથી તમે કેટલીવાર બચી જાઓ છો. આવી ઘણી ઘટમાળ બનતી હોય છે. પણ તે વખતે તમે તમારા અહંને આગળ કરો છો.

*આવોને દેવ જુહારીયે રે લોલ, આદીશ્વર દરબાર રે*

*આદિનાથ મુખ દેખતાં રે લોલ, નાશે દુઃખ વિખવાદ રે...*

મયણા શ્રીપાળને ઉપરની પંકિત કહે છે, આવોને, ભગવાનનાં દરિશન કરવા અને શ્રીપાળ મયણા સાથે દહેરાસર જાય છે. તરત જ પુન્ય ઉત્પન્ન કરી લીધું. તમતમતાં મરચાં જેવું. મરચાં બે પ્રકારનાં તીખાં અને ફીકાં (૧) ઘોલે મરચાં મોટાં હોય પણ તેનામાં તીખાશ ન હોય દેખાવનાં મરચાં પણ તમતમાટ જરાય નહિ. (૨) લાલ મરચાં. અડાલજમાં લાલ મરચાં રાડ નંખાવી દે. (૧) પુન્ય તમતમાટ. બાંધતાં જ ઝગમગાટ શરૂ થઈ જાય. (૨) પુન્ય ધીમું ધીમું બતાવે. શ્રીપાલ મયણાને તરત જ શીઘ્ર ફળ આપી દીધું. ઉદ્‌વર્તના અપવર્તના કોમ્પ્યુટર જેવું સડન, પડન, વિધ્વંસન જલ્દી કરાવી દે. વાગી દેવની દુંદુભિ રે, ઋષિ પામ્યા કેવલજ્ઞાન. અરે, હાલ તો પ્રસન્નચંદ્ર રાજર્ષિ માટે મહાવીર ભગવાને સાતમી નરક બતાવી હતી, શું થયું એટલી વારમાં ? આજે પણ આવા ચાન્સ આપણી પાસે ઘણા છે, પણ તમે ઘોલે-મરચાં જેવાં પુન્યને ઉત્પન્ન કરો છો. અડાલજનાં મરચાં જેવું પુન્ય નહિ.

**અક શેઠની કથા - પુન્યનું દૃષ્ટાંત**

એક શેઠ હતા, પ્રથમ શ્રીમંત હતા પણ ધીમે ધીમે ખરાબ સ્થિતિ આવી ગઈ હતી. પત્નીએ ચઢાવ્યા, ખરાબ સ્થિતિમાં સાસરે જવું યોગ્ય ન લાગ્યું. પણ પત્નીના આગ્રહથી ડબ્બામાં ભાતું-લઈને નીકળ્યા. રસ્તો વટાવવા ગયા. શ્રાવક તેનું નાંમ સાધુ-અતિથિને સંભારે, ગરીબ અને ગાય કૂતરાને યાદ કરતા. આ રીતે જ પુન્ય ઉત્પન્ન થાય. શ્રાવક જમતાં પહેલાં દશ દિશા જુએ. આ શ્રાદ્ધવિધિમાં લખેલ છે. ચારદિશા, ચાર વિદિશા ઉપર જંઘાચારણમુનિ, નીચે ધરતીના અતિથિ, નીચે પણ જોઈ લે. આ શેઠે ચારે તરફ જોયું, એક સાધુ આવતા હતા.

સાધૂનાં દર્શનં પુન્યં, દોડી ગયો, વિનંતિ કરી-લાભ મળ્યો. પછી વધઘટ પોતે ખાધું. સાસરે ગયો, દેદાર ફર્યાના સમાચાર સાસુજીને મળી ગયા હતા. આ પણ એક દૃષ્ટિ છે. સાસુનું મોં ફરી ગયું. જમડો આયો છે, જમાઈ અને જમ સરીખા છે. શેઠ અંદર ગયો, બધાંનાં મોં ફરી ગયેલાં જોયાં. મનમાં શંકા તો હતી જ. કે આ જમાઈ કાંઈક માગશે જ. સસરાએ કુલદેવતાને દીવો કર્યો, પછી કુલદેવતાને પૂછ્યું, કુલદેવતા કહે, તમારે જમાઈરાજને પૂછવાનું કે હે જમાઈરાજ ! આજે તમે જે દાનપુન્ય કર્યું તે અહીં ગિરવે મૂકીને જાઓ. જમાઈએ પોતાની સ્થિતિ સસરાને જણાવી. મને ઊભો કરવો હોય તો કરો. સસરાએ આજનું પુન્ય માગ્યું, પણ જમાઈએ ના પાડી. અને ત્યાંથી તરત જમાઈ નીકળી ગયો. જે સ્થાને દાન આપેલું તે જ જગ્યા ફરી આવી ગઈ. પત્નીના સંતોષ ખાતર તે નદીના ગોળમટોળ પથરા થેલીમાં ભરી લીધા. દૂરથી પત્નીએ પતિને આવતાં જોયો. માથે થેલી મૂકી છે. અરે ! તમારી ભલી થાય ! મારા બાપે આટલું-બધું ધન આપ્યું તો તમને એક મજૂર કરતાં શું થતું હતું ? પતિએ માથું ધુણાવ્યું, હા મારી ભૂલ થઈ ગઈ. પત્ની તો આનંદમાં શીરાનો સામાન લઈ આવી. શેઠના મનમાં લાય લાગી છે. શીરો ખાતા જાય ને ધબકતા જાય, રાત્રે નિરાંતે વાત કરીશ, પણ પેલીને ધીરજ ક્યાં હતી ? પતિને ખાતાં મૂકી તે તો થેલી તપાસવા

માંડી. અને અંદર ચકમકતા હીરા જોયા. આવીને શેઠને ઠપકો આપે છે, પહેલેથી જ મારા બાપને ત્યાં ગયા હોત તો ? તમે તો 'આવા ને આવા ભોળા જ રહ્યા, મારા બાપુજી કેટલા ઉદાર છે. તમારી તો સાઠે બુદ્ધિ નાઠી છે. વિગેરે રામાયણ પત્નીએ કરી. પણ શેઠ સમજે છે કે, આ પુન્ય તો મુનિદાનને આભારી છે, કે જે દાને પથરાને પણ રત્નો બનાવી દીધાં. શેઠે ભોળી બાઈને સમજાવી. કે આ બધો મહિમા દાનનો છે, ભાવથી કરેલ દાન કેટલું પુન્ય કમાઈ આપે છે.

*વિહડંતિ સુઆ વિહડંતિ, બંધવા વલ્લહા ય વિહડંતિ*

*ઈક્કો કહવિ ન વિહડઈ, ધમ્મો રે જીવ જિણભણિઓ.*

**વૈરાગ્ય શતક.**

પ્રવરદ્રવ્યૈઃ પ્રવરઃ ભાવઃ પ્રજાયતે. પ્રવચનસારોદ્ધારમાં લખેલ છે. પોતાનો સ્વાર્થ ઊભો રાખીને કામ કરે તે પરમાર્થ. બે પ્રકારે પરમાર્થ થાય છે. કેટલાક ભીમા કુંડલિયા જેવા સર્વં સમર્પયામિ સ્વાહા. પુન્ય ઉત્કૃષ્ટ બંધાઈ જાય. પુન્ય કર્યા પછી રણકાર જોઈએ. ઘંટ વાગી જાય પછી રણકાર થાય તે અનુમોદના કહેવાય. સુકૃત કર્યા પછી અનુમોદનાનો પાછળનો રણકાર. તે અહોદાનં-નો ભાવ છે. ફેવીકોલની જેમ પુન્ય ચોંટી જાય.

*પાંચ કોડીનાં ફૂલડે, પામ્યા દેશ અઢાર*

*રાજા કુમારપાલ થયા, વર્ત્યો જય જયકાર.*

પ્રથમ સર્વવિરતિ લ્યો, ૨ પુન્યશાળી બની જાઓ. જયસિંહસૂરિકૃત કુમારપાલભૂપાલ ચરિત્રમાં લખેલ છે કે, સોમવારે રાજા થવાનો છે, પણ રવિવારની રાત સુધી કુમારપાળે કર્મનો માર ખાધો છે. બાવાના વેષમાં રાજા બને છે. પહેલાં કોઈ રહેવા જગ્યા આપતું ન હતું, કેવી કર્મની દશા ? મેલડીમાના મંદિરમાંથી પૂજારી કાઢ્યો, નથી નીકળતો તો માર પણ પડ્યો. શ્રીપાળ મયણાનું તાજું પુન્ય ઊદયમાં આવી ગયું, પુન્યના ભરોંસે પણ જીવાય નહિ, તે પણ ક્યારે પરવારે તે કહેવાય નહિ. માટે સારા ટાઈમે સારાં કામો કરતાં જાઓ. તમો બધા સારા ટાઈમમાં કલબોમાં જો ચાલ્યા છો. માટે પુન્યના ઉદયને સારો રાખો. સારા ટાઈમમાં ઘણો ઉત્સાહ રાખી સત્કર્મો કર્યા જ કરો.

**એક શેઠની વાર્તા**

એક શેઠને લક્ષ્મીએ સ્વપ્ન આપ્યું, અને કહ્યું, અમે ત્રણ પેઢીથી તમારે ત્યાં છીએ અને હવે સાત દિવસમાં જઈશું. શેઠે ભલે કહ્યું, જેવી આપની ઇચ્છા. લક્ષ્મી ગઈ. શેઠે સવારે કુટુંબને ભેગું કર્યું, અને વાત કરી દીધી. લક્ષ્મીનો આવવાનો રસ્તો ફિક્સ નથી. બધાંને આશ્વાસન આપ્યું. લક્ષ્મી જાય તેના કરતાં આપણે જ તેને મૂકી આવીએ. ભૂત જેવી લક્ષ્મી છે, ભૂતના ઉતારને મૂકવા કાં તો ચોતરો હોય છે કાં તો સ્મશાન હોય છે. લક્ષ્મીના ઉતારને મૂકવા સાત રસ્તા છે. વિષમકાલ જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા. શીખોના અમૃતસરમાં ગ્રંથ પૂજાય છે. જૈનોએ ગ્રંથભક્તિ ઓછી કરી દીધી છે. પાંચમું ભગવતી જૈનોનું ઉપાસ્ય છે. નમો બંભીએ લીવીએ. ભગવતીમાં લીપીને નમસ્કાર કર્યા છે. વાણીને અક્ષરને નમસ્કાર છે. આપણે ત્યાં જિનાગમનો ઘણો મહિમા હતો, હવે પ્રભુભક્તિ મંદિર મૂર્તિરૂપે વધી. જ્ઞાનનો લોપ થવા લાગ્યો. શેઠે તથા પરિવારે સાતે ક્ષેત્રમાં લક્ષ્મી ખરચી નાખી અને લક્ષ્મી સાત દિવસે પાછી સ્થિર થવા આવી ગઈ. ધર્મી આત્માને ધર્મપુન્ય વિના ન ચાલે. ગૃહસ્થને પૈસા વિના ન ચાલે તેમ. મજબૂત શરીર વિના મોક્ષ પણ ન મળે. નરક પણ ન મળે. તેથી પુન્ય વિના પ્રથમ સંઘયણ પણ ન મળે.

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો છેહ પૂર્વકોડિ વરસાં લગે અજ્ઞાની કરે તેહ. સાધુ ઝાઝી નિર્જરા કરે.

ગૃહસ્થને પાપનો બંધ થયા કરે. શાક કાપો ને પાપના બંધ ચાલુ. ટી.વી. ચાલુ કરો ને પાપ ચાલુ

તેથી જ પુણ્ય ઊભું કરો. પૈસા વિના પણ પુણ્ય ઉત્પન્ન થાય.

તન, મન ધન અનર્થના મૂળ ધનને પુન્યમાં લગાવી દો. શાલિભદ્ર પહેલેથી જ ગર્ભશ્રીમંત હતા. બાકી ધનાશા, ભામાશા, વસ્તુપાલ, તેજપાલ પ્રથમ ગરીબ હતા પછી ધનથી વધ્યા છે. લુણિગવસહિ લુણિગ ભાઈના સ્મરણાર્થે બનાવી છે. પ્રથમના કાળમાં મંદિરને વસહિ કહેતા હતા. લુણિગ માંદો પડ્યો ત્યારે સારવાર કરવાના પૈસા પણ વસ્તુપાલ પાસે ન હતા. કર્મની કેવી વિચિત્રતા છે. લુણિગની આંખોમાં આંસુ હતાં. બંને ભાઈઓ પૂછે છે, તારી શું ઈચ્છા છે ? અંતટાઈમે લુણિગ પોતાની ઈચ્છા બતાવે છે. આપણે એકવાર વિમલવસહિમાં દર્શન કરવા ગયા હતા, મંદિર જોયા બાદ મેં ધન્યતા અનુભવી પણ અંગૂઠા જેટલી મૂર્તિ મારે ભરાવવી આવો ભાવ મારા મનમાં ઘોળાયા કરતો હતો, પણ મને મૃત્યુ વહેલું આવી ગયું, અને તમારી સ્થિતિ જોતાં તમને પણ કહેવાય તેવું નથી, મને આ વિચાર ઘોળાયા જ કરે છે. અને આ સાંભળતાં બંને ભાઈઓએ લુણિગને આશ્વાસન આપ્યું કે, અમે તારી ઇચ્છા જરૂર ભવિષ્યમાં પૂર્ણ કરીશું. પાણીની અંજલિ લઈને વચન આપેલ છે. જે વખતે ખાવાના ફાંફાં હોય, અન્નદાંતને વેર હોય તે વખતે પણ આવું વચન આપેલ છે.

સારી સ્થિતિમાં કરેલ દાન તત્કાળ ન ફળે પણ ખરાબ સ્થિતિમાં આપેલ દાન તત્કાળ ફળે છે. પણ હજારમાં આવા ભાવ કોઈકને જ આવે છે. લુણિગે સંતોષથી, અનુમોદનાથી જીવ છોડ્યો. કરણ નહિ, કરાવણ નહિ પણ અનુમોદનાથી પુન્ય બાંધ્યું. નઠારી સ્થિતિમાં સારા ભાવ આવવા બહુ મુશ્કેલ છે. ભૂંડા દિવસોમાં માણસના વિચારો ય ભૂંડા થઈ જાય છે. અને આચારો ય ભૂંડા થઈ જાય. પણ તેના બદલે શુભ વિચારો કરે તો અશાતાવેદનીય ચાલ્યું જાય. નમિ અને અનામી મુનિને યાદ કરો. સંકલ્પ કામ કરી ગયો. વસ્તુપાલ અને તેજપાલને પાછળથી તો પગ મૂકે ને નિધાન મળે એવા દિવસો આવી ગયા.

મિયાં પાસે કામ કઢાવવા મસ્જિદો પણ બાંધી આપી. સાડાબાર સંઘો કાઢ્યા, આજે જેના મંગલિક નામ ગવાય છે. મંત્રીપેથડને યાદ કરો. અન્નને વેર હતું, પણ કાળો નાગ મળ્યો ને તેના શુકનથી મંત્રીપદ મળી ગયું. પુન્ય ઉદયમાં આવ્યું તો ચિત્રાવેલી સામેથી મળી ગઈ. ઘીથી રાજાનો હોજ ભરી દીધો. ત્યારે રાજાને ખબર પડી અને મંત્રી બનાવી દીધો. દોલતાબાદના કિલ્લામાં પેથડે જ મંદિર બંધાવ્યું હતું. એકી સાથે ત્રણ હજાર માણસ સાથે બેસીને ચૈત્યવંદન કરી શકે તેવો મોટો મંડપ બંધાવ્યો હતો.

સારા દિવસોમાં આવતા ભૂંડા ભાવ પણ માણસને પછાડી દે છે. સારા દિવસોમાં સારાં કામ કરવાં જોઈએ. રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ? પૈસો હોય ત્યારે વિચાર સારા આવવા જોઈએ. પણ તે વખતે ધનમાં આંધળો હોય છે.

સારા દિવસોમાં પૂજા આંગી સાધર્મિકભક્તિ આદિ કાર્યો કરવાં જોઈએ. ખરાબ દિવસોમાં કરેલાં સારાં કામો તત્કાળ ફળે છે. સારા દિવસોમાં કરેલાં ભૂંડા વિચારોનાં ફળ મળે ત્યારે આંખ ખૂલે છે. માણસની સ્થિતિ બદલાય છે. વિચારો સુધારી લેવા જોઈએ.

જેમણે મોટાં કામો કર્યાં છે તે પહેલાં ગરીબ હતા. ધન મળ્યા પછી જૈનશાસનનો જયકારો બોલાવ્યો છે. આ જગતમાં સારા ખોટા બનાવો બને છે તે કઠપૂતલીના ખેલ જેવા છે. ગુડલક અને બેડલક અંગ્રેજો પણ માને છે.

અમેરિકા લક સુધી પહોંચ્યું છે, પણ તેની પાછળ પુન્ય અને પાપ કામ કરે છે ત્યાં સુધી પહોંચ્યું નથી. ધન અને વચનને સાર્થક કરતા રહેવું જોઈએ. કોઈ આંધળા લંગડાને રોડ પાર કરાવવો તે પણ પુન્ય છે. પ્રથમ પુન્ય શાનાથી ઉત્પન્ન થાય તે બતાવે છે.

તન-મન-વચન અને ધન એ સાધન છે. (૧) પુન્ય - પશુ - મચ્છર આદિની રક્ષા. ચોરાશી લાખ

જીવોની જે દયા તે પ્રથમનંબર છે. જીવ પ્રત્યેનો નીતરતો કરૂણાભાવ તેને સતત હોય. ધંધો ચાર કલાક કરે પણ તેની રમણતા ઘણા ટાઈમની હોય છે. દિવસે અને રાતે ઊંઘમાં પણ બક્યા કરે છે.

**વઢવાણના રતિભાઈના અનેક પ્રસંગો.**

ઇંદોરમાં કૂતરાની પાંજરાપોળ ચલાવી. સાધર્મિકને પૈસા આપવા જતાં મૌન હતું ને રાત્રે માર ખાધો. પણ એક શબ્દ ન બોલ્યા. મુસલમાનના મહોલ્લામાંથી જીવતા સાપને ધોતિયામાં ઊચકી લઈ જનારા તે જ રતિભાઈ છે. પુન્યકર્મને ભેગું કરવા પ્રથમ જીવદયા છે.

**મનુષ્યભવની મહત્તા**

પગે પહેરવાના ચંપલ જો મસ્તક પર ન શોભે, ખૂણામાં મૂકવા લાયક ઝાડુ જો તિજોરીમાં ન શોભે, ઉકરડે નાખવા લાયક કચરો જો ઘરમાં ન શોભે, બાળી નાખવા લાયક મડદું જો મ્યુઝિયમમાં ન શોભે, તો પછી પશુઓની દુનિયામાં સુલભ એવી વિવેકહીન પ્રવૃત્તિઓ મનુષ્યભવમાં શી રીતે શોભે ?

પરમાત્મા બનવાની શક્યતાવાળા મનુષ્યભવમાં વિષયકષાયાદિના આવેગો ગૌરવપ્રદ શે બને !

**વ્યક્તિ-શક્તિ અને ભક્તિ**

વ્યક્તિગત પ્રભાવ કરતાં શક્તિગત પ્રભાવ ચડે છે, એની ખબર તો આજના વિજ્ઞાનયુગમાં જીવનારા નાનામાં નાના બાળકને ય ખબર પડે છે, પરંતુ શક્તિગતત પ્રભાવ કરતાં ય ભક્તિગત પ્રભાવ કરોડોગુણો ચઢિયાતો છે. એની ખબર બહુ ઓછા માણસોને છે.

શક્તિઓ પાછળ દોડી દોડીને જીવન બરબાદ કરવાને બદલે ભક્તિ પાછળ પાગલ બનીને જીવનને આબાદ બનાવી દેવામાં હવે લેશ પણ વિલંબ કરવા જેવો નથી. મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી... ઘટ ઘટમાં પ્રભુની ભક્તિ વહેતી કરી દો.

★-★-★

---

## પ્રવચન એકવીસમું : તત્ત્વાર્થકારિકા

---

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**

**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિજીમહારાજ જણાવે છે કે, પુન્ય આપણાં નબળાં છે. અને પાપ આપમાં સબળાં છે. નોટો ગણતાં મનવચનકાયાના યોગ તન્મય થાય છે પણ નવકારવાળી ગણતાં મન તન્મય થતું નથી. અંતરાત્માના રસથી પુન્ય બળવાન બનાવવું જોઈએ. તો જ સદ્ગતિ થાય.

સારા જીવોનો સહવાસ થવાથી પ્રગતિ થતી જાય છે, અંતે મોક્ષ થાય છે. જીવ જેવી ગતિમાં જાય તેવો થાય. દેવાત્મા બને તો ભગવાનના અભિષેકકરે. મહાવિદેહમાં જાય તો સીમંધર ભગવાન મળે. ત્યાંથી પણ ખરાબ ગતિ ન જ થાય તેવું નથી. સાતમીએ પણ જઈ શકે. આપણને પાપકર્મમાં ઘણો રસ છે, પુન્યમાં જરાય નથી. છ વિગઈ ખાવામાં જેવું મન લાગે તેવું આયંબિલમાં લાગે ?

**પ્રથમપુન્ય જીવ ઉપર કરૂણાભાવ**

કોઈ જીવ સંકટમાં હોય ત્યારે જ દયા કરવી તે ટાણું કહેવાય પણ વિશ્વના જીવોની સદાકાળ દયા ચિંતવવી. તમે બીજાને જેવું આપો તેવું મળે. વાવો તેવું લણો.

## રેવરન્સ ફોર લાઈફ.

આજે અમેરિકામાં ઝાડ સામે બેસીને પ્રાર્થના કરે છે. તેથી ઝાડ વિકસિત બને છે. લડતી ઝઘડતી આ દુનિયાને, મહાવીરના પંથે જાવું પડશે. સારૂં વિચારવા માત્રથી પણ ચૌદરાજ લોકમાં તેના પડઘા ફેલાઈ જાય છે.

## જીવદયા પાળનારનાં દૃષ્ટાંત

ભગવાન શાંતિનાથનો જીવ મેઘરથ રાજા. ધર્મરૂચિ અણગાર, મંકોડાને બચાવનાર કુમારપાળ ભૂપાલ. મેઘકુમારનો જીવ હાથી. અગ્નિકાપુત્ર આચાર્ય, ભાલા ઉપર વીંધાતાં પણ અપ્‌કાયના જીવોની દયા.

તમારા ગૃહસ્થવાસમાં જૂને મારવાની દવા, વાંદાને મારવાની દવા, માંકણને મચ્છરને મારવાની દવા આ જીવોની દયા કરવી, બચાવવા પ્રયત્ન વધારે કરવો. ઘરમાં ત્રાસ આપો તો આપણને ત્રાસ મળે. માટે ઘરને મસાણ ન બનાવતાં નંદનવન બનાવો. કોઈ પણ જીવને જ્યાં ત્યાં ફેંકી ન દો. તેને પણ મૃત્યુનો ભય હોય છે.

થિયરી એન્ડ પ્રેક્ટીશ. આપણા ભગવાને જીવદાયનો પરિણામ પણ બતાવ્યો અને જીવને કેવી રીતે બચાવવો તે પણ બતાવ્યું. લોચ કરતાં પણ જીવની વિરાધના ન થાય તે બતાવ્યું.

કપડામાં જૂ પડે અને ચોંટી જાય તો બે મહિના તેને એક ખૂણામાં મૂકી દેવાની. તે તેનું આયુષ્ય પૂર્ણ કરી દે. પૂર્વકાળમાં જીવો પડતા તો ગાયના કલેવરમાં મૂકી દેતા. તેને તેનો ખોરાક મળી રહે. આયુષ્ય પૂર્ણ બરાબર કરે તેથી આ વ્યવસ્થા હતી.

અમેરિકામાં જલ્દી મરી જવાય તેવાં પોઈઝન ઈંજેક્શનો હવે નીકળ્યાં છે. અર્ધા કલાકમાં ખેલ ખલાસ. દુઃખોને ઝીલવાની તાકાત નથી તેથી આપઘાત કરી જીવન પૂરૂં કરે છે. આ દુનિયાના માણસોનાં મન પહેલાં ઘંટીનાં પડ જેવાં હતાં, સહન કરતાં હતાં, હવે ટી.વી. એ શીખવાડ્યું છે, બધું હેપીનેસ જોઈએ. પહેલાં ભારતના માણસો ઠોકર ખાઈને આકરા થતા. રામાયણ દુઃખોની પરંપરા છે, સીતાની દુઃખમાળા જુઓ. આજની સીતાને મનનાં દુઃખો છે.

સીતા મનની મજબૂત હતી, ધર્મને હલવા દીધો નથી. દુઃખને ઝીલવાની તાકાત ખોઈ નાખી છે. મહાવીરપ્રભુ ઉપર વીતવામાં શું બાકી રહ્યું છે ? માથામાં કાળચક્રો આવ્યા, પગમાં ચૂલા આવ્યા, કાનમાં ખીલા આવ્યા છતાં ભગવાન હલ્યા નથી. રસ્તે ચાલતા માણસે પણ ભગવાનને હેરાન કર્યા છે.

સીતાને નાનપણમાં ભાઈ ખોવાયો, મળ્યો તો પરણવાની હઠે ચડ્યો, સીતાને પરણ્યા બાદ વનવાસ મળ્યો, રાવણે ઉપાડી, ઘરની ઊઠી વનમાં ગઈ તો વનમાં લાગી આગ. અશોકવાટિકામાં ચોવિહારા એકવીશ ઉપવાસ થઈ ગયા. હનુમાને પારણું કરાવ્યું. રાવણની દાસીએ સીતાને સમજાવી કે, તમારી ખાતર હજારો ચૂડા નંદવાશે, ત્યારે સીતાએ જવાબ આપ્યો, ભલે મરે, પણ શીલનો આદર્શ જતો ન કરાય.

હું રાવણની આજે થઈ જાઉં તો કેટલીય બાઈઓ નવાં ઘર માંડશે અને રામની ઘરવાળીએ નવું ઘર માંડ્યું આ યુગો સુધી કહેવાશે. લોહિયાળ યુદ્ધો થવા દીધાં પણ સીતા રાવણને વશ ન થઈ તે ન જ થઈ. આગ અને ઘીને એક જગ્યાએ રાખવા નહિ. એકાંતમાં પરપુરૂષ અને સ્ત્રીને બેસાય નહિ.

બાપે પણ ત્રણ વર્ષની બાળકીને લઈને એકાંતમાં ન સૂવાય. સાઠ વર્ષે પણ પુત્રવધૂની લાજ લૂંટનારા સસરા છે. બિલાડીની આગળ કબૂતરનાં બચ્ચાં સલામત રહી ન જ શકે. તમારી દીકરી નવરાત્રિના મેદાનમાં શુદ્ધ નથી. શુદ્ધ રહે તેમ પ્રયત્ન કરો.

બ્રહ્મચર્ય સલામત રાખવા સાધુને પણ કહી દીધું છે કે ૮૦ વર્ષની ડોસી મરી ગઈ હોય અને આગ ઉપર ચિતામાં મૂકાઈ હોય ત્યારે પણ જોવાની તારે મનાઈ છે. સાઠ વર્ષના ડોસા પણ અભિનેત્રીને ફાડી આંખે જોવે છે. આવું ધ્યાન જો અરિહંતનું થાય તો બેડો પાર થઈ જાય.

**બલવાન ઈન્દ્રિયગ્રામ : વિદ્વાંસં અપિ કર્ષતિ.**

જૈમિનીના ગુરૂ વ્યાસદેવ હતા. જૈમિની વિદ્વાન હતો, ગુરૂ કહેતા હતા કે ઇન્દ્રિયનો સમૂહ બળવાન છે અને વિદ્વાનને પણ ખેંચી જાય. જ્યારે જૈમિની કહેતો, ના વિદ્વાનને ન ખેંચે. કારણ શરીરની અશુચિ અસારતા વિદ્વાન જાણે છે. ગુરૂ-શિષ્યનો વાદ ચાલ્યો, ગુરૂ હવે નદીકિનારે વિચાર કરવા ગયા. આ તરફ જૈમિની એકલો છે. રાત્રે જાપ કરી રહ્યો છે. રાત્રે વરસાદ પડ્યો.

તે અવસરે એક સ્ત્રી રડી રહી છે. તે બહાર નીકળ્યો. બૂમ પાડી, એય, અહીં આવ. સ્ત્રી આવી. જૈમિની તેને જોતાં જ હલી ગયો. વિષયની ચળવળ શરૂ થઈ ગઈ. પૂછવાની શરૂઆત કરી. તમે ક્યાંનાં છો ? તમારૂં નામ શું ? પરણેલાં કે કુંવારાં ? પેલી તો બિચારી શાંત હતી. જૈમિની ઊઠ્યો, તારો ઘુંઘટ ખોલ. સ્ત્રીએ ન ખોલ્યો. અને જૈમિનીએ ખોલ્યો, તો પોતાના દાઢીવાળા ગુરૂ જ નીકળ્યા. જૈમિની કાનબૂટ પકડી ગયો. સ્ત્રીપુરૂષને એકત્ર રખાય નહિ આ વચન સાચું લાગ્યું.

એક શકડાલનંદન, નેમિનાથે પણ ગિરનારની ગુફા પકડી. વિજાતીયદોષથી નિર્દોષ રહી શકાય નહિ. પ્રેમ આત્મિક ટકે નહિ. કોઈ કોઈના વિના રહી શકતું નથી તે વાત ખોટી છે. બધા બધા વિના જીવી શકે છે. બધા ભૂલી જતા હોય છે અનંતા ભવોમાં કેટલા પ્રેમ કર્યા ?

અનંતીવાર લોહીના સંબંધ થયા. બધાંયને ભૂલી ગયા છીએ. દરિયો અગાધ હોય, પ્રેમ અગાધ ન હોય. રામના ઘરમાં આવેલી સીતાની લોકવાયકા ચાલી કે, સીતા છ મહિના રાવણને ઘેર રહી આવી તો શુદ્ધ ન હોઈ શકે. આ સાંભળી રામે વિચારણા કરી કે, નીતિનાં મૂલ્ય ન હણાય. મૂલ્ય સૌથી મહાન છે, કોઈક કહેશે કે, આવી કુલટા સ્ત્રીને ઘેર ન રખાય. જગતમાં આનો અપવાદ ફેલાશે. માટે જંગલમાં લઈ જાઓ. ગર્ભવતી સીતાને આ રીતે આ પણ અતિ ઉપાધિ આવી. જગતે કાદવ ઉછાળ્યો. પછી બે પુત્ર જનમ્યા, મોટા થયા. હવે ઘેર લાવવા કહે છે. અને રામ વિચારે છે કે, હવે અગ્નિપરીક્ષા કર્યા વિના ઘેર ન લવાય. પરીક્ષા લીધી. આગ પાણી થઈ ગયું. શુદ્ધ થઈને બહાર નીકળ્યાં. સતી-માનો જયકાર કર્યો, પાણી ઘણાં ઉછળ્યાં, લોકોએ પ્રાર્થના કરી, બચાવો અને સતીએ પાણી ઉપર હાથ ફેરવ્યો પાણી વળી ગયાં.

સીતાદેવીનો જયજયકાર થઈ ગયો. સીતાને પાંચ પાંચ ઉપાધિ આવી ગઈ. પણ એ ઉપાધિમાં મનને સહજપણે તેમણે કેળવી રાખ્યું હતું. માટે દુઃખને ઝીલવાની તાકાત રાખો. જીવન છે તો ઠોકરો વાગવાની જ.

સંપૂર્ણ સુખ તો સિદ્ધિગતિ સિવાય છે જ નહિ. માટે સહન કરવાની, ઠોકર ખાવાની વૃત્તિ કેળવતા જાઓ.

**સુંદર સુવાક્યો.**

**સન્નારીનાં ચાર સુલક્ષણો :** (૧) હસતું મુખડું (૨) ઉદાર હાથ (૩) મધુર વાણી (૪) વર્તનમાં વિનય.

***માતૃહસ્તેન ભોજનં, માતૃમુખેન શિક્ષણં.....***

★-★-★

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

અનંત ઉપકારી શ્રી ઉમાસ્વાતિજી મહારાજા કહે છે કે, કર્મ-કલેશ-દોષો બળવાન હોય તો શું કરવું ? સખત પુન્ય ઊભાં કરવાં જોઈએ. જે દિવસે પુન્ય બળવાન બનશે તે દિવસે....

બાપલડાં રે પાતિકડાં તુમે શું કરશો હવે રહીને રે... શ્રી સિદ્ધાચલ નયણે નીરખ્યો, દૂર જાઓ તમે વહીને રે. આટલી પ્રચંડ તાકાત પુન્યની છે. તેમાં અનેક યોગો છે. પ્રથમ જીવદયા... પૈસાની વૃત્તિ ચોવીશ કલાક છે તેવી અમારિ પણ રોજ જોઈએ.જીવદયા પાળનારા શ્રાવક-શ્રાવિકા પણ આ કાળમાં છે. ચોમાસામાં કોથળા ઉપર સીધો પગ ન મૂકાય. જીવો મરી જાય.

એક ભાગ્યશાળી પ્રતિક્રમણ કરવા આવ્યા, પૂજ્યા વિના ૮૦ કિલો શરીરને લઈને બેસી ગયા. પછી ઊઠ્યા, સાધુ ચાલ્યા ગયા, શ્રાવકો ધોતિયાં બદલવા લાગ્યા, લાઈટ થઈ, પેલા ભાઈના શરીર નીચેથી ૫૦૦ જેટલી કીડીઓની રથયાત્રા નીકળી પડી. કારણ કીડીઓએ વાંદાને પકડ્યું હતું. અને આ રીતે કીડીઓ મરી ગઈ હતી. હજારો રૂપિયાની જીવદયા કરો પણ પરિણામ દ્વારા પુન્ય બંધાય. બ્રહ્મવ્રત કોઈ લે ત્યારે અબ્રહ્મનો સતત ત્યાગ છે. કદાચ પ્રમાદના કારણે અજાણતાં પણ હિંસા થઈ જાય તો ય પુન્યનો બંધ. અંતરાત્માના પરિણામ ઉપર આધાર છે. સાક્ષાત્ ટી.વી. જોવાથી હિંસાના પરિણામથી નરકે જવાના પણ પરિણામ થાય છે. કીકાને ફટાકડા ફોડતાં ન આવડે તો પપ્પા શીખવાડે છે.

વીડીયાએ આ બધું શીખવાડ્યું છે. આપણી સંસ્કૃતિનો નાશ કર્યો છે. જીવો પ્રત્યેની લાગણી ખતમ કરી નાંખી છે. સીસોદીયા રાજાને વ્યાધિ લાગુ પડી, કોઈએ કબૂતરના લોહીને લસોટીને દવા અંદર આપવા કહ્યું, તો રાજા સાજા થઈ જાય. અને રાજાને ખબર ન પડે તેમ કબૂતરને મારીને દવા આપી દીધી. રાજા બે દિવસમાં સાજો થઈ ગયો, અને છ મહિના બાદ રાજાએ કહ્યું કે, આ દવાનું નામ લખી દો, મને જેમ જલ્દી વ્યાધિ ગઈ તેમ બીજાને પણ કામ લાગે. અને પેલા હજૂરિયાએ વાત કહી દીધી. રાજાએ જાણ્યું ત્યારે ખૂબ પસ્તાવો કર્યો, ઠપકો આપ્યો અને કહ્યું, મારા શરીર ખાતર બિચારા નિર્દોષ જીવને માર્યો ?

**બીજું પુન્ય દુઆ...**

દુઃઆથી પુન્ય પુષ્ટ બને છે. દુઆ એટલે ટેલીપથી. ફોરેનમાં મહર્ષિ કર્વે થઈ ગયા. સો-વર્ષના દીર્ઘજીવી થયા. સવ્વે જીવા વિ ઇચ્છંતિ, જીવિઉં ન મરિજ્જિઉં. ડોસીઓ બોલે ખરી હે જમડા આવ. પણ જમ આવે ત્યારે ના પાડે. માણસો કર્વે પાસે રહસ્ય જાણવા આવ્યા. સવારથી શું શું કરો છો વિગેરે પૂછે છે, તંદુરસ્તી પુન્યને આધીન છે. જીવદયાના પરિણામથી તંદુરસ્તી થાય છે.

હવે પ્રતિક્રમણ છૂટી ગયાં, સવારે ચડ્ડીઓ પહેરી પહેરીને વ્યાયામ કરવા નીકળી પડે છે. પણ જૈનદર્શનમાં ત્રણ પ્રયોગ બતાવ્યા છે. (૧) શીર્ષાસન (૨) ખમાસમણ (૩) કાયોત્સર્ગ.

તાવકાયં... વોસિરામિ શરીરને વોસિરાવી દે છે. બાર આગાર છે, આવેગને રોકાય નહિ.

ખમાસમણને મોટી એકસરસાઈઝ કહી છે. કાયોત્સર્ગને ખડ્ગાસન, શવાસન પણ કહેવાય. મડદાની જેમ ઊભા રહેવાનું. બહુ મોટી આપત્તિ વખતે કાયોત્સર્ગ લઈ લેવો. ઉપાધિથી મુક્ત થઈ જવાય.

કર્વેએ કહ્યું, બદામ-કઢીયાં દૂધ વિગેરે કામ ન આવે, દુઆ કોની ? ગરીબોની. કર્વે કહે છે, એક ગરીબ ડોસી મારે ત્યાં કામ કરતી હતી. તેનો પતિ માંદો પડ્યો. રૂા. ૫૦૦ ની જરૂર પડી. કર્વેએ પાંચ

હજાર આપી દીધા. પતિ એક મહિના બાદ માંદગીમાંથી ઊઠી સાજો થયો. બાઈ ૧૫૦ રૂા. પાછા આપવા આવી.

ત્યારે કર્વે બોલ્યા, મેં પૈસા પાછા લેવા આપ્યા નથી. મારો ભાઈ છે તેમ માનીને આપ્યા હતા. મેં તેને મારા ઘરની જેમ જ માન્યો છે. તે બાઈ હર્ષમાં આવીને બોલી, મારા શેઠ ! તમે સો વર્ષના થજો. અને તે દિવસથી મને આશીર્વાદ મળ્યા છે. અને હું આ દુઆથી સો વર્ષનો થયો છું.

આજના નેતાઓએ હજારો ગરીબોની આંતરડી દુભાવી છે. અને વગર દવાએ દુઆથી સારા થનારા અનેકોનાં દૃષ્ટાંતો છે. ગરીબની હાય ઘણાંને લાગે છે.

## કલકત્તાના શ્રીમંતનું દૃષ્ટાંત

એક રાજસ્થાની ભાઈનો દીકરો સાત દિવસ બેભાન રહ્યો. શ્રીમંત હોવાથી ડોક્ટરો જેટલા લવાય તેટલા લાવ્યા. એકનો એક દીકરો, બચાવવાની પૂરી ઇચ્છા હતી. પણ ડોક્ટરોએ હાથ ધોઈ નાખ્યા. છેવટે ભગત ડોક્ટર સુરેશ ઝવેરીને બોલાવ્યા, અને તેમણે ય હાથ ધોયા.

છેવટે બાપાએ કહ્યું, કાંઈક તો કરો. પછી ડોક્ટરે કહ્યું, સદાવ્રત ખોલો, ગરીબોને છૂટા હાથે દાન આપો. અને શેઠે તેમ કર્યું. સાતમા દિવસે છોકરો સાજો થઈને મોટરમાં ઘેર ગયો. દુઆ બધાંની લેવી, શ્રાપ દેવા નહિ, નિસાસા કોઈના લેવા નહિ. ફૂલ નહિ તો ફૂલની પાંખડી તો ભિખારીને આપવું... પણ સરસ્વતી તો નહિ જ સંભળાવવી. સોમાં કદાચ પાંચ જૂઠા પણ નીકળે તેટલા માત્રથી બધાને તો જૂઠા ન જ મનાય.

સો લગ્ન થાય તેમાં પચીસ ફેલ જાય તેટલા માત્રથી લગ્ન નથી કરતા ? બધા જ સફળતાને સામે રાખે છે. સાસુ ભલે પછી દુઃખી થાય પણ એકવાર તો વહુ લાવવાના તેના કોડ હોય જ છે. મેંદીનો રંગ બે મહિનામાં જ ઊડી જાય છે. છતાં લગાવે જ છે ને ? સહુથી જેલનો કેદી હોય તો બાપડો પતિ છે. વહુ તરફ ચાલે તો બાયડીનો કહેવાય, ને મા તરફ ચાલે તો માવડિયો કહેવાય.

ઓફિસે જાય તો ટેન્શન. ધોબીકા કુત્તા જેવી પરિસ્થિતિ થઈ જાય. ધન્ય છે આ સંસારના જીવને, જેઓ આ રીતે પણ જીવી રહ્યા છે. બાકી તો શાંતિથી જીવવા સાધુજીવન જ સારૂં છે.

## સુવાક્યો

મકાન તૂટી જાય એટલા માત્રથી જીવન નિસ્તેજ બની જતું નથી, યુવાનપુત્રનું મરણ થઈ જાય એટલા માત્રથી જીવન ત્રાસદાયક બની જતું નથી, શરીર રોગથી વ્યાપ્ત થઈ જાય એટલા માત્રથી જીવન ફેંકી દેવા લાયક બની જતું નથી, પણ મન જ્યારે તૂટે છે, ફૂટે છે, બગડે છે, ભાંગે છે હારે છે ત્યારે આખું ય જીવન ખળભળી ઊઠે છે. માટે મનને સજ્જડ બનાવો, મનને પ્રફુલ્લિત રાખો. મનને સહનશીલ બનાવો.... એજ.....

★-★-★

**परमार्था लाभे वा, दोषेश्वारंभक स्वभावेषु**
**कुशलानुबंध मेव स्यादनवद्यं यथा कर्म....३**

ભૂતકાળના અનાદિના સંસ્કાર બહુ જોર મારી જાય ત્યારે સુધરી જવા પ્રયત્ન કરવો. ભૂંડાં કર્મો અશુભ કર્મોને લાવે છે. તો શું કરવું ? દઢપ્રહારી સત્ત્વશાળી હતા. કમ્મે શૂરા, ધમ્મે શૂરા. અર્જુનમાળી પણ કર્મો ખપાવી મોક્ષે ગયા. અનાદિનો સંસાર બેલેન્સ બોલતો હોય પણ છ મહિના વીર્ય ફોરવી મોક્ષે પહોંચી ગયા.

પણ અલ્પસત્ત્વ હોય તેઓએ લડો નહિ પણ લડાવી મારો. પાપની સાથે પુન્યની ફાઈટ કરી. ખેતરોમાં કેળ હોય ત્યાં કીડા ઘણા હોય, પણ કેળને બચાવવા ખેડૂત એની જોડે જ એરંડી વાવી દે છે. એરંડી કેળને સડવા દેતી નથી. પાપની સાથે પુણ્યના ક્યારાને વાવી દો.

**પહેલું પુન્ય ૧ દયા...**

અબોલપ્રાણીની દયા કરો. માનવીની દયાથી જીવનારાં. માનવીની ક્રૂરતાથી મરનારાં. કોઈ હંસ હોય ને શિકાર કરી દે. એનું જીવતર માનવી પર અવલંબે છે. માણસ ઘાસચારો બંદ કરે તો પશુઓ મરી જાય. આપણે તેની દયા કરીએ..ખોળે આવેલા બાળકને બધા સંભાળે પણ વાંદા-કીડીને કોણ બચાવે ? આપણે જ તેઓના માબાપ બનીને તેઓની દયા કરતાં શીખવું જોઈએ. સ્વકાર્યમાં જેઓ પરાધીન છે, હાથ-પગ નથી, ટૂંટા છે. અથવા સારા છે, અથવા જેઓનાં કોઈ સગાં-સ્વજનો નથી આવાને સહાય કરીને દુઆ મેળવો.

**બીજું પુન્ય દુઆ**

કોઈ માણસનો ભલો ભાવ પણ કામ કરી જાય છે. માટે અંતરમી આશિષ મેળવો. બપ્પભટ્ટિની આચાર્યપદવી વખતે ચતુર્વિધ સંઘની હાજરી તો હતી જ, પણ કેવું પૂન્ય, કેવું બ્રહ્મચર્યનું તેજ ? લક્ષ્મી અને સરસ્વતીદેવી પણ હાજર થઈ ગઈ, ક્યાં બેસવું ? બચ્ચભટ્ટિ ફેરા ફરતા હતા અને બંને દેવીઓ તેમના ખભા ઉપર બેસી ગઈ, અને ફેરા ફરવા લાગી. અને ગુરૂની નજર ત્યાં પડી, ઓહ ! ગુરૂ નિસાસા સાથે ચિંતાતુર થઈ ગયા, ગુરૂનો વિષાદયુક્ત ચહેરો જોતાં જ શિષ્ય સમજી ગયા, પાસે જઈ પૂછ્યું, કેમ ચિંતાતુર ? ગુરૂએ કહ્યું, પતન ન થાય તો સારૂં.

તેજીને ટકોરો બસ છે. અને આ મહારથીએ જીવનભર વિગઈત્યાગ અને ભક્તના ઘરની ગોચરી ત્યાગ કરી દીધી. ગુરૂને પણ આનંદ થઈ ગયો અને તે જ વખતે શબ્દો ઉચ્ચાર્યા : હે વત્સ ! મહાબ્રહ્મચારી ભવ ! ગુરુના આ શબ્દો એ જ મહાન દુવા મળી ગઈ. આવા આશીર્વાદથી જીવનભરનું કામ થઈ જાય. ચપટીભરી ચોખાને ઘીનો રે દીવડો ન ચાલે. ચપટી વાસક્ષેપથી પણ ન ચાલે. એણે તો જીવન કુરબાન કરવાં પડે. ગરીબના અંતરમાંથી નીકળેલી દુવા પણ ક્યારેક કામ કરી જાય.

**એક પ્રસંગ**

ભાણાભાઈ દ્રવ્યગુણપર્યાયનો રાસ ભણ્યા હતા. એકવાર પ્રવાસમાં ગયા હતા. એક ડોસી રસ્તામાં પડી હતી, તેના સામું કોઈ જોતું ન હતું, પણ ભાણાભાઈ વિચાર કરવા લાગ્યા, અરે ! એક ભવમાં આ પણ મારી મા જ હશેને ? અને તેઓ તેની પાસે ગયા. અને બોલ્યા, મા ! તને શું જોઈએ છે ?

બસ, મા શબ્દ સાંભળતાં તે ચોધાર આંસુએ રડી પડી, અને બોલી ! બેટા ! ત્રણ દિવસથી ભૂખી છું, મને ખાવા જોઈએ, ઓઢવા જોઈએ, આ સિવાય બીજું કાંઈ ન જોઈએ.

નાના માણસને થોડું મળે તો સંતોષ થઈ જાય, આપણને બધું ઓછું જ લાગે છે. તમને તરસ કેવી લાગે ? શરબતની, થમ્સપની, રોટલીની ભૂખ નથી લાગતી, શ્રીખંડ અને પૂરીની ભૂખ છે. રોડ ઉપરનાં નાગાં બાળકોને જુઓ, કેવી સાચી ભૂખ તેઓને લાગે છે ! બિચારાં રોટલાને મરચું જ ખાતાં હોય છે, કેટલીકવાર તો ખાવા પણ પૂરૂં મળતું નથી, છતાં તેઓની કાંઈ જ ફરિયાદ હોતી નથી.

ચાર ચાર ગાદલાં અને ખાવાપીવાનાં પૂર્ણ સુખ તમને હોવા છતાં હડકાયાં કૂતરાં જેવો હડકવા લાગ્યો છે. મોઢું દિવેલિયા જેવું લઈને ફરો છો. માણસોની ફરિયાદોના જાણે અંત જ નથી.

**એક સત્ય ઘટના**

એક માણસ સમુદ્રમાં પડી ગયો, અને બે મહિને બહાર નીકળ્યો, ત્યારે પત્રકારો બોલ્યા, તું જલ્દી બોલ, તારા માટે પહેલા શબ્દો શું લખું ? તેં બે મહિના શું વિચાર્યું ? તે બોલ્યો, હે ભગવાન્ ! બે પવાલાં પાજે અને બે હાથની જગા રહેવા મળે એટલે બસ છે. ફર્નિચર શાના માટે કરો છો ? દેખાવ માટે જ ને ? માણસને બે રોટલી, રહેવા મકાન, અને ઓઢવા બે કપડાં બસ છે. તમે તમારા મન સાથે સમાધાન કર્યું નથી, ઈચ્છાઓ આકાશસમી. સુંદર પત્ની જોઈએ છે, હાથે કરીને હોળી પ્રગટાવે છે. ભાગ્યમુજબ ઈચ્છા કરો તો બરાબર છે, વધારે ઈચ્છે તે વધારે ભટકે. સાધુ સફેદ કપડાં સિવાય કાંઈ જ ન ઝંખે. પળમાં પાપને પેલે પાર. જો ચૌદ નિયમ ધારો તો...

***(૧) સ્મશાનનો ખાડો (૨) પેટનો ખાડો (૩) સમુદ્રનો ખાડો (૪) ઈચ્છાનો ખાડો.***

મડદાંથી પહેલાંખાડો ન ધરાય. અનંતી રોટલીથી બીજો ન પૂરાય. ગંગાજમનાનાં પાણીથી ત્રીજો ખાડો ન પૂરાય, ઈચ્છાને ત્યાગો તો જ ચોથો ખાડો અટકે. ચિત્તશાંતિ, ઈચ્છાના ત્યાગથી જ થશે. બારવ્રત અને ચૌદ નિયમમાં આવી જાઓ. હવાખાવાના બંગલા પંચગીનીમાં બંધાવ્યા છે, હવા ખાવા નહિ પણ હવા મનમાં ભરવાની છે. રાગનાં આ તોફાનો છે. જેટલી સામગ્રી ઓછી તેટલી જંજાળ ઓછી. હાર્ટનાં દર્દો ઘણા શ્રીમંતોને સતાવે છે. ગરીબોને બ્લડપ્રેશર નથી થતાં, તે રોગ પણ કહે છે મને શ્રીમંતો જોડે જ ફાવે. પ્રેશરકૂકર એટલે... ઘેર ઘેર બ્લડપ્રેશર.. હૃદયના સંતાપ ઓછા કરો તો પ્રેશર ન થાય. પરમાત્માના શરણે જવાથી પ્રેશર ન થાય. ભાણાભાઈ પેલી ડોસી માટે બે રગ લાવ્યા, મહામહિનાની ઠંડીમાં તેને એક સારી જગા અપાવી, અઠવાડિયાનું ભાતું અપાવ્યું, આ રીતે પેલી ડોસીની સેવા કરી. આનું નામ વડીલોની, ગરીબોની દુઆ કહેવાય.

**કલૌ સંઘે બલં, સતયુગમાં એક માણસ ચાલે, કલિયુગમાં સંઘનું સામુદાયિક બળ જોઈએ.**

***સુવાક્ય = સુખ એ સંપત્તિ છે, દુઃખ એ વિપત્તિ છે, અજ્ઞાનીઓ આ માન્યતાથી જીવે છે. જ્યારે...***

***પરમાત્માની સ્મૃતિ એ જ સંપત્તિ અને વિસ્મૃતિ એ જ વિપત્તિ. આ માન્યતાથી જ્ઞાનીઓ જીવે છે, આપણો નંબર શામાં ? વિચારજો.***

**૪. પ્રકારનાં પુન્ય.**

(૧) દયા (૨) દુવા - બે મુદ્દા થયા, ત્રીજો મુદ્દો. વૃદ્ધોપસેવી (૪) તાજું પુન્ય અરિહંતની ભક્તિ.

આ દેશમાં વૃદ્ધોની સેવા થતી. હવે કાળ બદલાયો. અમેરિકામાં સોળ વર્ષની વયે છોકરાને ફેંકી દે. કામ કરતાં માબાપ અટકી જાય તો ફેંકી દે. મરી જાય તો ત્યાં બાળનાર કોઈ જ નથી.

**ત્રણ પૂજનીય... ત્રીજું પુન્ય વૃદ્ધોપસેવી**

(૧) શ્રુતસ્થવિર (૨) વયસ્થવિર (૩) પર્યાયસ્થવિર. ભણીને સ્થિર થયા, તે શ્રુતસ્થવિર.

નાના હોય પણ સ્થિર થયા હોય તે ૨ પર્યાયસ્થવિર. પર્યાયે મોટા હોય, અનુભવો થયા હોય, ઠોકરો

ખાઈને અનુભવ પામ્યા હોય તે વય સ્થવિર. વડીલોની સેવા મહાન પુન્યનું કારણ છે. વડિલોનું પુન્ય હોય તો જ સેવા થઈ શકે. પત્નીઓ પોતાના પતિને કાન ફૂંકી ફૂંકીને ચઢાવે છે, સેવા ભક્તિ કરતાં કંટાળો આવે છે. સતામણી બહુ જ કરે. નાલાયક દીકરાઓ બાપને ધમકી આપે છે, જો ગાડી નહિ લાવી આપો તો જાનથી મારી નાખીશ. એવું પણ બોલનારા છે. કીડીને ન મારનારા જૈનના મુખમાંથી આવા ખાટકીને લાયક શબ્દો નીકળે તે શોભે ? ખાટકી પણ પોતાના બાપને તો ન જ મારે. પાડાને મારે, બાપને નહિ.

મા બાપ અને ગુરૂને દુભવવા નહિ. જો ગુરૂને દુભાવે તો શિષ્યને ગળામાં કેન્સર થઈ જાય. કર્મસત્તા એવો દંડ આપે છે કે, એક જ રોગમાં મરણ થઈ જાય. આંખમાં પણ કેન્સર થાય છે, વચલી કીકીમાં પણ બાજરી જેટલો દાણો થાય છે. ખરાબ વેણ કાઢ્યાં હશે તો જીભમાં પણ કેન્સર થશે. બંધ સમય ચિત્ત ચેતીએ...

માતપિતા વૃદ્ધોને સતાવ્યા તો આ જનમમાં જ નારક દેખાઈ જશે. પરલોકમાં તો પરમાધામીઓ તેનાં હુલામણાં કરશે. કેટકેટલી તકલીફો વેઠીવેઠીને ડોસા-ડોસી તમને મોટા કરે છે, અને છોકરા યુવાનીના તોરમાં માબાપને છોડીને જુદા થઈ જાય છે. ચાર ચાર દીકરા હોવા છતાં માબાપને રાખનાર કોઈ જ નહિ. સુંદર મહેલ જેવા બંગલામાં ઘરડાં માબાપ ન જોઈએ. અમારો સંસાર તો લવલી-લવલી સોહામણો જોઈએ.

*વિહડંતિ સુઆ વિહડંતિ, બંધવા વલ્લહાય વિહડંતિ*
*ઈક્કો કહવિ ન વિહડઈ, ધમ્મો રે જીવ ! જિણભણિઓ.*

અંતટાઈમે કોઈ કામ નહિ આવે, ધર્મ હોય ત્યાં કોઈની જરૂર પણ નથી. વ્હાલ અને પ્રેમ કરવાં હોય તો પરમાત્માને જ કરો. પૂર્વના પુરૂષો ધર્મને જ વળગી રહેતા અને સંકટમાં કરેલા ધર્મથી અટવીઓમાં પણ હેમખેમ પાર ઉતરતા.

સતી સીતાજી કૃતાંતવદન નામના સારથિને કહે છે, આપણે તો શિખરજી જવાનું છે, તું અહીં કેમ ઉતારે છે ? ત્યારે સેવક કહે છે, આપને જંગલમાં છોડવાની સ્વામીની આજ્ઞા છે, સીતાજી પામી ગયાં, અને સારથિને કહ્યું, પોતાના સ્વામીની આજ્ઞાને શીરોધાર્ય કરે છે, તે જ સાચો સેવક છે, યથેચ્છં ગચ્છ. ઘોર શ્વાપદોની વચ્ચે બેસવાનું બળ કોણે આપ્યું ? ધર્મે જ.

વ્હાલા રે વ્હાલા શું કરો, વ્હાલા વોળાવી વળશે. વ્હાલાં તે વનકેરાં લાકડાં, તે તો સાથે જ બળશે. હજારો સતીઓ આ રીતે જંગલમાં ગઈ છે, પણ ધર્મના શરણે જ ગઈ છે. અંતરાત્માની અંદર ધર્મ બેઠો હોય તે આપઘાત ન કરે.

ટી.વી., વીડીયો જોઈજોઈને માણસ ફરી ગયો છે. બેડરૂમ બની ગયો છે. વેષ ફર્યા, ખાવાનું ફર્યું, રહેણી-કહેણી, ભાષા ફરી, હવે શું બાકી રહ્યું ? માબાપને કાઢી મૂકવાનાં બાકી છે.

વૃદ્ધ માણસો પૂજનીય નથી, પૃથ્વી ઉપર ઘરડાંનો ભાર છે, આ રીતે બોલાઈ રહ્યું છે. દૂધાળી ગાયોને રાખો, બિનદૂધાળીને મારી નાખો, માણસ કામ કરતો બંદ થઈ જાય તેને મારી નાખો, જે માણસ હેરાન થઈને જીવતો હોય તેને મારી નાખો, બકરીઓને તો મારવાનું ચાલુ જ છે.

ગાંધીજી પણ ક્રિશ્ચિયનોના ફંદામાં ફસાઈ ગયેલા અને બોલવા લાગેલા, ધીમે ધીમે મારો, કરૂણાથી મારો, ગોડસેએ મર્સીફૂલ ગાંધીજીને મારી નાખ્યા. જરૂર વગરના માણસોને મારી નાખવા આ સો વર્ષના આંતરાંનું વલણ છે. મા તે મા બીજા બધા વગડાના વા. આ ઉક્તિ હવે ફેંકી દેવાશે. પશ્ચિમની વા વાઈ ગઈ છે. સંસ્કૃતિમાં ઘા મૂકાઈ ગયો છે, દેખતે રહો, દાઝતે રહો. પહેલાં કહેવત હતી કે, દેખવું નહિ ને દાઝવું નહિ. નવરાત્રિના ગરબામાં માબાપ જવા ન દે તો ધૂરકિયા કરે છે. જેવું દશ્ય તેવું દષ્ટાંત. ઘેર

બેઠાં બેઠાં પણ નાની નાની ટેણકીઓ ગરબા લેવા માંડી છે.

વૃદ્ધોપજીવિનઃ શ્રવણ કાવડમાં માબાપને લઈને જાત્રા કરાવતો. મારવાડી ડોસીને જાત્રા કરવી હતી પાલીતાણા ઉપર દાદાની. દીકરો ડોલી કરવા ગયો પણ ડોલીવાળાએ બારસો માગ્યા, દીકરો પાછો આવી ડોસીને જાતે લઈને ચઢવા લાગ્યો. ધીમે ધીમે ચઢી ગયો. માજી દહેરાસરમાં પહોંચ્યાં. દીકરાએ માને પૂછ્યું, તારી શું ઈચ્છા છે ? મા કહે, બેટા ! લાયો છે તો દાદાની પહેલી પૂજા કરાવ. અને મારવાડી બચ્ચાએ ૩ા લાખમાં માને પૂજા કરાવી. અને બહાર આવીને ફરી પૂછ્યું, હવે શું ઈચ્છા છે ? બેટા ! જાત્રા કરાવી તો હવે સાધર્મિક ભક્તિ કર. અને આખા પાલીતાણાને ૩ લાખમાં જમાડ્યું. ફક્ત સાડાબારસો ડોલીના ન ખરચનાર માણસે માતાની પ્રસન્નતા ખાતર એક જ દિવસમાં છ લાખ ખરચ્યા. આવા પણ માડીજાયા ભક્તો આ કાળમાં હજી પણ છે. માણસ મરી જાય છે અને તેની કિંમત પછીથી અંકાય છે. એક દાંત પડી જાય ત્યારે જ જીભડીને એની કિંમત સમજાય છે. પછી જો જીભડી તે પડેલા દાંત આગળ સંભાળ રાખ્યા કરે છે. પણ જયારે બત્રીસે સલામત હોય ત્યારે સામું ય જોતી નથી. તેમ વૃદ્ધો માટે છે. રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ? વૃદ્ધજનોની સેવાં અતિ પુન્ય બંધાવનાર છે.

**ચોથું પુન્ય : અરિહંતની ભક્તિ - શ્રીપાળ - મયણા જેવી.**

ચોથું પુન્ય ગરમાગરમ ભજીયા જેવું છે. તે છે અરિહંતની ભક્તિ. ભક્તિ દ્વારા તાજું તાજું નવું પુન્ય બંધાય છે. અને આ ભવમાં જ તે ભોગવાય છે. દેવગુરૂની ભક્તિ તે જ ઊંચામાં ઊંચું પુન્ય છે. માટે આ ચાર પુન્યો હંમેશાં કરતાં જ રહો : (૧) દયા (૨) દુઆ (૩) વૃદ્ધસેવા (૪) દેવગુરૂની ભક્તિ.

★-★-★

## પ્રવચન ચોવીસમું : શ્રી તત્ત્વાર્થકારિકા

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

અનંતઉપકારી તારકજિનેશ્વરદેવના શાસનમાં લગાતાર પચાસ વર્ષ સુધી જેણે માંસભક્ષણ કર્યું છે તેવા એક માણસને ગુરૂ મળ્યા. શિવનો ભક્ત, અજૈન, હું માંસભક્ષણ નહિ છોડું આવો માણસ પણ જિનશાસનને પામીને પરમાર્હત્ બન્યો અને જીવનભર માંસ છોડી દીધું. ટર્નીંગ પોઈન્ટ ઓફ લાઈફ શું નથી થતું ? આવાં માણસોનાં પણ પરિવર્તન થયાં છે. કોણ આ મહાપુરૂષ ? રાજા કુમારપાલ.

પહેલાં ક્ષત્રિય હતા, પરમાત્માનું શાસન મળ્યું ન હતું, પણ મળ્યા પછી શ્રેષ્ઠ કોટિના શ્રાવક બન્યા. તુજ શાસનરસ અમૃતદીઠું, સંસારમાં નવિ દીઠું રે... અત્યારે તેઓ વ્યંતરદેવ છે, ભગવાનની ભક્તિ શું નથી આપતી ? તેઓ ગણધરપદ પણ પામવાના છે. પદ્મનાભસ્વામીના ગણધર થશે.

સામાયિક પ્રતિક્રમણ કદાચ ન કરી શકો તો પણ જિનપૂજા તો અવશ્ય કરવી જોઈએ. સાધુને બ્રહ્મચર્યવ્રત વગર ન ચાલે. શ્રાવકને જિનપૂજા વિના ન ચાલે.

ષોડશકમાં પૂ. હરિભદ્રસૂરિજી મ.સા. લખે છે કે, શ્રાવક મોક્ષમાર્ગની નજીક આવી ગયો તેની ખાત્રી શું ? ત્યાં ઉત્તર આપેલ છે કે, જિનપૂજનકરણ લાલસમતિઃ કદાચ સમકિત ન પામ્યો હોય પણ જિનપૂજા પ્રથમ આવવી જોઈએ. પ્રભાત પહેલાંનો સમય અરૂણોદય કહેવાય. ઉષાપ્રગટી કહેવાય.

**અધ્યાત્મની ક્ષિતિજ. પ્રીતિ અનુષ્ઠાન...** પરમાત્મા પ્રત્યેનું આકર્ષણ અંતરાત્મામાં ઉમેરાઈ જાય.

કોલેજની નવયુવાન કુમારિકા જોઈને જેમ યુવાન ખેંચાઈ જાય તેમ. પરમાત્મા તેને ખૂબ ગમવા માંડે. મંદિરમાંથી ખેંચીને તેને બહાર કાઢવો પડે. પરમાત્મા પાસે પહોંચતો થઈ જાય. પરમાત્મા સિવાય તેને સંસારની ચીજો ન ગમે. આ પ્રીતિઅનુષ્ઠાન કહેવાય.

પ્રેમનો સંબંધ પહેલાં શરૂ થાય. ભક્તિ અનુષ્ઠાન હજુ દૂર છે. આનંદઘનજીએ ગાયું, ઋષભજિનેશ્વર પ્રીતમ માહરો રે, જિનપદ્મિનીમન પિયુ વસે, નિર્ધનીયા હો મન ધનકી પ્રીત. એમ પરમાત્મા મનમાં વસી જાય. મીરાંએ ગાયું, પરણી હું પ્રીતમ પ્યારો. રંડાવાનો ભય વાર્યો, મુખડાની માયા લાગી રે... મોહનતારા. સ્ત્રીના મનમાં હંમેશાં ભય હોય, હાય પતિ ચાલ્યો જશે તો ? જગતના માણસને આ રીતે પ્રેમ હોય ત્યાં ભય રહેવાનો જ.

મીરાંએ અજર, અમર સાથે પ્રીતિ બાંધી. અવિકારી સાથે પ્રેમ બાંધ્યો. મીરાં આખી રાત નાચતી હતી. ગાંડી, બેભાન બની જતી. રામકૃષ્ણ પરમહંસ મંદિરમાંથી નીકળતા તો શિષ્યો જયમહાકાલી ન બોલતા. કારણ માનું નામ સાંભળતાં જ તેઓને સમાધિ લાગી જતી.

તમારા રોમેરોમમાં મહાવીરનું નામ ગુંજે છે ? પેથડમંત્રી આંગી રચેને બહાર માણસ ઊભો રાખે. અને બે કલાક રાજમહેલમાં નહિ આવે તેવી સૂચના કરે. રાજાએ માળીના સ્થાને ડ્યુટી કરી, પણ આડા અવળાં ફૂલો આવવાથી પોલ પકડાઈ ગઈ. માળીના સ્થાને રાજાને જોઈને મંત્રી ચમક્યા.

રાજા ખુશ થઈને બોલ્યા, યુદ્ધની નોબત વાગે તો પણ આ ભક્તિના ટાઈમે તમારે રાજમહેલમાં આવવું નહિ. નક્કી સૂચના કરી દીધી. પરંતુ આ બધું ક્યારે બન્યું ? પેથડને પ્રભુભક્તિ વ્હાલી હતી તો જ. માણસ હવા ખાવા, રખડવાના બહાને મહાબલેશ્વર, ઊટી, માથેરાન, માયસોર આદિ સ્થાને પહોંચી જાય છે, પણ રાણકપુરજીના શાંત, મનોરમ મંદિરમાં બેસીને તેને ભક્તિ-ઉપાસના કરવી ગમતી નથી. તીર્થમાં જાય તો ય, ખાવાનો, ધરમશાળાનો ઉતરવા વિગેરેનો રઘવાટ શાંત થતો નથી.

રાવણ પોતાની સોળહજાર રાણીઓને લઈને અષ્ટાપદતીર્થે પહોંચ્યો છે. ભગવાનને જોતાં ગાંડો બની ગયો છે. મંદોદરી પાસે નૃત્ય કરાવે છે, પોતે વીણા બજાવે છે, શાંતિના સ્થાને આવો સુંદર લાભ લીધો. સત્તરભેદી-પૂજામાં આ નૃત્યપૂજા છે. દુનિયાના પડદા પર નવરાત્રિના ગરબા રમાય છે. દેરાસરમાં નાચતાં તેને શરમ આવે છે. પડદા ઉપર તેને શરમ નથી આવતી.

*કરે મંદોદરી નાટક, રાવણ તંત બજાવે,*
*માદલ વીણા તાર તંબૂરો, પગ પગરવ ઠમઠમકાવે રે....*
*ભક્તિભાવે એમ નાટક કરતાં...મોરમેઘની જેમ...*
*મુજ મનડામાં તું વસ્યો રે, જ્યું પુષ્પોમાં વાસ....*
*અલગો ન રહે એક ઘડી રે... સાંભરે શ્વાસોશ્વાસ....*
*રાવણે દ્રવ્યભાવશું ભક્તિભાવ નવિ ખંડી,*
*તો અક્ષયપદ સાધીયું રે....*

મયૂરને મેઘ, ચકોરને ચંદ્ર, માલતી મન જેમ ભ્રમર તેમ ભક્તને ભગવાન વ્હાલો છે. ભક્ત ભગવાનને જોઈને મોરની જેમ નાચી ઊઠે છે. રાવણ વીણા વજાવે છે અને તાર તૂટ્યો. પણ મંદોદરીના નૃત્યમાં ભંગ ન થાય તેથી લઘુલાઘવી કળાથી, પગની નસ તોડી પણ પ્રભુની ભક્તિ ચાલુ રાખી. માર્ક કોને આપવા ? મંદોદરીને કે રાવણને ? રાવણે તીર્થંકરનામકર્મ ઉપાર્જ્યું.

પહેલાના વખતમાં બોમ્બે પુરૂષો જ એકલા રહેતા. અને દેશમાં રહેનારને વસ્તુ મોકલતા. અને તે વસ્તુ જેને મળે તેને વ્હાલો સ્વજન મળ્યો તેવો પ્રેમ યાદ આવતો. પ્રેમ આવે ત્યાં ઓવારી જવાય. જેનું સ્મરણ યાદ આવે તેને ભેટ આપવાનું મન થાય. ભગવાન પૂજનને યોગ્ય છે, પૂજાનું પૂન્ય મહાન છે. ત્રિભુવનના નાયક ભગવાન છે: પૂજવા લાયક ભગવાન જ છે. પણ આજનો માનવી ઉંમરલાયક થાય છે પણ ધર્મને લાયક નથી થતો.

પંચાવનવર્ષની વયે ઉંમરલાયક માને પણ ધર્મને લાયક ન માને. સ્કૂલમાં જવા લાયક, પરણવા લાયક, પપ્પા થવાને લાયક માનવી ધર્મને લાયક કેમ નહિ થતો હોય ? પરમાત્મા પૂજન, દર્શન, વંદન, સત્કાર અને સન્માનને લાયક છે. અને તમામ ઉપસર્ગોને ટાળનારા પ્રભુ જ છે. પ્રીતિ બંધાય પછી સત્કાર કર્યા વિના ન જ રહી શકે. ઘરમાં આરિસાની સામે મોં જોઈ બેસનારને કહેવાનું મન થાય છે કે એના કરતાં પ્રભુની અંગરચના કર. ખાન-પાન-સ્વાદના જય માટે નૈવેદ્યપૂજા છે.

લાલચ-મમતા ખતમ કરવા આ પૂજાઓ છે. પરમાત્મભાવોમાં રમવા માટે આ પૂજા છે. ભગવાન સાથે સ્નેહના તાર-તંતુ સંધાઈ ગયા પછી સંસારની કાંઈ પડી નથી હોતી. સર્વેસર્વા પછી જીવનના એક પરમાત્મા જ હોય.

જે સતીઓની માખણ જેવી કાયા હતી એવાં સીતા સતી દ્રૌપદી, અંજના આદિ જંગલો જંગલ ભટક્યાં પણ દુ:ખમાં મસ્તીથી ફરી શક્યાં પણ કેવી રીતે ? સાથે ધર્મ હતો માટે જ. ભડભડતી આગમાં પ્રવેશ કરવા સમયે પણ સીતા નિર્ભય હતી. કારણ તેને મન શીયલ એ મહાન ધર્મ સાથે જ હતો. કોઈપણ જીવનો જિનપૂજા વિના મોક્ષ થયો નથી. પરમાત્માની ભક્તિ ચારિત્ર વિના શક્ય જ નથી.

ભગવાન પાસે નામવાના મનોરથ થાય, પરમાત્માના ખોળામાં આળોટવાનું મન થાય, અરે ભગવાન સાથે વાતો કરવાનું મન થાય, ઘેલાઈ કરવાનું મન થાય, ડૂસકાં ભરીને રડવાનું મન થાય, આ બધું જ પ્રીતિ અનુષ્ઠાન કહેવાય. આવો જીવ ભગવાન પાસે શું ન કરે તે જ સવાલ છે. અરે તે તો રીસામણાં ય કરે અને અબોલા પણ લે.

રીસાયેલી બાયડી ધણીને ઠપકા આપે. આપણે ત્યાં ભક્ત કવિઓએ ઠપકા આપ્યા, ઓલંભડે મત ખીજો. રોજ તમારી ભક્તિ કરૂં પણ કેમ બોલતા નથી ? અબોલડાં શાનાં લીધાં છે રાજ.... ભગવાનને મનાવે પણ ખરો. પ્રથમમાં પ્રથમ પ્રીતિ અનુષ્ઠાન કરો.

શાદી પહેલાં પત્નીને શું લખે છે ? લવલેટર. પ્રભુ તેરે નામપે... તારા વિના તો હું એક સેકંડ પણ ન રહી શકું. પત્ની કદાચ લખે પણ અંદર પોલંપોલ, છૂટાછેડા. પ્રીતિ બાદ ભક્તિઅનુષ્ઠાન આવે. પતિપત્ની જેવો વ્યવહાર પ્રથમ અનુષ્ઠાનમાં આવે. મા દીકરા જેવો સ્નેહ ભક્તિમાં આવે.

★-★-★

## પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ
## કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩

### પ્રીતિ અનુષ્ઠાન-ભક્તિ અનુષ્ઠાન

અનંત કલ્યાણના કરનારા શ્રી પરમાત્મા છે. વિષયોની આસક્તિમાં દેવો સાવ શિથિલ છે. મનુષ્ય વિષયોને જીતી શકે છે. સર્વવિરતિ લેવાથી પરમાર્થ અને કલેશનો અભાવ થાય છે. બે ટાઈમ આવશ્યક અને રત્નત્રયીની સાધના એ તાંત્રિક છે. જિનોક્તં ઇતિ સદ્‌ભક્ત્યા...ભાવાર્થ ખબર ન હોવા છતાં શ્રદ્ધા છે. બાંબા વાક્યંપ્રમાણં....

અબુધ એવા શ્રીપાળને પણ મયણાએ ઠેકાણે પાડી દીધો. આપણે પણ સાચા ભાવથી શરણાગતિ સ્વીકારીએ, તો સમર્પણ-શરણ મળે. ગુરૂતત્ત્વવિનિશ્ચયમાં.... કહ્યું છે કે, દ્રવ્યદીક્ષા લીધી ત્યારે ભાવદીક્ષા ન પણ હોય, છતાં ગુરૂપારતન્ત્ર્યથી બહવઃ સંપ્રાપ્તા પરમંપદમ્

કદાચ દીક્ષા લેતી વખતે વૈરાગ્ય ન પણ હોય છતાં દ્રવ્યથી લીધેલું ચારિત્ર ભાવ લાવે અને મોક્ષે જાય, વીર્યોલ્લાસ વધી જાય તો બધું સફળ છે. ગુરૂઆજ્ઞા પ્રમાણ હોવી જોઈએ.

### ભક્તિ.....અનુષ્ઠાન....

દેવભક્ત હજુ બની શકે પણ ગુરૂભક્ત બનવું કઠિન છે. અહંના મરણથી સાચી ભક્તિ આવે છે. સૈન્યનો કેપ્ટન જાય એટલે મોહ ગયો જ સમજો. અહંકારને કાઢ્યા વિના નમસ્કાર શક્ય નથી જ. સાધુ-સાધ્વી મળે ને મત્થએણવંદામિ બોલે, સમસ્ત શ્રાવકને પણ અભિવાદન કરે, વિરતિને પ્રણામ કરીને, ઇન્દ્ર સભામાં બેસે... પરમાત્માને નમીને આપણે જગતમાં ચાલીએ તો મોટાં દર્દો વિલીન થઈ જાય.

પહેલાંના કાળમાં રામ રાખે તેને કોણ ચાખે, આવી કવિતાઓ બોલાતી હતી. હવે શું થશે ? આ ટેન્શનનો કાળ આવી ગયો, આવ્યા ત્યારે દિગંબરરૂપે જ આવ્યા હતા, જવાના ત્યારે કાંઈ જ લઈ જવાના નથી તો પછી ગળામાં શાનાં બંધન રાખીને ફરો છો ? કૃષ્ણે અર્જુનને શાંત કરવા કહ્યું,

સર્વાન્ કામાન્ પરિત્યજ્ય, માં એકં શરણં વ્રજ. ભગવાન કહે છે કે, હું તને બાથમાં લઈ લઉં છું, જ્યાં સુધી તું મારે શરણે નથી આવતો ત્યાં સુધી જ દુઃખ છે.

પહેલાના યુદ્ધના કાળમાં શરણ સ્વીકારતા અને જે શરણ સ્વીકારે તેને રાજાઓ કાળજાની જેમ સાચવતા. આપણે શરણ લેવા જ જતા નથી તો પરમાત્મા ક્યાંથી સ્વીકારે ? શરણાગત બન્યા વિના ભગવાનની કૃપા ઉતરતી નથી.

નામાકૃતિદ્રવ્યભાવૈઃ આ ચાર નિક્ષેપાથી ભગવાન ત્રણે જગતને પવિત્ર કરી રહ્યા છે, પુષ્કરાવર્ત્તનો મેઘ ક્યારેક જ વરસે છતાં કચરા સાફ કરી નાખે, જ્યારે પ્રભુરૂપી મેઘ તો રોજ વરસી રહ્યા છે પણ વરસેલી એ કૃપા બહાર નીકળી જાય છે, કેમકે, ઘડો કાણાવાળો છે.

તારે દ્વારે આવીને કોઈ ખાલી હાથે જાય ના.... પાલીતાણાનો પર્વત ચઢતાં બધાંને માટે પગથિયાં અને પરિશ્રમ સરખો હોવા છતાં પુન્યનો બેલેન્સ દરેકનો અલગ અલગ ભરાય છે. શ્રદ્ધાનાં ભાજન પ્રમાણે પુન્ય મળે.

જૈનશાસનમાં દેવ અને ગુરુને સમકક્ષ ગણ્યા છે. ખમાસમણાં બંનેને સરખાં. કેશીગણધરની આગળ પ્રદેશીરાજા નમુત્થુણં બોલે છે. દેવ જેવા જ માર્ક ગુરુને આપવામાં આવ્યા છે. ગુરુ ગૌતમની ભક્તિ અપૂર્વ હતી, ઘેલછા ન કહેવાય. મહાવીર પ્રત્યેનો રાગ ગુરુભક્તિ કહી શકાય.

સાચા ગુરુભક્તને તો મન સમર્પિત હોય છે. બહુવેલના બે આદેશ આપણે ત્યાં લેવાય છે. આંખની પાંપણ હલે છે, વારંવાર રજા માંગવી પડે છે, પાંપણનો અધિકાર પણ ગુરુને સ્વાધીન છે. વારંવાર રજા લેવા જાય તો ગુરુચેલાના દિવસો બગડી જાય.

ચારજ્ઞાનના સ્વામી ગૌતમ, પાંચમું જ્ઞાન નિશ્ચિત હોવા છતાં સમર્પણ ભાવ એવો જોરદાર કે, ક્યારેય પોતાના જ્ઞાનનો ઉપયોગ કર્યો નથી - જ્ઞાની છતાં નમ્ર હતા. આપણી પાસે હોય તો ફાલીએ ને ફૂલીએ.

મારૂં જ્ઞાન હું વાપરૂં તો મને અહંકાર થાય ને ? આવા ગૌતમ હતા. ચંડરૂદ્રાચાર્ય હતા, કષાયોની હાલત ઘણી હતી. આગ જેવો સ્વભાવ હતો. તડતડિયો કોલસો, સળગતો અંગારો. એક બાજુની રૂમમાં બેસતા હતા.

કોઈની પ્રકૃતિને સમજતા ચાલો તો ઝઘડા ન થાય. જીવતા જીવો સાથે સમાધાન કરીને જ જીવવાનું છે. નિગોદમાં કેટલા હતા ? અનંતા. જ્યાં સિદ્ધશિલામાં જવું છે ત્યાંય અનંતા છે. પાર્લામાં સાસુનો બંગલો જુદો, વહુનો અને દેરાણીનો જુદો. પછી મોક્ષમાં રહેવું ફાવશે ? પાંચ ભેગું રહેવું ન ફાવે તો પાંચસો ભેગું ફાવે ? વસુધૈવ કુટુમ્બકમ્ માનીને જીવતાં શીખો.

હવે તો વૃદ્ધ કરતાં જુવાનિયાઓને વધારે એટેક આવી જાય છે. કેટલા વર્ષ આ કાળમાં જીવવાનું ? ૪૦ કે પીસ્તાલીશ.... બહુ બહુ તો સિત્તેર... વૃદ્ધોનું હાર્ટ મજબૂત હોય છે. યુવાનિયા પૈસા કમાવાના શોખમાં નાની વયમાં બ્રેઇન હેમરેજ અને એટેકના ભોગ બની જાય છે. ઘણું ગ્રસ્તપણું નકામું. જીવવું થોડું ને જંજાળ ઝાઝી. માણસની ધનની લાલસા ક્યારેય મટતી નથી. કદાચ પેટમાં ચાર રોટલી પડે તો હોઈયાં કરશે પણ છ હજારને બદલે સાત હજાર મળે તો ના નહિ પાડે. પરિગ્રહ પરિમાણ એ બ્રેઇન હેમરેજની દવા છે. નિર્વાહની કલ્પના સાધન કલ્પી લો પછી ઇચ્છાઓનો અંત આવી જશે.

***જે જન અભિલષે રે, તે તો તેહથી નાસે***
***તૃણસમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે...***
***સંભવ સાંભળો રે સાહિબ અરજ અમારી...***

શ્રીપાળે મહેણું સાંભળ્યું, રાજાનો જમાઈ જાય છે. ઉત્તમ પુરૂષો આપગુણોથી પ્રસિદ્ધ છે. મધ્યમ માબાપથી, અધમ મામાથી, અને અધમાધમ શ્વસુરથી પ્રસિદ્ધ છે. શ્રીપાળ કમાવવા નીકળ્યો ને માતાએ શિખામણ આપી. સંકટ વખતે નવપદને મૂકીશ નહિ, રયણીએ જાગતા રહેજો. સર્વ સમય સાવધાન.

ચંકરુદ્રાચાર્ય પાસે છોકરો મશ્કરીથી ચેલો બની ગયો ને દીવો પ્રગટી ગયો. આજે જ દીક્ષા, આજે જ કેવલજ્ઞાન... આ ઉત્કૃષ્ટ કક્ષાની ભક્તિનું ફળ છે. શિષ્ય તો ગુરુના ચરણમાં પડે પણ ગુરુ ય શિષ્યના ચરણમાં પડ્યા. શિષ્યથી ગુરુ પણ કેવલ પામ્યા. કષાય ચાલ્યો ગયો. દેવભક્તિ આસાન છે. ગુરૂભક્તિ કપરી છે. ચંદનબાલા, મૃગાવતી સમર્પિત ભાવથી તરી ગયાં. મોક્ષ માટે આવો સમર્પણનો એક જ ભવ બસ છે. બેડો પાર છે.

★-★-★

**પરમાર્થા લાભે વા, દોષેષ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

દેવગુરુની ભક્તિ દ્વારા કર્મ બંધાય. પુન્યના અનુબંધવાળું પુન્ય બંધાય, તેમ પાપ પણ બંધાય. પ્રશ્ન.... પુન્ય ન કરાવે અને પાપ જ કરાવે તો શું કરવું ? શુભમાં પ્રવૃત્તિ ન થવા દે, અશુભમાં જ થાય તો કયું કર્મ બંધાય ?

**વિશેષ પ્રકાશ... બે વાત : (૧) કર્મનો બંધ (૨) કર્મનો અનુબંધ.**

શુભકર્મનો બંધ શાતા આપે, અશુભનો અશાતા આપે. પણ અનુબંધ શું કરે ? શાતા મળે ત્યારે આસક્ત ન બનાવે. જો પુન્યબંધ હશે તો ? અશુભ અનુબંધ રાડારાડ અને ચીસાચીસ કરાવશે. સારૂં કાર્ય ન થાય અને ખોટું જ થાય તો ? બંધ ખરાબ પડે જ. પણ અનુબંધ કરતાં વિચાર કરવો જોઈએ. રામકૃષ્ણ પરમહંસ કહે છે કે, પંચભૂત કે કુત્તે ભોંક રહે હૈ, મૈં સો રહા હૂં. તકને ઝડપી લો, જવા ન દો.

ભૂંડીપ્રવૃત્તિ શરૂ કરતાં ભવ્યાત્મા પસ્તાવો કરે, તો પાપના અનુબંધ મોળા પડી જાય. તેટલો પુરુષાર્થ તો શક્ય છે જ. ચરમાવર્તમાં દાખલ થયા પછી કર્મ નિર્બળ છે. આત્મા સબળ છે, વડાપ્રધાન જેવો છે. કર્મગૃહપ્રધાન જેવાં છે. બંધની સાથે અનુબંધની આપણે ત્યાં ઝાઝી કિંમત છે. પ્રવૃત્તિની પાછળ વૃત્તિ કેવી છે તેના માર્ક પડે છે. સુખ-દુઃખમાં કેવા વિચારો છે તેના ઉપર અનુબંધ પડે છે. શાલિભદ્ર રોજ રોજ ૩૩ પેટીઓના માલ નાખી દેતા હતા, આને અનાસક્તિ કહેવાય.

ત્રિભુવનનાયક મહાવીર મળ્યા, પેટીઓ છૂટી ગઈ. આપણે કેવો સંગ્રહ કરીએ ? શાલિભદ્રે પુન્યાનુબંધી પુન્યનો અનુબંધ પાડ્યો હતો. પૂર્વનો ભરવાડનો છોકરો ભગવાન-મહાવીરનો શિષ્ય બની ગયો. શ્રેણિકના રાજમહેલની સંપત્તિ તેની આગળ ભૂ પીતી હતી. ચિત્તના વિચારો શું કામ નથી કરતા? પુન્ય ઉત્પન્ન કરો. સારાં કામો કરવા છતાં પાછળ આપણે અનુમોદના નથી કરતા.

કાકા મમ્મણે લાડવો વહોરાવ્યો, બંધ સારો પાડ્યો પણ અનુબંધ બગાડી દીધો. તેથી લક્ષ્મી મળી પણ ભોગવવા ન પામ્યો. બંધે લક્ષ્મી આપવાનું કામ કર્યું પણ અનુબંધે આસક્તિ આપી દીધી. રતનનો બળદિયો મળ્યો પણ સાતમી નરકે ગયો. બંને દાતા પણ દાતામાં ફરક. આ રમત બંધ અને અનુબંધની પાપાત્મા બે હોય. પુનીયાનું પાપ પુણ્યાનુબંધિ પાપ કહેવાય. ઉદયમાં આવેલું પાપ પુન્યનો અનુબંધ કરાવે છે. આ જનમ તો સર્વવિરતિ લેવાનો જ છે. અને તે ન જ લઈ શકો તો પુન્યાનુબંધી-પુન્ય ઉત્પન્ન કરવા માટે છે. જેને ભવમાં જ આનંદ આવે તેને ભવાભિનંદી કહેવાય. સંડાસમાં ફરજિયાત જવું પડે પણ ક્યારે બહાર નીકળું તે જ માણસ ઇચ્છતો હોય. સંડાસને સારૂં માને નહિ, તેમ ભવનું રાગીપણું જેનું નાશ પામ્યું હોય તે ભવને ખરાબ જ માનતો હોય.

***યસ્ય દેવે પરા ભક્તિઃ યથા દેવે તથા ગુરૌ***
***તસ્યૈતે સકલા અર્થાઃ પ્રકાશ્યન્તે મહાત્મનઃ***
***રામ નામ સત્ હૈ, લેકિન ચાબી ગુરૂકે હાથ હૈ***

ઉપમિતિકારે કમાલ નાટક બતાવ્યું છે. ઉપમિતિ દર વર્ષે વાંચવું જોઈએ. ભવભાવના, સમરાઈચ્ચકહા આ ગ્રંથોનાં વાંચન, વિચારણા પછી પણ વૈરાગ્ય ન થાય તો, તે ભવ્યાત્મા ન કહેવાય. ભારેકર્મી કહેવાય. પરમાત્માની નજર પડ્યા સિવાય સદ્‌ગુરૂ સાંપડે જ નહિ. અને સદ્‌ગુરૂ મળ્યા તેને પરમાત્મા મળ્યા જ સમજો. નગુરા કદાપિ ન રહેવું. પાટિયાં ખુલ્લાં મૂકવાં. ફેમિલિ ડોક્ટર, ફેમિલિ હજામની જેમ ફેમિલી ગુરુ જોઈએ જ. પાપના પસ્તાવા માટે પણ ગુરુ જોઈએ જ.

કુમારપાળના, આમરાજાના ગુરુ હતા. શિવાજીના ગુરુ સમર્થ સ્વામી રામદાસ હતા. અકબરને પણ ગુરુ વિના ન ચાલ્યું. સાચી સલાહ આપે એવા, પાપોથી નિવારણ કરે તેવા ગુરુ જોઈએ જ.

આત્મકલ્યાણની વાત ન હોય તેવા ગુરુ ન જોઈએ. આવો ભાઈ હરખા, આપણ બેઉ સરખા જેવી વાત ન ચાલે. કલ્યાણમિત્ર ગુરુ જોઈએ. તમારી શાતા-અશાતા ગુરુ ન પૂછે. ધર્મમાં ઉજમાળ રહો તેમ કહે. અને જે ધર્મમાં ઉજમાલ હોય તેની ચિંતા કરવાની ન હોય. સમતા, શાંતિ, સમાધિ, સદ્‌ગતિની ટિકિટ ગુરુ અપાવી દે છે. સુસ્થિત મહારાજાની નજર જોઈએ.

૭૦૦ યોજન (૫૬૦૦ માઈલ) ભટકવું પણ સદ્‌ગુરુને શોધવા જવું. ગુરુ તરછોડી શકે પણ શિષ્ય છોડી શકતો નથી. છદ્મસ્થ અવસ્થા હોવાથી ક્યારેક ગુરુ શિષ્યને મનદુઃખ થઈ શકે, તેમ છતાં શિષ્યને સમર્પણ ભાવ હોવો જ જોઈએ. એક અક્ષરનું દાન કર્યું હોય તેને ભૂલે તો ય અનંત સંસારી થાય. ઉપકારીના ઉપકારને ક્યારેય ન ભૂલાય. આ હરામી જીવડાને ધર્મ આપનાર જ ઉપકારી છે. જન્મજન્માંતરમાં સાચી વસ્તુ હોય તો તે ધર્મ જ છે. ધર્મ જ સદ્‌ગતિ આપે છે. અર્થાત્ જેણે ધર્મ આપ્યો તેણે શું શું નથી આપ્યું ? ચામડીની છત્રી ભરાવો તો ય ઉપકાર ન વળે. ગુરુ પ્રત્યેના સમર્પણભાવમાં પાછું વળીને ન જોવાય.

ગુરુ ગૌતમ ત્રણ વરસના બાબલાની જેમ ગુરુના વિરહમાં રડ્યા હતા. ગુરુ પંપાળે ત્યારે વ્હાલા લાગે, ઠપકા આપે ત્યારે દવલા લાગે, આવા ગુરુ ન મનાય, ગુરુ તો દરવખતે વહાલા લાગવા જોઈએ. ગુરુ મહારાજના આશિષ તો બધાંને મળે પણ કોપ મળે ત્યારે ચહાના કપ જેવો મીઠો લાગવો જોઈએ. ઠપકો યોગ્યને જ અપાય. અયોગ્યને કદી પણ ન અપાય.

અશ્વને લગામ હોય, ખચ્ચરને ન હોય. સુશિષ્યને જ શિક્ષા હોય, કુશિષ્યને ન હોય. ગુરુ ટપલા ન મારે તો ચેલો તૈયાર થાય નહિ, અને ચેલો તૈયાર ન થાય તો માર્ગ ટકે નહિ. ગુરુ મારે તોય ગુરુ જ છે. કંટ્રોલ તો ગુરુના હાથમાં છે: નહિતર રાક્ષસીવૃત્તિઓ ખાઈ જાય.

હીરસૂરિમહારાજના પાંચસો (શિષ્યોએ) પંન્યાસે એક એક ગ્રંથ રચ્યો હતો, પાંચસો રચાઈ ગયા, ગુરુ ન હોય તો આવા કાયદા-માર્ગ કોણ નીકાળી શકે ? ગુરુની ભક્તિદ્વારા કૃપા મળે છે. કૃપા આખા ભવચક્રનો નાશ કરે છે. અરિહંત ભગવાન માર્ગના સ્થાપક ખરા પણ સંચાલક તો ગુરુ જ હોય. તીર્થંકરની પાસે સાધુ ન હોય તો તીર્થ ન ચાલે. પણ તારક તીર્થંકરોનું પુન્ય જ એવું હોય છે કે, એવું ન જ બને.

મહાવીરપ્રભુ માટે એક દિવસનું આશ્ચર્ય બની ગયું. સાધુ તૈયાર થયા વિના જૈનશાસનની સ્થાપના ભગવાન પણ કરતા નથી. જિનશાસનના વફાદાર આચાર્યો થતા આવ્યા છે. જગદ્‌ગુરુ શ્રીહીરસૂરિજી મહારાજે સાધુઓને તૈયાર કર્યા, ત્રણસો વર્ષ તેમની જાહોજલાલી રહી. તિણ્હંપિ સમાયોગે, મોકખો જિણસાસણે ભણિઓ. દેવગુરુધર્મ ત્રણેનો સુમેળ જોઈએ. ગુરુભક્તિ કપરી અને મુશ્કેલ છે. દેવ તો વીતરાગ છે, ગુરુ આરાધક હોવા છતાં ક્યારેક પતન પામી જાય, (શેલગ-પંથગજીનું દૃષ્ટાંત)

શેલગસૂરિએ બાર વર્ષ દારૂ ઢીંચ્યો અને છ મહિના સુધી અનશન લઈને ભાડવા ડુંગરે મોક્ષ પધાર્યા. પંથગજીએ ગુરુ પ્રત્યેનો બહુમાનભાવ સાચવી રાખ્યો તો ગુરુને ઠેકાણે લાવી શક્યા.

*યે તન વિષકી વેલડી, ગુરુ અમૃતકી ખાન*
*શિષ કટાયે ભી ગુરૂ મિલે, તો ભી સસ્તા જાન.*

એકલવ્યે ગુરુની મૂર્તિથી પણ સાધના કરી. ચંડં પિ મિયં કરંતિ સીસા. પ્રચંડ થયેલા ગુરુને પણ શાંત કરનાર શિષ્યની ભક્તિ હોય છે. આજના કાળમાં મિયંપિ ચંડં કરંતિ સીસા. આવું પણ બની શકે.

**પંચપરમેષ્ઠિને પ્રાર્થના.**

આપણને માર્ગમાં રાખી શકનાર હોય તો દેવગુરુની કૃપા છે. લાખો મરો તો મરજો પણ લાખોનો

તારણહાર ન મરજો. શિષ્યને માટે ગુરુભક્તિના પ્રસંગ મળે તે જ ધન્યાતિધન્ય પળ છે. છોકરાને તેડવાના લહાવા ઘણા મળે પણ ગુરુને ઊંચકવાના લ્હાવા ક્યારેક જ મળે. ખંભાતનો ભૂખણ (ભીમ) નામનો શ્રાવક. પોતાના ગુરુ દેવેન્દ્રસૂરિમહારાજ કાળધર્મ પામ્યાના સમાચાર મળતાં ખોરાક બંધ કર્યો, આવી ગુરુભક્તિ હતી. જગદ્‌ગુરુ પાસે રામજી આવ્યો, ત્રીશ વર્ષની વય. ગુરુએ પૂછ્યું, ક્યારે બ્રહ્મચર્ય લેવું છે ? રામજી કહે, બાયડીની ઈચ્છા એક છોકરો થયા પછી લેવાની છે. પછી આગળ ગુરુ ન બોલ્યા.

કેટલોક ટાઈમ વીત્યો. એકવાર ૪૦ સંઘ નીકળ્યા. ગુરુના હાથે દરેક માળ થવાની હતી. ગંધાર પણ આવ્યો, બત્રીશ વર્ષની વયે ગુરુએ યાદ કરાવ્યું અને બ્રહ્મચર્ય લીધું. **જિનમૂર્તિ જિનમંદિરા, કંચનના કરે જેહ**

આવું ઉત્કૃષ્ટ પુન્ય ગુરુ વિના કોણ કરાવે ? ગંધારિયા ચૌમુખજીના દેરા પાસે ગંધારે બ્રહ્મચર્ય લીધું તેથી તે દેરાનું નામ પ્રસિદ્ધ થયું છે. શિષ્યને રત્નત્રયીની સાધનામાં જોડી આપે તે ગુરુ સદગુરુ છે. સુહગુરુજોગે લખ્યો પણ તવ્વયણસેવણા અખંડ માગી. ભીમ-ગંધાર જેવા ગુરુભક્તોને યાદ કરીને અને આપણા જીવનમાં પણ ગુરુભક્તિ વધારીએ...

**સોનેરી સુવચન.... હું મૃગાવતી... વાર્તામાંથી**

આપણે પ્રભુને સાચા હૃદયથી સમરીએ તો પ્રભુ આવે જ. પ્રભુ સામે આપણે એક ડગલું ભરીએ તો પ્રભુ આપણી સામે નવ્વાણું ડગલાં ભરતા આવે જ. ભક્ત જ પ્રભુને ઝંખે છે એવું નથી, ભગવાન પણ ભક્તને ચાહે છે, શોધે છે.

★-★-★

## પ્રવચન સત્તાવીસમું : તત્ત્વાર્થકારિકા

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

પ્રથમ પરમાર્થ કરો, તે ન થાય તો પુન્ય ઉત્પન્ન કરો, કળિયુગમાં મળેલા મુનિને જોઈને ગુરુ ગૌતમની યાદ લાવવી. પ્રથમ માલ સર્વવિરતિ. બીજો માલ પુન્યાનુબંધી પુન્ય. સારૂં કાર્ય હોય સાચો બંધ પાડો. અનુબંધ પણ સારો પાડો. અહંકારથી, કીર્તિની કામનાથી પુન્ય મેલું થાય છે. માટે પુન્યને જરાય મેલું ન કરો. દાનનાં પાંચ ભૂષણ છે. આપ્યા પછી પસ્તાવાનાં પાંચ દૂષણ છે.

તપદ્વારા પુન્ય ઉત્પન્ન થાય પણ ક્રોધરૂપી કાળિયો કૂતરો તે પુન્ય ખાઈ જાય છે. ચાર આનીનું પુન્ય નહિ પણ વીસ આનીનું સવાયું પુન્ય કરો.

**પ્રશ્ન : પુન્ય કરવાનો ઉત્સાહ ન જાગે તો શું કરવું ?**

ચાર સાધર્મિકને સદ્ધર કરવાની તમારી શક્તિ હોવા છતાં તમે નથી કરી શકતા એવા માટે શું કરવું ? ઉત્તર : મનમાં ખટકો હોય તે અવસરે જરૂર કરશે જ.

**પ્રશ્ન : પાપકર્મ કરવું નથી છતાં થઈ જાય છે, તો શું કરવું ?**

ઉત્તર : પાપ કરાય જ નહિ એ પહેલો મુદ્દો. મંદિરમાં પચાસ ન ખર્ચે, હોટલમાં ૫૦૦ ખર્ચે તેણે શું કરવું ? ભૂંડને નજર સામે રાખો, કેવા સળીયા ખોસે છે ? બિલાડો, બિચારા કબૂતરને કેવું પીંખી નાખે છે ? આ નજર સામે લાવો તો પાપ છૂટી જશે. છતાં ઉમાસ્વાતિજી

મહારાજ લખે છે કે, પુન્ય કરતાં બંધની જેમ અનુબંધ સારો બનાવો.

પાપ કર્યા વિના રહેવાતું જ નથી તો નોંધી લો.... કાયા પાપમાં પ્રવૃત્તિવાળી હોય પણ આત્મા પુન્ય તરફનો ઝોકવાળો હોય. પાપ તે પાપ જ રહેવાનું છે, પરિણામમાં ફરક નથી, વેલુ પીલી તેલની આશા, મૂરખ જનમન રાખે, બાવળિયો વાવીને કેરી આંબા રસ શું ચાખે...આતમ.

પાપને લોઢાના બદલે સોનાનું બનાવી દો. દુઃખ મળશે પણ દુઃખી નહિ બની શકો. તે વખેત સમતાભાવ પરા કક્ષાનો હશે. સુખ હોવું તે જુદી વસ્તુ છે પણ સુખની અંદર સુખી હોવું તે અલગ છે. સુખ મળશે પણ તે સુખમાં અનાસક્ત હશે.

પાપ કરતાં જો સેફ્ટી બરાબર બનાવી હશે તો દુર્ગતિ હશે તો પણ ત્યાં સમતા મળશે અને એક ધક્કો મળતાં જ સદ્ગતિ મળી જશે. સેફટી લીધા વિના જો દુર્ગતિમાં ફસડાઈ પડ્યા તો લાખો ભવોમાં પણ આવો નરભવ નહિ મળે.

**ચરમાવર્તમાં જીવ બળવાન છે, પુરૂષાર્થ બળવાન છે.**

પૂર્વભવનો સાધુ ચંડકૌશિક હિંસા થઈ તેને ખોટી ન માની પણ અભિમાન આવ્યું, માયામૃષા થઈ. નાના સાધુએ દેડકી યાદ કરાવી તો કમાન છટકી ગઈ. પાપ નોતું કરવું તો ય થઈ ગયું, ગુસ્સો આવી ગયો. મૂલડો થોડો ને ભાઈ વ્યાજડો ઘણો.

નાગના ભવમાં સંજ્ઞા વધી ગઈ. ગંગા શરૂમાં નાની, આગળ જતાં ગંગા સાગર જેટલી બની જાય છે. પાપ ઉધઈ જેવું નાનું છે, ઉધઈ શરૂમાં નાની પછી વધીને મોટી થઈ જાય છે.

## કુશલાનુબંધ કોને કહેવાય ?

શરૂઆતમાં ચંડકૌશિકના પૂર્વભવમાં સાધુપણામાં સાધુને દોડીને મારવા દ્વારા કાયિક કર્મ, વાચિક બોલવા દ્વારા, અને છેલ્લે કર્મનો બંધ થયો.

પણ તે વખતે તે સાધુનો અંતરાત્મભાવ હતો કે, આ ક્રોધ થવો ન જોઈએ. અંતરાત્માનો આગળ અને પાછળનો પસ્તાવો. તે જ પાપનો પસ્તાવો કહેવાય. શરાબી દારૂ પીધા પહેલાં ખરાબ માને, પીધા પછી ખરાબ માને, પણ પાપ કરતી વખતે બેભાન થાય છે તેમ.. આગળ પાછળની જાગ્રત દશા આનું નામ જ કુશલાનુબંધ... સારૂંવલણ, સારી સેફટી. નાગ પાસે સેફટી હતી તેથી મહાવીર ખરા ટાઈમે આવી પહોંચ્યા. નાગ તરી ગયો.

**માય ગોડ મહાવીર કમ ઈયર... જંગલમાં પ્રભુ પહોંચી ગયા તારવા માટે...**

જાશો મા પ્રભુ પંથ વિકટ છે, ઝેરભર્યો એક નાગ નિકટ છે. પાપ એકવાર તો હડસેલો મારશે પણ ત્યાં ભગવાન મળી જશે. પરંતુ સેફટી લઈને ગયા તો જ. કોન્શીયસ લાઈટીંગ. આંતરમનનો સાચો પસ્તાવો જોઈએ. હા પસ્તાવો વિપુલ ઝરણું.... સ્વર્ગથી ઊતર્યું છે, પાપી તેમાં પુનિત થઈને...

સમાગમ થયા બાદ સમજણ આવવી ભારે, અને ત્યારપછી આચાર આવવો ભારે. પણ નાગ માટે પ્રભુ પંદર દિવસ ત્યાં જ ઊભા રહ્યા. દુર્ગતિમાં જઈને પણ જો ભગવાન મળતા હોય તો દુર્ગતિ પણ મંજૂર છે.

પાપ થઈ જાય અને દુર્ગતિ એકવાર મળી જાય પણ વચલો રસ્તો બુકિંગ કરાવો. સદ્ગતિની ટિકિટ એકવાર દુર્ગતિનો આંટો મારી આવવો પડે. પણ રીટન ટિકિટ લેતા આવવું પડે. સદ્ગતિમાં જવા માટે. તો આત્માની સેફટી થઈ જશે. સેફટી લીધા વિના લક્ષ્મણા અને રૂકિમ લાખ ભવ ભમ્યા. ઠેકાણું ન પડ્યું... મહારાજા શ્રેણિક સેફટી લઈને ગયા તો નરકમાં પણ સમતાથી કર્મ ભોગવે છે.

અનુપમાદેવીને ષડ્દર્શનમાતા કહેવામાં આવતું. કારણ તે ખોબલે ખોબલે બાવા, સંન્યાસી ગરીબોને દાન આપતી તેથી માતાનું બિરૂદ પામ્યાં હતાં. ઘરેણાંનાં ઢગલાથી ભગવાનની આંગીઓ રચી છે. ૭૦૦ વર્ષ પહેલાંની આ ઘટના છે. કેવળીની પર્ષદામાં પણ બેસી ગયાં.

આપણે આવું પુન્ય બેલેન્સ ન કરી શકીએ તે જ ભવમાં ધન્નાઅણગાર જેવું પ્રથમ પુન્ય કરવું. બીજા ભવમાં અનુપમા જેવું પુન્ય ભેગું કરવું. ત્રીજું આત્માને અનાદિના દોષો કુસંસ્કારમાં પ્રવૃત્ત કરાવે છે. વાઘરીવેડામાં જે ઉત્પન્ન થાય તેને શરૂથી જ ગાળો બોલતાં આવડે. અનાદિકાળથી અનંતી જગ્યાએ ઉત્પન્ન થયેલો આ જીવડો ખરાબ સંસ્કાર લઈને આવ્યો છે. તેનો સ્વભાવ જ હવે ભૂંડું કરવાનો થઈ ગયો છે. ચરમાવર્ત્તમાં કર્મનું જોર ઓછું છે. પણ આપણે આપણા સ્વભાવને બદલી શકતાં નથી. આપણો વાઘરીવેડો એટલે દુર્ગતિના ભવો. ભૂંડના ભવમાં ફર્યા, વિષ્ટાઓ જ ચૂંથી. ભવોના ભવો પશુની યોનિમાં કાઢ્યા. વિભાવ હતો એ હવે સ્વભાવ જ થઈ ગયો, ખરાબ જ કરવું ગમે.

**પ્રશ્ન : પાપની પ્રવૃત્તિ કરતી વખતે શું કરવાનું ?**

શુભ-અશુભ બંનેના અનુબંધને કુશલ કરી નાખો. સારા કામનો અનુબંધ ખરાબ પણ હોઈ શકે અને ખરાબ કાર્યનો અનુબંધ સારો પણ હોઈ શકે. પુન્ય કરતાં નવું પુન્ય બંધાવે તે જ કુશલાનુબંધિ પુન્ય. બીજું જ નામ તેનું પુન્યાનુબંધિ પુન્ય. એકવાર કર્યા પછી સવાયું કરે અને દશગણું કરે તેને સુકૃત કહેવાય.

સાનુબંધસુકૃત એટલે ? એક પછી એક પુન્ય ચાલુ જ રહે. સંપ્રતિરાજાનાં સુકૃત સાનુબંધ સુકૃત હતાં. કેટલાકનાં સુકૃત નિરનુબંધ પણ હોય. પ્રતિષ્ઠા વખતે દશ લાખ ખર્ચ્યા બાદ શાંત થઈ જાય. નિરાંત વાળીને બેસી જાય. પણ જેમ વ્યાપાર રોજ ને રોજ કરે તેમ સુકૃત રોજ કરવું જોઈએ. દાનનો અવસર કાર્મણ-વર્ગણાને દૂર કરી દે. શ્રેણિકને પણ ભૂંડાં કર્મોના પ્રભાવે દુર્ગતિમાં જવું પડ્યું. જો પાપકર્મ છૂટતાં નથી, ધર્મ થતો નથી તો દુર્ગતિ નક્કી જ છે. તો શું કરવાનું ? સાથે સેફટી લઈને જવાનું.

સેફટી કઈ ? કેરીનો રસ સ્વાદ આવવાથી ચાર વાટકી ભરીને ખાઈ લીધો, હવે પેટ બગાડવાની શક્યતા છે, પણ સૂંઠની સેપટી લઈ લો તો વાયુ વિખરી જશે. ભવસાગરમાં ભમતાં ભમતાં ક્યાંક મહાવીર જેવા ભગવાન મળી જશે તો તરી જવાશે.

કદાચ ભમતાં ભમતાં નાગ પણ થઈ જવાય પણ ભગવાન મળતા હોય તો તે પણ મંજૂર છે. માનવ-દેવ થયા પછી વૈભવ મળે પણ મહાવીર ન મળતા હોય તો તેવી સદ્ગતિ પણ આપણને મંજૂર નથી. કુમારપાળે માંગ્યું કે, કદાચ જૈનધર્મ મળે નહિ, સદ્ગતિ ન મળે તો પણ જૈનમંદિરમાં ચકલા થઈને પણ મને રોજ પ્રભુદર્શન મળે તે મને મંજૂર છે.

નરકે ગયા પછી પણ ભગવાન મળે તે મંજૂર છે. રાવણ મોહના નશામાં બેભાન થતો, સીતા પાસે ખોળા પાથરતો, સિલોનનો સમ્રાટ, રાજાધિરાજ રાવણ સીતાને કુત્તાની જેમ ચાટવા ચાહતો હતો પણ જ્યારે સીતા તિરસ્કારી દે ત્યારે રાજમહેલમાં જઈને શોકમાં બળતો હતો, પણ જ્યારે મોહનો નશો ઊતરતો, મોહની ચેષ્ટા ખ્યાલ આવી જતી ત્યારે ઘરમંદિરમાં શ્રી-મુનિસુવ્રતસ્વામિના ચરણમાં માથું પછાડી પ્રાર્થના કરતો. ભગવાન્ , મારો કામ કાઢો આનો જે બળાપો તે જ સાચી સેફ્ટી. રાવણનું તન પાપમાં હતું, મન પશ્ચાત્તાપમાં હતું.

અકબર અત્તરના હોજમાં રહ્યો રહ્યો વિષ્ટાને ચાટતો હતો, અને બિરબલ વિષ્ટાના કુંડમાં રહ્યો રહ્યો અત્તરને ચાટતો હતો, આનો ઉપનય એ છે કે, સંસારરૂપી કાદવ છે, વિષ્ટા છે, અને તેની અંદર પુન્યકાર્યો એ અત્તરનાં હોજ જેવાં છે. પુન્યકાર્યો કરનાર આત્મા અત્તરને જ ચાટતો હોય તો તે પુન્યાનુબંધી પુન્ય ઉત્પન્ન કરે.

પાપકાર્યોમાં પડવા છતાં તેનું ચાટણ અત્તર હોય તો તેને સેફ્ટી કહેવાય. અંદરનો તડફડાટ, કોંશીયંસ બાયીટીંગ હોવું જોઈએ. મઝા કરી લો આ ભવમાં આ સેફ્ટી ન કહેવાય. નયશીલસૂરિજી નામે આચાર્ય થઈ ગયા. પોતાના શિષ્યની પણ ચડતી ખમાતી ન હતી. ઈર્ષ્યા ન કરવી જોઈએ તેમ જાણવા છતાં ઈર્ષ્યા થઈ જતી હતી. જીંદગીભર તે સ્વભાવથી મરીને જંગલના નાગ થયા. હાથી અહંકારી હોય, ક્રોધી નાગ હોય, તે વખતે સેફ્ટી પસ્તાવાની હતી. બંધે ખરાબ થયો તો દુર્ગતિ મળી પણ અનુબંધ સારો હતો તો સેફ્ટી થઈ. એકવાર આ નાગના જંગલમાંથી પોતાના જ પૂર્વભવના શિષ્યો પસાર થઈ રહ્યા છે, મોટા શિષ્ય ઝાડ નીચે ધ્યાનમાં બેઠા છે, તે વખતે ગુરુનો જીવ નાગ ત્યાં આવ્યો, ધ્યાનમાં બેઠેલા શિષ્ય ઉપર નાગ ચઢવા ગયો ત્યાં બીજા શિષ્યે નાગને ઊંચકીને દૂર ફેંકી દીધો. ફરી શિષ્ય સાવચેત કરાવીને ગયો, ત્યારે મોટો શિષ્ય જે આચાર્યરૂપે હતો તે સ્વાધ્યાય કરવા બેઠો, અને બીજીવાર પણ નાગને પેલા શિષ્યે કાઢ્યો.

હવે ત્રીજીવાર પણ નાગ આવ્યો ત્યારે આચાર્યે શિષ્યને કહ્યું, આવવા દે. કોઈ વિરાધક આત્મા વિરાધના કરીને આવી ગયો લાગે છે, અને ત્રીજીવાર નાગ આવ્યો ત્યારે એને જોવા માટે પાત્રાં, ઓઘા સામે મૂકી દીધાં. અને તે જોતાં જ નાગને જાતિસ્મરણજ્ઞાન થઈ ગયું. પછી તો શિષ્યના પગ ચાટવા લાગ્યો, પસ્તાવો થયો. સાચી વાત જ્ઞાનીથી જાણવા મળી ગઈ. સેફ્ટી ભવ્ય કામ કરે છે.

એક જંગલમાં બધા જ સાધુ મરીમરીને સર્પ થયેલા વિરાધના કરવાથી સર્પ થયા પણ આશ્ચર્ય એ હતું કે, તે જંગલમાં જે ઉત્પન્ન થાય તેને જાતિસ્મરણ જ્ઞાન થાય જ. કારણ સેફ્ટી લઈને ગયા હતા. અને જેને જાતિસ્મરણ જ્ઞાન થાય તે પછીનું જીવન સાપ જેવું જીવે ખરા ? તે સાપોનાં ખોળિયાં જ માત્ર હતાં પણ જીવન તો તેમનાં શ્રાવક જેવાં હતાં. આપણાં ખોળિયાં શ્રાવકનાં પણ જીવતર સાપનાં જેવાં છે. આટલો ફરક છે. સાપના જંગલની વાત કુવલયમાળાચરિત્રમાં આવે છે.

ભગવાન મુનિસુવ્રતસ્વામી ઘોડાના પ્રતિબોધ માટે રાત્રે ૬૦ યોજન ચાલીને ભરૂચ ગયા. એક ઘોડાની પણ સેફ્ટી હતી. *પરમાત્માની કૃપાથી ઘોડો સમકિત પામી ગયો. નાગ નીકાલા એકીલા, પરજલતી કાયા... ભગવાન પાર્શ્વ આવી ગયા... નાગ ધરણેન્દ્ર બની ગયો.* ફણા પૂજાય એવું સૌભાગ્ય નાગને મળી ગયું. પરમાત્માએ ધરણેન્દ્રને તાર્યો, ધરણેન્દ્રે પ્રભુની રક્ષા કરી. પ્રભુ નાસા ઉપર જલ આવે ધરણેન્દ્ર પ્રિયા સહ આવે... ભૂંડાં પાપો કરીને દુર્ગતિમાં જનારા ઘણા હતા પણ પાછળ સેફ્ટી કરેલી તો બે ચાર ભવમાં મોક્ષ થઈ ગયો.

પાપમાં સદા ધ્રૂજતા રહો, તડફડતા રહો. આપણું હૃદય હૈદ્રાબાદની રકેબી જેવું બનાવો. તે રકેબીમાં ઝેર આવે તો તડતડ અવાજ થાય, આપણા હૃદયમાં પાપરૂપી ઝેર આવી જાય ત્યારે હૃદય તડપનવાળું થઈ જવું જોઈએ. બંધ ખરાબ હશે પણ અનુબંધ સારો હશે....

**અધ્યાત્મવાણી. શાંતિસૌરભમાંથી...**

આપણે સહુ ભગવાનરૂપી માતાથી વિખૂટા પડેલા મૃગબાળો છીએ. બધાંની વચ્ચે છીએ છતાં એકલા છીએ. આ કદી ભૂલવા જેવું નથી.

★-★-★

**પરમાર્થા લાભે વા, દોષેશ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

શુભ કર્મ કરીએ અને શુભ જ બંધ થાય એવું નક્કી નથી. અનુબંધમાં ધ્યાન રાખવાનું છે. આશય બદલવો જોઈએ. પાપની પળોમાંથી પસાર થતા હો તો તે વખતે પણ અશુભ-કર્મ બંધાતાં હોય, દુર્ગતિમાં જવું પડે પણ ત્યાં શુભઅનુબંધરૂપ સેફટી લઈને જાઓ. શુભ-અશુભમાં પણ અનુબંધ તો શુભ જ પાડો. તો ચંડકોશિયાનાગની જેમ, સમળીની જેમ નવકાર મળશે અને સુદર્શના બનાશે. દાન-શીલ-તપ અને ભાવ ચાર છે.

દાનાદિ ત્રણેના લાભ ચોથા ભાવ ઉપર આધાર રાખે છે. તપ કરતાં બંધ શુભ જ પડશે પણ પારણાની ભાવના હશે તો અશુભઅનુબંધ પડશે. કૂતરો ત્રણ ઉપવાસ કરે તો પુન્ય તો બાંધે જ છે. ગાંસડાં ભરી ભરી પુન્ય બાંધવામાં અનંતકાળ ગયો, પુન્ય જલ્દી ખતમ થઈ ગયું, અભવ્યનો આત્મા પણ પુન્યદ્વારા નવમે ગ્રૈવેયકે પહોંચી જાય છે. પણ આવા પુન્યથી સંસાર ઊભો જ રહે છે. જે વખતે પુન્ય તે જ વખતે અનુબંધ પડે છે. બંધને ફેરવવો અશક્ય છે, અનુબંધને ફેરવી શકાય છે. ત્રિપૃષ્ઠવાસુદેવે સીસું શય્યાપાલકના કાનમાં રેડાવ્યું, બંધ પણ અશુભ-અનુબંધ પણ અશુભ. આ કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે રાડારાડ કરાવશે પણ નંદનઋષિના ભવમાં જાગૃતિ આવી ગઈ, એક બાજુ જોરદાર તપ બીજી બાજુ સવિ જીવ કરૂં શાસનરસીની ભાવનાથી અનુબંધ વિખરી ગયો, બંધ ઊભો રહ્યો, પણ ખીલા ઠોકાતાં ભગવાન સીધા જ ઊભા રહ્યા, ઊં કે ચૂં ન કર્યું, અનુબંધ સારો થઈ ગયો, જૈન શ્રાવિકા કોઈને ચપ્પૂ, સૂડી આદિ સાધન આપે નહિ, કારણ કે તે અધિકરણ છે. જેણે વસાવ્યું તેને જ પાપ લાગે છે. ઘંટીનાં પડ જૂદાં કરીને ઉપાશ્રયમાં પગ ધોવા મૂકી આવે.

અતીતની ભૂલો, અને અધિકરણોને વોસિરાવી દે. ભૂતકાળની ભૂલો ગાંડા બનીને કરી છે, પણ પ્રચંડ પુન્યનો આપણો ઉદય છે, તેથી હાલ કાંઈ જ ન થાય પણ બેલેન્સમાં પાપોનાં બલાડાં ઘણાં છે, તેના ફળરૂપે હાલ કેન્સરની ગાંઠો, કીડનીનાં દર્દો નીકળવાં જોઈએ. પણ... હાલ પુન્યનો ઉદય છે... ચાર મહિના વ્યાખ્યાન સાંભળી વૈરાગ્ય થાય છે ? તપ કરવાનું મન થાય છે, લાલસા છૂટે છે ? આ વર્તમાનમાં... હવે બંધ સમય ચિત્ત ચેતીએ રે... અનુબંધ હવે સારો કરી દો.

રોગ છે તો દવા છે જ. જિનેશ્વરરૂપી વૈદ્ય છે જ. પણ રોગ કાઢવાની હવે ઇચ્છા થવી જોઈએ. રોગનું નિદાન જાણીને જ માણસ ગભરાઈ જાય છે. પણ હવે નવા રોગ ન થાય તે માટે ચેતી જાય છે. દાન-શીલ-તપ કરવાથી પુન્યનો બંધ થશે. પણ હવે ભાવના અનુબંધ કેવા પડે તેના ઉપર આધાર છે. શરીર શીયલમાં હોવા છતાં મનમાંથી અબ્રહ્મ જતું નથી.

લાખનાં દાન દેવા છતાં ભાવનો અનુબંધ ખરો ? તપ કરે પણ ખાવાના ભાવ ન જતા હોય તો અનુબંધ સારા ન પડે. દાનાદિ ન કરવા છતાં મન બ્રહ્મચર્યમાં હોય, અણાહારી પદમાં... દાનમાં રમતું હોય તો અનુબંધ સારા પડે. પતિ ભોગી હોવા છતાં બ્રહ્મચારી અને જેઠ ગુરુ ખાવા છતાં તપસ્વી આ અદ્ભૂતતા સ્ત્રીએ અનુભવી. નદીએ નારીને માર્ગ કરી આપ્યો. જનકરાજા રાજ્ય કરવા છતાં વિદેહી કહેવાતા હતા. ભરતજી ચક્રવર્તી હોવા છતાં અનાસક્ત યોગી હતા. દશ લાખ મણ લૂણ રોજ વપરાતું હતું. મનમેં હી વૈરાગી...

*કબીર કાયા કૂતરી કરત ભજનમેં ભંગ,*

*થોડા સા ટૂકડા ડાલકે, કરો ભજન નિઃશંક.*

જનકરાજા પાસે એકવાર નૃત્ય-ડાન્સ-મુજરા ચાલતા હતા, એક યોગી આવ્યો, પરીક્ષા લીધી. તેલનો કટોરો આખા નગરમાં લઈને ફરવાનું હોય ત્યાં, તન તન થેઈ થઈ નાચ દેખાય ? બિલાડીની દોટે ચડીયો, ઉંદરડો શું મહાલે... જનકે યોગીને સમજાવી દીધું.

પાપ હંમેશાં નાનાં સાપોલિયાં જેવું હોય અને પછી મોટા નાગ જેવું થાય છે. જે પૂર્વભવમાં આગથી બળીને આવ્યાં હોય તે આગથી ડરે. પાણીમાં ડૂબીને મરી ગયાં હોય તે પાણીથી ડરે.

ચિત્તવૃત્તિઓને બદલો. વૃત્તિઓને મારો. વડિલોને પ્રણામ, પરમાત્મપૂજન આ બધા ધર્મો આશયશુદ્ધિ માટે છે. અને આશયશુદ્ધિથી કરેલો ધર્મ પુન્યાનુબંધી પુન્ય ઉત્પન્ન કરાવશે.

**પુન્યપાપની ચતુર્ભંગી...નાં દૃષ્ટાંત....**

(૧) **શાલિભદ્ર - પુન્યાનુબંધી પુન્યવાળા :** સાકર પર બેઠેલી માખી જેવા ભોગવવા સારૂં મળે અને ત્યાગી પણ શકે તેવા.

(૨) **પુન્યાનુબંધી પાપ :** પુનીયો શ્રાવક... પુણ્યબાંધે, પાપ ભોગવે, પથ્થર ઉપર બેઠેલી માખી, જલ્દી ઊડી જાય તેવી.

(૩) **મમ્મણ શેઠ :** પાપાનુબંધી પુન્ય... પગ અને પાંખ મધમાં લેપાયેલી માખી... પુન્ય ભોગવે, પાપ બાંધે.

(૪) **કાલસૌકરિક કસાઈ :** પાપાનુબંધી ... શ્લેષમાં લેપાયેલ માખી. ખાવાનું નહિ પણ ચીટકી જાય તેવી.

**અધ્યાત્મવાણી... શાંતિ સૌરભમાંથી...**

अरिहा पसिज्स मे, भवयं दरिशणं देहि.....

**વસ્તુપાળના ઉદગાર...**

હે કૃપાળુ દેવ ! આગામી જન્મમાં હું કદાચ કબૂતર બનું (માણસ બનવાનું તો મારૂં પુન્ય જ ક્યાં છે ?) તો મને તારા મંદિરના ગોખલે સ્થાન આપજે. જેથી નિત નિત તારાં દરિશન કરી શકું.

સંત તુલસીદાસે કહ્યું છે કે, હે પ્રભુ ! આગામી જન્મમાં મને કદાચ તું પુજારી બનાવી ન શકે, તો એ પૂજારીને ત્યાં મને ગાય બનાવજે, અરે ગાયમાંની બગાઈ તો બનાવજે, પણ રાખજે તારા ચરણોની પાસે ! આ ભક્તોએ માત્ર શબ્દોના સાથિયા નથી સજયા, હૃદયના ભાવો ઠાલવ્યા છે.

★-★-★

**કર્માહિત મિહ ચામુત્ર, અધમતમો નરઃ સમારભતે**
**ઇહ ફલમેવ ત્વધમો, વિમધ્યમસ્તૂભય ફલાર્થમ્**

શુભકાર્ય, અશુભકાર્ય કરતાં કરતાં શુભાશુભ બંધ પડશે. પરંતુ અનુબંધ તો રોજ શુભ જ કરવો. મમ્મણના હાથે દાન દેવાયું, પણ શુભકાર્યમાં ય અશુભનો અનુબંધ પડી ગયો. અશુભના અનુબંધને પણ કુશલાનુબંધી કાર્યથી શુભ કરી લેતાં શીખી લેવું જોઈએ. કયો જીવ કયો અનુબંધ પાડશે તે શું ખબર ?

**જાંબુવૃક્ષના માણસોનું દૃષ્ટાંત...જીવોના છ પ્રકાર.**

છ મિત્રો જંગલમાં ગયા, છયેને ભૂખ લાગી હતી. છયેના વિચારો કેવા છે તે જાંબુવૃક્ષના દૃષ્ટાંતથી જણાવે છે. જાંબુ જોઈ બધાના મોમાં પાણી છૂટ્યું. પહેલો બોલ્યો, ઊભા છો કેમ ? કુહાડો લાવો, આખા જાંબુડાના ઝાડને પાડી નાખો.

આ પરિણામ કૃષ્ણલેશ્યાવાળાને હોય. કાળો વર્ણ, કાળા વિચારો, કાળાં કર્મો આનાં હોય. બીજો કહે, આખું ઝાડ પાડીને શું કામ છે ? છ જણા શાખાને તોડી લાવો. નીલલેશ્યા... પીળો વર્ણ, ત્રીજો કહે, ડાળીઓ જ કાપો. કાપોત લેશ્યા. ચોથો કહે, ઝુમખાં જ પાડો. તેજો લેશ્યા. પાંચમો કહે, જાંબુને જ ચૂંટી લો. પદ્મ લેશ્યા. છઠ્ઠો કહે, નીચે પડ્યાં છે તે જ ખાઓને શુક્લ લેશ્યાવાન છ ચોરનું દૃષ્ટાંત પણ આ રીતે ઘટાવી શકાય છે.

**છ લેશ્યાવાળાનાં છ વિભાગીકરણ**

(૧) અધમ (૨) મધ્યમ (૩) ઉત્તમ

(૧) અધમાધમ (૨) વિમધ્યમ (૩) ઉત્તમોત્તમ

**(૧) અધમાધમ કોને કહેવાય ?**

આ લોક અને પરલોકની પડી ન હોય, શુભ કાર્યો ન કરે, ખોટા બંધ, ખોટા અનુબંધ હોય, આબરૂની ચિંતા ન હોય, લગભગ દુર્ગતિમાં જાય, આપત્તિની ચિંતા ન હોય, નાગો ન્હાય શું ને નીચોવે શું ? આત્માના હિતની પડી ન હોય, બીજાનો વિચાર ન હોય, ધન લુંટવા જાય ત્યાં જાન પણ લૂંટી આવે, સતત પાપના ઉદયવાળો હોય, માંસ દારૂનું સેવન કરનારો હોય, મનુષ્યગતિ હોવાથી માનવ કહેવાય, બાકી તો પશુ જેવો જ હોય. દિવસ અને રાતનો વ્યવહાર ન હોય, લાજ અને શરમ વગરનો હોય. ગોવા જઈ જઈને નગ્નપણે દરિયામાં જાહેરમાં ચેનચાળા કરે. ઘણા નેતાઓના નંબર અધમાધમમાં આવે.

**(૨) અધમ કોને કહેવાય ?**

અધમાધમ જેવો કર્મનો બંધ હોય. સારૂં ક્યારેય ન કરે, અધમાધમ કરતાં આ અધમમાં ફરક એટલો કે, અધમને જરા ડર હોય, કદાચ પકડાઈ જઈશ તો ? બિલાડો દૂધના તપેલાને જોઈ ઝાલ્યો ન રહે પણ સામે ડાંગ દેખે તો ડરે ખરો, ઉંદરને જોઈને પકડવાનું મન થાય પણ સામે ડર પણ લાગે. અધમ ખરાબ કોટિનો તો છે જ પણ લાયકાત એટલી કે, બે આબરૂ ન થવાય તેની કાળજી હોય. અધમાધમ અને અધમ બંને પાપના ઉદયવાળા પણ હોય, પુન્યના ઉદયવાળા પણ હોય, પાપાનુબંધી પાપવાળા હોય.

**(૩) મધ્યમ કોને કહેવાય ?**

આ લોકના સુખ મળવા છતાં છોડી જ દે. બાવો બન્યા વિના ન રહે. મધ્યમને આ લોકનાં

સુખને ચીપકી જવું ગમતું નથી. પરલોકના સુખને ઇચ્છનારો હોય, હોમ, હવન, આરતિ, પૂજન, હ્રીંકારના જાપ જપતો હોય, પણ મોક્ષ સામે ન હોય, દેવલોક રમતો હોય, મધ્યમ તિરસ્કારને પાત્ર નથી. સત્સંગ મળી જાય તો ઉત્તમની પાયરીમાં ચઢી જાય.

સુખ મળશે તો ધર્મથી જ આ શ્રદ્ધા મધ્યમને હોય છે. બધા જ સ્થાને ધર્મનો પ્રભાવ માને. સદ્ગુરૂ મળે તો આશય બદલાઈ પણ જાય. આ લોકનાં સુખોને પૂળો મૂકનાર હોય, પુન્યને ઉપાર્જન કરવાનું મન હોય... પચાસ વર્ષના ચારિત્રમાં દશ હજાર વર્ષમાં સુખોને મેળવવાની આશંસા હોય.

**(૪) વિમધ્યમ કોને કહેવાય ?**

કોઈ તીર્થયાત્રાએ લઈ જાય તો ય જાય અને હીલ સ્ટેશને લઈ જાય તો ય જાય. સવારે વ્યાખ્યાન જાય, સાંજે સિનેમા જોવા જાય. જેવો સંગ તેવો રંગ, રંગાઈ જાય. માર્ગાનુસારિ પાંત્રીશ ગુણવાળા આ બે પ્રકારમાં આવી જાય, જેથી સતત ઉપદેશની જરૂર રહે. આપતા જ રહેવું.

**(૫) ઉત્તમ કોને કહેવાય ?**

ઉત્તમની નજરમાં આલોક, પરલોક નથી, માત્ર મોક્ષ જ હોય, આત્માની અંદર આઠ પ્રકારનાં કર્મ છે ત્યાં સુધી સંસાર છે જ, જેના રક્તમાં ડાયાબીટીશનો રોગ હોય તેને ખબર જ છે કે, ગુમડાં થવાનાં જ, તેથી તે મૂળ રોગને કાઢવા પ્રયત્નકરતો હોય, આ જન્મમાં જ આઠે કર્મને બાળવા તે ઇચ્છતો હોય છે. મોક્ષના એક લક્ષ્યવાળો તે સમક્તિ જ હોય. દરેક ક્રિયા તે મોક્ષ માટે જ કરે. અષાઢી શ્રાવકને શંકા થઈ પ્રભુને પૂછે છે, પ્રભો ? મારો મોક્ષ ક્યારે ? ગૌતમ પણ વારેવારે મહાવીરને પૂછતા, યાજ્ઞવલ્ક્યની પત્ની મૈત્રીયી અજૈન હતી, તેનો પતિ તેને પૂછે છે અને સાડી લાવીને આપે છે, ત્યારે મૈત્રીયી તેને કહે છે, येन अहं अमृतां न स्याम् तेन्न अहं किं कुर्याम् જેનાથી હું અમર ન બનું તેને લઈને હું શું કરૂં ? અજૈનમાં પણ આવો અનાસક્ત ભાવ હતો.

**(૫) ઉત્તમોત્તમ કોને કહેવાય ?**

પૂજાને યોગ્ય એક જ તીર્થંકર છે, તેમની પૂજા વિના ન રહેવાય. तस्य पूजनं न्याय्यं ઉત્તમની અંદર સુપર કોલિટી તે ઉત્તમોત્તમ આવા જીવ બહુ જ ઓછા હોય....

**(૪) વિમધ્યનો વિશેષાર્થ :**

પરલોકદષ્ટા-હોય, આ લોકનાં સુખોની ઇચ્છા તો ખરી જ, પણ મારો પરલોક બગડવો ન જોઈએ આવી પણ તેની ઇચ્છા હોય. મર્યા પછી ક્યાંક જવાનું છે તે તેને ખબર હોય, તેથી ભલાં કામો કરે, ભૂંડાં છોડે, ભૂંડું તો ન જ કરવું. ભલું જ કરવું, આવું તેના મનમાં હોય, છતાં શાસ્ત્રકાર તેને ઉત્તમ નથી કહેતા, તેનું કારણ, મોક્ષ જેવી વસ્તુ તેની સામે નથી. પરલોક પણ સુખની દૃષ્ટિએ દેખાય, ધર્મ કરશું તો આ લોક અને પરલોકમાં સુખ મળશે. આ આત્માને સમકિત નથી, પણ સુખનો તીવ્ર રાગ છે, જે કાંઈ ધર્મ કરે તે સુખ માટે જ કરે, પાપાનુબંધી પુન્ય જ બાંધે. તેના કારણે તેને સુખો તો મળતાં જ રહેવાંનાં, દયા, સેવા દાન, દેવગુરૂની ભક્તિ તે કરતો જ હોય પણ આ લોક, પરલોકનાં સુખોની ઇચ્છા હોય, તેના અંતરમાં એમ છે કે, ધર્મના પ્રભાવે જ સુખી થઈશું. આ લોકમાં તેને મજા કરવી છે, અને પરલોકમાં ય મજા કરવી છે. તેને માર્ક એટલા માટે મળે છે કે, તે ધર્મનો પ્રભાવ માને છે. માર્ક એટલા માટે કપાય છે કે, તીવ્ર આસક્તિ છે.

વિમધ્યમ સુખનો કામી, સુખનો રસિક, તીવ્રસુખનો આશક છે, આ લોકનાં સુખોને છોડી ન શકે.

આ લોક, પરલોકનાં બંને સુખોને ઇચ્છે. અંદરના મેલ તેવાને તો રહે છે. જીવનો વિકાસક્રમ આ રીતે રહે છે તેથી તેના માટે જિનશાસન ચોકડી નથી મારતું.

તામલિતાપસ વિમધ્યમ કહેવાય. તે તામલિ ઘણો સુખી હતો, એકવાર રાત્રે વિચાર કર્યો, પરલોક ન બગડે માટે મારે આ લોકનું સુખ ખરચવું નથી, સંન્યાસ લીધો. છેલ્લે ઇન્દ્ર પણ બન્યો.

કોઈ જીવ આ લોક યા પરલોકની ઇચ્છાથી પણ ધર્મ કરવા તૈયાર થાય તો થવા દેવો. એમ કરતાં જ ઉપર ચઢશે. સદ્ગુરૂ તેને મળી જાય તો ઉત્તમની પાયરીમાં પણ ચઢી જાય. પણ જો કુસંગ મળી જાય તો બધી રીતે પૂરો બની અધમાધમ પણ બની જાય. અધમ પણ બની જાય. ઉત્તમની દૃષ્ટિએ વિમધ્યમના માર્ક ઓછા, પણ તેને ભૂત વળગેલું હોય તો શંખેશ્વરની શ્રદ્ધા કરાવાય. પણ બકરાનો બલિ ન કરવો તેમ કહી ધર્મમાં વાળી શકાય.

**વિમધ્યમ ત્રિવર્ગને અબાધા સાચવે.**

કુટુંબનો પ્રશ્ન હોય તો અર્થને કાઢે, પણ કુટુંબને તે સાચવે. પણ ધર્મનો પ્રશ્ન આવે તો કુટુંબને કાઢે પણ ધર્મને અવશ્ય સાચવે.

**મધ્યમનો વિશેષાર્થ....**

આ લોકનાં સુખોને છોડી દે છે. પુન્ય ખલાસ થઈ જશે તો ? આ ભય તેને હોય છે. બાવો બન્યા વિના તે ન જ રહે. આ લોકનાં સુખો મળવા છતાં તે છોડી જ દે. આ લોકનાં સુખ ભોગવીશ તો મરી જઈશ. આ મધ્યમના મનમાં બેઠું હોવાથી તેને સુખમાં ચીટકી જવું ગમતું નથી. ધૂણી ધખાવીને પણ બેસી જાય.

એક સંન્યાસી સંધ્યાકાળે ૐ નમઃ શિવાયનો જાપ કલાક કરે. પછી તેને પૂછ્યું, ક્યારે સંન્યાસ લીધો ? સંન્યાસી બોલ્યો, પહેલાં સ્કુલ ટીચર હતો, હવે બધી જવાબદારી પૂરી થઈ ગઈ તેથી પરલોક માટે સંન્યાસ લીધો.

નિજાનંદ, આનંદ, સહજાનંદ તેઓએ સંન્યાસ લીધો. પછી હિમાલયની ગોદમાં સૂવા માટે ગયા, એક ડોસી હાથમાં લાડવો લઈને આવી. આનંદનામના સંન્યાસીએ કહ્યું, આપનો પ્રસાદ પાછો લઈ જાઓ, જીંદગીમાં ઘણું ખાધું છે. હવે તો ભગવાનનું નામ જ મોટો લાડવો છે. અને રાત્રે ખાવાનું છોડી દીધું છે.

ડોસી કહે, સવારે ખાજો, તમારે ત્યાં મૂકીને જાઉં છું. આ ટાઈમે તમે હો તો લાડવો મૂકાવી દો ને ? સાધુજીવનની આ જ તો બલિહારી છે. સાધુ જીવનનો આનંદ વર્ણવી શકાય તેમ નથી. તમારી ઉપાધિની તોલે અમારી ઉપાધિ ખરી ? તમારી પાસે ફોન છે ? હા. આનંદ છે ! ના. મારી પાસે ફોન છે ? ના. મને આનંદ છે ? હા.

સખીરી આજ આનંદકી ઘડી આઈ... સર્વસંગ પરિત્યાગ કરાકર અલખ ધૂન મચાઈ... સખીરી.. સાધુ શરીરમાં હોય, મકાનમાં હોય પણ ક્યાંય ચીટકે નહિ.

દેહ મન વચન પુદ્ગલ થકી, સર્વથા ભિન્ન તુજ રૂપ રે... સંન્યાસી લાડવાને જતો કરવાની વાત કરે છે, હમ સંન્યાસી હૈ સંન્યાસીકો કલકી ફિકર હોતી નહિ હૈ... કલ સવાર પડેગી કિ નહિ ક્યા માલુમ ? આ મધ્યમ દશાના જીવો કહેવાય. પૂર્વકાળમાં સોમચંદ્રરાજાને મધ્યમ કક્ષાના ગણાવી શકાય. રાણી કેશ સમારી રહી છે, દૂત આવ્યો તેમ જણાવે છે. માથે ધોળા આવ્યા, યમરાજાનો દૂત આવ્યો, ખલાસ. ધોળા વાળ સમાન બીજો કોઈ જગતમાં સુંદર ઉપદેશ નથી. દૂત આવ્યો સાંભળતાં જ સોમચંદ્ર ઊઠી ગયા,

માથાના તમામ વાળ ધોળા થયા બાદ પણ ઉપાશ્રયમાં આવીને બેસવું ગમતું નથી.

સોમચંદ્રે રાજમહેલ છોડી દીધો, રાણીસહિત સંન્યાસી થઈ ગયા. મધ્યમ આ લોકનાં સુખોને ત્યાગે, પરલોકનાં સુખોને ઇચ્છે.

**ઉત્તમનો વિશેષાર્થ :**

ઉત્તમનું લક્ષ્ય હંમેશાં મોક્ષ માટેનું જ હોય. આપણો ધર્મ ક્રિયારૂપ છે. પણ ક્રિયા કરતાં સમતાભાવ આવી જાય તે જ સામાયિક છે. શાસ્ત્રે આ ક્રિયા સમતા માટે જ બતાવી છે. ખાવાનો ઝઘડો સામાયિકમાં મટી જાય, સામાયિકની ક્રિયા જ એવી છે કે, અગણિત લાભ થાય. દ્રવ્યથી બેસનારો પણ કેટલાક લાભને મેળવે છે.

સંમણો ઇવ સાવઓ... ખાવા-પીવાનું, ટી.વી. જોવાનું સહેજે બંધ થઈ જાય માટે બહુસો સામાઇયં કુજ્જા કહેલ છે. દ્રવ્યક્રિયા ન કરનારા લલ્લુને ક્યાં ખબર છે કે, દ્રવ્યથી ક્રિયા કરનારો પણ ભાવને તો પામશે જ. ભાવવિનાની ક્રિયા કરનારો પણ ભાવને તો પામશે જ. ભાવવિનાની ક્રિયા એકડા વગરનાં મીંડાં જેવી છે, પણ દ્રવ્યક્રિયા કરતાં કરતાં જ ભાવક્રિયા આવશે.

ભરતચક્રવર્તીને આરિસાભવનમાં કેવલજ્ઞાન થયું પણ તે ક્યારે બન્યું ? આગળ ક્રિયાઓ કરેલી છે. જેના હૃદયમાં મોક્ષ છે, તેના બે ચાર ભવ તો સાધનાવાળા હોય જ. પાંચ-સાત કે નવ ભવે પણ મોક્ષ પામે જ. નિર્વાણપદ- મપ્યેકં, ભાવયન્ યન્મુહુર્મહુઃ જ્ઞાનસારમાં લખેલું છે. ગજસુકુમાલ શા માટે જંગલમાં કાઉસ્સગ્ગ કરવા ગયા ? નેમિનાથપ્રભુનો સુંદર સમુદાય હતો છતાં, ઉપસર્ગ સહન કરીને ય મોક્ષ મેળવવાની તમન્ના જાગૃત હતી. રામાયણ રત્નોની ખાણ અને દીક્ષાની ખાણ હતી. મુનિસુવ્રતસ્વામિના હરિવંશમાં આ રામનો પરિવાર હતો. મહાભારતનો ઘણો ભાવ દુર્ગતિગામી હતો. રામના પૂર્વજો સંયમના મોક્ષના લક્ષ્યવાળા હતા. પ્રથમરાજા ઋષભદેવ હતા, વરરાજા ઋષભ હતા. તીર્થંકર અને ભિક્ષાચરમાં પ્રથમ હતા. આવા ભગવાન વિનિતા નગરી પર રાજા થયા, એનો તાજ પછીના જે રાજાઓ પહેરે તે કેવલ પામી મોક્ષે જાય.

બીજા અજિતનાથ સુધી પચાસ લાખના સાગરોપમ સુધી, અર્ધા આરા સુધી તે રાજાઓ કાં અનુત્તર કાં મોક્ષમાં ગયા. એક પણ રાજા દીક્ષા વગરનો રહ્યો નથી. સિદ્ધકરંડિકા એને કહેવાઈ. આ ઉત્તમ પ્રકાર કહેવાય. આપણા સાત કુટુંબની પેઢીમાં પણ ક્યાંય દીક્ષા થઈ નથી.

પૂર્વજોમાં વજ્રબાહુનું દૃષ્ટાંત.... રામના પૂર્વજ હતા... વજ્રબાહુ મનોરમા-રાજકુમારીને પરણવા ગયો. ઉદયસુંદર સાળો સાથે હતો. વરવહુ એક રથમાં બેઠાં હતાં. ઊંચા પર્વત ઉપર એક મુનિ કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર હતા. વજ્રબાહુએ દૂરથી મુનિને જોયા, લાગણી થઈ, આંખ ભીની થઈ, મેં ચારિત્ર ન લીધું એવો પસ્તાવો થયો, મારૂતિ કારમાં ફરનારા તમને આંખ ભીની થવી જોઈએ. અમે બંધનમાં બેઠા છીએ તેમ લાગવું જોઈએ. સાળાએ મજાક કરી, બનેવી ? બાવા બનવું છે કે શું ? વજ્રબાહુએ હા પાડી. સાળો બોલ્યો, ક્યારથી ભાવ જાગ્યા છે ? ઉત્તર, જનમ્યા ત્યારથી જ જૈનને દીક્ષાના એ ભાવ હોય જ. સાળાએ ફરી મજાક કરી, હજુ કાંઈ બગડ્યું નથી... બસ તેજીને ટકોરો... ગધેડાને ડફણું...

આ બૈરાં તમને મેણાં નથી મારતાં ? જાઓને, મહારાજ સાહેબ પાસે... પણ તમે રીઢા થઈ ગયા. વજ્રબાહુ સાળાની મજાકથી ઊભા થઈ ગયા, મનમાં તો સંયમધર્મ બેઠો જ હતો, તક મળી ગઈ, બારણું ખૂલી ગયું, પંખી ઊડી ગયું, ડુંગર ચઢીને સંયમ લઈ લીધું, નાટક ન રહ્યું, હકીકત સાચી બની ગઈ. શું

નવા જુની ? ધમ્મં શરણં પવજ્જામિ...

સાળાએ પૂછી લીધું, મારી બેનનું શું ? કહી દીધું તારી બેનની ખાનદાની હશે તો મારા માર્ગે જ આવશે. મમ મુંડાવેહ, મમપવ્વાવેહ, મમ વેષં સમપ્પેહ... ચરમ શરીરી આત્મા છે. મનોરમાએ પણ પતિ સાથે દીક્ષા લીધી. કેવલ અને મોક્ષ પામી ગયાં. સાળાએ તથા અન્ય મિત્રોએ પણ બનેવીનું અનુસરણ કર્યું, આ ઊભરો ન કહેવાય.

બધાએ જાન જોડી, શાની ? મોક્ષની. તમે પણ આવી એક દીક્ષાની જાન કાઢો તો ખરા. લવ, કુશ, રામ-સીતા દરેકે દીક્ષા લીધી. રાવણ મર્યો પણ મંદોદરી આદિ સોળ હજાર રાણીઓએ સ્મશાનમાં જ વૈરાગ્ય પામી દીક્ષા લીધી છે. રામે જ્યારે મંદોદરીને આશ્વાસન આપ્યું ત્યારે કહ્યું છે કે હે મંદોદરા ! ભગવાન મુનિસુવ્રતે તને સતી કહી છે, તું શોક ન કર. અને રામે મંદોદરીને સોળહજાર સાથે દીક્ષા અપાવી.

કૃષ્ણ વાસુદેવની સોળ હજાર રાણીએ દીક્ષા લીધી છે. ગજ સુકુમાલની નાની વય જોઈ તે વૈરાગ્ય પામેલી છે. ઉત્તમ કોટિના માણસો તક મળે ત્યારે મોક્ષના પંથે ચાલનારા હોય છે.

ઉત્તમ મનુષ્યો, શુભકાર્યમાં તો શુભ બંધ જ પાડે, પણ અશુભમાં ય શુભ જ બંધ પાડે. સમ્યગ્દૃષ્ટિ ક્યારેક પાપો આચરે પણ અપ્પોસિ હોઈ બંધો. જેણ ન નિદ્ધંધસંકુણઈ. ચેલણાના ગુરુને ખરાબ કરવા, મંદિરમાં વેશ્યા મૂકી, ગુરુ અંદર હતા. પણ ગુરુએ ચકોરાઈ વાપરી, કારણ જૈનશાસનની અપભ્રાજના ન થવી જોઈએ. જઇવિ હુ પાવં સમાયરે કિંચિ.

ટોટલ ઉપધિ અંદર જલતા દીવાથી બાળી નાખી રાખ બનાવી દીધી અને અંગે ભસ્મ લગાવી દીધી. અને સવારે અલેક જગાવતો બાવો બહાર નીકળ્યો. અહીં મંદિરમાં મુનિરાજે જે ઓઘો બાળી નાખ્યો તે બળાય ! હા, આવા અપભ્રાજના થવાનાં કારણો આવી પડે અને તે વખતે શાસનની પ્રભાવના ઊભી રાખવી હોય તો અકુશળબંધ અને અશુભ અનુબંધ ન પડે. પાપ ખરૂં પણ આ ટાઈમે પુન્યાનુબંધીપુન્ય બની જાય, પાપના ઉદય વખતે પણ પુનીયાશ્રાવકની જેમ સર્વત્ર શાંતચિત્ત હોય. ઉત્તમમનુષ્યને સુખની ફિકર ન હોય મોક્ષની જ તાલાવેલી હોય.

ધન્નાજી, શાલિભદ્ર, ખંધક, ગજસુકુમાલને યાદ કરો, નસેનસમાં મોક્ષની જ યાદ હતી. આવા ઉત્તમ પુરૂષો જગતમાં ઓછા જ હોય. નામાપિ તેષાં દુરિતાનિ હન્તિ....

ઉત્તમોત્તમનો વિશેષાર્થ : ૪૮ આત્માઓ... ૨૪ તીર્થંકર ઉત્સર્પિણીના, ૨૪ અવસર્પિણીના. બનાર્ડશોને કોઈએ પૂછ્યું, તમારે આવતા જન્મમાં શું બનવું છે ? બનાર્ડશોએ ઉત્તર આપ્યો, જો આવતો જન્મ હોય તો ભગવાન બની જવાનું બારણું જૈનોને ત્યાં ખૂલ્લું છે. માટે હું જૈનધર્મને યાદ કરૂં છું. માટે જ હું જૈનોને ત્યાં જન્મ ઇચ્છું છું. શંભુ-કૃષ્ણ વિગેરે થઈ ગયા, હવે ત્યાં ભક્ત બનવું પડે, પણ મને ભગવાન બનવાની ઇચ્છા હોય તો જૈનને ત્યાં જ ઇચ્છું છું.

ચાહે તો આપણો આત્મા પણ ભગવાન બની શકે છે. નંબર તો બધા જ લગાવે પણ લોટરી તો ભાગ્યશાળીની જ લાગે. ઉત્તમોત્તમ સ્વયં પોતાને તારી શકે. કેવળી પોતે તરી શકે પણ અન્યને તારવાની શક્તિ નહિ. ઉત્તમ મનુષ્યો કદાચ બીજાને તારે પણ તે સંખ્યા બહુ જ મામુલી.

જ્યારે તીર્થંકરો પોતે નિર્વાણ પામ્યા બાદ પણ તેમનું શાસન બીજાને તાર્યા જ કરે. ચતુર્વિધ સંઘને તારવાનું અને એકત્ર રાખવાનું કામ તેઓનું છે, એમનું પુન્ય જ અજબગજબનું છે. જે કૃતાર્થ બની ગયા હવે તેમને જાપ-ધ્યાન ન હોય, અરિહંતને હવે માળા ફેરવવાની ન હોય.

માળા તે અજ્ઞાનની નિશાની છે. ઘણા લોકો સંવત્સરીના પ્રતિક્રમણમાં માળા અને મશીન લઈને બેસે છે. સર્વદા કૃતકૃત્ય પરમાત્માને હવે તપ પણ ન હોય. તેઓ બે-ટાઈમ શા માટે ઉપદેશ આપે છે ? તીર્થંકર નામકર્મના ઉદયથી તેઓ દેશના આપે છે. કેવલી-ગણધર નામકર્મનો ઉદય ન હોય તેથી પોતે તરે છે. આ જગતમાં મોટામાં મોટું સત્કાર્ય તે બીજાને ઉપદેશ દેવો તે છે. વક્તાએ બીજાને ઉપદેશ દેવો જોઈએ. સ્વીયસ્ય શ્રમં અવિચિન્ત્ય, પોતાના થાકનો વિચાર કર્યા વિના. જે ચીજ બીજાને આપો, તો તે તમને મળે. ઉપદેશથી જ સત્સંગ સધાય છે.

બીજાનો પ્રેમ લેવો હોય તો પહેલાં બીજાને પ્રેમ આપવો પડે. દ્વેષ આપો તો દ્વેષ મળે. ઉદાર બનીને બીજાને પ્રેમ આપ્યા જ કરો. ઉપમિતિનો દ્રમક વિચારે છે કે, આ સદ્‌બુદ્ધિ-દયા વિગેરે છોકરીઓ મારૂં ચપ્પણિયું છોડાવવા માગે છે, આ ફેંકી દઉં અને નવું ન મળે તો ? તમને પણ આવો ભય છે, હું પચીસ-પચાસ વાપરી દઉં અને બીજી કમાણી ન થાય તો ? પણ આ ડર કાઢી નાખો.

યો ધ્રુવાણિ પરિત્યજ્ય, અધ્રુવં પરિસેવતે, ધ્રુવાણિ તસ્ય નશ્યન્તિ, અધ્રુવં નષ્ટમેવ ચ.

તમે કોઈને નહિ આપો તો તમને કોણ આપશે ? વસ્ત્ર, અન્ન, પાણી આસન-વસતિ આપતા જ રહો. તમે કોઈના પ્રસંગમાં જશો તો તમારા પ્રસંગમાં કોઈ આવશે, નહિતર સંબંધ નહિ રહે.

મૈત્રીભાવ, પ્રેમ, દાનની ગંગા વહાવો તેવી તમને મળે. રેવરન્સ ફોર લાઈફ, જેવું બીજા માટે તમો વર્તો તેવું બીજા વર્તે. જામનગરમાં એક ભાઈ ૬૦ વર્ષથી એક જગ્યાએ બેસીને ચણ આપે છે, આ ભાઈની આગળ-પાછળ ૫૦ કબૂતર બેઠાં જ હોય, બીજો કોઈ આપે તો એક પણ કબૂતર ન આવે. આને પ્રેમ કહેવાય. ઉપમિતિમાં બીજી વાત કરે છે કે, તમે જો બીજાને ઉપદેશ દીધો હશે તો તમને દેનાર કોઈ મળશે. સૂર્ય જેમ રોજ ઉદય પામે તેમ ભગવાન રોજરોજ સમવસરણમાં બેસી ઉપદેશ આપે.

બીજાને ઉપદેશ આપી તારવા તે જ મોટામાં મોટું કામ છે. પરમાત્માનો સ્વભાવ ઉપદેશ આપવાનો છે, તેનાથી ભવ્યજીવોરૂપી કમળો વિકસિત થાય છે. આસન્નઉપકારી મહાવીરસ્વામી છે. સૂર્ય-ચંદ્ર ઢંકાઈ જાય તો જગતનું શું થઈ જાય ? તારક તીર્થંકરો સકલ શાસ્ત્રના ઉપદેશક, ઉત્તમોત્તમ છે.

*જયઈ સુહાણં પભવો, તીત્થયરાણં અપચ્છિમો જયઈ*

*જયઈ ગુરૂ લોગાણં, જયઈ મહપ્પા મહાવીરો...*

કેટલાક બુદ્ધિજીવી કહે છે કે, માનવસેવા એ જ પ્રભુસેવા. પણ ફર્સ્ટમાં પ્રભુસેવા કરી, પછી માનવસેવા આવશે. પ્રભુ પાસે ન જવાય તો નમ્રતા ન આવે. પોતાનું વિલીનીકરણકરવું પડે છે. માનવસેવામાં ક્યારેક અહંકાર પોષાય છે. પરમાત્મા જેવી વિભૂતિ ન હોય તો પુન્ય-પાપના ભેદ કોણ સમજાવત. માનવસેવાને પણ બતાવનારા તો એક પરમાત્મા જ છે. તમામ ધર્મોના પ્રવર્તક પણ પરમાત્મા જ છે.

તસ્માદ્ અર્હતિ પૂજાં..... અશુભથી બચાવનાર, શુભમાં પ્રવર્તાવનાર પરમાત્મા જ છે. પંચસૂત્રમાં લખ્યું છે કે, તમારા મનમાં શુભ વિચાર આવતો હોય તો તેમાં તમારો પુરૂષાર્થ કારણ નથી, પણ પરમાત્માનો જ પ્રભાવ છે.

માતપિતાએ એક જન્મમાં ઉપકાર કર્યો છે, વળી આ જન્મની જ ચિંતા કરનારાં છે, મારો દીકરો પરણે, ભાકરી મેળવે, નોકરી મેળવે, દીકરી મેળવે અને છેલ્લે અમારી સેવા પણ કરે, જ્યારે તારક પ્રભુનો ઉપકાર તો નિગોદથી માંડીને છે. અરિહંત માર્ગ બતાવનાર, સિદ્ધો નિગોદથી કાઢનાર અવ્યવહાર

રાશિમાંથી કાઢનાર, વ્યવહારરાશિમાં લાવનાર તેઓ જ છે. પછી માર્ગ બતાવનાર અરિહંતનો ઉપકાર છે. પછી સત્શાસ્ત્ર, સદ્ગુરૂનો ઉપકાર છે. પ્રભુનાં સાધુસાધ્વી ઉપકારી છે. ગુરૂનો ઉપકાર ક્યારેય વળે તેમ નથી.

**તસ્માદર્હતિ પૂજાં....**

અરિહંત પરમાત્મા જ પૂજાને યોગ્ય છે, પૂજાથી મન પ્રસન્ન બને છે. બહાર સુખ કેટલું છે તે નથી જોવાનું મન કેવું પ્રસન્ન છે. બહાર સુખ કેટલું છે તે નથી જોવાનું મન કેવું પ્રસન્ન છે તે જોવાનું છે. અને જેનું મન પ્રસન્ન હોય તેને દુ:ખ રહેતું જ નથી. તમે કોઈપણ પરિસ્થિતિમાં આનંદથી રહી શકતા હો તો વાંધો નથી.

સહુથી મોટો પ્રશ્ન ચિત્તની અપ્રસન્નતામાં છે. તારક તીર્થંકરોનો ઉપકાર ભવોભવનો છે. ધનપાલ-કવિની બત્રીસીઓ છે, તેમાં તેમણે એક ભય ઠાલવ્યો છે કે, હે પ્રભો ! તારી ભક્તિ કરતાં કરતાં હું ભગવાન બની જઈશ તો મને ભક્તિ કરવા પછી નહિ મળે, હાલાજી મારે ઠાકોરજી નથી થાવું... ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ...

સીતાજી એશોકવાટિકામાં હતાં, ભમરી માટીનું ઘર બનાવતી હતી, લીલી ભાજીની ઇયળ હોય છે, ભમરી અવાજ છોડે છે, ઇયળ ભમરીનું નાદગુંજન સાંભળતાં સાંભળતાં ભમરી બની જાય છે, સીતાજી આ દશ્ય જોઈ બેબાકળાં બની ગયાં, રાક્ષસીઓ પૂછે છે, કેમ આટલાં ગભરાયાં ?

સીતાજી-ઇલિકા ભમરી બની જશે તો ? રાક્ષસી-તેમાં તમને શું ? સીતાજી - હું રામ રામ જપતાં રામ બની જઈશ તો ? મને ભય લાગે છે, હું સંસારમાં શું કરીશ ? મારે આત્મસમર્પણ શી રીતે કરવાનું ? રાક્ષસી હસવા લાગી, માતાજી ! ચિંતા ન કરો, તમે તમારે રામ-રામ કરો પણ રામેય સીતા જપતાં જંપતાં સીતા બની જશે તો ? તમને વાંધો નથી ને ! તમે બંને રામસીતા જ રહેશો. ઇલિકા ભ્રમરીન્યાય આને કહેવાય. અજપા જપાથી અંદરનો ભગત પણ ભગવાન બની જાય છે. દાસપણું ચાલ્યું જાય તેનો ડર ધનપાલ કવિને લાગ્યો છે.

અભ્યર્ચનાદર્હતાં પૂજાં અર્હતિ.... ભગવાન દર્શનપૂજનને યોગ્ય છે. વિવેકાનંદને અમેરિકામાં પૂછવામાં આવ્યું કે, તમે ધોળિયા માણસોને જોઈને કાળિયા ભારતના તે માટે શું અભિપ્રાય આપો છો !

વિવેકાનંદ - ધોળિયાને જોયા પછી મારા ભારતના કાળિયાલોકો પૂજવા યોગ્ય લાગે છે. અમારા મલકના રે માયાળુ માનવી. અમેરિકામાં દાદી છોકરૂં રમાડ્યા પછી દશ ડોલર લે છે. ભારતની આપણી દાદી બાલુડાને રમાડતી હરખઘેલી બની જાય છે. સ્વર્ગસ્થ પૂ. પં. શ્રી ભદ્રંકરવિ.મ.સા. કહેતા કે, જે માણસ જેટલા માનને યોગ્ય હોય તેને તેટલું માન આપવું જોઈએ. જમાઈ નામના પ્રાણીને ઘેબર જમાડવાનાં હોય, બીજા કોઈ મહેમાનને, સરબત, પાણી, ચહા આપવાના હોય, કોઈને બે જ શબ્દ સારા બોલવાના હોય, તે તે વ્યક્તિને તેના અનુરૂપ માન ન આપો તો જીવનના સંબંધો બગડી જાય.

સાધુમુનિરાજને સ્વામિ, શાતા છે જી ! તેવું માન અપાય. તારક તીર્થંકરને ઊડતી સલામ ન કરાય, દર્શન કરીને પતાવો તે ન ચાલે. પૂજા જ જોઈએ. પરમાત્માનાં વર્ણન કરતાં શાસ્ત્રકારો થાકી ગયા છે.

**अभ्यर्चमादर्हतां.... मन:प्रसाद:**

તાત્કાલિક ફળ મનની પ્રસન્નતા મળે. આ જન્મથી મોક્ષ થવાનો નથી જ, દૂર છે તો શું મળે ? પૂજનથી મર્યા પછી સદ્ગતિ મળે, મૂઆ વિના સ્વર્ગે ન જવાય. મરતાં સમાધિ મળે.

દૂધનો ગ્લાસ પીતાં જ પેટની જ્વલન શાંત બની જાય છે, ૪૯ દિવસ પછી દૂધ સાતધાતુરૂપે બને છે. પણ તરત પરિણામ દૂધનું શું ? ગરમી અને ભૂખ શાંત થઈ જાય. પૂજાથી મોક્ષ ૪૯ દિવસ જેવો દૂર છે પણ તરત મળનારી ચીજ મન-ચિત્ત-પ્રસન્નતા છે. આજની કહેવત ફ્રેશમાઈન્ડ બની જાય.

દુનિયામાં જેટલાં સુખો છે તે સર્વોપરિ સુખ આ મનની પ્રસન્નતાનું છે. જો મનપ્રસન્ન ન હોય તો ક્રોડો સંપત્તિ વચ્ચે રહેલો શ્રીમંત પણ દુઃખી છે. અને મન પ્રસન્ન છે તો રોડ ઉપર બેઠેલો મજૂર પણ સુખી છે. ભલે તેની પાસે સંપત્તિ ન હોય તો પણ. માણસને ટેન્શન થાય એટલે દારૂ ઢીંચે છે, પણ તેનાં શરીરના સ્નાયુ ઢીલા પડી જાય છે.

*તુમહી નજીક નજીક હૈ સબહી, ઋદ્ધિ અનંત અપારા હો....*

પરમાત્માનો સંબંધ નિત્ય છે, ટ્રેન આવ્યા બાદ ચાલી જાય છે, મુસાફર વિખરી જાય છે, કુટુંબ અને ગુરૂનો સંબંધ ટાઈમીંગ છે, દીકરી તો પારકી થાપણ કહેવાય, તેમ સાધુ તો ચલતા ભલા, શાસ્ત્રોએ સુંદર ગોઠવ્યું છે. ચોમાસાના ચાર અને શેષકાળના ૮ કલ્પ સાધુને છે. સાધુ એક જગ્યાએ રોજ રહે તો પ્રેમ ન ટકે. નારી લગ્નગ્રંથીથી જોડાય ત્યારે કંકણ નાખે છે, તે આદર્શ કહેવાય. ધણી સાથેના સંબંધ તૂટી જાય કાચની બરણીની જેમ. લક્ષ્મણા ચોરીમાં જ વિધવા થઈ છે. ચૂડલો નંદવાયા પછી સોનાની બંગડી પહેરે છે. આર્યદેશના પ્રત્યેક રિવાજો જ્ઞાનને સૂચવનારા છે. સોનાની બંગડી પહેરવા પાછળ સાયન્સ છે. એક ધણી હતો, હવે જગતના ધણી સાથે સંબંધ જોડવાનો છે.

*પરણી હું પ્રીતમ પ્યારો, રંડાવાનો ભય વાર્યો,*

*મુખડાની માયા લાગી રે, મોહનતારા...*

ગુરૂ, પતિ, સ્ત્રીના સંબંધ અમુક જ સમયના છે. ગુરૂવરકી યાદમેં હમ પરમાત્માકો ભજેંગે.... લગ્નના ટાઈમ વખતે બધા હાજર હોય પણ ગોરમહારાજ ન હોય તો લગ્ન થઈ શકતાં નથી, ગોર શું કરે છે ? પરણાવવાનું કામ કરે. વધૂવરને જોઈંટ કરી આપે. ગુરૂની ડ્યુટિ યજ્ઞનની વેદિકા પર હતી, ગુરૂ ચારમહિના આવ્યા હતા, અને ભક્તને ભગવાન સાથે પરણાવીને ચાલ્યા જાય છે. હજાર હાથના ધણી એવા ભગવાન સાથે ગુરૂ સંબંધ જોડાવી દે છે. ભક્ત-ભગવાનનો સંબંધ જોડાઈ જાય છે. પછી ગુરૂને ચિંતા હોતી નથી.. આવોને... દેવ જુહારિયે રે લોલ,

*આદીશ્વર મુખ દેખતાં રે લોલ, નાસે દુઃખ વિખવાદ રે.*

મયણાએ શ્રીપાળને પ્રથમ ભગવાનનો ભેટો કરાવી દીધો. ક્યારેક શરીર દુઃખમાં હોય, ક્યારેક મન દુઃખમાં હોય, ક્યારેક બંને દુઃખી હોય.

દુઃખક્ષય અને કર્મક્ષય નિમિત્તે કાઉસ્સગ્ગ કરે છે. મનનાં દુઃખો, શરીરનાં દુઃખો, છેવટે આઠે કર્મોને ભગાડવાનાં છે. કાયોત્સર્ગમાં વ્હાલા વીતરાગનું સ્મરણ કરવાનું છે. દુઃખ અને કર્મને ક્ષય કરવામાં પરમાત્મા જ એક કારણ છે. તેથી મનને ખાલી પડવા ન દો. સતત સ્મરણ કર્યા કરો.

તુલસીદાસે ગાયું છે,

*પરધન પથ્થર માનીયે, પરસ્ત્રી માત સમાન.*

*ઈતના કિયે જો હરિ ના મિલે, તો તુલસીદાસ જબાન.*

જેનું ચારિત્રમાં મન શુદ્ધ છે, અને ધન જેનું નિતિયુક્ત છે, આટલું કરતાં જો હરિ ન મળે તો તુલસી તમને જબાન આપી દે છે. પાવૈયાને પાનો ચઢી જાય એવી સ્થિતિ આવી ગઈ છે, ટી.વી. વીડિયો માઝાં

મૂકીને નાચી રહ્યાં છે. કંદમૂળના બદલે ઈંડાંની ખાવાની શરૂઆત થઈ ગઈ છે. લાગણીઓ ઓછી થઈ ગઈ છે.

હવે તો ફોન લઈને ઉપાશ્રય-મંદિરમાં દાખલ થવા લાગ્યા, સમાચાર ચાલુ હોવાથી ભગવાન સાથે મન ભળે જ નહિ. દુનિયાને ભૂલીને મંદિરમાં દાખલ થવાનું છે. કુટુંબને બચાવવા પ્રયત્ન કરો પણ પરમાત્માને સાથે લ્યો. મછલી પાણીને છોડતી નથી. છોડે તો બહાર મરણ નક્કી જ. ભક્તને જલકી રાની જેવો કહેવાય છે. ભગવાનને ભગત છોડી દે તો જીવી ન શકે.

એકવાર ગાંધીજી બહારથી થાકીને આવીને તરત સૂઈ ગયા અને ત્રણ વાગે ઊઠીને રડવા લાગ્યા, નહેરૂએ પૂછ્યુ, શું થયું ? બાપુએ કહ્યું, હું નમકહલાલ પાક્યો, કેમકે, ગઈ કાલે રાત્રે નાઈટપ્રેયર કર્યા વિના સૂઈ ગયો. અને ત્રણ વાગે અર્ધી કલાક રઘુપતિરાઘવ રાજારામની ધૂન ભજનમંડળી ઊભી કરી દીધી.

સાધુ જાય છે પણ જે પ્રભાવ પાથર્યો હોય છે તેથી લોકો સુખી થાય છે. જગતને પ્રેમ કરવામાં કાંઈ બાકી નથી રાખ્યું, હવે જગતગુરૂને વહાલા કરો, ટ્રાય કરો. ડોક્ટરની ટેબલેટ સ્વીકારો છો તેમ પ્રભુના નામની ટેબલેટ લો. પૂજન કરો, સ્મરણ કરો, જાપ કરો. જગતના તમામ આંતરા, ખતરાસ્વરૂપ છે, હવે વ્હાલા ભગવાન સાથે ઓળઘોળ થાઓ. ભક્તે ભગવાન સાથે પરણી જવાનું છે.

**(૧) થિયરીકલ = ગ્રહણ શિક્ષા, (૨) પ્રેક્ટીકલ = આસેવનશિક્ષા.**

પરમાત્માની પૂજા - સ્મરણ એવરીસેકંડ

જીવદયા જીવવાની આસેવનશિક્ષા = જીવનમાં આચારમાં લાવો. છ પ્રકારના જીવોનું તત્ત્વાર્થકારિકાનું પ્રવચન સમાપ્ત.

### છ પ્રકારના મનુષ્યોનો સંક્ષિપ્તાર્થ

(૧) **અધમતમ :** આ લોક અને પરલોકમાં દુઃખ આપનારાં કાર્યો કરે.

(૨) **અધમ :** કેવળ આ લોકમાં સુખ આપનાર કાર્યો કરે.

(૩) **વિમધ્યમ :** ઉભય લોકમાં સુખ આપનાર કાર્યો કરે છે.

(૪) **મધ્યમ :** કેવળ પરલોકના સુખ માટે સદા ક્રિયાઓમાં પ્રવર્તે.

(૫) **ઉત્તમ :** વિશિષ્ટ મતિમાન મનુષ્ય મોક્ષ માટે જ પ્રયત્ન કરે.

**(૬) ઉત્તમોત્તમ :** જે મનુષ્ય ઉત્તમ ધર્મ પામીને કૃતકૃત્ય બનવા છતાં અન્ય જીવોને સદા ઉત્તમ ધર્મનો ઉપદેશ આપે છે તે ઉત્તમ-પુરૂષોથી પણ ઉત્તમોત્તમ છે, આથી જ જગતમાં અધિક તેઓ પૂજનીય છે.

### તત્ત્વાર્થકારિકાની વ્યાખ્યાનની ગાથા

**સમ્યગ્દર્શન શુદ્ધં, જ્ઞાનં વિરતિમેવ ચાપ્નોતિ**
**દુઃખ નિમિત્તમપીદં, તેન સુલબ્ધં ભવતિ જન્મ....૧**
**જન્મનિ કર્મકલેશૈરનુબદ્ધેડસ્મિંસ્તથા પ્રયતિતવ્યમ્**
**કર્મકલેશાભાવો યથા ભવત્યેષ પરમાર્થઃ....૨**
**પરમાર્થા લાભે વા, દોષેદ્વારંભક સ્વભાવેષુ**
**કુશલાનુબંધ મેવ સ્યાદનવદ્યં યથા કર્મ....૩**

કર્માહિતમિહ ચામુત્ર, ચાધમતમો નરઃ સમારભતે
ઇહ ફૂલમેવ ત્વધમો, વિમધ્યમસ્તૂભય ફલાર્થમ્.....૪
પરલોક હિતાયૈવ પ્રવર્તતે, મધ્યમઃ ક્રિયાસુ સદા,
મોક્ષાયૈવ તુ ઘટતે, વિશિષ્ટમતિરુત્તમઃ પુરૂષઃ....૫
યસ્તુ કૃતાર્થોપ્યુત્તમ મવાપ્ય ધર્મં પરેભ્ય ઉપદિશતિ,
નિત્યં સ ઉત્તમેભ્યોડપ્યુત્તમ ઈતિ પૂજ્યતમ એવ....૬
તસ્માદર્હતિ પૂજા મર્હન્ નેવો-તમો ત્તમો લોકે
દેવર્ષિ નરેન્દ્રેભ્યઃ પૂજ્યેભ્યોડપ્યન્ય સત્ત્વાનામ્.....૭
અભ્યર્ચનાદર્હતાં મનઃ પ્રસાદ સ્તતઃ સમાધિશ્ચ,
તસ્માદપિ નિઃશ્રેયસમતો હિ તત્પૂજનં ન્યાય્યમ્.....૮
તીર્થપ્રવર્તનફલં યત્પ્રોક્તં, કર્મ તીર્થંકરનામ,
તસ્યોધ્યાત્ કૃતાર્થોડપ્યર્હં સ્તીર્થં પ્રવર્તયતિ.....૯
તત્સ્વભાવાત્ એવ પ્રકાશયતિ ભાસ્કરો યથા લોકમ્
તીર્થપ્રવર્તનાય પ્રવર્તત તીર્થંકર એવમ્....૧૦

★-★-★

## પ્રવચન ત્રીસમું : પ્રશ્નોત્તર વ્યાખ્યાન

સ્વાધ્યાય પાંચ પ્રકારે છે. વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા. ગુરૂ પાસેથી મેળવવું તે વાંચના. એમાં શંકા થવી, ન સમજાય તે પૂછવું તે પૃચ્છના, પરાવર્તન કરવામાં ન આવે તેથી ભૂલી જવાય માટે પાછળનું યાદ કરતા રહેવું.

### બાદશાહ અને બિરબલની મજાક

**બાદશાહ : બિરબલ ? ઘોડા અઠા ક્યું, પાન સડા ક્યોં, રોટી જલી ક્યોં ?**

**બિરબલનો ઉત્તર :** ઘોડો ફરતો ન રહે તો અટકી જાય, પાન એક સ્થાને સડી જાય, રોટલી ન ફેરવે તો બળી જાય. સ્વાધ્યાય સદાને માટે ફરતો રહેવો જોઈએ. તો જ પાકો રહે. ભણી લીધા પછી ચિંતન કરવાથી નવું શ્રુત પેદા થાય છે. અનુપ્રેક્ષાથી અગાધ જ્ઞાન પ્રાપ્ત થાય. ભગવતીજીસૂત્રમાં ગૌતમે મહાવીરને ૩૬૦૦૦ સવાલ-જવાબો આપ્યા છે. જયંતિશ્રાવિકાએ પણ પ્રશ્નો પૂછ્યા છે.

**પ્રશ્ન : કોણ ઊંઘતા સારા ? કોણ જાગતા સારા ?**

**ઉત્તર :** અધમ્મિણં તુ સુત્તતયા સયા, ધમ્મિણં તુ જગરિયા સયા, ખાટકીઓ ઊંઘતા સારા, ધર્મીઓ જાગતા સારા. ધર્મી જેટલો જાગે તેટલું પરોપકારનું કામ વધારે કરશે. સેનસૂરિમહારાજને નાદિરગામનો સંઘ પ્રશ્ન પૂછાવે છે. ભીનમાલનો સંઘ જગદ્ગુરૂને પ્રશ્ન પૂછાવે છે.

**પ્રશ્ન : પૂજાના ડ્રેસમાં સામાયિક આદિ થાય ?**

**ઉત્તર :** પૂજાના ડ્રેસમાં વધુ ટાઈમ ન કઢાય, ખરેખર તો પૂજાનાં કપડાં રોજ ધોવાં જોઈએ. ઓફિસનાં

કપડાં રોજ ધોવાનાં, અને પૂજાનાં કપડાં અઠવાડિયે ધોવાય તે જરાય વ્યાજબી નથી. પૂજાનો ડ્રેસ જરાપણ પસીનાવાળો ન જોઈએ. પૂજાનો ડ્રેસ પહેરી જાજમની, વ્યાખ્યાનની જાજમ ઉપર ન બેસાય.

**પ્રશ્ન : ગુસ્સો ઘણો આવે છે, તે પળને નાથવાનો ઉપાય શું ?**

**ઉત્તર :** ગુસ્સો કર્યા પછી માણસ ક્યારેય પ્રસન્ન હોતો નથી, કડવાં ફળ છે ક્રોધનાં, ગુસ્સો કર્યા પહેલાં અને કર્યા પછી તમને બ્રહ્મજ્ઞાન (પસ્તાવો) થાય છે, પણ તે પળે તમે ભાન ભૂલી જાયો છો પરંતુ દઢ સંકલ્પ કરો તો નીકળી શકે. ડ્રાઈવીંગ કરતાં આવડે તેને બ્રેક કરતાં આવડવું જ જોઈએ. પ્રત્યેક માણસે પોતાનો કંટ્રોલ કરતાં શીખવું જોઈએ. બ્રેક મારવા છતાં ક્યારેક એક્સીડંટ થઈ જાય તેમ તમારે ગુસ્સો થાય તો દંડ કરવો જોઈએ.

૧ હજાર ખમાસમણાં, ૧ હજાર રૂા. દંડ કરો, પછી સીધા થઈ જશો. કેટલાક માણસો સવારે ચડ્ડી પહેરીને વ્યાયામ કરવા જાય છે, તમે ક્રિયાનો વ્યાયામ કરો. જો ક્રોધનો કંટ્રોલ નહિ કરો તો મરીને ચંડકોશિયા બનશો. એક ભવને બગાડશો તો અનંતા ભવ બગડશે. દરેક દોષને આ ભવમાં જ નિર્મૂલ કરવા એ જ આ મનુષ્યભવનું સાચું કર્તવ્ય છે.

**પ્રશ્ન : અવાસ્તવિક ભય લાગવાથી અમંગળ વિચારો આવે છે.**

**ઉત્તર :** ચાર સંજ્ઞા સતાવે છે, ભૂખ ન હોય તો ય ખાવાની ઇચ્છા થાય છે. તેને સંજ્ઞા કહેવાય. પાન-મસાલા ખાવા તે ભૂખ શમાવવાનું સાધન નથી પણ સંજ્ઞા છે. જરૂર વિના નાખવું તે આહાર સંજ્ઞા. જરૂર વગર ડરવું તે ભયસંજ્ઞા છે. માણસ સમાજ વિના જીવી શકતો નથી, જાનવર એકલું રહી શકે છે, કારણ નિર્ભય હોય છે. સાધુ નિર્ભય હોય છે, વિહારમાં સ્કૂલના ઓટલા પર સૂઈ જાય છે. કોઈ માણસ સંડાસમાં વાંદુ નીકળે તો ય ગભરાય છે. પણ આત્મદ્રવ્યને જેણે ઓળખ્યું છે તે સદા નિર્ભય હોય છે.

***કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી***
***કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલકી બાજી***
***આપ સ્વભાવમાં રે, અવધૂ સદા મગનમેં રહના....***

સીતા જંગલોમાં ભમી, નળ દમયંતીને એકલી છોડીને ચાલ્યો ગયો છતાં દુઃખના દિવસોમાં હિંમત રાખી દમયંતીએ માટીની શાંતિનાથની મૂર્તિ બનાવીને પણ આરાધના કરીને સમય વીતાવ્યો, ક્યારેક મરી જવાથી પ્રોબ્લેમ મરી જતા નથી. માટે દુઃખોથી ડરીને આપઘાત કરવાની કોઈ જ જરૂર નથી. મરી જવાથી પ્રોબ્લેમ જો સોલ જ થઈ જતા હોય તો અમે શું કામ દીક્ષા લેત ? પારકા જીવને મારવો તે હિંસા છે, તેમ બીજાને મારવો તે પણ હિંસા જ છે, તેમ તું તને ન માર.

નવરા બેઠા નખ્ખોદ વાળે. તેના કરતાં કાંઈ કામ કરતા રહેવું, જે ટાઈમે જે યોગ્ય લાગે તે કરવું. જેથી ખરાબ, નબળા વિચારો મટી જાય.

જીવતો નર ભદ્રા પામે, સહુ સારાં વાનાં થશે આ સૂત્રો ગોખી લો, બધું જ ટાઈમે સારૂં થશે. મુશ્કેલીઓ આવીને ચાલી જશે. ઘેર ઘેર ગેસના ચૂલા, સંસાર સોનાનો નથી, ઘણો ભય સતાવે તો અભયદયાણંનો જાપ કરો. મૂઆ તો સ્મશાને જવું જ પડે. ત્યાં પ્રશ્નો મટી નહિ જાય. ઇદમપિ ગમિષ્યતિ સૂત્ર ગોખી લો.

**પ્રશ્ન : અમારી ઉંમર મોટી થઈ તો અમારો શો ગુનો ? અમને શિબિરમાં પ્રવેશ નહિ ?**

**ઉત્તર :** તમારી ઉંમર નાની હોત ત્યારે મારે ચોમાસું આવવું જોઈતું હતું, પણ મારો ય ગુનો નથી, મને વિનંતિ મોડી આવી, વ્યવસ્થા એ એક જરૂરી વસ્તુ છે, એક ધક્કા ઓર દો. જુવાનીને સાચવી લો, ઘી, ખીચડીમાં જ ઢળ્યું છે.

**પ્રશ્ન : મારા સાસુ ખૂબ ધર્મી છે, પણ ગુસ્સો બહુ કરે છે, તેના કરતાં ધર્મ ન કરવો સારો ને ?**

**ઉત્તર :** બેન ! તને આમે ય ધર્મ કરવો ગમતો નથી, અને અમે તને ધર્મ કરવા જ ના પાડી દઈએ તે વ્યાજબી નથી. તારાં સાસુને ગુસ્સો આવે છે છતાં ય તે નવકારવાળી ગણે છે તે જ તેમની વિશેષતા છે. જગતમાં ગુસ્સો તો ઘણાને આવે છે, પણ ધર્મ કરતા નથી. પણ તારી સાસુ ધર્મ કરે છે માટે તું તેમને હાર પહેરાવી દે. તારા દૃષ્ટિકોણને તું જ બદલી નાખ. અનુમોદના કર. કોઈના દોષને નજરમાં રાખી ધર્મની માંડવાળ ન થાય. વરસીતપ કરે છે, અને ગુસ્સો કરે છે, પણ તમે વ્યક્તિને દોષ ન આપો. તપને દોષ ન આપો, કોઈ કહેશે, શિબિરમાં જઈને શું ઉકાળ્યું ? પણ ત્રણ કલાક પાન મસાલા ન ચાવ્યા, શાંત બેઠા એ જ પુન્યનો ઉદય માનવો.

સારી પ્રવૃત્તિ હંમેશાં સારી છે, તેને વખોડાય નહિ. ઘર મૂકીને બહાર ગયા, ફર્નિચર ધૂળથી ભરાઈ ગયું, પણ ધૂળ કઢાય, ફર્નિચર ન કઢાય તેને તો સ્વચ્છ જ કરવું પડે. ભીંડો ખરાબ હોય તેટલો જ ભાગ કઢાય, બાકીના ભીંડાનું તો શાક જ કરાય. માણસ છે તો માથું દુઃખે, પણ માથું વાઢીને ન મૂકાય, દવા લેવા પણ માથાને ફ્રીજમાં ન મૂકાય. ધર્મને તો હંમેશાં ઊભો જ રાખવાનો.

ધરમ ન કરનારા પણ ઘણા દુઃખી થાય જ છે. સમતા રાખવી, આશાતના ટાળવી, આ ઉપાયો જરૂર અજમાવવા. ધર્મને આળ ન અપાય ધરમથી હંમેશાં અમંગળ જાય, ધરમથી તો મંગળ જ થાય, ધરમથી ત્રણ કાળમાં નુકશાન નથી જ, નથી. કોઈ કહેશે, પ્રતિજ્ઞા કરાવીને નુકશાન થયું પણ ધર્મથી કોઈને ક્યારેય નુકશાન થાય નહિ.

પૂર્વનાં કર્મોથી જ નુકશાન થાય. અને ધર્મથી નુકશાન થાય તો તે ધર્મ નહિ. આ શ્રદ્ધાને જ્વલંત બનાવો અને ધર્મ કરનારે પણ સમતા-સંતોષ રાખવો જેથી બીજાને અધર્મ પમાડવાનું પગથિયું ન બને. તપ કરો તો કાયાને શોષીને પણ કરો છો ને ? તેમ થોડું કોઈનું સહન કરવાનું આવે તો સહન કરી લેવું જેથી તપ તથા ધર્મ વગોવાય નહિ. અને તમે સમતા તથા શાંતિથી ધર્મ કરશો તો બીજાને તમે ધર્મ કરવામાં નિમિત્તરૂપ બનશો. અને સહુને આ જગતમાં પ્રેમ આપી ધીમેધીમે તપસ્વી તેવાં તમે પ્રભાવકરૂપ પણ બની શકશો...

★-★-★

## પ્રવચન એકત્રીશમું : પ્રશ્નોત્તર વ્યાખ્યાન

**પ્રશ્ન :** કબૂતરને જવાર અને ચણા ખવરાવે છે તો તેનો શું અર્થ ? કબૂતર શાંત, નિર્દોષ છે, અને વળી ચોવિહાર કરે છે તો તેને ખવરાવવાથી વધુ લાભને ?

**ઉત્તર :** તમારા એકી સાથે દ્વિઅર્થી પ્રશ્ન છે. કબૂતર નિર્દોષ છે તે બરાબર પણ ચોવિહારનો લાભ તો જે સંકલ્પપૂર્વક કરે તેને જ લાભ થાય, કેટલાક પશુઓ રાત્રે ખાતા જ નથી. તેથી તેને લાભ ન મળે.

**કુદરતના બે વિભાગ : રાત્રિ અને દિવસના**

(૧) રાત્રિંચર - દિવાચર, શાકાહારી, માંસાહારી.

ઘુવડ, નાગ-કાગ તે રાત્રે પ્રવૃત્ત થાય છે. કેટલાક રાત્રે શિકાર કરવા નીકળે, રાત્રે શાંત ન હોય, ચામાચીડિયાં રાત્રે જાગે. માણસને કોઈ પૂછે તો તું ક્યારે ચરે ? ઉત્તર મળે રાત્રે અને દિવસે બંને ટાઈમે. આર્યદેશમાં રાત્રે કાંઈ કામ ન થાય. બમ્બઈસે આયા મેરે દોસ્ત. રાત્રે કામ કરો, દિવસે આરામ કરો. ગાયને રોટલી ખવરાવવાથી જ પુન્ય થાય તેમ નહિ. બધાં પશુને ખવરાવો. ગાયથી બધા પશુઓ આવી જાય. ખેડૂતને ખબર છે, ગાય-ભેંસને કેટલું અપાય. કબૂતર જીવજંતુ ખાતું નથી તે તેનો સ્વભાવ છે.

**પ્રશ્ન :** મારા પતિ મને રોજ મારે છે, મને આપઘાત કરવાનું મન થાય છે, તો શું ઉપાય કરવો ? શાંતિ શી રીતે મેળવી ? ઉપાય કયો ?

ઉત્તર : ટી.વી. વિડીયો આવ્યા પછી આપણી પરિસ્થિતિ વણસી ગઈ છે, માણસનું મન ભોગથી ભડકી ગયું છે, પૈસો કમાવવાની ઇચ્છાથી માણસ અતૃપ્ત બની ગયો છે, દેખવું નહિ ને દાઝવું નહિ, દેખો તો દાઝ્યા વિના રહેવાય નહિ.

પ્રત્યેક ક્રોધનું કારણ અંતર કરતાં બહારનું હોય છે. પાડાને વાંકે પખાલીને ડામ.

અહંકાર ઘવાતાં ક્રોધ આવે, ઇચ્છા, વાસના પછી જ ક્રોધની ઉત્પત્તિ થાય છે, કામાત્ ક્રોધઃ પ્રજાયતે. ઇચ્છાનું રીએક્શન ક્રોધ છે.

પત્નીને કાં મારે, પણ પત્નીને હાથ ઉપાડાય ? કેટલે ગલણે પાણી ગાળીને તમારી ચકાસણી કરી હશે ? તમે જેન્ટલમેન છો તેમ માનીને સસરાએ પોતાની દીકરી તમને આપી હશે ? આ નારી કોઈ ભેંસ નથી કે, તેને તમે માર્યા કરો, તમારાં જ બાળકોને આની આડી અસર પડે છે. આપણે ત્યાં વગર ભણેલી ડોસીઓ સમતાવાળી હતી. ૯૦ વર્ષની ડોસીઓ ક્રોધને કાબૂમાં રાખતી હતી. ધર્મક્રિયા વિષય-કષાયને કંટ્રોલ કરવા જ છે.

માણસનું મન આહારદ્વારા પણ બગડે છે. રાજસ-તામસ આહારથી પણ બગડે છે. જે છોકરા સાકર વધારે ખાય તે તોફાની બની જાય. દાંત ખલાસ થઈ જાય, શરીર બગડી જાય. આદતોથી બહાર નીકળી જવું જોઈએ. તમો બંને ઝઘડા ન કરો, પહેલાંના કાળમાં ડાયવોર્સ લેતા ન હતા. હાલ વાંદરા મુંબઈમાં રોજ ૪૦૦ કેસ ડાયવોર્સના આવે છે. બેન ! તને પણ શીખામણ આપું. તું મન મોટું કર. હાથ જોડીને કહે, મને મારવી હોય તેટલી મારો લડાઈ કરીને જીતવા કરતાં પ્રેમથી પાછાં પડો. ઝેર ખવાય નહિ, બીજા ભવનું શું ? ઉલમાંથી ચૂલમાં ભડકા ઉલમાં હોય નહિ, ચૂલમાં જ હોય. પણ નવી બાઈઓને ઉલ-ચૂલની ખબર જ નથી. પણ મોત કરતાં માર ખાવો સારો તે સમજો. કદાચ આપણે ભેંશ જ હોત તો ? માટે મનને સમજાવી લો. તમારો પણ વાંક હોય તે સુધારી લો. બે હાથે જ તાલી પડે. માટે ભગવાનને પ્રેયર કરો કે મારા પતિને સુધારો. ધીરજ રાખતાં શીખો. સારા થવા માટે જીવતાં રહેવું તે જ શ્રેયસ્કર છે.

**પ્રશ્ન : નરકમાં કર્મ બંધાય કે નહિ ?**

ઉત્તર : શુભ-અશુભ બંને બંધાય. સમ્યગ્દર્શનને વરેલો જીવ હોય તો ઘણાં અશુભકર્મ નિર્જરી થાય, શુભ બંધાય. સમભાવ ન હોય, સહનશીલતા ન હોય તો ઘણાં અશુભકર્મ પણ બંધાય. મારા મહાવીરે ઘણાનું ખમ્યું છે, તેમ ખમતાં શીખો.

**પ્રશ્ન : ટી.વી. વિડીયો ખૂબ ખરાબ આપ કહો છો હવે ઘરમાં આવ્યા પછી કાઢવા જઈએ છીએ તો ઝઘડા-કલેશ થાય છે તો શું કરવું ?**

ઉત્તર : ટી.વી. વિડીયો દ્વારા અંગ્રેજો ઘરમાં ઘૂસી ગયા છે, ગાંધીએ કહ્યું જ હતું, ગોરો બેડરૂમમાં પણ પહોંચી ગયો છે. કમસે કમ કેબલ કનેક્શનો તો તોડો જ. કેબલ જાય તો ચેનલો તોડો. દૂરદર્શન પણ ભયંકર છે. અનાર્યદેશનો પવન ચોવીસે કલાક વાઈ રહ્યો છે. અમારા સમુદાયમાં સિદ્ધાંત હોય છે કે, માઈક ન જ વાપરવું. તેમ તમે પણ કાયદો કરો. એક કલાકથી વધારે ટી.વી. ન જ જોવી. રાત્રે પણ દસ વાગ્યા પછી તો બંધ જ.

તમે કહેશો, ઘેર બંધ કરશું, કે બહાર કાઢશું તો પડોશીના ઘેર જોવા જશે. બહાર ફરશે. જવા દો. આપોઆપ કાબૂમાં આવશે. ઘરમાંથી એકવાર તો કાઢો જ.

સર્વનાશે અર્ધં ત્યજતિ પંડિતઃ છોકરા-છોકરીઓના નામે તમારી કંકુમા પણ જોવા માટે મકરકૂદિયાં કરે છે. ડોસી પડિક્કમણું કર્યા પછી પણ સોફા ઉપર ગોઠવાઈ જાય છે.

**યોગની સાત ભૂમિકા**

*ધ્યાનમૂલં ગુરો મૂર્તિઃ, પૂજામૂલં ગુરોર્કમઃ*

*મન્ત્રમૂલં ગુરોર્વાક્યં, મોક્ષમૂલં ગુરોર્કૃપા....*

(૧) મૂલાધાર : પૃથ્વીતત્ત્વ, પરમાત્મા દેખાય જ નહિ.

(૨) સમાધિષ્ઠાન : જલતત્ત્વ, મનનો થોડો વિકાસ.

(૩) મણિપૂર : અગ્નિતત્ત્વ, આત્મામાં થોડો પ્રકાશ.

(૪) અનાહત : વાયુતત્ત્વ, આત્માની થોડી ઝલક.

(૫) વિશુદ્ધિ આકાશતત્ત્વ, ધર્મના થોડા વિચાર.

(૬) આજ્ઞાચક્ર, ક્યારે આગળ વધે, ક્યારેક પડે.

(૭) સહસ્ત્રાર, પરાત્મા. પરમાત્મા દેખાય.

સારાંશ : મૂલધારથી સહસ્ત્રાર સુધી પહોંચવાનું છે, વાસનાથી ઉપાસના સુધી પહોંચવાનું છે, આપણે મૂલાધારમાં જ ખેલીએ છીએ. સંસારની વાસનાથી ગંધાય તે જ બંધાય....

★-★-★

## પ્રવચન બત્રીશમું : પ્રશ્નોત્તરી વિષય

અનંત કલ્યાણને કનરારા શ્રી ઉપકારી ભગવંતોનું આ શાસન છે. ધર્મઆરાધના સારી થાય તે માટે આ પ્રશ્નોત્તરી જરૂર છે.

**પ્રશ્ન : જન્મ અંગે કેટલા દિવસ સૂતક લાગે ?**

**ઉત્તર :** જૈનસંઘમાં આ અંગે બે માન્યતા છે. એક વર્ગ એવો છે કે, સ્નાન કર્યા પછી કાંઈ ન લાગે.

**સેનપ્રશ્નનો ઉત્તર :** સેનસૂરિજીમહારાજે એવો જવાબ આપ્યો છે કે, જૈનો સામે આંગળી ન કરે તેથી બ્રાહ્મણો સૂતક પાળે તે રીતે પાળવું. આપણે તે વખતે ન પાળીએ તો ધર્મની નિંદા ન થાય, આજની તારીખમાં બ્રાહ્મણો સૂતક પાળતા જ નથી. સૂતકનો કાયદો લોકનિંદા ન થાય તે માટે વિશેષ છે. ૧ લાખ ૯૨ હજાર અંતે ઉરીમાં જન્મ અને મરણનો દિવસ બાકી ન હોય, તો ચક્રવર્તી ક્યારે પૂજા કરે ? તમે જે કોઈ મહારાજસાહેબને માનો તે મુજબ કરો. પરંપરાને ધ્યાનમાં લઈ કષાયો-ઝઘડા ન કરો. લગ્નના રિવાજો કેટલા ફેરફાર છે ? તેમ આ જાણવું. અચલગચ્છ, પાયચળગચ્છ વિ. માં ફરક, આ બધું ચાલ્યા કરવાનું.

**પ્રશ્ન : એમ.સી. ન પળાય તો શું કરવું ?**

**ઉત્તર :** મુંબઈમાં રોજની અડાઅડ છે તો પૂજા છોડી દેશો ? સમાજના વિચારો ફરી ગયા છે, સ્નાન કર્યા બાદ ધર્મના અધિકારી છો જ. એમ.સી. ન પાળે તો મંદિર બંધ ન કરાય. પાણી અભડાયેલું ન જોઈએ.

મુખ્ય (૧) જલશુદ્ધિ (૨) વસ્ત્રશુદ્ધિ સાચવો. પેટ મોટું છે, ગયા બાદ તેમાં વાંધો નથી. પાળનારા આજે પણ પાળે છે, પૂજા-દર્શન છોડાય નહિ.

**પ્રશ્ન : દેરાસરની આશાતના જરૂરી છોડવા યોગ્ય જણાવો.**

ઉત્તર : પુસ્તકો વાંચીને આશાતના ટાળવાનું જ્ઞાન મેળવો. ધર્મની ભૂખ ઉઘડે તો જ્ઞાન આવી જાય. અજ્ઞાની એવાં કંકુબેનને પણ પપ્પુડાની ઇંગ્લીશની વાતો સાંભળીને આવડી જાય છે.

**પ્રશ્ન : અઢાર અભિષેકની મૂર્તિને ધૂપ-દીપ થાય ?**

ઉત્તર : સાચી વિધિ તો એ છે કે, ભગવાન ઘરમાં જોઈએ. ૧૦૦ દોકડા કમાનારે પણ ઘરમંદિર કરવું જોઈએ. પાપનો ભય રહે, ધર્મનો પ્રભાવ વિસ્તરે. અમદાવાદ, પાટણ, ખંભાત અને રાધનપુર ઘરમંદિર માટે પ્રખ્યાત છે. ખંભાતમાં ઋષભદાસજી કવિનું ઘરમંદિર છે.

**ઋષભદાસ કવિ કેવી રીતે થયા ?**

ઋષભદાસ સામાન્ય માણસ હતા, ઉપાશ્રયમાં રોજ કાજો કાઢતા હતા. એકવાર ગુરૂદેવે નાના સાધુ માટે એક ગુટિકા દેવતાધિષ્ઠિત દેવીએ આપેલી, અને કાજો કાઢતાં આ શ્રાવકના હાથમાં આવી ગઈ, સુગંધ આવવાથી શંકા પડી, અને પેટમાં પધરાવી દીધી, સાધુને બદલે તેમનું કામ થઈ ગયું, મોટા કવિ બની ગયા. જેમનાં બનાવેલાં સ્તવનોને સાધુઓ પણ ગાય છે. પૂ. દેવસૂરિ મહારાજનો તેમના ઉપર પ્રભાવ હતો, તેનું ગૃહમંદિર છે. અઢાર અભિષેક મનની શુદ્ધિ માટે છે, પૂંઠ પડાય નહિ, ઔચિત્ય જળવાવું જોઈએ.

**પ્રશ્ન : સંતાનોને શિબિર-વ્યાખ્યાનમાં આવવા કહીએ તો ગુસ્સો કરે તો શું કરવું ?**

ઉત્તર : બહારના પામી જતા હોય, ઘરના રહી જતા હોય, જવાનીમાં ચરબી ભરી હોય છે, હિતાહિતનું ભાન નથી હોતું. તમારા માથે ધર્મગુરૂ નથી, તમે પોતે જ નગુરા છો, તમારા દીકરાના ગુરૂ ટી.વી. છે. રાઈ ભરેલી છે, વઘાર હેઠોં ન ઉતરે ત્યાં સુધી ન આવે.

પરંતુ પરિવાર ઉપર તિરસ્કાર ન કરો, પ્રેમથી કહો, કદાચ ઠેકાણું પડશે તો ય પ્રેમથી પડશે. પણ તમે મક્ખીચૂસ છો, થોડું ઇનામ પકડાવી દો, કદાચ પ્રભાવનાના બહાને પણ આવી જાય, ઉદારતા કરો, માત-પિતાના કુલગુરૂ, આજગુરૂ પણ ટી.વી. છે. તમે જ ધર્મસ્થાનોમાં ન જાઓ તો દીકરા ક્યાંથી જાય? તમે જ કંટ્રોલ નહિ રાખો, તો ઘોડા તબેલાને છોડીને જતા રહેશે.

આટલાં નાનાં છોકરાંને મેકઅપ શા માટે કરાવો છો ? નાનાં બાળક તો નાકનાં શ્રીખંડ (લીંટ) ચાટતા હોય છે ? તમે જ નખરા કરતાં શીખવો છો ? પછી મોટાં થયા બાદ તમને ન માને તેમાં તેનો વાંક નથી. અત્યારે તમે તેની બર્થડે ઉજવો છો, મોટો થતાં તે જાતે જ ફાઈવસ્ટાર હોટલમાં જઈને ૫૦ હજાર ખર્ચી આવશે. માટે અત્યારથી ઘણા લાડ ન લડાવો, એવો ટાઈમ આવ્યો છે કે, મમ્મી-પપ્પા ન્હાતાં હોય ને બાળકો ઊભાં હોય, મર્યાદાનું પાલન તમે તોડો પછી તેને જ તોડવાનું મન થશે.

**પ્રશ્ન : એમ.સી. માં ગુરૂમહારાજને વહોરાવાય ?**

ઉત્તર : જૈનોમાં આ સિદ્ધાંત પળાવો જોઈએ. જૈન તે જ કહેવાય કે, નિતિ નિયમ પાળે. આ ચીજ ન પળાય તો બધું નુકશાન છે. તે દિવસોમાં ફરે તો પોઈઝન વધે છે. અમુક દેશમાં જમીનથી તેને અદ્ધર રાખે છે. ન્યુઝીલેન્ડ દેશમાં આ નિયમ પાળે છે. એમ.સી.માં ડ્યુટી કરવા આવે તો સાકર બગડી જાય

છે. રેશમની ફેક્ટરીમાં તેને પેસવા દેતા નથી. પાપડ બગડી જાય, પેટના અલ્સરનું પણ આ જ કારણ છે.

**પ્રશ્ન : રાત્રે ચાંલ્લો ન રખાય ?**

**ઉત્તર :** ન રખાય. આ ધર્મનો કાયદો નથી પણ પાળવો તો પડે જ. ખેસ પુરૂષને જ રાખવાનો. સ્ત્રીને ન રખાય. લૌકિક વિનયમાં લોકોત્તર વિનય આવી જાય. ચંદનની સુગંધથી સર્પ આવી જાય, માટે માળા, ફૂલ, તિલક-ચંદન ન રાખવાં તે લૌકિક વ્યવહાર છે.

**પ્રશ્ન : શિબિરનો લાભ શું ?**

**ઉત્તર :** યુવાને વ્યસનો છોડ્યાં, શરાબ અને સિગરેટ છોડે, જીવન પરિવર્તન થાય, હજારમાંથી એક પણ પામે તો ય લાભ જ છે. ધર્મના પ્રભાવથી વિકાસ થાય છે.

**પ્રશ્ન : મારા પતિ પોતે શરાબ પીતા નથી, પણ બીજાને પીવરાવે છે તો તે શું કરવું ?**

**ઉત્તર :** ઝેરનાં પારખાં ક્યારેય ન થાય, ક્યારેક લપસી પણ પડાય, જૈનશાસન-કરણ-કરાવણ અનુમોદન ત્રણેમાં સમાન માને છે. શરાબ પીવે તે પાપ, પીવરાવવો તે પાપ, અનુમોદના તે ય પાપ. કોઈનું સત્યાનાશ આપણાથી ન થઈ શકે. આવા ધંધા પણ આપણાથી ન થાય. મેંદાના ધંધા પણ ન કરાય. પાપના ધંધા પરેશાની કરે. શેર-એજન્સીના ધંધા પણ ન કરાય. સારો ધંધો, સાચો માણસ જોઈને કરવો જોઈએ. શિબિર ક્યાંક, ક્યારેક ઘણા લાભ કરે છે. જિનશાસનમાં કષાયોનો કંટ્રોલ સંતોના સમાગમથી થાય છે. એક છોકરો શિબિર ભરીને ઘેર આવ્યો, માબાપને પગે લાગવાનો નિયમ લઈ આવ્યો, પણ બાપા આઠ વાગ્યા સુધી બેડરૂમમાં જ હતા. તે છોકરો બારણા પાસે બેસી રહ્યો, પછી પગે લાગવા લાગ્યો. ત્યારે બાપે કહ્યું, તું મને શરમાવ નહિ, હું તો મારા બાપને પગે લાગ્યો જ નથી, માથે પડ્યો છું. પછી બાપ આંસુ સાથે પોતાના બાપાના ફોટાને પગે લાગ્યો. પછી જ પોતાના પુત્રને પગે લગાડ્યો. આ રીતે શિબિરથી ક્યારેક, કોઈ સ્થાને કોઈ વ્યક્તિને આકસ્મિક લાભ થતા હોય છે.

**પ્રશ્ન : ભગવાને સંવત્સરી-દાન એકસ્થાને બેસીને આપ્યું, તો હાલમાં કેમ ઉછાળે છે !**

**ઉત્તર :** આજનું દાન એક જ દિવસનું છે, તે પ્રભાવનારૂપ છે, સંવત્સરીદાન ન કહેવાય. પરમાત્માનો અતિશય છે, આપણી અલગ વાતો છે, દેરાસર જતાં પણ પૈસા ઉછાળવાના છે. દીક્ષાર્થીનો ઉલ્લાસ જોવાનો છે, બેસીને દાન કરવાથી ઉલ્લાસ ન આવે. અને આજના કાળમાં તો ભિખારીપણા જેવું લાગે.

**પ્રશ્ન : સચિત્ત સમારે તો દોષ લાગે ?**

**ઉત્તર :** સમારવાનો દોષ લાગે, બાકી સજીવને મોંમાં મૂકવાનું નથી, પોતાના વિચારોમાં ફરક પડે છે. અચિત્તને ખાતાં પરિણામમાં ફરક પડે છે. ક્રૂરતાનું પાપ ન લાગે.

**પ્રશ્ન : દહીં આજે જ મેળવાય ? આવતી રાત પસાર થવી જોઈએને !**

**ઉત્તર :** બે પ્રથા છે. આજનું આજે ખપે, અને એક રાત વીતવી જોઈએ. દહીં જામી ગયેલું હોવું જોઈએ. ન જામ્યું હોય તો ન ચાલે. વિજ્ઞાનની દૃષ્ટિએ બેક્ટરિયા પેદા થઈ જાય, જૈનશાસનની દૃષ્ટિએ પૌદ્ગલિક ફેરફાર છે. વાસી ખોરાક આપણે બે ઇન્દ્રિય જીવની હિંસાના કારણે બંદ કરેલ છે.

**પ્રશ્ન : ચિંતામણી પાર્શ્વનું નામ હોય તો શંખેશ્વર બોલાય ?**

ઉત્તર : બોલાય. પ્રભુ તારા નામ છે હજાર... કાંઈ વાંધો નથી, જેની જે શ્રદ્ધા ભક્તિ હોય તે જ માની શકાય. ગુરૂને પણ કળિયુગમાં ગૌતમ માની શકાય.

**પ્રશ્ન : ચાલુ ટ્રેનમાં નવકાર ગણાય ? અશુદ્ધ કપડાંમાં ગણાય ?**

ઉત્તર : વાતો કરાય ? ગાળો અપાય ? નવકાર માટે સમરિજ્જ સવ્વકાલિંમિ.... વિનય મર્યાદા જાળવવી જોઈએ. બ્રાહ્મણો સાતવાર ન્હાય, સાતવાર લાડવા ખાય, બેનોને કપડાં નહિ બદલવાનાં, ટાઈમ ઇઝ મની... પુરૂષોને ધોતિયાં બદલવાનાં. જૈનશાસન મહાન છે. નવકારનું સ્મરણ, માનસજાપથી દિનભર થઈ શકે.

**પ્રશ્ન : ટ્રેનમાં બેસણું થાય ? પચ્ચકખાણ લેવાય ?**

ઉત્તર : છત્રીસ કલાકના પ્રવાસમાં ટ્રેન ડગમગ કરતી ચાલુ હોય છે. અનિવાર્ય સંજોગોમાં મોટું સ્ટેશન આવતું હોય ત્યાં બેસણું નીચે બેસીને કરી લેવાનું જે હોય તેનાથી ચલાવતાં શીખી લેવાનું. છપન્ન નૈવેદ્ય ન આરોગવાં..

**પ્રશ્ન : દેરાસરમાં - ઉપાશ્રયમાં ખરાબ વિચારો આવે છે ?**

ઉત્તર : ભૂતકાળના દોષો લઈને આવ્યા છો માટે ડાયાબીટીશ રોગ મોટો છે, સતત નમસ્કારનો જાપ કરો, દોષની ગર્હા કરો, પ્રભુ આગળ બચાવો બચાવોની રાડ પાડો, ભગવાન બચાવો ! જે દિવસે દોષ પ્રત્યે સાચો રોષ થશે ત્યારે આ છૂટી જશે. મનનો કંટ્રોલ કરવો હોય તેણે દૃષ્ટિનો કંટ્રોલ કરવો જ જોઈએ. ભગવાન પાસે બેસતાં ડોળા આમતેમ ફેરવવા બંધ કરો. આંખ ઓટોમેટિક બંધ થાય તેવી ઇચ્છા કરો.

**પ્રશ્ન : માનસ પાપ વારંવાર થાય તેનું શું ?**

ઉત્તર : વારંવાર પ્રભુ આગળ રહો, પ્રાર્થના કરો, પ્રાર્થના સાચી અંતરની હશે તો ધીમે ધીમે શુદ્ધિ વધશે. આંતરિક પસ્તાવો થતાં... એ પાપ ધીમે ધીમે છૂટી જશે.

**પ્રશ્ન : જયણા કેમ રખાય ?**

ઉત્તર : સાવચેતી રાખી ચાલવું જોઈએ. જયણા એ શ્રાવકનો પ્રાણ છે, ભોગાવા નદીનાં પાંચ પૂરો નીકળે છે, હજારો, વીંછી, કીડી સર્પ મરી જાય છે, એક બાલટી પાણી નાખોને કીડિયારૂં મરી જાય, મરણનો ભય બધાંને એકસરખો છે, ઉપયોગ ન રાખો તો પાપ લાગે, ઉપયોગ રાખવા છતાં જો મરી જાય તો પાપ ન લાગે, ઓછું લાગે, હું ઉપાશ્રયમાં હોઉં ને આગ લાગે ને હું જેટલો બચવા જાઉં, મરણનો ભય હોય, તેવી રીતે સર્વ જીવોને મરણના ભયમાં.... સમાન ભાવ રાખવો. સવ્વે જીવા વિ ઇચ્છંતિ, જીવિઉં ન મરિજ્જિઉં....

**સન્નારીનાં ચાર સુલક્ષણો**

(૧) હસતું મુખડું હોય (૨) ઉદાર હાથ હોય (૩) મધુર વાણી હોય (૪) વર્તનમાં વિનય હોય.

***માતૃહસ્તેન ભોજનં, માતૃમુખેન શિક્ષણં***

★-★-★

**પ્રશ્ન : નમો-લોએ સવ્વસાહૂણંથી કયા સાધુઓ લેવાના ?**

ઉત્તર : સવ્વનો અર્થ સાર્વ-સર્વજ્ઞના સાધુઓ લેવાના.

**પ્રશ્ન : વાસી ખાખરા ખવાય તો પાપડ અને ખીચીયા ન ચાલે ?**

ઉત્તર : પાપડમાં ખાર હોવાથી બીજા દિવસે અભક્ષ્ય થાય છે. અને હવાઈ જાય છે, હવાનો ભેજ પકડાતો હોવાથી ન ખપે.

**પ્રશ્ન : તાજાં પુષ્પ ન હોય તો પુષ્પપૂજા બંદ કરવી ?**

ઉત્તર : આજે પુજા ડબ્બલ થઈ પણ વાસી ફૂલો થઈ ગયાં, પ્રતિમાજીને પણ ખાડા પડવા લાગ્યા, અતિરેક થવાથી ખાડા પડે છે, વાસક્ષેપમાં પણ ભેળસેળ. રોજેરોજ વાસક્ષેપ.... પૂર્વના કાળમાં આ ન હતું. મોટો તપ કરે તો જ વાસક્ષેપ નાખતા. કેસર-સુખડ-બરાસ દૂધ અને પાણી બધામાં ભેળસેળ. પહેલાંના કાળમાં પાતાલ કૂવા રહેતા. સ્પેશિયલ પાણી રહેતું. મુંબઈમાં આ સગવડ નથી. પાણી વાસી બધું જ વાસી.

ગૃહસ્થ માર્બલ ન વાપરે. દેવપથ્થર કહેવાય. તમે માર્બલને સંડાસ સુધી પહોંચાડ્યો. દેરાસર મોંઘાં થઈ ગયાં. માર્બલ વાપરવાથી પરિસ્થિતિ ન સુધરે તેમ કહેવાય છે. કેશરમાં પ્રાણીઓનાં લોહી મેળવે છે. તેવા સમાચાર મળે છે. શુદ્ધ મેળવીને વાપરવું. વિલેપનપૂજા ચંદનની હતી. બરાસની નહિ. હવે બરાસ આવી ગયું. સાપ ચાલ્યો ગયો, લીસોટા રહી ગયા.

વરખ બનાવવામાં રેડીબુકને અંદર તૈયાર કરીને કહે છે, શીશા નામની ધાતુ હવે વરખમાં વપરાવા લાગી છે. ખેંચાય તે વરખ ખોટો સમજવો. સોનાના વરખમાં ભેળસેળ નથી. ચાંદીના વરખમાં છે. ફૂલો બે પ્રકારનાં છે. જૂઈનાં ફૂલો ઊતર્યા પછી છ કલાકે ખીલે છે, આ ફૂલોને વાસી ન કહેવાય. સુગંધ સારી હોય અને ચીમળાઈ ગયેલાં ન હોય તો ચાલે. સુરભિ અખંડ કુસુમ ગ્રહી.

દહીંમાં સુવાસ હોય તો દહીં સારૂં, દુર્ગંધ નીકળે તો ખરાબ. તે રીતે પુષ્પો માટે સમજવું. સારાં પુષ્પો ન મળે તો ચોખાની કુસુમાંજલિ કરવી. જાસુદ ન ચાલે. કાળી કલકત્તાવાળી દેવીને લોહીના વર્ણવાળું ફૂલ ચઢે છે. પણ કીડીઓ ઘણી થાય છે. પહેલાં વરઘોડામાં લાડુ રહેતા. મંગલિક કામ કરતાં ભિખારી આશિષ આપતા. હવે તમારી ગાડીઓમાં ફટાકડા થઈ ગયા. શાપ મળે. જેવું આપો તેવું પામો. ધર્મને વચ્ચે રાખ્યા વિના તમારો સંસાર પણ ટકે નહિ.

**પ્રશ્ન : મેડિકલ વિગેરેના ધંધા ન કરાય તો કેવા કરવા ?**

ઉત્તર : પહેલો ધંધો પાપ વગરનું રજોહરણ. તેનાથી પાપ વિનાનું રળવાનું, એવું રળાય કે બીજા ભવમાં સાથે આવે. ઉપમિતિમાં સાધુને જ્ઞાનધના બિરૂદ આપ્યું છે. જ્ઞાન-દર્શન-ચારિત્રનો ધંધો કરે. શ્રાવક-સદ્‌ગૃહસ્થ-સજ્જનને પૈસાની જરૂર પડે જ. પણ કેવો પૈસો જોઈએ ? અનીતિ, હિંસા, કોઈના પણ નિઃસાસા ન જોઈએ. જૈનો ગમે તેવા ધંધા ન કરે. ખેતરના ધંધા પણ ન કરાય. એક જીવની ખાતર કેટલા જીવોનો કચ્ચરઘાણ વાળવાનો ? આ કાળમાં તો માછલાના ધંધા કરનાર જૈનો છે. હિંસાવાળો ધંધો તો ન જ કરાય. સુખ-શાંતિ અલોપ થઈ જાય. પ્લાસ્ટિકના ધંધા કરવાથી કોથળીઓ માછલાં ગળી જાય, તેને રોગ થાય અને મરી જાય છે.

સાધુના હાથે સોય પણ ખોવાય તો ૧૦ ઉપવાસનો દંડ છેદગ્રંથમાં છે. પહેલો ધંધો સોનાચાંદી. બીજો કાપડ, ત્રીજો કરિયાણું. આ બાપના હાથવાગ ધંધા હતા. હવા એ જ દવા, રૂપિયો આવશે પણ આરોગ્ય

જશે. મુંબઈમાં પ્રદૂષણ ઘણાં ખરાબ છે. પૈસો આવશે પણ પુત્રો જશે. ગઢ આલા પણ સિંહ ગેલા.

**પ્રશ્ન : તેલવાળા ચોખા વપરાય ? ઉત્તર :** ન વપરાય. કીડીઓ આવે.

**પ્રશ્ન : ટી.વીમાં ઘણું ખોટું આવે, સારૂં ઓછું આવે પણ થોડું ય સારૂં તો ખરૂં ને ?**

ઉત્તર : ઉકરડામાં ગુલાબ પડ્યું હોય તો સુંઘવા યોગ્ય ખરૂં ? ગુલાબજાંબુ સંડાસમાં પડી જાય તો લઈને ખવાય ? જુલાબજાંબુ થઈ જાય. શરૂઆતમાં ગોરાઓએ હિંદમાં રેડિયો આપ્યો, કોઈને ન ગમ્યો, પછી રઘુપતિરાઘવ જેવાં ગીતો ઘાલ્યાં, અને ધીમે ધીમે ડોસીઓ પણ ભગવાનનાં ભજન છોડીને સાંભળતી થઈ ગઈ.

ટી.વીમાં શરૂમાં મહાભારત, રામાયણ ઘૂસાડીને બધાંને આકર્ષી લીધા, અને ધીમે ધીમે ઘુસણખોરની જેમ બિભત્સ દશ્યો બતાવતા થઈ ગયા...સાવધાન. બચો.

**પ્રશ્ન : ભયંકર ક્રોધ આવે, ઊંઘ ન આવે, શાંતિ નથી તો શું કરવું ?**

ઉત્તર : કામાત ક્રોધો પ્રજાયતે. ગુસ્સાની પાછળ ઇચ્છા કામ કરી રહી છે. અનેક પ્રકારની ઇચ્છા છે. મેં કહ્યું ને તેણે મારૂં કેમ ન સાંભળ્યું ? આ ઇચ્છા. ક્રોધ ઉધેઈ જેવો છે. મૂળ શોધવું જોઈએ. નબળો માટી ઘરમાં શૂરો. હવે તો બાયડીને પણ સહન નથી થતું. અને બધા જ પ્રત્યાઘાતો માસુમ બાળકો ઉપર પડે છે. મમ્મી-પપ્પા તરફ બાળકો જુએ છે, બાળકો નિર્ણય લઈ શકતાં નથી. કોના પક્ષે જાય ? ઘરમાં બાળક ઘોડિયામાં હોય તે બાળક નથી પણ ભગવાન છે. સૂતો સૂતો બાળક બધે જુએ છે. કાને બહેરો નથી, આંખે આંધળો નથી, જોઈ શકે છે, સાંભળી શકે છે, ભાવને જાણી શકે છે. જાણીતાના હાથમાં જ જાય, અજાણ્યાની પાસે ન જ જાય, તેને બધી ખબર પડે છે, તે નાનો ન કહેવાય, તમે તેને નાનો સમજીને બધાં પાપો કરો છો.

**પ્રશ્ન : ભગવાનને કાચા દૂધનો પ્રક્ષાલ થાય ? અને ગરમ પાણીથી પ્રક્ષાલ કેમ ન થાય ?**

ઉત્તર : સ્થાપના નિક્ષેપે પ્રભુજી છે, વિચરતા જિન નથી, દૂધનો પ્રક્ષાલ થાય, પૂજામાં મૂળ અને શુદ્ધ દ્રવ્ય જોઈએ. ભગવાન વિચરે ત્યારે આચાર જુદો, અને મૂર્તિરૂપે હોય ત્યારે આચાર જુદો હોય, સાધુ પાટે બેઠા હોય અને ફોટારૂપે હોય ત્યારે આચાર જુદો. પરમાત્મા સાધુરૂપે નથી. માટે કાચું પાણી લગાડાય. સીમંધરને પ્રક્ષાલ ન થાય, ભગવાન સ્વદેહે સાધુ છે. સાધુ થયા વિના આચાર્ય-ઉપાધ્યાય ન થવાય. મહાવિદેહમાં કાચા પાણીથી અભિષેક ન થયા. અને અહીં ભરતમાં મૂર્તિ હોય તો પ્રક્ષાલ થાય. મૂર્તિને પાણી અડાડી શકાય. ફોટાને હાર ચઢાવાય પણ સાધુને ન ચઢાવાય.

ભાવ અને સ્થાપના જિનેશ્વરનો રાતદિવસનો ફરક છે. ભાવજિનેશ્વર ઉપર સાધુ જેવો વ્યવહાર થાય. સ્થાપના જિન ઉપર દાગીના-હાર-ફૂલ પણ ચઢાવાય. આ રીતે પ્રશ્નોત્તરનાં આ વ્યાખ્યાન ચાર છે, તેમાં ૩૬ પ્રશ્નોના ઉત્તરો પૂર્ણ થાય છે. શુભં ભવતુ...

**૪૫ આગમનું પ્રવચન તથા પૂજન.**

★-★-★

# પ્રવચન ચોત્રીશમું

***વિષમકાલ જિનબિંબ જિનાગમ***

**ભવિયણકું આધાર જિણદા તેરી.**

જિનેશ્વર હોય પણ આગમ ન હોય તો શાસનનો માર્ગ ટકે નહિ. અભિષેક શરૂ થાય ત્યારે ઘંટાનાદ હોવો જોઈએ, બે ચામર, બે પંખા, ધૂપ-દીપ કરવા જોઈએ. જેમ આરતિ ઘંટનાદ સિવાય ન થાય તેવી વિધિ અભિષેક વખતે હતી, હાલ આ પ્રણાલિકા સાવ જ ઓછી થઈ ગઈ.

***નૃત્યંતિ નૃત્યં... મણિપુષ્પવર્ષં સૃજંતિ, ગાયતિં ચ મંગલાનિ,***

***સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્ કલ્યાણભાજો હિ જિનાભિષેકે.***

લાવે લાવે મોતીશા શેઠ... યાદ કરવા જોઈએ. પરમાત્મા આગમનું બીજ માત્ર આપે છે. શોર્ટમાં અર્હદ્વક્ત્રપ્રસૂતં-હિમાલયની ગંગા જેવું... ગણધર રચિતં મુનિગણવૃષભૈર્ધારિતં... પીસ્તાલીશ આગમોમાં દરેક બાબતો છે.

નાઈટમાં જેનું પારાયણ થાય તે મહાનિશિથ સૂત્ર. દિવસ છતાં રાત્રિનું વાતાવરણ કરી ભણાય તે આ આગમ. જિનાગમોનું મૂળ ત્રિપદી છે. પહેલાં ૮૪ આગમ હતાં, હવે ૪૫ હૈયાનાં હાર જેવાં આગમ છે. તેરાપંથી, સ્થાનકવાસી ૩૨ માને છે. તેર ઉડાડી દીધાં છે. પ્રતિમા સંબંધી ૧૩ ઉડાડ્યાં. દિગંબેર ૪૫ ઉડાડ્યાં... કારણ પાને પાને વસ્ત્રની વાત આવે છે. પુષ્પબલિ-ધવલા વિ. પોતાનાં આગમ રચ્યાં છે.

**અગિયાર અંગ**

**નં. ૧. આચારાંગસૂત્ર**

આચારો પઢમો ધમ્મો, પ્રથમ આચારાંગ છે. પહેલું આગમ છે.

ન્હાયા વિના બ્રાહ્મણો ન રહે, આચાર વિના જૈનો ન રહે. બે પ્રકારે (૧) સાધુઆચાર (૨) શ્રાવક આચાર. તેને જાણવા છ અધ્યયન છે. પૃથ્વીકાય આદિનાં વિવરણ આમાં છે. વનસ્પતિ વિગેરેમાં સંજ્ઞા છે. પરમાત્મા મહાવીરનું જીવન આમાં છે. સંતે, પસંતે, ઉવસંતે, પચીસ ભાવના તથા પૂર્વે આચારાંગ ભણાવીને વડી દીક્ષા આપતા હતા.

**નં. ૨. સૂયગડાંગ**

તારક જિનેશ્વરની વાતો, સ્વશાસ્ત્ર, પરઆગમની વાતો, સાધુ પર આગમ ભણે ખરો, પણ જિન આગમની વાતોથી પર ન થઈ જાય, કોઈનું સારૂં દેખી હારી ન જાય, પોતાના ધર્મને છોડી ન દે.

વર્તમાનકાલ અળસિયાંનો છે, જ્યાં ત્યાં ધ્યાનશિબિરો ચાલી છે, પણ તે માર્ગ સો-દોઢસો વર્ષ ચાલે. ભગવાનના ભક્તો થોડા, ગોશાળાના ઘણા, પણ પંથ ચાલ્યો મહાવીરનો, પરિસહ સહેવાની કુશળતા, સામે સિંહ આવશે વિગેરે વાતો આ આગમમાં છે. ત્રણસો ત્રેસઠ પાખંડીની વાતો, બૌદ્ધદર્શન, કપિલદર્શન, નરકની વાતો કંચન કામિનીનો રાગ, નારી જોઈએ માટે નાણાં જોઈએ, નારીના રાગે રૂપિયા જોઈએ, વિગેરે વાતો તેમ જ સર્વ અનર્થનું મૂળ, માયાનું વર્ણન, નારીની અશુચિનું વર્ણન, ૯૮ ઋષભદેવના-પુત્રોનું વર્ણન, આર્દ્રકુમાર વિ.ની વાતો આ આગમમાં છે.

**નં. ૩. ઠાણાંગસૂત્ર :**

દશ સ્થાનનું વર્ણન આમાં છે. અંગે આયા. બધા આત્માનું સ્વરૂપ એક જેવું છે. મોક્ષ એક જ છે.

રાગ-અનેદ્વેષ આ બેનું વર્ણન છે. ૪. જ્ઞાન-દર્શન-ચારિત્ર... દશ વસ્તુનું વર્ણન છે. આ ઠાણાંગ આગમમાં પ્રભુપદ્મનાભનું મહાવીર જેવું જ વર્ણન છે, જેવા વીરને ઉપાસ્યા તેવું જ બધું તેમને મળવાનું છે. પોતાના જેવું જ પદ આપનારા તીર્થંકર છે. પરમાત્મા રીઝે તો પોતાનું પદ આપી દે.

બૈરીના ધ્યાને બૈરી ન બનાય, ટી.વી.નું ધ્યાન ધરતાં ટી.વી. ન બનાય, ફર્નીચરનું ધ્યાન ધરતાં ફર્નિચર ન બનાય, પણ અરિહંતના ધ્યાને અરિહંત બની શકાય. પરંતુ જેવું ધ્યાન ધરવું જોઈએ તેવું આપણે ધરતા નથી. આ આગમમાં... ભૂગોળ વિ.નું પણ વર્ણન છે.

**નં. ૪. સમવાયાંગસૂત્ર...**

આ આગમમાં ૧૦૦ સ્થાનની વાતો છે. આત્માના અસંખ્ય પ્રદેશો છે. નિગોદમાં અનંતની વાતો બતાવી છે. વાસુદેવ-ચક્રવર્તીની વાતો, બારઅંગ, દશ પ્રકીર્ણકગ્રંથોનું વર્ણન, ૧૧ અંગ એટલે આગમપુરૂષની કલ્પના, કયા અંગમાં કયું આગમ તે બતાવેલ છે. મુખ્ય બાર અંગો હતાં, બારમું વિચ્છેદ છયું, તેમાં ચૌદપૂર્વ હતાં.

**નં. ૫. ભગવતીસૂત્ર....**

જૈનશાસનમાં આ અંગ બહુમાનપૂર્વક પૂજાય છે, જેવું કલ્પસૂત્ર, બારસાસૂત્રનું માન તેવું જ આ અંગ માનીતું છે. પૂછનાર ગૌતમસ્વામી, જવાબ આપનાર કેવલજ્ઞાની હતા. ચારજ્ઞાનના ધણી, ચરમશરીરી, દ્વાદશાંગને ધારણ કરનારા ૫૦ હજાર-શિષ્યના ગુરૂ ગૌતમસ્વામિ પ્રશ્ન પૂછનાર હોય અને કેવલજ્ઞાની, પરમાત્મા મહાવીર ઉત્તર આપનાર હોય ત્યાં શું બાકી રહે ?

ભગવાનની જબાન ઉપરથી ગોયમા શબ્દ નીકળતાં આનંદ છવાઈ જતો. આખી દુનિયા વીર જપે પણ વીરની જબાનમાં ગોયમ શબ્દ નીકળતો. પેથડશા ગોયમા શબ્દ નીકળે ને એક શબ્દે એક સોનામહોર મૂકી દેતા. ભગવતીસૂત્રનું સ્થાન અને માન ઘણું. જયકુંજર હાથી જેવું આ સૂત્રની સાથે સરખામણું કર્યું છે. પાંચપદ નવકારનાં બોલી આ સૂત્રની શરૂઆત કરી છે. પછી ગુરૂ = પછી દેવી સરસ્વતી ભગવતીસૂત્રમાં... **બંભીએ લીવીએ.** કરી ક્રમ બદલ્યો છે. બાવન અક્ષરના સંયોજન વિના કોઈ આગમ બનતું નથી.

તમો છાપાના કાગળમાં અશુચિ કરો છો, છાપા ઉપર બેસી પણ જાઓ છો, આ મોટી આશાતના જાણતા નથી, બાટા પહેરીને ચાલો છો, કપડામાં રાઈટીંગ, મોડર્ન મમ્મીઓ જુહુના શોપીંગ સેન્ટરમાં જાય છે, અને છાપાનાં રાઈટીંગ ચીતરેલાં કપડાં પહેરાવે છે, રોડ ઉપર પણ અક્ષર હોય, તેના ઉપર ચાલો, તમને લોકોને આશાતનાનું ભાનં નથી.

આગમની આશાતના સમજો. વડીદીક્ષા ક્યારે મળે ? કોઈ પદ આપતાં ક્રિયા ભગવતીના કડક જોગ કરવા પડે. પ્રવેશ કર્યા બાદ નીકળાય નહિ. સાધુને જોગ કર્યા બાદ, પાંચમા ભગવતીની રજા મળી એટલે બધા આગમની રજા મળી જાય. આ ભગવતીમાં જયંતિશ્રાવિકાએ પૂછેલા પ્રભુ વીરને તે પ્રશ્નો લીધેલા છે. ધમ્મિણો જાગરિયા સયા... તુંગિયા નગરીના શ્રાવકોનું વર્ણન, તામલિતાપસના ૬૦ હજાર વર્ષના તપનું વર્ણન આ ભગવતી આગમમાં છે.

**નં. ૬ : જ્ઞાતાધર્મકથા.**

ઓનલી ફોર સ્ટોરીનું આ આગમ. કેટલી વાર્તાઓ ? અધધધ... ૩ા ક્રોડ વાર્તાનો આ ગ્રંથ. રાજાને રાણીની વાર્તાઓ આમાં નહિ. પણ ધન્યશેઠની વાર્તા આવે. દીકરાના હત્યારાને જ્યારે જેલમાં ખાવા આપે ત્યારે શેઠની કઈ ભાવના હોય ? આત્મા એ શેઠ છે, શરીર એ ચોર છે, સમજીને તેને ખાવા આપો, એક

હેડમાં પૂરાયા છે, આવી આવી વાર્તાઓ જ્ઞાતાધર્મકથામાં મળે, પણ આ કાળમાં ફક્ત ૧૯ વાર્તા બચી છે... કમભાગ્યઆપણાં.

**નં.૭ : ઉપાસકદશા આગમ :**

શ્રાવકને શ્રમણોપાસક, ઉપાસક, આર્હત્ પણ કહેવાય. દશ મુખ્ય શ્રાવકોનું આમાં વર્ણન છે. દશે શ્રાવકો મહાવિદેહમાં જશે પણ મોક્ષ. ૧ લાખ ઓગણસાઠ હજાર શ્રાવકોનું વર્ણન છે. મહાશતક મહાશ્રાવક, રેવતી મહાપાપી કજોડું મળી ગયું હતું, ડાયવોર્સ ન હતા. ઉપેક્ષા ભાવના ભાવતા.

**નં. ૮ : અંતકૃત દશાંગ**

આ આગમમાં... ઉપસર્ગોનાં દૃષ્ટાંત, દીક્ષા લઈને કેવલજ્ઞાન, ગજસુકુમાલનું દૃષ્ટાંત, કેવલીમાંથી અંતર્મૂહૂર્તમાં મોક્ષ. શ્રેણિકનાં પત્ની ધારિણીના ત્રણ પુત્ર, જાલી, મયાલી, ઉવયાલીનાં વર્ણન આ સૂત્રમાં છે.

**નં. ૯ : અનુ-તરોપપાતિક :**

જે મોક્ષે ન જઈ શક્યા, પણ એકાવતારી બન્યા, તેમનાં વર્ણન અને અનુત્તર દેવ વિમાનનાં વર્ણન આ સૂત્રમાં છે. ધન્ના-શાલિભદ્રનાં ચરિત્રો આમાં વર્ણવાયાં છે.

**નં. ૧૦ : પ્રશ્નવ્યાકરણ :**

૧૦૮ પ્રશ્નવિદ્યા, ૧૦૮ અપ્રશ્નવિદ્યા, કોઈ પણ પ્રશ્ન, કોઈ પણ વિદ્યા આમાં કઈ લાગે ? આ આગમની ખાસિયત હતી. પાણીના કુંડામાં, નખમાં તલવારમાં વિદ્યા ઉતારાતી તે આ આગમમાં હતી. હવે રાખડી, વાસક્ષેપના દુરૂપયોગ થયા, તેના પ્રભાવ નષ્ટ થયા.

**નં. ૧૧ : વિપાકસૂત્ર :**

વિપાક એટલે પરિણામ. બંધસમય ચિત્ત ચેતીએ રે શ્યો ઉદયે સંતાપ સલુણા. પાપ કરનારા પાપી કેવા, તેના ઉદય કેવા ? સજા કેવી ? કરેલી મજાની સજા કેવી વિગેરે પાપોના વિપાક છે. જસલોક, ટાટા હોસ્પિટલ, બોમ્બે હોસ્પિટલ, બ્રીચકેન્ડી, હરકિશનમાં જાઓ, નરક તો છે જ પણ આ ભવમાં ય આ હોસ્પિટલ બતાવી દેશે.

જુગાર, વેશ્યા, કાળાં ધોળાં, ઊંધાં, ચત્તાં કરનારા લોકોની મજાની સજા જુઓ. ચમનમાં આવીને કેટલાં પાપ કર્યાં, મહાપુરૂષોને યાદ કરો. પૈસાને ક્યાં લગાડવા ? સાતક્ષેત્રમાં... તીર્થોમાં.... ધરણાશાહે ધન ખરચીયો.

*જની જણજે ભક્તજન, કાં દાતા કાં શૂર,*
*નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.*

શનિવાર સુધી તમે ડાહ્યાડમરા, રવિવારે પાપનાં ભૂતો તમને વળગે છે, પણ રોજ ડાહ્યા બનો નહિતર આ કર્મ ક્યાંય ફંગોળી દેશે.

આ અગિયારઅંગનું વર્ણન પૂરૂં થયું છે.

**બાર ઉપાંગ. :** અંગમાંથી ઉપાંગની ઉત્પત્તિ થાય છે.

**નં.૧૨ : ઉવવાઈ સૂત્ર**

પરમાત્માના સમવસરણનું વર્ણન આ આગમમાં છે. સમવસરણ બે પ્રકારનું રાઉન્ડ અને ચોરસ.

દેવોને ઇચ્છા થાય તેવું કરે. ધ્યાન કરવા આ સમવસરણ બસ છે. લલિત વર્ણન છે, સાંભળતાં રોમાંચ થાય, જોવા તો મહાન ભાગ્ય જોઈએ. શ્રેણિકે નથી કર્યું, તેવું તેના પુત્ર કોણિકે ભગવાનનું સામૈયું કર્યું છે, માર્ક્સ આપવા જેવું. કોણિક નરકગામી આત્મા છે, કર્મણાં વિચિત્રા ગતિઃ

અંબડપરિવાજકની કથા આમાં સંકળાયેલી છે. અંબડના ૭૦૦ ચેલા હતા, આપ્યા વિના કોઈની વસ્તુ ન લેવી, લેવી તે મહાપાપ છે, આ અદત્તાદાનની વાત આમાં છે. ૭૦૦ પરિવ્રાજકે અણુવ્રત લીધાં હતાં, રસ્તામાં એકવાર તરસ લાગી, તળાવ હતું પણ માગ્યા વિના પાણી ન લેવું, કોઈની રજા વિના ન લેવાય, રાહ ઘણી જોઈ કોઈ ન આવ્યું, પણ ૭૦૦ માંથી એકપણ વ્રત ભાંગવા તૈયાર નહિ, કદાચ ૭૦૦ માંથી એક વ્રત ભાંગે તો ૬૯૯ ને પાણી મળે પણ શ્રાવક હતા, કોઈએ વ્રત ન ભાંગ્યું, અરિહંતે શરણં પવજ્જામિ કરીને અણસન વ્રત સ્વીકારી લીધું. ધન્ય વ્રતવાળાને....

**નં. ૧૩ : રાયપસેણી. સાજપ્રશ્ન.**

પ્રદેશીરાજાનું આમાં સુંદર દૃષ્ટાંત છે. બાયડીઓને ફરવાનો શોખ લાગ્યો છે, ચોરાશીના ચક્કરમાં ઘણું ય ફર્યા, ગાયનો ગોવાળ જેમ ગાયોને ચરાવવા લઈ જાય તેમ, ભાયડો બાયડીને ફરવા લઈ જાય, તો જ બાયડી ખુશ રહે.

(૧) બાઈઓને રસોઈની પ્રશંસા ગમે. (૨) રૂપાળી કહે તે ગમે. આનાથી શું થાય ? નીચકર્મના ગોત્રના બંધ કરવાના. રખડવાના ધંધા બંધ કરો, કોકને મનમાં પધરાવવાના ધંધા બંધ કરો. સૂર્યકાંતાએ પતિને જાનથી મારી નાખ્યો, પછી દેવ સૂર્યાભ નામનો થયો, પ્રભુ પાસે નાટક કરવાની રજા માંગી, આપણને નવરાત્રિના માંડવે નાચતાં શરમ નથી આવતી, ભગવાન મૌન રહ્યા, નાટક કરે તો મુનિઓના સ્વાધ્યાય બગડે, ના પાડે તો દેવનો ભક્તિભાવ બગડે. દેવે સમજીને નાટક ચાલુ કર્યું, શું બાકી રાખે ? આંગળીમાંથી બત્રીશ દેવકુમારો પ્રગટ કર્યા, થેઈથેઈનાટક. બીજા પંજામાંથી ૩૨ રાસનાટક કર્યા, બત્રીશમું નાટક ભગવાન મહાવીરનું... ગૌતમે પૂછ્યું, ભગવન્ ! કયો દેવ છે ? ભગવાને પ્રદેશીરાજાનું જીવન કહ્યું, શીલ્પ-સંગીત, ભરતનાટ્ય બધું આ આગમમાં વિવેચન છે.

**૧૪ નં. જીવાભિગમ :**

૫૬૩ ભેદ જીવોના, શૂંઢવાળા સિંહ, પાંખવાળા હાથીનું વર્ણન આમાં છે. વિજય નામના દેવના નાટકનું વર્ણન છે, નવ છિદ્રોને શુદ્ધ કરીને સ્નાન કેવી રીતે કર્યું, ભગવાનની દાઢા પણ મહાન છે, માણવક સ્થંભનું વર્ણન. દેવદુષ્ય, અંગલૂંછણું, દ્વીપસમુદ્રનું વર્ણન આ આગમમાં છે.

**નં. ૧૫ : પન્નવણા**

સંપૂર્ણ દુનિયાની ફિલોસોફી આમાં છે, મહાન ફિલોસોફર જેવું આ અગાધ આગમ છે. ૩૬ વિભાગ છે. પ્રાણીવિજ્ઞાન આમાં છે, ક્યારે પણ સાક્ષી લેવાય તો આ પન્નવણાજીની લેવાય છે.

**નં. ૧૬ : નં. ૧૭ : સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદપન્નતિ.**

રેગ્યુલર સરનામાં આ બેનાં છે, જગાડે અને ઉંઘાડે. તમે કદાચ કામમાં મોડા પડો પણ સૂરજ ચંદા રાઈટ ટાઈમે એન્ટ્રી કરે. દોય સૂરજ દોય ચંદાજી... વિજ્ઞાન એક જ માને છે. મેરૂને નિત્ય પ્રદક્ષિણા કરે છે. ખગોળ શાસ્ત્ર, ઋતુવર્ણન, આમાં છે. સંધ્યાટાઈમે ખરાબ વિચારો વધારે આવે માટે આરતિ કરવી. સવારે સુંદર વિચારો આવે માટે ધ્યાન કરવું. આ બધું વર્ણન આ બે આગમમાં છે.

**નં. ૧૮ : જંબૂદ્વીપ પન્નત્તિ : નવનિધાન, ચૌદરત્નની વાતો છે.**

**નં. ૧૯ : નિરયાવલિકા :** શ્રેણિક કોણિકનું, હલ્લવિહલ્લનું વર્ણન... શિલાકંટકયુદ્ધ તેનું નામ કહેવાયું. ૧ ક્રોડ - ૮૦ લાખ કોણિક અને ચેડારાજાના યુદ્ધમાં લોકો મર્યા છે. પદ્માવતી રાણીના ઝઘડાનું નિમિત્ત. હાર અને હાથી માટેનો ઝઘડો. તેથી યુદ્ધ થયું.

**નં. ૨૦ : કપ્પવડિંસયા :** શ્રેણિકના પૌત્રનું કેવી રીતે દેવલોકમાં જવું તે વર્ણન છે.

**નં. ૨૧ : પુપ્ફિયા :** માણિભદ્ર, પૂર્ણભદ્ર વિગેરે દેવોનાં વર્ણન છે.

**નં. ૨૨ : પુપ્ફચૂલિયા**

હ્રીં, શ્રી, ધૃતિ વિગેરે દેવીનાં વૈભવો, દશેદશ દેવીઓ પૂર્વભવમાં સાધ્વીઓ હતી. શ્રીદેવી નામની દેવીનું વર્ણન છે, તે ભૂતા નામની બાઈ હતી, પરણ્યા વિના દીક્ષા લીધી પણ ટાપટીપ કરવાની ટેવથી કેવળજ્ઞાન ન પામી, પણ સ્ત્રીવેદ બંધાયો ને દેવી થઈ. આ રીતે આ આગમમાં દેવીઓનાં વર્ણન છે.

**નં. ૨૩ : વન્હિદશા :** શ્રીકૃષ્ણ, દ્વારિકા યદુવંશનું વર્ણન છે.

**૧૦ પયન્ના શરૂ**

**નં. ૨૪ : ચઉશરણ પયન્નો (૧)**

પયન્ના એટલે પ્રકીર્ણક. એક એક મુનિ રચે. ચઉશરણ પયન્નો ચોવીશમો છે. અંતસમયે ચારનાં શરણ સ્વીકારવા યોગ્ય છે. (૧) સુકૃતિની અનુમોદના (૨) દુષ્કૃતની ગર્હા (૩) ચારનાં શરણ સ્વીકારતા રહો.

તમારાં પોતાનાં પાપોની નિંદા કરો. બધાં પુન્યની અનુમોદના કરતા રહો. ગીત ગાતો જા. ગુણ ગાતો જા. અનુમોદનાની તકને જતી ન કરો. બીજાનાં સુકૃતો ઉપર બળ્યા ન કરો.

**નં. ૨૫ : આઉર પચ્ચક્ખાણ પ્રકીર્ણક**

રોગની ટ્રીટમેન્ટ, રોગી-સાધુની વાત આમાં છે. પાંચક્રોડ રોગ શરીરમાં છે. સ્થિર રહેજો, સમાધિ જાળવજો. બાળમરણ, પંડિતમરણની વાતો છે. જેગુરૂના દુશ્મન બને તે કિલ્બિષિયા દેવ બને તેનું વર્ણન છે.

**નં. ૨૬ : મહાપચ્ચકખાણ પ્રકીર્ણક :**

આહાર, શરીર ને ઉપધિ કેવી રીતે વોસિરાવવાં તે આમાં વર્ણન છે. મારૂં ફર્નિચર, મારો પરિગ્રહ આ બધું મમત્વ મૂકી દો. મૃત્યુ આવતાં પહેલાં બીજાને સોંપી દો. મોતને સાધવા ગિરિરાજ પર જઈને બેસી જાઓ, તાર કે માર તું જ મારો તારણહાર, દેવ-દાદાને કહી દો.

***ઐસી દશા હો ભગવન્ જબ પ્રાણ તન સે નીકલે.***

મૃત્યો બિભેષિ કિં બાલ ! તું અજન્મા થવા તૈયાર થઈ જા. ડોક્ટર હાથ ધોઈ નાખે તો બસ પદ્માસનમાં બેસી જા. ઘરવાળાં પૂછે તો કહેવું, અરિહંતે શરણં પવજ્જામિ.. આ લોકમાંથી જતાં પહેલાં મૃત્યુને સુધારી નાખ. સગીરે નારી એની કામિની, ઊભી ડગમગ જુએ તેનું રે પણ કાંઈ ચાલે નહિ... બચ્ચારી શું કરે!

**નં. ૨૭ : ભક્તિ પરીજ્ઞા પ્રકીર્ણક : ઈંગિની પાદપોગમન.**

ભોજન છોડે, ઈશારા કરવાના છોડે, ઝાડની જેમ અનશન કરે, વર્તમાનમાં અનશન નિષેધ છે. અનશનના સંજોગ, ધ્યાન વય બધું જ જોવું પડે. મુખ્ય સમાધિ ન છૂટે તે જોવાનું હોય. કષાયની ગરમી ન જાય, ત્યાં સુધી અનશન ન થાય. ગુરુની હિતશિક્ષાની આ સૂત્રમાં વાતો છે. અવંતીસુકુમાલ, ગજસુકુમાલ, ચાણક્યમંત્રીના અણસનની વાતો છે.

**નં. ૨૮ : તંદુલવૈકાલિક પયન્નો**

ચોખા જેટલો જીવ હોય તેનું વર્ણન. જીવ જ્યારે માતાના ગર્ભમાં આવે ત્યારે ચોખા જેટલો હોય, સોનોગ્રાફીવાળો ડોક્ટર ભ્રૂ પીએ છે. ઉત્પત્તિ સમયથી જ જીવાત્મા હોય છે. દુર્યોધન ૩૦ મહિના ગર્ભમાં રહ્યો, સિદ્ધરાજ ૧૨ વર્ષ. ગર્ભમાં પુન્ય ઉપાર્જન કરી સ્વર્ગે પણ જઈ શકે છે. પાપ ઉત્પન્ન કરી સાતમી નરકે પણ જઈ શકે.

**ગર્ભનો જીવ કયું પાપ કરે ?**

મહારંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિયની હત્યા આ ત્રણે નરકનાં કારણો છે, માનસિક પાપ કરી દુર્ગતિમાં જાય છે. છોકરીઓ નવરાત્રિના ગરબામાં જાય, છોકરા ગોવાળ બને, ત્રણ મહિને એબોર્સનમાં લાઈન લાગશે. ગર્ભપાતનાં પાપ સામાન્ય બની ગયાં છે.

**નં. ૨૯ : ગણિવિજ્જા....** જ્યોતિષી, શુકન, ગણિતશાસ્ત્ર છે. તિથિ-નક્ષત્રનું વર્ણન આ પ્રકીર્ણકમાં છે.

**નં. ૩૦ : ચંદાવિજ્જા...પયન્નો :** રાધાવેધદ્વારા મનને કેવી રીતે સ્થિર કરવું તે વર્ણન છે.

**નં. ૩૧ : દેવેન્દ્રસ્તવ... પયન્નો :** દેવેન્દ્રોનાં આયુ, દેવો કેવા હોય વિગેરે વર્ણન.

**નં. ૩૨ : મરણ સમાધિ... પયન્નો :** કામભોગની ભયંકરતા, સંલેખના, નિર્યામકનું વર્ણન, નિર્યામક કેવા હોય ? વિગેરે વર્ણન. આજે ડોક્ટરો જીંદગી સાથે ખેલ ખેલી રહ્યા છે, મૃત્યુ સમયે માણસ સારો જ સાથે જોઈએ.

**નં. ૩૩ : સંસ્તારક પયન્નો :** સંથારો કેવો જોઈએ ? યુધિષ્ઠિર વિગેરે કેવી રીતે મોક્ષ ગયા ? સુકોશલ મુનિએ કેવો પરિસહ સહન કર્યો વિગેરે વર્ણન છે.

દશ પયન્નાનું વર્ણન પૂર્ણ.

**લક્ષ્મણનો સુંદર પ્રત્યુત્તર.**

આજનો માનવ જ્યારે ટીકીટીકીને ટી.વી. ઉપરનાં પરસ્ત્રી, પરપુરૂષનાં દશ્યો જોઈ રહ્યો છે ત્યારે નીચેનો આ શ્લોક અત્યંત ઉપયોગી થઈ પડશે... સીતા કઈ જગ્યાએ જંગલમાં છે, અને તે કેવી હતી રામ લક્ષ્મણને જ્યારે પૂછે છે, ત્યારે લક્ષ્મણજી ઉત્તર આપે છે,

***કુંડલે નાભિજાનામિ, નાભિજાનામિ કંકણે,***

***નૂપુરે ત્વાભિજાનામિ, નિત્યં પાદાબ્જ વંદનાત્...***

તેમનાં કુંડલ હું જાણતો નથી, કંકણ જાણતો નથી પણ રોજ પગમાં વંદન કરવાથી ઝાંઝર કેવાં હતાં તે હું જાણું છું. રોજ સાથે રહેવા છતાં ભાભીનું મુખ પણ કેવું તે જાણતા ન હતા કેવો સદાચારી લક્ષ્મણ હશે ?

## ૪૫ આગમના પ્રવચનમાંથી...

### છ છેદ સૂત્ર...

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**

**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

અનંત ઉપકારી તારક જિનેશ્વરદેવ પોતાના મુખમાંથી ત્રિપદી પ્રગટકરે. પયન્ના શું બતાવે છે ? બુદ્ધમાં ત્રિપિટ્ક કહે છે, વેદમાં ઋગ્વેદ, શામવેદ, યજુર્વેદ કહે છે. દરેક ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના

કરે છે. બારમા દૃષ્ટિવાદમાં ચૌદપૂર્વ હતાં. તે અંગ હાલ વિચ્છેદ પામ્યું છે. હરિભદ્રમહારાજના વખત સુધી ચૌદપૂર્વ ખંડિત-દશામાં હતાં. તેઓશ્રીએ ઘણી વાતો તેમાંથી લીધેલી છે.

દ્રૌપદીની વાત જ્ઞાતાસૂત્રમાં સુંદર મૂકી છે. સ્વયંવરા બનવા જ્યારે મજ્જનઘરમાં જઈ સ્નાન કરે છે, પછી વસ્ત્ર પહેરણ કેશગૂંથન કરે છે, અને ત્યારબાદ જિણઘરાઓ ગચ્છઈ, જિણબિંબ અચ્ચેઇ, પૂજેઇ આવી વાતો છે. આ ઉપરથી મૂર્તિપૂજા નક્કી હતી તે સાબિત થાય છે. માણસ જે ચીજો વસાવે છે તે લોંગલાઈફ ચાલે તેવી જોઈએ પણ તેની જીંદગી ક્યારે શોર્ટ થઈ જાય તે કહેવાય નહિ. જીવનનો કોઈ ભરોંસો નથી.

પ્રથમ મુદ્દો રોગ : બીજો મુદ્દો મૃત્યુ આ બંને હટાવવા પ્રયત્ન કરવાનો છે. ત્રણ દિવસનો મેલેરિયા રોગ પણ શરીરને હલાવી દે છે, તો મહારોગ કેવા હલાવી દેશે ? આવ્યા ત્યારે રોતા રોતા આવ્યા હતા, હવે હસતા હસતા જઈએ, જગત ભલે રડે. મૃત્યુ માટે તૈયાર રહો. જૈનશાસન છેલ્લી ચાર સેકંડ સાચવવા જ કહે છે. પરમાત્મા પાસે સમાધિમરણ, પંડિતમરણ, આનંદમરણ માગતા રહો.

જેણે કર્યું છે ભગવાનનું વિસ્મરણ, તેનું નથી સારૂં મરણ. ઈશ્વરના સ્મરણની જેને એલર્જી થઈ છે તે માણસ મરણનું પણ સ્મરણ કરે તો ય તેને વૈરાગ્ય થશે. આ વાક્ય કાકા કાલેલકરે લખેલ છે. અંતટાઈમ જેનો સુધર્યો તેનું જીવન સુધરેલું જ છે. જીંદગીમાં જે હારી ગયો તે અંતે જીતે તે અશક્ય છે.

***રહો રહો જમડાજી આજનો દાડો, શેત્રુંજે જઈને આવું જી,***

***ઘેલા રે જીવડા ઘેલું શું બોલે, આટલા દિવસ શું કીધું જી.***

વાળ ધોળા થઈ ગયા, કરચલીઓ પડી ગઈ, દાંત તૂટી ગયા છતાં ખબર પડતી નથી કે મારે મરણની અરજી આવી ગઈ છે. યુદ્ધ થવાનું હોય ત્યારે પહેલેથી સૈનિકને સજ્જ કરે છે, કસરત કરાવે, દશપયન્ના કહે છે કે, યમ સાથે યુદ્ધ થવનું જ છે, તારીખ તિથિ નક્કી નથી પણ થવાનું તો છે જ માટે સજ્જ રહો, તૈયાર રહો.

**છેદસૂત્ર કોને કહેવાય ?**

છેદ એટલે ઉડાડવું, કોને, અયોગ્ય ઉડાડવું.... યોગ્યને ભણાવવો.

(૧) પરિણત (૨) અતિપરિણત (૩) અપરિણત

પરિણતને ભણાવાય, અપરિણતને ખબર જ ન પડે, અતિપરિણત અયોગ્ય, જડ જેવો હોય.

**ત્રણેનું દૃષ્ટાંત**

આર્દ્રા બેઠા પછી વરસાદ વરસતો હતો, ગુરૂએ શિષ્યને બોલાવ્યો, અને કહ્યું, કેરીનો રસ લઈ આવ ! ચેલો અપરિણત હતો, કેવી મજા પડશે મને પણ રસ મળશે. આ પરિણત કહેવાય. બીજા ચેલાને બોલાવી કહ્યું, રસ લઈ આવ. અને આ સાંભળતાં જ ગુરૂને ચોપડાવી, ખબર પડતી નથી ? આ રીતે મજા ઉડાડવી છે ? ગચ્છનું રક્ષણ આ રીતે કાંઈ થાય ? અતિપરિણત. ત્રીજાને બોલાવ્યો, તેણે આજ્ઞા સ્વીકારી, તૈયાર થયો અને પછી ધીમેથી ગુરૂના કાનમાં કહ્યું, કદાચ આજે ન મળે તો આવતીકાલે મળે, છતાં આજે પુરૂષને બોલાવી નક્કી કરૂં છું. પરિણત.

બહુ પુન્યના ઉદયથી આવા ચેલા તથા પુત્ર મળે. ગુરૂ કહે કાગડો કાળો તો ચેલો કહે હા કાળો, ધોળો તો હા... જે ગુરૂની સમર્પિત તે પરમાત્માને સમર્પિત હોય. છેદસૂત્રમાં લગભગ પ્રાયશ્ચિત્તનો વિષય બતાવવામાં આવેલ છે. કયા જીવે ક્યાં પાપ કર્યાં હોય તેના અનુસારે પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે, આને

દંડનીતિ કહેવાય.

**નં. ૧. નિશિથ સૂત્ર (૩૪)**

રાત્રે જ પારાયણ થાય. નિશિથમાં શું આવે ? ચોથની સંવત્સરી કેમ થઈ ? ચક્રવર્તીઓનાં મકાનોનું વર્ણન. ૩ પ્રકારના સ્થવિર.

૬૦ વર્ષની વયવાળાને વયસ્થવિર કહેવાય. વજ્રસ્વામિ જેવા શ્રુતના મહાસાગર શ્રુત-સ્થવિર, ૨૦ વર્ષના પર્યાયવાળાને પર્યાયસ્થવિર કહેવાય. પાપ કરવું તે દુષ્કર નથી પણ પાપ કર્યા પછી સમ્યગ્ આલોચના લેવી તે દુષ્કર છે. જીવ પાપ કરવામાં નિર્લજ્જ હોય છે, આલોચના લેવામાં લજ્જાળુ હોય છે. પણ પાપ કરતાં જો નિર્લજ્જ બન્યા, તો હવે આલોચના લેવા ખુલ્લા બની જાઓ. કેટલાક મુનિઓ સમવસરણમાં ભગવાન પાસે આલોચના લેતાં જ શુદ્ધ બની જાય છે. બાંધેલાં કર્મ આલોચના લેતાં જ તૂટી જાય, પછી ભગવાન કહે, ત્વં શુદ્ધોડસિ. પ્રાયશ્ચિત્તની જરૂર નથી.

સાધુએ અઢાર રૂપિયાથી વધુ મૂલ્યવાન વસ્તુ ન વપરાય. તે વખતની વાત હતી, હવે વધારે કિંમત હોય. પણ વધુ મૂલ્યવાન ન વપરાય. હોય તો રાગ થાય, ચોરાય તો દ્વેષ થાય, તેથી વાપરવું જ નહિ. જિનઅભિષેક, રથયાત્રા હોય તો જવું જ જોઈએ. ભગવાનની કેવી મૂલ્યવાન ભક્તિ છે, મહાન શાસનપ્રભાવનાનાં કાર્યો હોય તો પણ પહોંચી જવું જોઈએ. સ્વાધ્યાયને ગૌણ કરીને પણ જવું જ જોઈએ. ગૃહસ્થે તો સવિશેષ જવું જોઈએ.

મહારાષ્ટ્ર દેશની મદ્યશાળાંમાં ધજા લગાવવામાં આવતી વિહાર કરતા સાધુ ત્યાં ચાલ્યા ન જાય, નહિતર કોઈના મનમાં એમ થાય કે, સાધુ દારૂના પીઠામાંથી નીકળ્યો એટલે દારૂ પીધો હશે ? હવે તો તે સમય ગયો, છડેચોક દારૂ પીવા લાગ્યા.

**નં. ૨ મહાનિશિથ સૂત્ર (૩૫)**

લક્ષ્મણાસાધ્વી, નંદિષેણ મુનિની વાતો છે. લક્ષ્મણાએ પ્રાયશ્ચિત્ત બરાબર લીધું ન હોવાથી ચોરાશી ચોવીશી સુધી ભટકશે. જે દિવસે મહાનિશિથગ્રંથ અલોપ થશે તે વખતે સાત દિવસ સુધી સૂર્ય-ચંદ્ર વિ.નાં તેજ ઝાંખાં થશે. સ્તવ બે પ્રકારે... દ્રવ્યસ્તવ, ભાવસ્તવ. સાધુ આરતિ હાથમાં ન લઈ શકે. સાધુ ઉપદેશ આપે પણ દ્રવ્યસ્તવ ન કરે.

ચૌદરાજલોકમાં વંદન, પૂજન, સત્કાર, સન્માન થતાં હોય તો તેનો કાઉસ્સગ્ગ સાધુ પણ અનુમોદના રૂપે કરે જે દ્રવ્યપૂજાને ઉડાવે છે, નૃત્યને ઉડાવે છે તે ગાંડા-પ્રલાપી છે.

સાધુને ભાવપૂજા છે, દ્રવ્યસ્તવ નથી. જ્યાં દ્રવ્યસ્તવ છે, ત્યાં ભાવસ્તવ નિયમા છે જ. કોઈ પણ પૂજા ભાવવગરની ન હોય, અંદરમાં ભાવ પ્રગટ્યા વિના દ્રવ્યપૂજા થાય જ નહિ. પરમાત્માની પૂજામાં અવશ્ય ભાવ ભરેલો જ છે. મહાનિશિથ આગમ આની સાક્ષી પૂરે છે.

**નં. ૩ બૃહત્ કલ્પ અથવા પંચકલ્પ (૩૬)**

આહાર, વસ્ત્ર, પાત્ર, વસતિ, પડદા વિ.ની વ્યવસ્થાની આમાં વાતો છે. માલિક ન હોય તો સાધુએ કેવી રીતે રહેવું તે પણ બતાવેલ છે. બાવા બન્યા પછી ક્યાં રહેવું તેની ય ચિંતા આપણા ભગવાને કરી છે, નદી કેવી રીતે પાર કરવી તે બતાવ્યું છે, વર્ષમાં બે જ નદી પાર કરાય તે પણ આમાં કહેલ છે.

**નં. ૪ વ્યવહાર સૂત્ર ... પાંચપ્રકાર (૩૭)**

(૧) આગમવ્યવહાર (૨) સૂત્રવ્યવહાર (૩) આજ્ઞાવ્યવહાર (૪) ધારણાવ્યવહાર (૫) જિતવ્યવહાર

આગમમાં લખ્યું કે, સાધુ કંદોરો ન બાંધે. પણ કોઈ બનાવ પછી હવે કંદોરો ન બાંધે તો પ્રાયશ્ચિત્ત આવે. આ જિતાચાર કહેવાય. ચોથની સંવત્સરી હતી કારણસર, ખરી પાંચમની જ છે, પણ આચાર્યોએ જે નિર્ણય કર્યો તો તે પાંચમની પણ થઈ શકે, કરી શકે.

સંઘની સમાધિ માટે આચાર્યોને આ રીતે પણ કરવાની છૂટ છે. સાધ્વીના વિહાર-સ્થંડિલ, પાટ-પાટલાની વાતો છે, પહેલાંના કાળમાં લેવા જવાનું, આપવાનું હતું. સાધુ લઈ આવે, સાધ્વીને આપે, સાધ્વીએ લેવા જવાય નહિ. પહેલાં કાપડ પણ લેવા જવાનું હતું, પણ હવે દેશ, કાળ ફરી ગયા, વહોરાવવાનો રિવાજ હવે થયો છે. હવે સાધુ પાટ લેવા જાય તો નિંદા થાય. જિતાચાર આ કહેવાય.

**નં. ૫. દશાશ્રુત સ્કંધ (૩૮)**

કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિકની વાતો, આચાર્ય કોને કરવા ? શિષ્ય સંપત્તિ, રૂપસંપત્તિ, ઇન્દ્રિય અંગોપાંગ, વગેરે હોવાં જોઈએ. આચાર્ય જેવા તેવા સાધુને ન બનાવાય.

**નં. ૬. જિતકલ્પસૂત્ર (૩૯)**

આગમ વ્યવહારની વાતો, સંઘર્ષણ, બળ વિ.ની વાતો દશ વૈકાલિકનાં ચાર-અધ્યયન બાદ વડીદીક્ષા થાય, પણ હવે અર્થ સમજાવી દે છે, તો પણ ચાલે છે. પ્રાયશ્ચિત્ત આપવામાં પણ હવે ફરક પડ્યો છે, આગમપ્રમાણે ૧૨૦ ઉપવાસ પ્રાયશ્ચિત્તના આપે છે, પણ હવે ધૃતિ, બળ ઓછાં થઈ ગયાં તેથી જિતવ્યવહારથી ફરક કરેલ છે. પરમાત્મા ચક્રવર્તીના પણ ચક્રવર્તી છે, ત્રિપદી ગણધરોને આપી છે, દ્વાદશાંગીની રચના કરી, એમાંથી આપણને આ સુંદર આગમોની વાતો જાણવા મળી છે. ભલે છોડી જ પણ થોડું ય અમૃત ગુણ કરે છે.

**ચાર મૂલસૂત્ર...**

દીક્ષા પછી ચારસૂત્રો અવશ્ય ભણવા જોઈએ, માટે મૂળસૂત્રો, મૂળાધારે વૃક્ષ ટકે.

**નં. ૧. આવશ્યકસૂત્ર (૪૦)**

છ આવશ્યકનું વર્ણન, કુલકરો, ઋષિ, ચક્રવર્તી, વાસુદેવ, વીર ઉવસર્ગનું વર્ણન, પ્રતિક્રમણની જરૂર, તેનો પ્રભાવ, કર્મનાશ, રેવતી, સુલસા, સિંહઅણગાર, શંખ, શતકશ્રાવકવર્ણન,

જઈ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારીઓ

વંતં ઈચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે.

**નં. ૨. દશવૈકાલિક (૪૧)**

પૂર્વમાંથી ઉદ્ધાર, શય્યંભવ, અસ્થિરને સ્થિરિકરણ, આહારપાણી, ૪૨ દોષ, ભાષા કેવી બોલવી, તહેવ કાણે કાણત્તિ, આવો, બેસો ન બોલાય, ગર્ભવતી, સ્તનપાન કરાવતી સ્ત્રીના હાથે ન વહોરાય વિગેરે વિશદ વર્ણન છે.

**નં. ૩. ઓઘનિર્યુક્તિ (૪૨)**

ઉપધિ, પાત્રગ્રહણ, રંગસાધન, સવારથી સાંજ સુધીની બધી જ સામાચારી આ સૂત્રમાં વર્ણવેલ છે.

**નં. ૪ : ઉત્તરાધ્યયન (૪૩)**

વીરની અંતિમ દેશના, વિનય, પરિસહ, ચાતુરંગીય, અસંસ્કૃત, અકામમરણ, ઔરભ્રીય, નમિપ્રવ્રજ્યા, પાપશ્રમણ દોરા-ધાગા વિગેરેનું સુંદર વર્ણન છે.

નં. ૫. નંદિસૂત્ર (૪૪)

પદપ્રદાન વખતે પરમ માંગલિક શ્રવણ આ નંદિસૂત્રને ગણાય છે, આવલિકાનું વર્ણન, તીર્થંકર, ગણધર વર્ણન, જિનશાસનની સ્તવના, સંઘની ઉપમા, વંદન, ૩૬૩ પાખંડીનું વર્ણન વગેરે આ આગમમાં છે.

નં. ૬. અનુયોગદ્વાર (૪૫) છેલ્લું આગમ

મોક્ષની ચાવી સરખું આ આગમ છે. પાંચ જ્ઞાન, શ્રુતની વડાઈ કાળના વર્ણન, ૯ રસ, સંગીતસ્વર વિગેરે છે.

આ રીતે સંક્ષેપમાં પીસ્તાલીસ આગમની આપણને ઝાંખી કરાવી મહાન ઉપકાર કરેલ છે. જે પુન્યશાળી મહાપુરૂષો હોય તેમને જ આ સંપૂર્ણ આગમ વાંચવાનો લાભ મળે, અને યોગોદ્વહન કરનારા મુનિવરોને જ લાભ મળે... આપણા જેવાઓને આટલો પણ સંક્ષેપ જાણવા મળે તે પણ પુન્યનો ઉદય સમજવો.

નિશિથ-મહાનિશિથમાં બીજાં પણ ઘણાં વર્ણનો આવે છે, જેમકે,

કાલકાચાર્ય, ઉદાયન, ગંધારશ્રાવક, કુમારનંદિ વિ.વાતો નિશિથની છે. પાપના કાતિલફળો, રજ્જાસાધ્વી, નંદિષેણ, અષાઢાચાર્ય લક્ષ્મણા, કંડરિક, પુંડરિક વિગેરે કથા, ૫૩૦ માં પૂ. હરિભદ્રસૂરિ મ.સા.ને આ ગ્રંથ પંડિતદશામાં મળ્યો, નવ આચાર્યોએ સંશોધન કર્યું, વિગેરે આ ગ્રંથની સુંદર વાતો છે.

**સુવિચાર.... આટલું ના કરશો.**

(૧) ઘરડા માણસોની મશ્કરી (૨) પારકાની નિંદા (૩) વડિલોનું અપમાન (૪) ગરીબીની અવગણના (૫) સમયનો બગાડ (૬) ખરાબ મિત્રોની સોબત.

**વિષય-આહાર શુદ્ધિ-પ્રવચન**

★-★-★

## પ્રવચન પાંત્રીસમું

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમપ્રભુઃ**
**મંગલં સ્થૂલભદ્રાદ્યાઃ જૈનો ધર્મોઽસ્તુ મંગલં.**

જૈનધર્મમાં દાન, શીલ, તપ અને ભાવ આ ચાર પ્રકારનો ધર્મ બતાવેલ છે. દાનથી શરૂઆત થાય છે, દાન બહુ સહેલો ધર્મ છે. તપ ઘણો અઘરો છે, પણ જીભને વશ રાખવામાં તપ એ અમોઘ સાધન છે. અમોઘ શસ્ત્ર છે. ગીતામાં પણ કહ્યું છે કે, નાભુક્તં ક્ષીયતે કર્મ, કલ્પકોટિશતૈરપિ, જૈનદર્શન એમ કહે છે કે,

***તે તપ કર્મ નિકાચિત તપવે, ક્ષમાસહિત મુનિરાયા,***
***તપસ્યા કરતાં કરતાં હો કે, ડંકા જોર બજાહા હો...***

દઢપ્રહારી અર્જુનમાળીએ તપદ્વારા નિકાચિતકર્મોને ખપાવ્યાં હતાં.

***બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગોઘાત, પાતકાન્નરકાતિથેઃ***
***દઢપ્રહારી પ્રભૃતે, યોગો હસ્તાવલંબનમ્ યોગશાસ્ત્ર પ્ર.પ્ર.***

નરકના અતિથિ બનવાની તૈયારીવાળા દઢપ્રહારી છ માસમાં જ તપના પ્રભાવે મોક્ષ પામ્યા. જૈનો

સદાને માટે તપસ્વી કહેવાતા. સોળ ઉપવાસ માસક્ષમણ તેઓ માટે સોપારીના ટુકડા સમાન હતા. પૂર્વથી તપનો વારસો, તપનાં મંડાણ હતાં. પરંતુ છેલ્લાં પચીસ વર્ષથી એવી કમનસીબી જાગી છે કે, ખાણીપીણી, રહેણી, ખાવાના નખરા વિ.માં ક્રાંતિ આવી ગઈ છે. ખાવાની બાબતમાં જૈનોએ હવે છપ્પનીયાભોગ જેવું થઈ ગયું છે. જૈનો ખાવામાં છાકટા બની ગયા છે. જૈનો સિવાય બહારનું ખાવાનું આટલું બધું કોઈ કોમમાં આવતું નથી. ભક્ષ્યાભક્ષ્યના નિયમો ઉડાડી દીધા છે. નોનવેજ ખવાય નહિ, તેની સ્મેલ પણ લેવાય નહિ ત્યાં નોનવેજ પણ આવી ગયું. સાધુને પણ ગોચરી લેવાના પ્રશ્ન આવે તેવો સમય આવી જશે. ભારતમાં ગાય કાપવાનું બંધ હતું.

**૨. આહારશુદ્ધિ એટલે શું ?**

***આવ રે વરસાદ ઘેબરિયો પરસાદ***

***ઊની ઊની રોટલી ને કારેલાનું શાક***

આ બધી માના વાત્સલ્યની વાતો હતી, રસોડાની ગરમાગરમ રસોઈ પત્ની બનાવતી, મા પીરસતી. હવે તો ઠંડા ઠંડા તાવ ને, ઠંડા ઠંડા દૂધ.

**૩. આહારના પ્રકારો**

બનાવટી મધરો અથાણાં બનાવે છે. મસાલા પણ બહાર કરાવે છે, ખાદ્ય પદાર્થોમાં લોઢું ભેળવે છે, જે કીડનીને ખલાસ કરી દે છે. ખાખરા શેઠાણીઓ બનાવી શકતી નથી તેથી હવે માર્કેટમાંથી લાવે છે. હીરાબજાર, કાપડબજારો હતી હવે ખાખરાબજાર ઊભી કરાય છે. લાગે છે કે હવે રોટલી, શાકદાળભાતની પણ દુકાન શરૂ થશે. સ્ત્રીઓ રાહ જોઈને બેઠી છે, સરનામું મળે એટલી જ વાર છે. મંગાવવા તૈયાર છે.

પહેલાં સ્ત્રીઓ દળણાં દળતી, પાણી ભરતી લોહી ફરતું રહેતું, આર્યદેશનો આ રિવાજ હતો, ઘેર બેઠાં બેઠાં બૈરાં અથાણાં કરતાં, તેમાં સરસિયાનાં તેલનાં સ્નેહ ભળતાં, આ ભાવ નામની ચીજ હવે સૂકાઈ ગઈ છે. કદાચ ખાવું પડે તો માના હાથે જ ઝેર ખાવું. રસોઈ બનાવનાર મા, હોય કે બેન, પત્ની હોય, માની પાંચે આંગળીમાં અમૃત રહેતું એમ પહેલાં કહેવાતું હતું. પત્નીના પ્રેમમાં અને માના પ્રેમમાં ફરક રહેતો. પત્નીના ડાયવોર્સ લેનારા લાખો, હજારો મળે પણ માની સાથે લેનારા કોઈ ન મળે. બૈરાની, કપની, રકાબીની, ચંપલની જોડ મળશે પણ જનનીની જોડ સખી નહિ મળે રે લોલ. માનો અધિકાર હંમેશાં રસોઈ પીરસવાનો રહેતો. પાંચે આંગળીમાં વાત્સલ્ય ભર્યું હોય છે. હોટલમાં તમને કઈ મા પીરસવા આવે છે ? વેઇટર આવે છે ? તે કેટલું લાવે છે ? કેવું લાવે છે ? વેઇટર કઈ જાતનો ? આપણે વર્ણવ્યવસ્થા માનતાં નથી, પણ જેના હાથે આપણે ખાઈએ છીએ તેની મનની ઉપર અસર થાય છે.

કૂતરાને સારા ભાવ ન આવે કારણ તેનો ભવ જ એવો છે. જાતિ પ્રત્યે તિરસ્કાર નથી પણ દોષ પ્રત્યે તિરસ્કાર હોવો જોઈએ. પહેલાંના કાળમાં આ કારણે જ વર્ણવ્યવસ્થા હતી. વાણિયો કોઈ દાડો લડે જ નહિ, લડે તો તેને વાઘરીવાડો કહેવાય. જોરથી લડે તે વાઘરી. લોહીની ખાનદાની આપણે ત્યાં હતી. આપણે ત્યાં અહિંસાનો મન સાથે સંબંધ હતો. હિંસા, શરીર અને આરોગ્યને નુકશાનકર્તા હતી. શરીર આરોગ્ય, મન આરોગ્ય, હિંસાઅહિંસા ઉપર હતું. જેનું મન અપ્સેટ તેનું જીવન અપસેટ. બટાટાં ન ખવાય તેમ અમેરિકાવાળા નહિ માને તે જૈનો જ માનશે. બટાટાં કોઈ ઔષધ માટે ખાતું નથી, સ્વાદ માટે ખાય છે.

**પ્રશ્ન : બટાટાં સૂકવી નાખીએ તો ચાલે કે નહિ ?**

ઉત્તર : જેટલી સૂંઠ ખાવી હોય તેટલી ખાઈ શકો કે નહિ ? ખાઈ શકીએ નહિ.

વેફર સવા કિલો ખાવી હોય તો ? ઉત્તર : ખાઈ શકીએ. કોની માએ સવાશેર સૂંઠ ખાધી સાંભળી

છે ? અને સવાશેર વેફર ખાઈ શકે છે.

કોબીઝ અને ફૂલાવરમાં સૂક્ષ્મ કંથવા જીવો છે. માટે ન ખવાય. બટાટાં હિંસા અને આરોગ્ય બંને માટે બંધ કરવાનાં છે. બટાટામાં સૌથી વધુ નિકોટીન છે. તેથી નુકશાનકર્તા છે. સિગારેટમાં જેટલું ઝેર છે, તેટલું જ બટાટામાં નિકોટીન છે.

હીરા, મોતી અને ફર્નિચર કરતાં માણસની લાઈફ કિંમતી છે. કોઈ કૂતરો અમેરિકામાં રાત્રે ભૂંકીને કોઈની ઊંઘ બગાડે તો ત્યાં કોર્ટમાં કેસ થાય છે. જીવનની ત્યાં કિંમત છે. આ રીતની. મુંબઈ જેનું નામ, ગાડીમાં બેસો તો ઊતરવું ન પડે, ધક્કામુક્કીથી જ ઊતરી જવાય. જીવનની કિંમત નથી, ધક્કામુક્કીની છે. પણ આપણા ભગવાને જીવનનું ઘણું મહત્ત્વ આપ્યું છે. દશ દૃષ્ટાંતે દુર્લભ એવા માનવભવને વેડફી ન નાંખો. પરમાત્માના મતે આ જીંદગીથી અનંતા ભવ સુધારી શકાય છે. માટે જીંદગીને બચાવો, સુધારો...

અમેરિકામાં સારી રીતે ખવાય, પીવાય તેની કિંમત છે. આપણે ત્યાં આત્માની કિંમત છે. ભોજન વિના રહેવાતું નથી, ઉપવાસ એ આદર્શ છે. આહાર તો સાધુને ય લેવો પડે, પણ સાધુ સ્વાદ ન કરે. ઓ કંકુબેન ? કાલે ખીચડીમાં મીઠું ઓછું હતું તેમ ક્યારેય સાધુની ફરિયાદ તમે સાંભળી ? સાધુએ છ કારણોથી આહાર લેવાનો છે, આ વાત દશવૈકાલિકસૂત્રમાં બતાવી છે. આચારાંગમાં કહ્યું છે કે હે સાધુ ! જમણી દાઢે ચવાતો કોળિયો સ્વાદ કરવા ડાબી બાજુએ ન લઈ જા. અને પેલી લૂલી જીભડી ઉપર તો ન જ લઈ જવો. આહાર વિના ન ચાલે, પણ સ્વાદ વિના ચાલે. ઉત્સર્ગ એટલે રાજમાર્ગ, અપવાદ એટલે કેડીમાર્ગ. આપત્તિ, દુષ્કાળ ટાઈમે સાધુએ દશ ઈલાજ કરીને પણ જીંદગી ટકાવવા ખાસ ભલામણ કરી છે. મરવાની અણી આવી જાય તો ય શક્ય એટલા જીવવાના પ્રયત્નો કરવાના. જંગલમાં પણ શું કરાય તે શાસ્ત્રમાં બતાવ્યું છે.

એલોપથી, હોમીયોપેથી, આયુર્વેદ, એક્યુપેશર પણ છે. આયુઃ વેદ. તું આયુષ્યને સમજ. જીંદગીની વેલ્યુને જે જાણે તે શરાબ, અભક્ષ્યાદિનો ઉપયોગ જીવનમાં ય કરે ખરો ? આયુર્વેદનું પહેલું શાસ્ત્ર, શરીમાદ્યં ખલુ ધર્મસાધનં છે. ધર્મનું સાધન દેરાસર, ઉપાશ્રય, ચંદનાદિ સામગ્રી છે. પણ ધર્મનું મુખ્ય સાધન શરીર છે. શરીર તૂટી ન પડે માટે અમે આ ઈલાજ બતાવીએ છીએ. શરીરને તગડું બનાવવા, ભોગ ભોગવવા સારૂં નથી બનાવવાનું, પણ શરીર નિરોગી હોય તો મન નીરોગી રહે, અને મન નિરોગી હોય તો ધર્મ સારો કરી શકાય. ધર્મ સારો થાય તો સાધના સારી થાય. ચરક અને સુશ્રુતમાં વનસ્પતિઓના ગુણ અને દોષ જોવાતા હતા.

ધ્યાનયોગ, મનયોગ અને જપદ્વારા એ લોકોએ તેના ગુણ અને દોષ જાણ્યા છે. ભગવાન રોગને સહન કરવા કહે છે પણ આ ઉત્સર્ગમાર્ગ છે. અપવાદમાર્ગે અઢારમહિના પણ દવા ઈલાજ કરી સારા બનવા કહે છે. પહેલા છ મહિને વૈદ્ય બદલવા. અઢાર મહિના દવા કરાવવી. પણ અસાધ્ય રોગ ન મટે તો અનશન કરવા પણ આજ્ઞા આપી છે.

**બુદ્ધનું દૃષ્ટાંત**

એકવાર બુદ્ધ દરવાજાના કિલ્લામાંથી નગરમાં જતા હતા. પરંતુ દરવાજો જીર્ણ જોઈને રસ્તો બદલી નગરમાં ગયા. શિષ્યોએ પૂછ્યું, ભગવન્ ! સર્વક્ષણિકં, આપ જાણતા છતાં ફરીને કેમ આવ્યા ? બુદ્ધે કહ્યું, એનો અર્થ એવો નથી કે, અકાલે મરી જવું.

મહાવીર = પોતાની જીંદગીને પાપોથી બચાવો. પહેલાંના કાળમાં ગણત્રીની આઈટમો થતી. મીઠાઈમાં લચપચતો શીરો મુખ્ય રહેતો, ચોળાનું શાક, ફૂલવડી એ ફરસાણમાં રહેતી. ચીજો ઓછી હતી, તોફાન ઓછાં હતાં. તપેલાં તો ચાલીશ પણ હોઈ શકે, પણ આપણી હોજરીનાં ખાનાં આટલાં નથી, કયા

રસને પચાવે ? હોજરી અપસેટ થાય ત્યારે અલ્સર થાય છે. એ.સી.ડી.ટી.નો રોગ થવાનો.

આપણા ભગવાને કહ્યું છે કે, જમીનમાં જે ઉત્પન્ન થાય તે ખવાય નહિ, પહેલેથી જ કહ્યું છે. વૈજ્ઞાનિકો કહે છે કે, જ્યાં અંધારૂં વધારે ત્યાં જર્મ્સ વધારે. રીંગણાં ખાય તેનું મગજ ગુસ્સાખોર થયા વિના ન રહે. એક ડાકુએ કહ્યું હતું કે, રીંગણાં ખાવાથી મા-બેન વિસરી જાય તેવી મારી પરિસ્થિતિ થઈ ગયેલી. રીંગણાં જમીનમાં નથી થતાં પણ તામસી વસ્તુ છે.

આપણે તો તારક તીર્થંકરદેવના ચરણમાં નમસ્કાર કરીએ તેટલા ઓછા છે. આ બધાંનાં નુકશાનો જગત સમક્ષ કેવલજ્ઞાનથી જોઈને મૂકી જ દીધાં છે. અમેરિકામાં ૩૧ લાખ માણસોએ નોનવેજ છોડી દીધું છે.

**શ્રાદ્ધવિધિમાં કેવી રીતે ખાવું તે બતાવેલ છે.**

(૧) અજીર્ણ થાય ત્યારે ભોજનત્યાગ

(૨) દ્વિદળ ત્યાગ. કઠોળ સાથે દહી ન ખવાય. બે ઇન્દ્રિય જીવો હણાય. કઠોળથી લોકો નઠોર બની ગયા છે. અભક્ષ્ય સાથે ખાઈને.

(૩) ચાર મહાવિગઈનો ત્યાગ.

(૪) સમયે સાત્ત્વિક ભોજન.

(૫) શાંત ચિત્તે ભોજન. તે વખતે આકુળ-વ્યાકુળ ન થવું.

(૬) બાવીશ અભક્ષ્યનો ત્યાગ.

(૭) પંદર દિવસે ૧ ઉપવાસ.

(૮) રાત્રિભોજન ત્યાગ

(૯) બહારના પદાર્થો ત્યાગ

(૧૦) નશીલી ચીજોનો ત્યાગ.

(૧૧) બત્રીશ અનંતકાયનો ત્યાગ.

(૧૨) બ્રહ્મચર્યનું પાલન.

(૧૩) ચલિતરસનો ત્યાગ.

*કચ્છીને જોઈએ લચ્છી, તેના વિના બધી ચીજો નથી અચ્છી.*
*મારવાડીને જોઈએ પાપડ, તે વિના બધી ચીજો આપદ.*
*કાઠિયાવાડીને જોઈએ અથાણાં, ગુજરાતીને જોઈએ વટાણા.*

★-★-★

અનંત ઉપકારી તારક પરમાત્મા કેવલજ્ઞાન થયા બાદ દેશના ફરમાવે છે. બિલકુલ અહિંસક જીવન સાધુજીવન છે. જેઓની આ શક્તિ નથી તેઓ પણ થોડું પાપવાળું અનિવાર્ય જીવન જીવે. ખૂબ વિવેકપૂર્ણ અને જયણાપૂર્ણ શ્રાવકજીવન જીવવું જોઈએ.

અણપૂંજયા ચૂલા સંધૂકયા. ચૂલો પેટાવવો જ છે તો જયણાપૂર્વક પેટાવો. ગેસ-ચૂલા ઉપર પૂંજણી ખરી ? ચૂલાની ખાવાની વસ્તુ કરવી જ પડે છે, પણ બીજાને ઓછાં કષ્ટ પડે, ઓછી હિંસા કરવી પડે તેમ કરવું. બટાટામાં, બટાટાંની છાલમાં અનંતા જીવો છે, ભીંડામાં એક જીવ છે.

એક માણસ કાચી વનસ્પતિ આખી જીંદગી ખાધાકરે, બીજો માણસ એક જ ટુકડો બટાટાનો ખાય, પછી સરખામણી કરો, એક ટુકડો ખાનારે અનંતા જીવોને માર્યા છે, પેલાએ ઓછા માર્યા છે. સાધારણ વનસ્પતિકાયમાં ઘણી હિંસા લાગે છે.

**પ્રશ્ન : ડોક્ટર જ્યારે કાંદા ખાવાનું કહે, શરીર કંટ્રોલમાં આવે તો આપણી તબિયત સુધરે, તો કાંદા ખાવા કે નહિ ?**

ઉત્તર : મન તામસી બની જાય તો ભવ બગડી જાય, તંદુરસ્તી લેવા જતાં મન અને ફેમિલી ખોઈ નાખે. સાધુ તો ખીચડી સાથે મગની દાળ પણ વાપરી જાય, ક્યાંય કઢી ન મળે તો આવું પણ થાય કે, ચંપાબેન મગનીદાળ વહોરાવે તો એમાં કઢી પણ ભેગી જ નંખાવે. જિસ દેશમેં ગંગા વહતી હૈ, જિસ દેશમેં જમના બહતી હૈ. ઊની ઊની રોટલી ને કારેલાનું શાક હવે રમીલાબેન વહોરાવે તેમ નથી.

કઢીની ચિંતા અમે કરતા નથી, તમે કર્યા વિના રહેતા નથી. જયુસર, મિક્ષ્ચર બધું પેટમાં એક જ થશે. મગની દાળ ગરમ જોઈએ તે જરૂરી નથી પણ દહીં તો ગરમ જ કરવું પડે.

**પ્રશ્ન : મગની દાળ સાથે શીંગદાણાનું શાક બનાવે તો તે કઠોળ થાય ?**

ઉત્તર : કઠોળ થતું નથી. પણ દહીંની સાથે મગની દાળ ખાય તો દ્વિદળ થાય. દહીંની કઢીમાં ચણાનો લોટ પૂર્ણ ગરમ થયા વિના નંખાય નહિ. ચોખાનું અટામણ નાખે તો વધુ સારૂં. મેથીનો વઘાર પડે તો કઠોળ દ્વિદળ થાય. છાશને નાગરબ્રાહ્મણી કહેતા. પૂ. પ્રેમસૂરિજી મ.સા. મુકામમાં દહીં આવે તો કહેતા નાગર અને બ્રાહ્મણને દૂર રાખો. દૂધ બીજા દિવસે ન ચાલે. દૂધની ભાખરી પણ ન ચાલે. ફ્રીજમાં મૂકેલી વસ્તુઓ વાસી થતી નથી આ માન્યતા આજની કોલેજ ભણેલી વહુઓની છે.

આવતીકાલની રોટલી વાસી થાય જ. ભેજ હોવાથી વાસી થાય. ખાખરા વાસી થતા નથી. દહીને જમાવ્યા બાદ બે રાત ઉપર વહી જાય, તેમાં તદ્વર્ણા જીવો ઉત્પન્ન થાય છે. ત્રીજા દિવસે સૂર્યોદય પહેલાં છાશ કરી લીધી હોય, તો આખો દિવસ ચાલે. અને બીજા દિવસે પણ સૂર્યાસ્ત પહેલાં ચાલે.

વધેલી છાશનાં થેપલાં બાંધી લો તો બે રાત ચાલે. લેક્ટિક એસિડ નામનું તત્ત્વ છાશમાં હોવાથી તેને વાંધો આવતો નથી. છાશનું સ્વરૂપ છાશમાં જ રહેવું જોઈએ. નીતરતાં પાણી હોય તેને છાશ ન કહેવાય. બહારના દહીનો ઉપયોગ કરવો યોગ્ય નથી. રંગ અને રક્ષણ એક જ જેવું હોય. જેમકે, ઘઉંમાં ધનેરિયા હોય તે લાલ જ હોય. ચોખાની ઈયળ સફેદ જ હોય. તદ્વર્ણાથી રક્ષણ થાય.

**ધનપાલકવિ-શોભનમુનિનું દૃષ્ટાંત.**

શરીર એ ફેક્ટરી છે, અઠવાડિયે ૧ ઉપવાસ થવો જોઈએ. નહિતર પંદર દિવસે તો થવો જ જોઈએ. સાધુને અને શ્રાવકને આહારમાં ક્યારેય ફરક ન પડે. તમે ઘણીવાર સાધુને કહેતા હો છો, સાહેબ ! તમને

ખપે એવું નથી. અમે કહીએ, તમને ખપે ? આપણી પ્રતિક્રમણની વિધિમાં ફરક છે ? અમે ય વાણિયાના દીકરા છીએ તમે ય વાણિયાના. પછી અમને કેમ જુદા પાડો છો તે જ સમજાતું નથી. ઉપરસે ગોલ, અંદરસે પોલંપોલ. બાવો બેઠો જપે જે આવે તે ખપે એવું શ્રાવકને ન હોય. શ્રાવકનું ઘર હંમેશાં શુદ્ધ જ હોય, અમારે પૂછવાંનું હોય જ નહિ. ભક્ષ્યાભક્ષ્યના નિયમો જાણીને હંમેશાં તેને આચરવા જ જોઈએ.

## દ્વિદળની વ્યાખ્યા...

જેને ભરડવાથી બે દાળ થાય તે દ્વિદલ. વિશેષ વ્યાખ્યા (૧) કઠોળની બે ફાડ થતી હોય, (૨) જેને પીલવાથી તેલ થતું ન હોય, (૩) ઝાડના બીજરૂપે હોય તે દ્વિદળ.

મેથી મસૂરની દાળ કઠોળ કહેવાય. દાળો બધી જે પ્રસિદ્ધ છે તે કઠોળ કહેવાય. કાચા લીલવા પણ કઠોળ. વાલકઠોળ, વાલોળ કઠોળ. કાચાં દૂધ, દહીં ગરમ કર્યા વિનાનાં હોય, કઠોળની સાથે તેનો ઉપયોગ કરવામાં આવે તો બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. જેમ જગતનો સ્વભાવ ઉપ્પેન્નેઈ વા વિગેરે છે તેમ આ જીવોનો સંયોગ થાય છે.

ભેંસનો પોડલો ત્રણ દિવસથી પડ્યો હોય, સુકાઈ જાય, પણ વરસાદ વરસે તો અસંખ્ય કીડા ઉત્પન્ન થઈ જાય. લાકડું બહાર હોય, પણ હવા-પાણી ભળી જાય તો કીડા થઈ જાય. આપણી ચર્મચક્ષુથી ન દેખાય પણ તદ્‌વર્ણા જીવો તેમાં થઈ જાય.

## કૂકડાનું દૃષ્ટાંત.

એક જૈન ભાઈની દુકાનેથી એક બાઈ રેશનીંગની દાળ લઈ જતી. એ પોતાના ઘરમાં કુકડા પાળતી. તેથી બીજાના રેશનીંગ કાર્ડ લાવી દાળ લઈ જતી. દુકાનદારે કહ્યું, બીજા કોઈ આ દાળ લઈ જતા નથી. તું શા માટે આટલી દાળ લઈ જાય છે ? બાઈ કહે, સવારે દાળ છાશમાં પલાળી પછી કૂકડાને આપું છું. દુકાનદારે કહ્યું, ઓ બેન ! તું દાળ પાણીમાં પલાળે છે ? બાઈ કહે ના, પાણીમાં પલાળું તો કૂકડો અડતો પણ નથી એને દાળ કરતાં જીવડા ઘણા ભાવે છે. કહેવાનું તાત્પર્ય એ કે, છાશ સાથે દાળ મિશ્ર થતાં જ જીવો ઉત્પન્ન થઈ જાય છે. ભગવાન મહાવીરનું શાસન જયવંતું છે, આ બધી વાતો તેઓએ પહેલેથી જ કહેલી છે.

## હકીમજીનો વૈજ્ઞાનિક પ્રસંગ

પૂ. સાહિત્યરત્ન શ્રી યશોદેવસૂરિજીએ કોઈક હકીમને પોતાની તબિયત બતાવી, ભાજીપાલા વધારે લ્યો તેમ હકીમે કહ્યું, બે મહિના વીત્યા બાદ ફરી તે આવ્યો, મહારાજશ્રી ! હવે કેમ છે ? મહારાજશ્રીએ સ્મિત કર્યું, હકીમ સમજી ગયો કે ભાજીપાલા લીધો નથી, પછી તે આકાશ સામે જોઈને બોલ્યો, હવે લેશો પણ નહિ. ભાજીપાલાનો ટાઈમ વીતી ગયો છે. હવે લેવાય નહિ.

આપણા જ્ઞાનીઓએ તો ફાગણ ચોમાસીથી જ નિષેધ કર્યો છે. આપણા પ્રભુએ સહુને માટે આ આરોગ્ય શાસ્ત્ર પણ સુંદર મૂકી દીધું છે. દહીંને ગરમ કરવાથી જીવોની ઉત્પત્તિ થતી નથી. નષ્ટ થઈ જાય છે. ઘઉંને શેકવાથી ઊગવાની યોગ્યતા નષ્ટ પામે છે.

દહીં, કઠોળ, દહીંવડાં કઠોળમાંથી બને, કડાઈમાં તળે, દહીં પાથરી દે, રામપોળ જેવું જામેલું દહીં એક મોટું જીવોનું પ્રોડક્શન તેમાં ઉત્પન્ન થાય છે. આખી દુનિયાના જીવો તે થાળીમાં ઊભરાય છે. તેથી દહીંને ગરમ કરવાનું, બરાબર જોવું જોઈએ દહી ફાટી જાય તેવું ગરમ કરવું જોઈએ. બેનોએ રસ્તો કાઢી લીધો છે, ઢૂંઢનેં વાલે કો ઉપાય મિલ જાતા હૈ, દહીં ફાટી ન જાય તેથી બાજરીનો લોટ નાખે છે. દહીંના

રાયતામાં ગરબડ ન કરો, દહીં ફળફળતું ઉકાળો.

મેથીનાં થેપલાં દહીમાં ન ચાલે. કાચી છાશ અને કાચા દહીમાં ન બંધાય. દહીં ગરમ કરીને જ થેપલાં બાંધવાં જોઈએ. ૧ ડઝન થેપલાં ચહા સાથે યા દહી સાથે ખાઈ જાય, જમ્યા પછી છાશ થાળીમાં ન લેવી. થાળી જુદી લેવી અને મોં ચોકખું કરવું, હાથ સ્વચ્છ કરવા. પેટમાં ગયા પછી કોઈ ગરબડ નથી નથી, અંદર ગયા પછી દ્વિદળ થતું નથી. શ્રીખંડનું દહી કાચું આવે છે. હવે તો તમે તાજો તાજો શ્રીખંડ વાપરો છો. પણ છ મહિનાનો ય વાપરનારા છે. બહારની આઈટમ વાપરવા જેવી નથી. જેણે બચવું હોય તેણે સાચું જાણવું જોઈએ. પણ તમને તો શિહોરના પેંડા અને ભાવનગરના ગાંઠિયા ખાવા જોઈએ છે.

### ત્રણ ઉંદર

જે ઉંદર ત્રણવાર ખાતો હતો તે પ્રથમ મર્યો. બીજો એકવાર ખાતો હતો તે પછી મર્યો અને ત્રીજો ઉંદર જે એકાંતરે ખાતો હતો તે કોઈપણ રોગવિના સુહથી છેલ્લે મર્યો.

આ જીવનમાં સહુથી ઓછું ખવાય તેટલું વધુ સારૂં. ખોરાક વધારે પેટમાં જાય તો બ્લડ ખવાઈ જાય. ઓછું ખાવાથી માણસ સ્વસ્થ, હેલ્થી રહે છે. જેને ઉપવાસ, એકાશણાં ચાલતાં હોય તેને પ્રાયઃ એટેક આવે નહિ, કર્મના ઉદયે કોઈ રોગ આવે તે જુદી વાત.

ખાધા પછી ઊંઘ ચઢવા માંડે તેનું કારણ હોજરીમાં આહાર ગયો માટે. પણ મગજનું કામ જેણે કરવું હોય તેણે ખાધા પછી ન કરવું. પેટ ખાલી હોય તો જ જ્ઞાન ચઢે. ઉપવાસ એ મોટી સિદ્ધિ છે. તેમ અમેરિકનોએ માનેલું છે. મુંબઈમાં ભેજવાળી હવા હોવાથી શરીર પણ હવાઈ જાય છે. ઉપવાસ એ શરીરમાં ઊર્જા પણ આપે છે. ગાંધીજીને ઉપવાસ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. જૈન શાસન જયવંતું છે. આપણે ત્યાં ઉપવાસ આદિ તપ સરળ છે.

★-★-★

## પ્રવચન આડત્રીશમું : આહારશુદ્ધિ

જીવોના સંજ્ઞી, અસંજ્ઞી ભેદ છે, તેમ સંમૂર્છિમ ભેદ પણ છે. સર-જગદીશચંદ્ર આવ્યા ત્યારે સાયન્સની દષ્ટિએ વનસ્પતિમાં જીવ છે તે નક્કી થયું. આપણા ભગવાને તો પ્રથમથી જ વણસ્સઇકાઇયા જીવો ભાખ્યા હતા. ગૃહસ્થોને એકેન્દ્રિયની અનિવાર્યતા છે. પણ રોટલીમાં ઘીની જેમ પાણી વાપરતાં શીખો. બેસૂમાર પાણી વાપરવાની ના પાડી છે. બેઇન્દ્રિય આદિની રક્ષા કરવાની છે, એકેન્દ્રિયની જયણા કરવાની છે.

### ચાર મહાવિગઈ. ચલિતરસ

છ વિગઈ ભક્ષ્ય છે. ચાર મહાવિગઈ અભક્ષ્ય છે. છ વિગઈ પણ વધુ વપરાય તો ચરબી વધી જાય, જતે દહાડે હાર્ટએટેક પણ આવી જાય, અતિ સર્વત્ર વર્જયેત્ - તેમ જ વિગઈ વિગઇં બલા નેઇ. વિગઈ દુર્ગતિમાં બળાત્કારે લઈ જાય આ સૂત્ર પણ યાદ રાખવા જેવું છે. આત્મિક દષ્ટિએ... રસા પગામં ન નિસેવિઅવ્વા.

પહેલાંના કાળમાં વર્ષમાં, મહિનામાં ચાર જ દિવસ મીઠાઈ-ફરસાણ કરતા. હવે રોજની રોજ ભારે વાનગીઓ હોય, ખાદ્યક્રાન્તિથી હાર્ટમાં ભ્રાન્તિ થઈ ગઈ છે. ભક્ષ્ય ગણાતી વિગઈ પણ અતિ ન લેવાય. એકલાખ બહોંતેર હજાર ટન મીઠું માત્ર ગુજરાત ખાઈ જાય છે. એમ સરકારી રીપોર્ટ બોલે છે. ફરસાણમાં ઘણું મીઠું વાપરે છે.

ભારત મીઠું અને તેલ કેટલું ખાતું હશે ? અને તેમાં ય રવિવારે તો તમારી ડાગલી ચસકી જાય છે. પાર્લા વિગેરેના તમે ખાવા તથા રખડવામાં ગાંડા બની જાઓ છો. હોટલોમાં જઈ જઈ પેટમાં કચરા ભરો છો, સાધુ હંમેશાં તપસ્વી હોય, તેને ઘણા નિયમો હોય.

**માંસ, માખણ, મદિરા અને મધ.**

સમય બદલાયો છે, માંસદારૂના પડછાયા આવ્યા છે, માંસ સચિત્ત જ હોય, અચિત્ત થતું જ નથી, પકાવવા છતાં અચિત્ત ન થાય. શાકાહારી પક્ષીની ચાંચ જુદી હોય, કબૂતર અને બગલાની જુદી હોય. વાઘ અને સિંહ જેવા દાંત માનવને હોય નહિ. ગાયને ખુર હોય, તેનું જડબું જુદું હોય. પૂર્વની સાત પેઢીમાં કોઈએ માંસ ખાધું ન હોય અને હવે કોઈ ખાય તો તેને પણ નહિ. શરીરમાં રોગોનો પાર ન રહે.

મદિરા ઉન્મત્ત બનાવે છે. મા બેનો ભેદ ભૂલાવે છે. મદિરામાં બે ઇન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. કોઈ ચીજોને સડાવે છે અને દારૂ ઉત્પન્ન થાય છે. દારૂ પીધા પહેલાં ઘણી વિરાધના અને પીધા બાદ મેન્ટલી-ગાંડા બને છે.

મધ - મધપૂડામાંથી બને છે. મધમાખીની તે લાળ છે. માણસ વૃદ્ધ થાય ત્યારે તેના મોંમાંથી લાળ પડે છે, માણસની ગંદી લાળ કોઈ ખાય ? ન ખાય. તો મધમાખીની લાળ ખવાય ? માખી ફૂલ પર પણ બેસે, વિષ્ટા ઉપર પણ બેસે. પરાગ લાવીને ખાય છે, પછી કીડા પડે છે. તે સંચિત કરે છે. ગુલાબજાંબુનું રીઝલ્ટ જુલાબ, લાળનું રીઝલ્ટ મધ.

મધપૂડામાં લાળ સંચિત થાય છે, પછી જીવ ઉત્પન્ન થાય અને તે જ કીડાનો તે આહાર કરે છે. મધમાં બે ઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ, બે ઇન્દ્રિયની વિરાધનાથી મધ થાય અને કીડાનું કચુંબર થાય. કીડા નીચોવાય તેનો રસ ઉત્પન્ન થાય. દવા ઔષધના નામે મધ ન લેવાય, મુરબ્બો અને સાકર દવા માટે લેવાય. કઃ ભક્ષયેત્ લાલાવત્

**માખણ**

ઘી દહીં ભક્ષ્ય છે, માખણ અભક્ષ્ય છે કેવી રીતે ? માખણ છાશમાં ડૂબેલું હોય ત્યાં સુધી ભક્ષ્ય છે, છાશ એસિડવાળી હોવાથી તેમાં જીવો ઉત્પન્ન ન થાય. છૂટું પાડો તો જીવ ઉત્પન્ન થાય.

માખણ જ્યારે બાળે ત્યારે છાશ સાથે અંદર નાખે. છાશ બળી જાય. તમે બ્રેડ ઉપર માખણ લગાડો છો. અમેરિકામાં સાયન્સે નક્કી કરેલ છે કે, જે દહીં ઘી જમાવી, વલોવી, તાવીને બનાવવામાં નથી આવતું પરંતુ ક્રીમસેપરેટ મશીનદ્વારા દૂધથી ડાયરેક્ટ ઘી બનાવે તે ખઆવાથી શરીરમાં ચરબી વધે, આરોગ્યને નુકશાન થાય. ગાયને દોહતાં પહેલાં કેટલાંય વહાલ કરે, બુચકારા કરે, દૂધ દોહીને કાઢે તો આરોગ્ય સુંદર બને છે, અને તેમાં પશુઓનો પ્રેમ પણ ભળે છે.

ગોવાળ ગાયનું મન ક્યારેય દુભવતો નથી અને કદાચ જો ખેંચીને દૂધ ક્રૂરતાથી કાઢે તો તે દૂધ આરોગ્યને નુકશાન કરે છે. સીધું માખણ તાવે તો દોષ લાગે, જીવોની વિરાધના થાય, અમૂલના ડબ્બા પણ ગેરવ્યાજબી છે. જાનવરો ગમે તેટલા ભૂખ્યા હોય પણ તમાકુ ખાતા નથી. પશુ જ્યારે બિમાર હોય ત્યારે ખાવાનું છોડી દે છે. મૃત્યુ આવે ત્યારે પણ છોડી દે છે. ખાના છોડ દેના, ઉપવાસ કર લેના ઓર કાયોત્સર્ગમેં ખડા રહના.

ગધેડો સાકર ખાય નહિ, કદાચ ખાય તો તાવ આવે. બિલાડીનું બચ્ચું સાકરવાળું દૂધ ન પીએ. પણ માણસ જ એવું પ્રાણી છે કે, બધું જ હોઈયાં કરી જાય. ઊંટ મૂકે આકડો, બકરો મૂકે કાંકરો. મમ્મી સંતાનોને બરાબર ખાતાં શીખવતી નથી. અમેરિકનો કયા હાથે ખાવું તે હજુ જાણતા નથી. પ્રદક્ષિણા જમણા હાથે દેવાય, ખાવાનું જમણા હાથે ખવાય. જમા પાસું પસંદ છે, ઉધાર નહિ. શ્રાદ્ધવિધિમાં જમવાના નિયમો બતાવ્યા છે. સાધુ તો બહુશ્રુત હતા જ પણ શ્રાવકો ય હતા.

(૧) જમતી વખતે લોલુપતા છોડવી. મનવચનકાયાને જમવામાં તદાકાર ન બનાવાય. ગાઢ અને ચીકણાં કર્મ ન બંધાય, તેવા બનો. જેમ રસનામાં લોલુપ ન થવાય તેમ સ્પર્શમાં પણ મૈથુનભાવમાં ગૃદ્ધિ ન કરાય.

(૨) જમતી વખતે બે હાથે ન જમાય.

(૩) ખુલ્લી જગ્યામાં ક્યારેય ન જમાય. પહેલાંના કાળમાં ચૂલે ચંદરવા હતા.

ગીરોલી, સમળી, સાપ જતા હોય તો ઝેર પડી જાય. જિનાગમોમાં આવી વાતો કહેવામાં આવી છે કે, ખુલ્લા આકાશમાં જમતાં, સૂતાં ઘણા દોષો ઉત્પન્ન થાય છે.

(૪) પાણી પહેલાં બાંધો પાળ. વ્યંતરો આકાશમાં ફરતા હોય છે, સો કદમમાં એક ભૂત હોય જ. માણસ કરતાં વ્યંતરા અસંખ્ય છે. ગણપતિ બાપા મોરિયા, આકાશમાં ભૂતડા ભેગા થાય તે અકાલ વખતે સાધુને પણ અસજ્ઝાય થાય. મંત્રના કારણે વ્યંતરાનો માર્ગ રોકાય. અને તેનાથી તે ગુસ્સે થાય અને વળગી જાય. માટે અકાલે સ્વાધ્યાય ન જ થાય.

નવરાત્રિના દિવસોમાં ખૂલ્લા ન સૂવાય. પહેલાંના ડોસા-ડોસી ગાંડા ન હતા. ફરાય પણ નહિ, આપણી છોકરીઓ રમવા જાય છે. નવરાત્રિમાં નિશાચરો ફરે છે, દશ વાગ્યા પછી ન ફરાય. તેઓ ઝાડ ઉપર-ચોતરા ઉપર આવીને બેસી જાય છે.

નયા જમાના આયા હૈ, નયી રોશની લાયા હૈ. સગાઈ કરીને ફરવા જાય, છૂટા વાળ મૂકી દે અને પછી ડાકણ-શાકણ વળગી જાય.

(૫) જમતી વખતે નિર્વસ્ત્ર જમાય નહિ, નિર્વસ્ત્ર સ્નાન કરાય નહિ. મેલાં વસ્ત્ર પહેરાય નહિ. માથા ઉપર ભીનું વસ્ત્ર રાખી જમાય નહિ. ઊભા ઊભા જમાય નહિ, પેટ ભરીને જમાય નહિ. ઘોડો ઊભો ઊભો ખાય, ઊભો ઊભો ઊંઘે. આપણે ઘોડા નથી. ટેબલ, ખુરશી પર જમાય નહિ.

(૬) જુત્તા પહેરીને જમાય નહિ, દુર્ગંધી પદાર્થો સાથે રખાય નહિ. अन्नं वै બ્રહ્મ-ઉપનિષદમાં કહેલ છે. अन्नं वै देवता લગ્નના સમારંભોમાં ચંપલ પહેરીને જમો છો. તમારાં શ્રીમતી સાહેબા ઘરમાં, રસોડામાં ચંપલ પહેરીને ફરે. જુત્તાવાળીના હાથે વહોરાય ? પણ તમારે મોડર્ન કહેવરાવવું છે. બ્લાઇન્ડ અનુકરણ છે. સ્લીપરમાં પણ કેમિકલ્સ હોય છે. તે છૂટે છે અને રોગો ઉત્પન્ન કરે છે. એલર્જી થાય છે.

બેનો વારંવાર મોઢા ઉપર લપેડા માર્યા કરતી હોય છે, પણ સમજતી નથી હોતી. કેમિકલ છે, ડાઘ પડે છે, કોઢ કરે છે, તે પછી ખબર પડે છે. તમે રોજરોજ પેટમાં ઝેર નાખો છો. જૂની પદ્ધતિ ભૂલાઈ ગઈ છે.

(૭) કૂતરા અને ચંડાળની દૃષ્ટિ ન પડે ત્યાં જમવું. મનના પરિણામો ખરાબ હોવાથી દૃષ્ટિ ક્રૂર હોય છે.

(૮) ભાંગેલા પાત્રમાં ખાવું નહિ, સાધુ ત્રણવાર વાપરી છોડી દે.

(૯) એમ.સી. વાળાથી થયેલી રસોઈ ખવાય નહિ. ટિફિન હાઉસ ચાલુ કરવું જોઈએ. આડોશી-પાડોશીને સહાય કરો. જેથી પ્રશ્ન પતી જાય. નહિતર પુરૂષ ખીચડી-ભાત બનાવતાં શીખી જાય તો આ પ્રશ્ન સોલ થઈ જાય. એમ.સી. વાળી બાઈ બાળકોને ભણાવે, છોકરીઓ કોલેજે જાય તે જરાય ઉચિત નથી.

(૧૦) જમતી વખતે ચમચમ સબડકા (સંગીત) ન કરાય.

(૧૧) જમતાં મૌન પાળવું. **નમો બંભીએ લીવીએ.** જ્ઞાનાવરણીય બંધાય. મોટી હોળી જમવામાં જ ઘણીવાર થતી હોય. ઝઘડાનો ટાઈમ જમવા સમયે હોય. મૌન થઈ જમી લો તો મોટા ઝઘડા મટી જાય.

મૌન પાળો તો બધા સલાહ લેવા પણ આવશે.

(૧૨) ભાવતી ચીજ ઓછી ખાવી, નહિતર માલ પારકો, પેટ રાડો પાડે, ગુલાબજાંબુ ઓછાં ઝાપટો.

(૧૩) જમતી વખતે ચીજ નીચે ન પાડવી. પડી હોય તો લઈ લેવી. નહિતર જીવોની વિરાધના થાય. કીડીથી માંડી કૂતરાની લાઈન થઈ જાય.

(૧૪) બંધ બારણે ન જમાય. અભ્યાગતને પાછો ન વળાય.... ભિક્ષુકને પણ કાંઈક આપતા રહેવું. આજકાલ તમારા ફલેટ બંધ થઈ ગયા, સાધુઓ પણ આવીને બારણાં ખુલે નહિ તો પાછા જાય.

(૧૫) જમવા બેસતાં બાર-સાત કે ત્રણ તો નવકાર ગણવા જ. ચિત્તની સ્વસ્થતા-શાંતિ માટે ગણવા.

(૧૬) જમવા બેસતાં દક્ષિણદિશા સામે બેસીને ખવાય નહિ, આ જૂનવાણી નથી, આપણે ત્યાં જાપ, સ્નાન આદિની દિશાઓ નક્કી છે. સહુથી ખરાબદિશા દક્ષિણ છે. યમના આવાસ છે. માથું ઉત્તરમાં ન કરાય, દક્ષિણમાં પગ ન કરાય. વાંધો એ છે કે, વ્યંતરોને ગુસ્સો આવે, હુમલો કરે, વસ્ત્ર પહેરતી વખતે પણ દિશા છે. ભોજન દક્ષિણમાં ન થાય, તેનો પડછાયો પડે, માથા ઉપર ભાર આવે, આ વાતો શ્રાદ્ધવિધિમાં પણ છે. વેદ જૈનોના હતા પછી બ્રાહ્મણોએ ઝૂંટવી લીધા. વેદની વાતો ભરત ચક્રવર્તી વખતની હતી.

(૧૭) જમ્યા પછી અવશ્ય અનુકંપા કરવી. એકલપેટાને તે ન ગમે. નોકર, દાસ, ચાકર, બાળકોની સંભાળ લેવી જોઈએ. કોઈને જમવાનું અને પાણીનું પૂછો તો એને સુંદર અસર થાય.

(૧૮) કોરડું મગ આવે તો આખો ઉતારી જવો, આમલી, લીમડો બધું જ ઊતારી જવું. બહાર કઢાય નહિ. અર્ધું એઠું મૂકીને ઊઠાય નહિ, દેશમાં અન્નની તંગી છે, પણ આપણે મોડર્ન કહેવરાવવું છે.

(૧૯) ચર્વિતચર્વણ - ચાવ્યા બાદ ફરી ચાવવું. ખાવાનું છે તે પીવો, પીવાનું તે ખાઓ, ખાધેલાને પણ એક સાથે, આખો ગ્લાસ દૂધનો સાથે ન પીવો.

(૨૦) એગભત્તં ચ ભોયણં... દશવૈકાલિકામાં લખ્યું, દત્તિ પણ કરાય, માંદા પડાય નહિ, ગૃહસ્થ જે નાખે તે જ ખાવું તે એકદત્તિ....

**વૈદ્ય અને લુહારનું દૃષ્ટાંત...**

એક ગામમાં એક વૈદ્ય હતો. લુહાર માંદો પડ્યો, માણસને વૈદ્ય પાસે મોકલ્યો. વૈદ્યનું નામ ખરક વૈદ્ય. પહેલાં પૈસા માગ્યા. લુહાર કહે, પહેલાં પૈસાનું કામ નથી, તમારે મારી પાસે આવવું પડશે પણ મારે તમારી પાસે નહિ. કારણ જણાવે છે.

દિનમેં એક જ ધપા (ભોજન) સપ્તાહમેં એક ધપા મહિનેમેં એકવાર રેમ, અબ્રહ્મનું સેવન વર્ષમાં એકવાર ખૂબ ગરમ વસ્તુ ખાવી નહિ, ચહા ગરમ ન લેવી અતિગરમ, અતિ ઠંડું ન લેવું,

ઊર્જા શરીર પર ચાલે છે, તેને અતિઠંડું ન લેવાય. નહિતર ઊર્જા બગડી જાય, પાણી પણ ઘણું ઠંડું ન પીવાય.

જેણે રોગમુક્ત બનવું હોય તેણે ગુસ્સો છોડવો, પૂરી ગરમ ખાય, પાણી ઠંડું પીએ... આ વાત કહી છે...

(૨૧) મરચાં, મસાલા છોડવા, મગજ ગરમ કરે.

(૨૨) ડાબા હાથથી એક કાનો થાળીનો પકડી રાખવો આ વાત શ્રાદ્ધવિધિમાં લખેલ છે.

(૨૩) બાળહત્યા, ગર્ભહત્યા કરનારની દૃષ્ટિ પડે ત્યાં જમવું નહિ, ઉગ્ર કક્ષાનાં આ પાપ છે, તેની દૃષ્ટિ જોર હોય સર્વદર્શનમાં હત્યાનું પાપ ઉગ્ર કહેવાય છે.

માટે પ્રાયશ્ચિત્ત લઈ લેવું જોઈએ. હત્યા કરનારની દૃષ્ટિમાં જમાય નહિ તો જીવનમાં આવાં પાપ

થાય જ નહિ.

(૨૪) ભૂખ લાગ્યા વિના જમવું નહિ, મુંબઈની સિષ્ટમ ભૂખ ન લાગે તો ય જમવું પડે. મુંબઈગરા ઘડિયાળ જોઈને ઊઠે, જમે ટ્રેન પકડે. સાચી ભૂખ અને તરસ માનવી ગુમાવી બેઠો છે.

નહેરૂ, બર્નાર્ડશો અને રાજાજી ત્રણે લાંબું જીવ્યા કારણ પૂછતાં જણાવ્યું કે, અમે પેટભરીને ક્યારેય જમ્યા નથી, તમે તો કહેશો કે, ભાણે બેસીને ઊણા ન ઊઠાય.

પેટના ચારે ખૂણા ભરાય નહિ. ૧ ખૂણો હવા માટે, બે ખૂણા પાણીના અને એક ખૂણો ખોરાકનો જોઈએ.

ઉપવાસ પછીનો તપ ઉણ-ઉદરી ઉણોદરી તપ આપણે ત્યાં કહેલ છે. ખાઓ પણ ઓછું ખાઓ. ઉપવાસ કઠિન છે કે ઉણોદરી ? ઉણોદરી કેમ કઠિન ? કારણ મનને વાળવું પડે છે. ઉપવાસ બધું છોડીને કરવાનો છે, ઉણોદરીમાં સામેથી છોડવાનું છે.

(૨૫) આજે ખોરાકની સાથે દવાઓ વધી ગઈ, દવાઓથી રોગો વધી ગયા. હોસ્પિટલો વધી ગઈ. એલીપથી-દવાઓ લેવી જ નહિ. ઘણી નુકશાનકારી અને હિંસાનો પાર નહિ. આત્માને નુકશાન, શરીરને નુકશાન. અંતસમયમાં સમાધિ ટકાવવી હોય તો દવાઓ છોડો. શરદી, માથું અને કમરની દવા લેવાય જ નહિ. જેને તાવ ચઢે તેનો રામબાણ ઉપાય અઠ્ઠમતપનો છે. બે-દિવસ મગનું પાણી લેવું. હાર્ટએટેકવાળા નવાણું કરી લે તો દર્દ મટી જાય.

ડોક્ટરો બળદિયા જેવા છે, બસ બેડરેસ્ટ કર્યા કરો પણ આપણે ત્યાં તો ક્રિયા સારી કરો, પસીના નીકળે શરીરનો કચરો અને કર્મનો કચરો સાફ થઈ જશે. ઘોર પાપોની સજા કર્મ આપે છે.

દુનિયાના નેતા હોય, અભિનેતા હોય કે રાજનેતા હોય, નદીકે પાની મેં સબ વહેતા હોય જેવી સ્થિતિ છે. ખુદાકે રાજમેં દેર હૈ મગર અંધેર નહિ હૈ. કરેલાં કર્મ તીર્થંકરને પણ ન છોડે, ગળામાં કેન્સરની ગાંઠો થાય તો ભોગવવી જ પડે.

સુખ વહેંચી શકાય, બાદશાહી યા વહોંચી શકાય, માથાનો ભાર વહેંચી શકાય, પણ દુઃખને ક્યારેય ન વહેંચાય. માથું દુઃખે તો કોઈ બામ આપી શકે, દાબી શકે પણ માથાનો દુઃખાવો તો પોતે જ ભોગવવો પડે. કેન્સરવાળાની મનોદશા જોઈ છે ? બહારથી બધા ઉપચાર તેને અન્ય કરી આપે પણ અંદર શાંતિ કોણ આપે ? બહારનું સુખ તેને લાગે નહિ.

ઉગ્રદશામાં જે પાપો કર્યાં તેને ઉગ્રપાપ ભોગવવાનાં આવે જ. ગુરૂને સંતાપ્યા હોય, આશાતના કરી હોય, કોઈનું હરામનું ખાધું હોય, દુનિયાને ઊંધા ચશ્મા પહેરાવ્યા હોય, તેણે તેનાં પાપ ઉદયમાં આવતાં ભોગવવાં પડે જ. દેવગુરૂની નિંદા કરતાં સાવધાન રહો એ જ આજના વ્યાખ્યાનનો સાર છે...

જ્ઞાનપંચમી શું શીખવે છે ?

જ્ઞા... જ્ઞાન ભણો

ન... નમ્ર બનો

પં... પંડિત બનો

ચ.... ચતુર બનો.

મી... મીઠાં વચન બોલો.

★-★-★

# પ્રવચન આડત્રીશમું : આહારશુદ્ધિ

**અજીર્ણે ભોજનત્યાગી, કાલે ભોક્તા ચ સાત્મ્યતઃ**
**અન્યોન્યા પ્રતિબંધેન, ત્રિવર્ગમપિ સાધયેત્...**

પૂજ્યપાદ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા સ્વરચિત યોગશાસ્ત્રમાં આ શ્લોક બતાવતાં કહે છે તે જોઈએ. શ્રાવકે આહાર વિષયમાં કેટલા જાગૃત રહેવું જોઈએ. જ્ઞાનદર્શનચારિત્ર માર્ગ છે. તેને અનુસરે તે માર્ગાનુસારિ. નોનજૈન, માર્ગને પામ્યો નથી પણ માર્ગમાં આવનારો આદિધાર્મિક કહેવાય. માર્ગાનુસારી પણ ભદ્રિક કહેવાય. પાંત્રીસ ગુણો શ્રાવકના કહ્યા છે, તેમાં પ્રથમ અજીર્ણે ભોજનત્યાગી કહ્યો...

(૧) અજીર્ણ થાય તો ભોજનનો ત્યાગ કરવો. અત્યાહારથી અજીર્ણ થાય. સડવું એટલે પાચન થવું, વગર ભૂખે જમો તો અજીર્ણ થાય. અજીર્ણ થાય તેને ધર્મમાં ચિત્ત ન લાગે. આજના લોકોનો ખાવાનો મેનિયા ઘણો લાગ્યો છે. ઘંટી ચાલુ ને ચાલુ.

ઇટાલિયને કહ્યું છે કે, પાંચ વાગે ઊઠો ને નવ વાગે જમો. સાંજે પાંચ વાગે જમવાનું ને નવવાગે ઊંઘવાનું. તો નવાણું વર્ષનું આયુષ્ય થાય. સાંજે જમાય નહિ વાળુ એટલે ચપટી ચોખા નાખી દો અને મોઢાને વાળી દો. પેટને ગાભા જેવું નરમ રાખો, પાંવકો ગરમ એટલે ચાલ્યા જ કરો. ચાલો નહિ તો તબિયત બગડે.

(૨) કાલે ભોક્તા.... કસમયે નહિ ખાવું, તામસી-રાજસી નહિ પણ સાત્વિક ખાવું.

કચ્છ સૌરાષ્ટ્રમાં બાજરો ખાતા, ગુજરાતી ઘઉં ખાતા રાજસ્થાનમાં મકાઈ અને મહારાષ્ટ્રમાં ભાત દરેકને પોતાનો ખોરાક માફક આવતો. જે જગ્યામાં મંદિર બાંધવું હોય તો ત્યાંનો પથ્થર લેતા, આવરદા વધે. ખોરાકની પણ અસરો હોય છે. રાજસ્થાનીને ગેસના ચૂલાની રસોઈ ન ફાવે. ચૂલાની રસોઈ અને ગેસની ખીચડીમાં ફરક પડી જાય. ગેસ ફાટે તો જીવ હરે.

પેટમાં જ્યારે સાચી ભૂખ લાગે ત્યારે ખાય તે સાચો ખાવાનો સમય કહેવાય. ભૂખ બે જાતની સાચી અને ખોટી. એક ગુરૂનો ચેલો ઝોળીમાં બાજરાનો રોટલો લઈ આવ્યો, ગુરૂને ખાવા ઊઠાડ્યા, રોટલો ગરમ હતો તેથી ગુરૂએ કબાટમાં રાખવા કહ્યું, અને કહ્યું કે, જલેબી બની જશે. ચેલો ખુશ થઈ ગયો, બે કલાક જવા દીધા અને પછી રોટલો લાવવા કહ્યું, પણ ચેલો લાવ્યો ત્યારે તે રોટલો જ હતો. ગુરૂ ખાવા લાગ્યા, ચેલો પૂછે, ક્યાં જલેબી થઈ છે ? ગુરૂ કહે, સાચી ભૂખ લાગી છે એટલે રોટલો પણ મીઠો જલેબી જેવો લાગે છે.

(૩) શાંતચિત્તે ભોજન લેવું.

જમતી વખતે કલેશ અને કંકાસ હોય તો ચિત્ત શાંત ન રહે. શૂટકેશની અંદર જેમ જલ્દી કપડાં ભરો તેમ જલ્દી ન જમાય. માઇન્ડ, લીવર, આંતરડાં, હોજરી બરાબર હોય તો ભોજન અમૃત બને છે. જમતી વખતે મૌન રહેવું. એક શબ્દ પણ ન બોલવો પણ તમને લડવાનો ટાઈમ ભોજનવખતે જ હોય. મોટે ભાગે બેનો કડવાં-કારેલાનું શાક પીરસતી જાય અને વચનનાં કડવાં કારેલાં પણ પીરસતી જાય.

જે હશે તે ચાલશે અને જે હશે તે ભાવશે આ સૂત્ર બનાવી લો. સાઈલેન્સ ઓફ માઇન્ડ. જમતાં જમતાં કરી લો. અંગારદોષ...સાધુને દશવૈકાલિકામાં કહ્યું છે કે, ગોચરીની પ્રશંસા કરે તો ચારિત્ર બળી જાય.

ધૂમ્રદોષ - ખોરાકની નિંદા કરે તો ચારિત્ર બળી જાય. તમે પ્રશંસા કરોને ! બટાટાનું શાક શું સુંદર બન્યું છે, શું સુંદર કઢી બનાવી છે ? કાલે સવારે જેની વિષ્ટા જ બનવાની છે, તેની પ્રશંસા કરાય ? પૂજ્યપાદ શ્રી હીરસૂરિજી મ.માટે એક શિષ્ય ખીચડી લઈ આવ્યો, ગુરૂમહારાજે વાપરી, અને એક બેન દોડતી આવી, શિષ્યને કહ્યું, ખીચડી ન વપરાવજો. શિષ્યે કહ્યું, કેમ ? બેન-ડબ્બલ મીઠું નાખ્યું છે. અંદર જોયું, તો ગુરૂજી ખીચડી વાપરી ગયા હતા. ચેલાએ કહ્યું, ડબ્બલ મીઠાવાળી હતી, ગુરૂ બોલ્યા, પેટ આવતીકાલે સાફ થઈ જશે. આવા મહાપુરુષ હતા. તમને આવી ખીચડી આપી હોય તો ? બોઈલર ફાટી જાય. પૂ. ત્રિલોચનસૂરિજી મહારાજ રોટલી અને કરિયાતું વાપરતા. સ્વાદની દુનિયામાંથી બહાર ચાલ્યા જવું જોઈએ. અંતરાત્માનો સ્વાદ જોઈએ.

હવે તો વિગઈની ઊઠી આંબિલમાં આવી અને તેમાં ય હવે તો ઇડલી, પૂરણપોળી, ચટણી વિગેરે સ્વાદવાળી વસ્તુ આવી ગઈ. આપણે ત્યાં પહેલાં એક ધાનનાં જ આયંબિલ કરતાં. એક કલાકથી વધારે બેસે તો સંમૂર્ચ્છિમ જીવ ઉત્પન્ન થાય. જીભડી દબાલણ, બધે જ ચટાકા કર્યા કરે, કોઈની રોકટોક જ નહિ.

એક સાધુ મહારાજ હતા. અશક્તિ હોવાથી ગુરૂએ માવો લેવા કહ્યું, આંબિલના હિમાયતી હતા તેથી ઉપધાનના રસોડામાંથી માવો લાવ્યા પણ જીભડી ઉપર પૂર્ણ કાબુ. તબિયત સુધારવી હતી પણ પૌષ્ટિક ખોરાક જરૂરી હતો પણ રાગ ન થાય માટે કડવું કરિયાતું માવામાં નાખી લેતા.

(૪) બ્રહ્મચર્યનું પાલન....

ઊંઘ, આરામ ને મિથુન વધાર્યા વધે. ઊંઘ ઉપર કાબુ રાખો તો ધાર્યા સમયે ઊઠી શકો. યા નિશા સર્વભૂતાનાં, તસ્યાં જાગર્તિ સંયમી. જે દુનિયાને રાત, તે સંયમીને પ્રભાત. પૂર્ણિમાની રાતે ભુવનભાનુ સૂરિમહારાજ રાતભર લખતા, ઊંઘવાનું નામ નહિ. સ્ફૂર્તિ સતત રહેતી... ખોરાકમાં પણ એવું જ છે, ટંક વધાર્યા વધે, ઘટાડ્યા ઘટે. પુરુષનો ૩૨ કવલ ખોરાક. કૂકડીના ઈંડા જેટલો એક કવલ કહેવાય. નારીને ૨૮ કોળિયા હોય. અબ્રહ્મની વાસના પણ વધારો એટલી વધે, ઘટાડો એટલી ઘટે. પરિગ્રહસંજ્ઞા વધી જાય, ઘટી જાય.

(૫) પંદર દિવસે એક ઉપવાસ, આમે ય પકખીની આલોચના છે. અને શરીરની દૃષ્ટિએ પણ બંદ કરવા જેવું છે. મોરારજી તથા ઇંદિરા પણ આ વાત માનતાં તથા કરતાં. સોનિયા ગાંધી પણ કરે છે. આરોગ્ય માટે ય આવશ્યક છે. બાપજી મહારાજે ૩૨ વર્ષીતપ કર્યા, દેહાંત ઉપવાસમાં જ થયો.

(૬) એલોપથી દવા બંધ કરવી. લાભ કરતાં નુકશાન બંને બાજુ છે. શરીરને, આત્માને નુકશાનકારી છે. ભારતમાં ૪૦ જાતની દવા જીવલેણ ફરી રહી છે. માથું દુઃખે, બેચેની આવે તેમાં વારંવાર દવા ન લેવાય. આજની દવા દર્દનાશક નથી, દર્દશામક છે. દર્દી મરે તો ભલે મરે, દર્દ મટવું ન જોઈએ. ડોક્ટરની આ માન્યતા છે. મામૂલી દવાની જગ્યાએ મોટી દવા આપી દે છે. શિવમસ્તુને બદલે ડોક્ટરને દર્દમસ્તુ મનમાં હોય છે. પૂ. ધર્મસાગરજીમહારાજ, પૂ. અભય સાગરજીમહારાજે જીવનમાં એલોપથી દવા લીધી નથી.

(૭) રાત્રિભોજનત્યાગ. હલનચલન વિના પચે નહિ. ખાધા પછી ત્રણકલાક જવા જોઈએ.

(૮) બહારનું ખાવું નહિ. સાજા રહેવું હોય તો લારીનું હોટલનું ખાવું નહિ. માર્કેટમાં શાક ન વહેંચાય તે રગડાપેટી હોટલમાં જાય છે.

(૯) માદક પદાર્થોનો ત્યાગ કરવો. શરાબ આદિ ત્યજવું.

**પ્રભુવીરનો શું સંદેશ ? સોનેરી રજકણો....**

પ્રભુવીરે સમ્યગ્ જ્ઞાનની મહત્તા સમજાવવા ગૌતમને આનંદને ત્યાં મોકલ્યા.... સમ્યગ્દર્શનની મહત્તા સમજાવવા સુલસાને ધર્મલાભ કહેવડાવ્યા અને વિરતિધર્મની મહત્તા સમજાવવા શ્રેણિકને પુનિયા શ્રાવકને ત્યાં મોકલ્યા અને સમ્યગ્તપની મહત્તા દેખાડવા ધન્નાઅણગારની ભરસભામાં પ્રશંસા કરી.... ધન્ય પ્રભુ... ધન્ય શાસન...

**સોનેરી સુવાક્યો...**

*દુઃખથી દૂર થવા ઈચ્છે તે નાસ્તિક*
*પાપથી મુક્ત થવા ઈચ્છે તે આસ્તિક*
*દોષથી દૂર થવા ઈચ્છે તે જૈન.*

★-★-★

## પ્રવચન ઓગણચાલીશમું : દિવાળી વ્યાખ્યાન

શ્રી સિદ્ધાર્થનરેન્દ્રવિશ્રુતકુલ, વ્યોમપ્રભુતોદોયઃ
સદ્બોધાંશુ નિરસા દુસ્તર મહામોહાંધકાર સ્થિતિઃ
દિપ્તા શેષ કુવાદિ કૌશિકકુલઃ પ્રીતિ પ્રમોદ શમઃ
જીયાદસ્ખલિત પ્રતાપતરણિ શ્રી વર્ધમાનો જિનઃ....૧

રક્ષન્તુ ખલિતોપસર્ગગલિતઃ પ્રૌઢ-પ્રતિજ્ઞાવિધૌ
યાતિ સ્વાશ્રય માર્જિતાંષુ સુરે વિશ્વસ્ય સંચારિતા
આ જાનુ ક્ષિતિમધ્ય મગ્નવપુષઃ ચક્રાતિઘાત વ્યથા
મૂર્ચ્છાન્તે કરૂણાત્મરાં ચિત્તપુટે, વીરસ્ય વો દષ્ટયઃ....૨

યસ્ય જ્ઞાનમનંતવસ્તુવિષયં, યો દેવતૈ પૂંજયતે
નિત્યં યસ્ય વચો ન દુર્નયકૃતૈઃ કોલાહલૈર્લુપ્યતે
રાગદ્વેષ મુખા દ્વિષાશ્ચ પરિષદ્ ક્ષિમાક્ષણાદેનસા
સઃ શ્રી વીરવિભુ વિધુત કલુષાં, બુદ્ધિં વિધત્તાં મમ....૩

વંદે શાસનનાયકં જિનપતિં, વીરં સિદ્ધાર્થાત્મજં,
દ્વાદશ વાર્ષિમિતં તપશ્ચ વિહિતં, નિર્વારિ ઘોરં મહદ્
ઉપસર્ગાદિક કષ્ટ સોઢ-શકતં, ધ્યાનાપ્ત કૈવલ્યકં,
પાવાપુરી સ્થિતં અનંત સુખદં, શ્રી વર્ધમાનો જિનઃ.....૪

અનંતકલ્યાણના કરનારા... શ્રી વીરપરમાત્માનું ચરિત્ર શરૂ થાય છે. શ્રી વીર ! ભદ્રંદિશ. અમને કલ્યાણનો રાહ આપો, કલ્યાણ કરો. સમ્યગ્દર્શનનો દીપ પ્રજ્વલિત કરો. અંધકારને દૂર કરો. અંતસમયની દેશના સોળ પ્રકારની હતી. વીર પરમાત્માએ ૨૧॥ (સાડા એકવીશ હજાર) દેશના આપી છે.

પહેલા ભવમાં સૂઝ આવી પણ મરિચિના ભવમાં ચાલી ગઈ. પછી ક્યાંય સુધી ભટકાઈ પડ્યા. ત્રિદંડીપણું મળ્યું, પછી પચીસમો ભવ વિરાટ જાગ્યો, આખા જગતને તારવાની ભાવના થઈ. આપણને તો આપણા આત્માને તારૂં એવો પણ ભાવ હજુ પૂરો પ્રગટ્યો નથી. તો મલકને તો તારવાની વાત જ ક્યાં ?

ભગવાનના આત્માને જ તિન્નાણં હું બનું, તારયાણં પણ હું બનું આવો ભાવ આવે છે. આપણે તો બટાટામાં શેકાતા હતા, કૂતરાના ભવમાં ય હડહડ થતા હતા, કાંઈ જ કિંમત આપણી હતી નહિ. પણ ભગવાને આપણા સામું જોયું, બહાર આવ્યા, પણ હવે આપણે ભગવાન સામું જોવાનો સમય આવ્યો તો આપણે વિમુખ થતા આવ્યા છીએ. જ્યારે માબાપ સગા થતા નહોતા તે વખતે ભગવાને સામું જોયું.

મચ્છર, અળસિયાં, વાંદાના ભવમાં માબાપ કોણ હતા ? તે વખતે ભગવાન તેમની જનેતા, તાત હતા, પ્રભુએ છયે-જીવનિકાયને નજરમાં લીધી, પચીસમા ભવે તપ કર્યો, પણ કર્મે, કહ્યું, હજુ દેર છે, વાર છે કૈવલ્યની. દીક્ષાના દિવસથી તપની ભીષ્મ પ્રતિજ્ઞાઓ આદરી છે. નંદનરાજાના ભવમાં ચોવીસલાખ વર્ષ સંસારમાં ગયાં છે. ૧ લાખ વર્ષ માસક્ષમણના પારણે માસક્ષમણ ૧૧ લાખ ૮૦ હજાર ૬૪૫ માસક્ષમણ કર્યાં છે પણ કર્મસત્તા હજુ ના બોલે છે, ભગવાન, તે ભગવાન કેવી રીતે બન્યા તે આપણને ખબર નથી, ભગવાન થવાની પણ રીતિ છે. પરમાત્માનો પૂરેપૂરો દ્રવ્યનિક્ષેપો જાણવો જોઈએ. ભગવાનના ભવ અનંતા પણ સમકિત પામ્યા પછીના ૨૭ ભાવ છે, પછી ભવનો અંત આવી ગયો.

આપણો હજુ પત્તો જ નથી. ત્રિષષ્ઠિના દશમા પર્વમાં નંદનમુનિની અંતિમસંલેખના બહુ જ સુંદર કહી છે. સુકૃત અનુમોદનામાં ત્યાં લખેલ છે કે, હું બગીચામાં રહેલું સુગંધી પુષ્પ હતું, કોઈ ગૃહસ્થે મને પ્રભુ પર ચઢાવ્યું, જ્યારે ગંગાના પાણીરૂપે હું હતો ત્યારે કોઈએ મારો પ્રભુ પર પ્રક્ષાલ કર્યો, ધૂપરૂપે મંદિરમાં અગ્નિના ભવમાં મંદિરમાં પ્રવેશ્યો હતો.

ભગવાન તીર્થંકરના જીવ કદાચ ભૂંડી યોનિમાં જાય પણ ઊંચી કોટિના જીવ તરીકે થાય. અગ્નિ થાય તો ધૂપરૂપે થાય, પાણીમાં જાય તો પરમહ્રદયમાં ઉત્પન્ન થાય, પણ ખાબોચિયામાં ન જાય. પૃથ્વીમાં સુપરકોલિટી રત્નમાં ઉત્પન્ન થાય. શંખ થાય તો દક્ષિણાવર્ત શંખ થાય. વનસ્પતિરૂપે થાય તો કમળ અથવા સારી જગ્યાએ ઉત્પન્ન થાય. દેવલોકમાં જાય તો કિલ્બિષિક દેવ ન થાય પણ સામાનિક દેવ થાય.

પ્રભુ દેવલોકમાં જાય તો ય સોનાની બેડી બેડી એ પણ બંધન છે ભલે સોનાનું જ બંધન. સમયને વીતતાં શી વાર ? ન્યુઇઅર. ગઈ સાલ પુરી થઈ ગઈ. ૨૦૫૨ ચાલુ થયું. વિચારતા નથી, કેટલો સમય વરસો પૂરાં કરતાં ગયો ? મજા કરી લો, સોફાસેટ આવી ગયા, બે દીકરા પરણાવી લીધા, પણ કે દિવસના સેટ થતાં થતાં આપણે અપસેટ થઈ ગયા.

ચાળા કરીએ છીએ સારા થવાના. પણ આપણે હંમેશાં ઉદાસ જ થતા આવીએ છીએ. બહાર કહેનેકી દિવાળી મગર અંદર ચલતી હૈ હોળી. દરેકને ઘેર દીવડા પ્રગટાવો. કોડિયાં પ્રગટાવો. હવે મંગલદીવા ગયા. ઈલેક્ટ્રિકનાં અંજામણાં ગયાં. લાઈટોના ઝગમગાટથી દેવોએ રીસામણાં લીધાં છે. મંગલદીવા હોય તો અધિષ્ટાયકો પણ દર્શને આવે છે. દિવા-આલિ = દિવાલી. હિમ-આલય = હિમાલય આપણો જૈનોનો દીવો ગયો, જૈનોની જ દિવાળી છે. વીર પરમાત્માનું સંભારણું છે. નિર્વાણ કલ્યાણક. જગતનું માણસ જાય તો મરણ. ભગવાન જાય તો નિર-વાણ છેલ્લા જવાના ટાઈમે ધબકારા વખતે દીવો પ્રગટાવે છે.

દીવો જલતો રહે ને માણસ ચાલ્યો જાય છે. અઢાર રાજાઓ ભેગા મળ્યા છે, ભગવાનના છેલ્લા ટાઈમે આવ્યા હતા. ગોશાળે લેશ્યા મૂકી હતી, પ્રભુ મહાવીર ઉપર. તારકતીર્થંકરને છ મહિના સુધી લોહીના ઝાડા થયા હતા. લોક ચિંતામાં છે. કહે, કે ભગવાન હવે જલ્દી જવાના છે. લોકોના આ બધા શબ્દો જંગલમાં સાધના કરતાં સિંહ અણગારે સાંભળ્યા. ધ્રૂસકે ધ્રુસકે રડી પડ્યા. ભગવાને કેવલજ્ઞાનથી જાણ્યું, અને બે શિષ્યોને કહ્યું, જાઓ ! તેને બોલાવી લાવો. તપ કરીને, આંસુ પાડીને આ અર્ધો થઈ ગયો છે.

સાચું રોતાં આવડે તો ચૌદરાજલોકમાં ગયેલા પ્રભુને પણ ભક્ત પાસે આવવું પડે. ચંદનબાળાનાં આંસુથી ભગવાનને પાછું આવવું પડ્યું, દિવાળીના દહાડા, ઘૂઘરા, લાડવા, સુખડી ખાવા માટે નથી, ભગવાનની યાદ તાજી કરવા માટે છે. ગયે સો ભાવુજ્જોએ, દવ્વુજ્જોયં કરિસ્સામો.

ભાવ ઉદ્યોત ગયે થકે, દ્રવ્યઉદ્યોત કરીશું. યથા રાજા તથા પ્રજા. તમામ પ્રજાએ અઢાર રાજાના અનુકરણને કર્યું, હજારો દીવા પ્રગટી ગયા.

આજ અનોપમ દિવાળી... વ્હાલાની યાદમાં રડવાનો દાડો હતો, મીઠાં સમણાં ગયાં, વ્હાલાની યાદમાં તપ-જપ કરવાનાં હોય.

હતું લોકોત્તર પર્વ, થઈ ગયું લૌકિક પર્વ. આપણાં પર્વો તપ-જપથી જ ભરેલાં હતાં, જ્ઞાન અને ધ્યાનનાં હતાં, ચોરી લીધો દીવાળીનો દીવો. આસન્ન ઉપકારી પ્રભુ મહાવીરદેવ છે. નજીકના છેલ્લામાં છેલ્લા મહાવીર છે. બીજા તીર્થંકરો પણ ઉપકારી છે છતાં થોડા થોડા દૂરના છે.

દેવાવાસમાંથી છૂટીને પ્રભુ ગર્ભાવાસમાં આવ્યા, જીવ એક, બે માતાના ગર્ભ. ચૈત્ર સુદ તેરસે જનમ્યા, મોટા થયા, માતાએ પરણાવ્યા. સંસારવાસ ચાલુ. ત્રીશવર્ષે દીક્ષિત થયા. હવે તિન્નાણં-તારયાણં ચાલુ કરવું છે પણ કર્માવાસ બાકી છે. સાડાબાર વર્ષ સુધી મચી પડ્યા, કાળજું કંપી જાય તેવી સાધના અને ઉપસર્ગોની ફોજ ચાલી, વૈશાખ સુદ દશમીએ કેવલજ્ઞાન. ભગવાન તિન્નાણં બન્યા. અને દશમથી તારયાણં ચાલુ કર્યું.

પણ પ્રથમ ગ્રાસે મક્ષિકા. પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. દેશના નિષ્ફળ ગઈ પણ સંદેશ સાધુનો સફળ થાય છે. કદાચ કોઈ ન પામે તોં ય તું દેશના બંદ ન કરીશ. ભગવાનને પણ ભૂ પાનાર આ જગત છે. ક્ષણં દેશનાં દત્વા અન્યત્ર વિજહાર પ્રભુઃ શાસનની સ્થાપના પાવાપુરીમાં, સોલપ્રહર દેશના પણ પાવાપુરીમાં અને ગણધરોની ઉત્પત્તિ પણ પાવાપુરીમાં. તે ધરા ખરેખર ધન્ય છે. ત્યાંના શબ્દો હજી ગાજી રહ્યા છે. વિજ્ઞાન શોધી રહ્યું છે પણ આપણું ટેપરેકર્ડ તે ઉત્તરાધ્યયનસૂત્ર.

આનંદની આ વાત. છેલ્લી વાણી છત્રીસ અધ્યયનમાં છે. ચારેચાર ફિરકા ઉત્તરાધ્યયનને માને છે. ૨૧ાા - હજાર દેશનાનું કોઈ એડ્રેસ નથી. પણ છેલ્લા ટાઈમની દેશના ગીતાર્થોએ લખી છે. કારણ ? બાપના દીકરા છેલ્લા ટાઈમે પૂછે છે, બાપુજી ! કાંઈ ઇચ્છા છે ? આખી જીંદગી બાપની આશા નહિં પૂરનારો પુત્ર અંતિમ ઇચ્છા પૂરી કરે છે. તે સોનાના શબ્દો બની જાય છે. ઉત્તરાધ્યયન તે છેલ્લા શબ્દો છે.

**મનોહર વાક્યો....**

(૧) સુખની પરમસીમા એનું નામ સિદ્ધદશા

(૨) દુઃખની પરમસીમા એનું નામ નિગોદ

(૩) શરીરની ચિંતા કરનારી પત્ની કર્મપત્ની છે.

(૪) આત્માની ચિંતા કરનારી પત્ની ધર્મપત્ની છે.

(૫) ધર્મથી રંગાયેલી શ્રાવિકા એ ઘરનું ઘરેણું છે.

(૬) અમારો જૈન કદાચ આચારનો લાચાર હોય પણ વિચારનો તો તે મહાન જ હોય.

**શુક્લપાક્ષિક જીવ કોણ ?**

જે જિનવાણીનો અત્યંત રસીયો હોય અને જેના રાગ-દ્વેષ તીવ્ર ન હોય. પરમાત્મા જોડે જેને લગન લાગે તેને જગતના પદાર્થો હલાહલ ઝેર જેવા લાગે.

★-★-★

## પ્રવચન ચાલીશમું : દિવાળી વ્યાખ્યાન

**વંદે શાસનનાયકં જિનપતિં, વીરં સિદ્ધાર્થાત્મજં**
**દ્વાદશ વાર્ષિમિતં તપશ્ચ વિહિતં, નિર્વારિ ઘોરં મહદ્**
**ઉપસર્ગાદિક કષ્ટસોઢ શક્તં, ધ્યાનાપ્ત કૈવલ્યકં**
**પાવાપુરી સ્થિતં અનંત સુખદં, શ્રી વર્ધમાનો જિનઃ....૧**

શ્રી વીરપ્રભુના શાસનમાં પચીસમા ભવમાં પ્રભુએ નિર્ધાર કરી લીધો કે, મારે તિન્નાણં, તારયાણં કરવું છે, બને તેટલા દરેકને મારે મોક્ષમાં મોકલી સુખી કરી દેવા છે, આ ભાવના તેમની તીવ્રપણે થઈ.

શરીરમાં ગુમડાં થઈ ગયાં છે, એક મટેને બીજું થાય, પહેલાં લોહીના વિકારને શાંત કરવો પડે, મોક્ષમાં ગયા પછી ગુમડાં નહિ થાય. જીવ ગમે તે ગતિમાં જાય, ભૂલેશ્વરથી પાર્લા જાય, કે અમેરિકા જાય, ગમે તે ક્ષેત્ર બદલો પણ સંસાર નામની વસ્તુ તો છે જ. માટે કર્મની રજેરજ ખંખેરો પછી જ મયુણરાવિત્તિ, શિવ થાય, પછી મરવાનું નામ જ નહિ. જે ગતિમાં જાઓ ત્યાં મરણ તો છે જ. માટે ભગવાને ભાવના ભાવી કે, મારૂં ચાલે તો હું બધાંને મોક્ષે લઈ જાઉં પણ આપણે કમભાગી અનંતા ગયાને આપણે રહી ગયા.

**શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકર નામ નિકાચતાં.**

આપણે મોક્ષમાં ન ગયા પણ ભગવાનનું તો આ ભાવનાથી તીર્થંકર નામ કર્મ બંધાઈ ગયું.

આ જગતમાં તીર્થંકરનામકર્મથી શાસન ચાલી રહ્યું છે, મહાસેનવનમાં વૈશાખ સુદ અગિયારસે શાસન સ્થાપ્યું. ૨૯ાા વર્ષ પ્રભુએ દેશના આપી, ૧૨ાા વર્ષ મૌન રહ્યા. ૨૧ હજાર દેશનાઓ ક્યાંક કંડારાઈ પણ એડ્રેસ નથી, છેલ્લી દેશના ટેપરેકર્ડ થઈ. આગમો પ્રાકૃતભાષામાં છે, પણ ઉત્તરાધ્યયનું લાલિત્ય અલગ છે. છેલ્લી દેશના જાણે તે જ વખતે શબ્દસ્થ થઈ ગઈ. પ્રભુ રોજની બે પ્રહર દેશના આપે. રૂડીને રઢિયાળી રે વીર તારી દેશના રે. સાકર દ્રાક્ષ તે હારી જાય. સાકર વિના બધી મીઠાઈ થુ કરવા જેવી હોય, ષટ્ મહિનાની રે ભૂખ તરસ શમે રે... રોગ દૂર થઈ જાય, સોળ પ્રહર સુધી એકધારી બેસી રહેલી પર્ષદાને પણ અભિનંદન આપવા જેવાં છે.

**આઠ વિરલ ઘટના**

(૧) સોળ પ્રહર બોલ્યા (૨) પુણ્યપાલના આઠ સ્વપ્નોનો અંતિમ ફલાદેશ.

(૩) ગૌતમ સ્વામીના પ્રશ્ન. છઠ્ઠો આરો કેવો આવશે ? પાંચમા આરાના ભાવ પૂછ્યા, વરસશે

વિરૂઆ મેહ, ભયંકર ગરમી, બહાર નહિ નીકળાય. કિલ્લારીની જેમ દુનિયા ક્યારેક ડૂબી પણ જશે. ગંગામાં પડેલાં માછલાંને રેતીમાં પકાવશે. અને સંધ્યા ટાઈમે લડીલડીને માછલાં ખાવા પામશે.

(૪) ઇન્દ્રની વિનંતિ - આપના નિર્વાણ પૂર્વે બે ક્ષણ આયુ વધારો, બે હજાર વર્ષ સુધી ભસ્મગ્રહની અસર રહેશે, મોટાં મંદિરો મસ્જિદો થશે. હેમચંદ્રસૂરિમહારાજનો ઝોલિકાવિહાર, જન્મસ્થાનનું મંદિર મસ્જિદરૂપે થયો છે. જે કુમારપાળે પોતાના ગુરૂના સ્થાને બંધાવ્યો હતો.

હવે ભષ્માગ્રહથી શાસન મુક્ત થયું છે. નવે ગ્રહો ઉપર પ્રભુની દૃષ્ટિ પડે છે. અને અનુકુલ થઈ જાય છે. ભગવાને આયુષ્ય વધારવા ના પાડી દીધી કેમકે, તીર્થંકરોનું પણ ત્યાં ચાલતું નથી.

(૫) ગએ સો ભાવુજ્જોએ, દવ્વુજ્જોયં કરિસ્સામો

(૬) અજ્જપભ્ભી સંજમે દુરારાહે ભવિસ્સઈ...

કંથવાની ઉત્પત્તિ થઈ, સંયમ દુઃખે પળાશે. લક્ષ્મી છાણાં વીણતી દીઠી નામ દિવાળી પણ દીવા વગરની થઈ ગઈ. ગાયના ઘીના દીવડા મનને પ્રસન્ન કરશે. દેવને આકર્ષણ કરશે. વીર નિર્વાણથી થાપના રે લાલ, આજ લગે ઉચ્છાંહિ. ભવિપ્રાણી રે, સમકિતદૃષ્ટિ સાંભળો રે લોલ. અંગ્રેજોએ મંગલિક પદ્ધતિઓ નષ્ટ કરી નાખી. સંસ્કૃતિ ખલાસ કરવા લાગ્યા, રજાઓની નાતાલ પાડી. તીર્થમાં ય ફરવા જાય, પવિત્રતાઓ દૂર કરી દીધી.

*અન્ય સ્થાને કૃતં પાપં, તીર્થસ્થાને છૂટિષ્યતિ*
*તીર્થસ્થાને કૃતં પાપં, વજ્રલેપો ભવિષ્યતિ.*

(૭) અઢાર રાજાઓ અને ઘણી પર્ષદા, હસ્તિપાલ રાજાની લેખશાળામાં બધા ચોમાસું કરવા આવ્યા, ચારમહિના ચોપડા લખવાનું બંધ રહેતું તેથી ભગવાન ત્યાં રહ્યા. કેવલજ્ઞાન થયા બાદ અશાતાનો ઉદય આવે તે અચ્છેરૂં મનાયું છે. રાજગૃહીનાં નરનારીઓએ બળવો પોકાર્યો કે, ભગવાન ઔષધપાન નહિ લે તો બેનો પોતાનાં બાળકોને દુગ્ધપાન બંધ કરાવશે. અને તેમ જ થયું, આ વાત જંગલમાં ધ્યાન ધરતા સિંહઅણગારના કાને આવી, ભગવાન હવે વધુ જીવવાના નથી, બે શિષ્યો તેમને લેવા ગયા, અને સમવસરણમાં આવતાં જ સિંહ અણગાર રડી પડ્યા, અને ભગવાનના મુખથી પેપર ફૂટી ગયું કે, મારૂં આયુષ્ય હજી સોળ વર્ષનું બાકી છે. સિંહ અણગારને રાજી કરવા ભગવાને ઔષધ મંગાવ્યું.

સિંહ રડ્યા, ભગવાને મનાવ્યા અને રેવતી નામની શ્રાવિકાને ત્યાં મોકલ્યા. બીજોરા પાક વહોરાવતી વખતે જે ભાવ આવ્યો તે વખતે તીર્થંકરનામ બાંધ્યું. ચિત્ત, વિત્ત, પાત્રની વડાઈ થઈ ગઈ. ભાવ વૃદ્ધિ પામ્યો. ભગવાને જાણે એક જીવને તીર્થંકરનામકર્મનો લાભ થવાનો હશે જાણીને જ સિંહ અણગારને મોકલ્યા.

બીજોરાપાક વાપર્યા બાદ ઝાડા મટી ગયા. સમયને જતાં શી વાર... પ્રભુ છેલ્લું ચોમાસું પાવાપુરી પધાર્યા.

(૮) અત્તદીવો ભવ. ઓફિસના, ઘરના, દીવડા બન્યા હવે આત્માના દીવા બનો, કેલેન્ડરના પાનાં ફાડતાં ફાડતાં હે જીવડા ! તારાં આયુષ્યનાં પાનાં તેં પૂરાં કર્યાં. ૩૬૦ દિવસ પાપો કરી કરીને આયુષ્ય પૂરૂં કરવા લાગ્યો છે. તારા સુવર્ણસમાન દિવસો પૂરા થવા લાગ્યા છે. ડાહીમાનો ડાહ્યો દીકરો બીજું નવું કેલેન્ડર લાવશે. ડટ્ટો કહેશે, તું મને હમણાં ખેંચે છે હું પણ તને ખેંચી લઈશ.

જાણે જનમ્યો જ નહોતો, બેસતા વર્ષે મરાય ? હા, મસાણમાં ક્યારેય રજા જ નથી, યમને કોઈની દિવાની નડતી જ નથી. ધનતેરસના દહાડે પણ વિમાન તૂટ્યું હતું, ત્રણસો માણસો સળગી ગયા હતા.

પંચાવન અધ્યયન પુણ્યનાં, પંચવાન અધ્યયન પાપનાં પ્રકાશ્યાં, છત્તીસં ચ અપુટ્ઠ વાગરિજ્જા. અણપૂછ્યાં છત્રીશ અધ્યયન પ્રકાશ્યાં. છત્રીશ અધ્યયન તે જ ઉત્તરાધ્યયન. આડત્રીશમું મરૂદેવા અધ્યયન બોલતાં બોલતાં ભગવાન ઊભા થઈ ગયા, સમવસરણ સ્થિત ભગવાને ઊભા થઈ પદ્માસન મુદ્રામાં બેસી શૈલીષીકરણ કર્યું.

**સંત તુકારામની ગજબની સમતા...**

તુકારામની પત્નીનું દિલ દિવાસળી જેવું હતું. ઘર્ષણ થાય ત્યાં આગ ઝર્યા વિના ન રહે. પરંતુ તુકારામના હૈયે હિમની શીતલતા હતી. આવેશમાં ક્યારેય તે ન આવે.

એકવાર તુકારામ શેરડીના આઠદશ સાંઠા ખરીદીને ઘર તરફ જઈ રહ્યા હતા, માર્ગમાં પુષ્પ જેવાં પ્રસન્ન બાળકો મળી ગયાં, નિર્દોષ બાળકો શેરડીના સાંઠા જોઈને ખુશીથી નાચી ઊઠ્યાં. સાંઠા માંગી રહ્યાં. સંત તો સ્નેહના સાગર. દરેક બાળકને એક એક સાંઠો આપી દીધો. બાળકો લઈને રાજી થઈ ગયાં. ઘેર પહોંચતાં એક જ સાંઠો બચ્યો. પત્ની એક જ જોઈને ગર્જી. દશ મંગાવ્યા ને એક જ કેમ લાવ્યા ? સંત શાંતિથી હકીકત કહી, હાથમાં એક સાંઠો આપ્યો, ગુસ્સાથી ધમધમતી પત્નીએ તુકારામની પીઠ પર ફટકાર્યો, ફટકો જોરદાર વાગવાથી સાંઠાના બે ટુકડા થઈ ગયા. પણ જાણે કાંઈ જ ન બન્યું હોય એમ સંતે હસતાં હસતાં એ ટુકડા ઉપાડી લઈને પત્નીને આપતાં કહ્યું, વાહ ! તું તો મારી અર્ધાંગના છે, મને દીધા વિના ક્યાંથી ખાઈ શકે ? એટલે જ તેં આ કરામત કરી લાગે છે. વિષમતા વચ્ચે ય કેવી સુંદર સમતા ! કમલ જેવી કમાલ આ કળા છે.

★-★-★

## પ્રવચન એકતાલીસમું અંતિમ દેશના : ઉત્તરાધ્યયન

અનંત ઉપકારી ચરમતીર્થપતિનો અંતિમ ઢંઢેરો ઉત્તરાધ્યયનનો છે.

ભગવાન જે કાર્ય કરે છે તે તિન્નાણં, પણ બીજાને તારવાનું કામ ઘણું મુશ્કેલ. ભગવાન અન્યને માટે ત્રિભુવનતારક બિરૂદવાળા બન્યા. ૭૨ વર્ષમાંથી ૩૦ વર્ષ તો ભગવાનનાં સંસારમાં ગયાં, ૧૨ાા વર્ષ સાધનામાં ગયાં. પણ પરમાત્માનું પુન્ય એવું હતું કે, ૩૦ વર્ષના કેવળ પર્યાયમાં પણ ઘણું આપ્યું, નવ નવ જણને તો પોતાના સમાન પદવી નક્કી કરી. પાછળથી શાસન નામનું નાવડું તરતું મૂકીને ગયા. સાડા ઓગણત્રીશ વર્ષમાં કેટલું કામ થાય ? છતાં પ્રભુ ઘણું કરીને ગયા છે. હૈયું નીચોવીને બોલેલા છેલ્લી દેશનાના વાક્યો છે. વિયોગ કરાવ્યા વિના રાગ તૂટે એમ ન હતો તેથી ગૌતમને ઊઠાડ્યા. દેવશર્માના બહાનાથી જ ઊઠાડ્યા. છત્રીશ અધ્યયનમાં અલગ અલગ વાતો ગોઠવી. ક્યારેક નરક, સ્વર્ગ, મોક્ષ, પરલોકની વાતો બતાવી. એક અધ્યયનમાં શરીરની જ વાતો બતાવી. જુદા જુદા દૃષ્ટાંતોથી ભવ્યજીવોને ભગવાને આ અધ્યયનો દ્વારા બોધ આપ્યો.

અસંખ્યં, અસંસ્કૃતં જીવિયં મા પમાયએ વિહંગાવલોકન કરવાનું છે. પ્રાકૃતભાષાના ચાર પ્રકાર છે. શૂરસૈની, પ્રાકૃત, અર્ધમાગધી, પિશાચી.... પ્રાકૃત એટલે લોકલ, લોક બોલે તે ભાષા. પ્રાકૃતમાંથી સંસ્કૃત થઈ. અંગ્રેજોનો મૂલાધાર પણ પ્રાકૃત છે. પછી ગુજરાતી ભાષા તેમાંથી થઈ. પિતૃમાંથી પિટર ઇંગ્લીશ થયું. પછી સુધારામાંથી ફાધર થયું. માતૃનું મટર થયું. સુધરતાં મધર થયું.

## ભગવાનનાં શ્રીમુખે બોલાયેલ ઉત્તરાધ્યયનાં સુવાક્યો

(૧) **મા ય બહુયં આલવે.** ઘણું ન બોલ. વદતાં વદતાં વાધે વિખવાદ. નવા વરસે નવું જીવન જીવો. બેસતા વર્ષે બધાં ટનાટન થઈને નીકળશે. કપડામાં ચેન્જ, ગાડી ફર્નિચરમાં ચેન્જ, ખાણી-પીણીમાં ચેન્જ. કાલે કોઈ સાસુ-વહુ ઝઘડો નહિ કરે. પણ જૈનને ત્યાં કાલે જ નવું વરસ છે ? ના, ના રોજની નવી ક્ષણ તે જ નવું વરસ. તમામ સેકંડે નવી ક્ષણ, નવું વરસ, પણ હવે તું આજે કહેલી ભગવાનની વાતોમાં ચેન્જ થઈ જા. લીટલ વાક્ય, બહુ બોલીશ નહિ.

ઉપવાસનું પચ્ચકખાણ સહેલું છે, ઓછું બોલવું કઠિન છે. કંકુબેનને પારકી પંચાત ઘણી જોઈએ. કૂવાના કાંઠે પંદર બેનો બોલ્યા વિના પાણી ભરે છે. એક ભાઈ હજાર રૂપિયા જીતી ગયો. આદતસે મજબૂર. બાવનની સાલમાં ઓછું બોલો. અને બોલ્યા વિના ન જ રહેવાય તો ભગવાન બોલ્યા તે વાક્યનો અમલ કરો.

(૨) **મા પુટ્ઠો વાગરે કિંચિ.** સામો પૂછે નહિ ત્યાં સુધી બોલવું નહિ. ટેલીગ્રામ થોડો જ હોય પણ સત્ય જ હોય. લવલેટર દશ પાનાંનો હોય પણ ખોટો હોઈ શકે. બહુ બોલનારની કિંમત ક્યાંય હોતી નથી. બીજા વાક્યમાં કહ્યું કે, પૂછ્યા વિના બોલવું નહિ. પણ ત્રીજા વાક્યમાં કહ્યું કે, કદાચ કોઈ પૂછે તો પણ ખોટું તો ન જ બોલવું.

(૩) **પુટ્ઠો નાલિયં વએ. પૂછે ત્યારે સાચું બોલજે.** આ ત્રણ વાક્યો જીભનાં છે. આ ચામડાના ટુકડાનો ઘણું બોલવામાં ઉપયોગ ન કરીશ. સત્યસૂનુ યુધિષ્ઠિરને યાદ કરો. અસત્યમિશ્ર એકવાર બોલ્યો 'અશ્વત્થામા હતા' આકાશમાં ઊડતા ઘોડા નીચે પડ્યા. અર્ધસત્યથી પણ ખોટું થયું. એકવારનું બોલેલું અસત્ય પણ વિશ્વાસઘાત કરાવે છે. કેન્સરની ગાંઠ કરે છે. વાઘરી, કોળી, મુસ્લિમ કરતાં આપણે કેટલા ઊંચા આવ્યા છીએ. સરખામણી કરો ત્યાં ગાળ સિવાય વાત જ નથી.

(૪) **મા ય ચંડાલિયં કાસી.** ચંડાલ જેવું કામ ન કરીશ. ગધેડાં, ગાય, બળદને જોઈને પોતાના ભવને વિચાર. પેટના ગર્ભને પડાવવા, કોઈની થાપણ પચાવી પાડવી, જુગાર, શરાબ તને ન શોભે. આ ચંડાલનાં કામ છે. ભલા માણસ ! આ કામો ન કરીશ. અનાચાર, ભ્રષ્ટાચાર દુરાચાર કોળી-ભીલ કરે, જ્યારે અત્યારે શેઠિયા ગાડીમાં ફરીને આ ચંડાલનાં કામ કરે છે. ઇંડાં, આમલેટને અડીશ નહિ. સ્વદારા સંતોષ પાળ. કારણ, અત્યારે અમેરિકાની જેમ કોઈનેય પતિ-પત્ની બનાવી દે છે.

(૫) **અપ્પા ચેવ દમેયવ્વો...** આત્માનું દમન કર. સ્વીટુને અને તેની મમ્મીને ન દબાવો. એક આંખ કાઢો ને સ્વીટુડો ઊભો ઊભો ચડ્ડીમાં જ એકીબેકી કરી દે. પણ હવે ગુસ્સો કર્મ ઉપર કરો. તું દેખતો છતો આંધળો થઈ જા. ગંધારીની જેમ ટી.વી. જોવા માટે આંખે પાટા બાંધી દે. ક્રોધરૂપી વરૂને શિક્ષા કર.

(૬) **અપ્પા હિ ખલુ દુદ્દમો.** દુશક્ય આ કાર્ય છે પણ અશક્ય નથી. આત્માનું જ ખરેખર દમન કર. વીર પુરુષ યુદ્ધમાં અસંખ્યને જીતે પણ કર્મરૂપી યુદ્ધમાં જીતે તે વીર કહેવાય. ક્રોધ કરવા માટે શક્તિ ઓછી જોઈએ પણ ક્રોધને વશ કરવામાં વધારે જોઈએ. ક્ષમા વીરસ્ય ભૂષણં, ન તુ કાયરસ્ય. જે માણસ શરીરથી નિર્બળ હશે તે ક્રોધી હશે ? સશક્ત્ હશે તે ક્ષમાવાન હશે ?

(૭) **અપ્પા દંતો સુહી હોઈ.** જે માણસ દમન નથી કરતો તે આ લોક, પરલોકમાં દુઃખી થાય છે.

(૮) **કાલે કાલં સમાયરે...** જે કામ જ્યારે કરવાનું હોય ત્યારે જ કરો. મહેસાણાની ભાટલોકોની આજની કાલ ક્યારેય થાય જ નહિ. આપણે પણ ઘણા વાયદા પાડ્યા છે. દીક્ષા આ ભવમાં નહિ, આવતા ભવે, સંઘ કાઢવો છે પણ આવતી સાલ. અલ્યા ! તારી ઠાઠડી નીકળી જશે પછી ક્યારે કરીશ ? અશુભને

ઠેલો, શુભ કરતાં જ રહો, કલ કરના સો અબ. વાડિયો ગ્યોને લાખ ખરચવાના રહી ગયા, ઝપાટાબંધ શુભ કાર્ય કરો. પ્રતિક્રમણના ટાઈમે પ્રતિક્રમણ, પૂજાના ટાઈમે પૂજા. ધર્મના ટાઈમે ધર્મ. ધંધો રાત્રે બારવાગે કરવા જાઓ છો ? રાઈના ભાવ રાતે ગ્યા, તેમ ન કરો.

(૯) **ન ચિત્તા તાયએ ભાષા.** ભાષા તારૂં રક્ષણ કરતી નથી. જુદી જુદી ભાષાથી તારું રક્ષણ થવાનું નથી. પશુ-પક્ષીની ભાષા પણ બોલી શકાય. પણ તેનાથી તારૂં કાંઈ વળવાનું નથી.

(૧૦) **ન લિપ્પઈ ભવમજ્ઝે,** સંસારમાં ફેવીકોલની જેમ ચોંટી ન જઈશ. સુંદર મકાન, સુંદર નારીમાં લેપાઈશ નહિ. ટી.વીમાં રંગાઈશ નહિ. જુત્તા જાય ને માણસ રડે, પૈસા જાય ને અકળાય, પણ જુત્તા અને ચંપલ ક્યારેય રડે છે કે મારો માલિક ગયો ? જે પદાર્થો તારા છે જ નહિ તેની પાછળ રડવાનું શું ? જગતમાં બે વાત સાથે ન રહે કાં ગાર્ડન કાં માળી કાં ફલેટ રહે, ક્યાંક માલિક ન રહે. સિગારેટ પીનારની નસો ફાટે પણ આપણા વિરહમાં સિગારેટ ફાટે નહિ.

(૧૧) **સુહિણો હુ જણો ન બુજ્ઝઈ.** સુખી માણસ જલ્દી બોધ ન પામે. ધર્મ પમાડવાનું કામ દુઃખીને જલ્દી થાય. દુઃખમાં સાંભરે રામ, સુખમાં સાંભરે સોની. સ્વાર્થી અને લંપટ એવા આપણે, ભગવાનનો ઉપયોગ પણ સ્વાર્થ વિના કરતા નથી. પરમાત્મા અને ગુરૂની ગરજ તમને બેસતા વર્ષે જ ને ? બેસતાવર્ષની સભા જો જો. મારા તમને આશીર્વાદ છે, ભગવાનને રોજ જીવનમાં લાવી દો.

સુખી માણસનું લક્ષણ શું ? પ્રવચનસભામાં હાજરી ન હોવી તે. જુહુવાળાની હાજરી અમારે ત્યાં ન હોય. પૈસો થયો નથી કે ધર્મ છૂટ્યો નથી. રીચમાણસ સાધુનો સમાગમ, સત્સંગશ્રવણ ન કરી શકે. હે ભગવાન ! અમને તું બહુ સુખી બનાવજે આવી પ્રાર્થના ક્યારેય કરવી નહિ.

પ્રાર્થના કરો તો હે ભગવાન ! હર સ્થિતિમાં તું મારા હૃદયમાં રહેજે આ જ કરવી. લવલી સુખમાં, ક્રોડ માગશો તો ભગવાન નહિ મળે. રોગ આવશે ત્યારે શું કરશો ? હસ્બંડને વાઈફના સ્વભાવનું મેચીંગ પૈસાથી શક્ય નથી. પૈસાથી તો સૂટ અને બૂટનું, સાડી અને બંગડીનું, ચાંલ્લા અને ચંપલનું થશે, પણ સ્વભાવમાં ક્રોસીંગ પૈસાથી નહિ થાય. પૈસાથી જુત્તા અને ચશ્મા મળે પણ પગ અને આંખ તો પુન્યથી જ મળે. સોપીંગ સેન્ટરમાં શાંતિ નહિ મળે, પણ ધર્મસ્થાનોમાં, મંદિરોમાં ગર્વ ઓગળી જાય છે.

(૧૨) **કુસગ્ગ મિત્તા ઈમે કામા. કુસગ્ગે જહ ઓસબિંદુએ.** આ બધાં ભોગસુખો કેવાં છે ? ધરો નામની વનસ્પતિ ઉપર રહેલું ઝાકળનું બિંદુ, મોતી જેવા અગ્રભાગ પર રહેલું નાનું બિંદુ પડતાં વાર નહિ. પવનનો એક ઝપાટો જ બસ છે. સત્તા ઉપરથી પ્રધાનો ઊઠી જાય છે, જેલમાં પણ ચાલ્યા જાય છે.

**સોનેરી શ્લોકો...**

***વિપત્તૌ કિં વિષાદેન, સંપત્તૌ હર્ષણેન કિં.***
***ભવિતવ્યં, ભવત્યેવ, કર્મણો ગહના ગતિઃ***
***શોભા નારાણાં પ્રિયસત્યવાણી, વાણ્યાશ્ચ શોભા ગુરૂદેવભક્તિઃ***
***ભક્તેશ્ચ શોભા સ્વપરાત્મબોધઃ, બોધસ્ય શોભા સમતા ચ શાંતિઃ***
***નતિ રેવોન્નતિ લોકે, દાનમેવ મહાધનં***
***પરાર્થઃ એવ હિ સ્વાર્થઃ ક્ષમૈવ હિ સમર્થતા.***
***દારિદ્રનાશનં દાનં, શીલં દુર્ગતિનાશનં***
***અજ્ઞાન નાશિની પ્રજ્ઞા, ભાવના ભવનાશિની...***

સુવાક્યો...

પરોપકાર એ સ્વોપકારનું અણમોલ સાધન છે.

પરોપકાર એ સ્વ અપકારનું કારણ છે.

પરોપકાર એટલે બીજાનું ભૂંડું કરવું તે.

સ્વોપકાર પોતાનું અહિત કરવું તે.

એટલે પરોપકાર વડે પરનો જ નહિ પણ સ્વનો ય ઉપકાર સધાય છે.

★-★-★

## પ્રવચન બેંતાલીસમું : ઉત્તરાધ્યયન ચાલુ

અનંત ઉપકારી, અનંતકલ્યાણના કરનારા ચરમતીર્થપતિ શ્રી મહાવીર સ્વામીએ સોલપ્રહરની દેશના આપી તેમાં અણપૂછ્યાં ઉત્તરાધ્યયનનાં છત્રીશ અધ્યયન ભાખ્યાં. પહેલાં શ્રુત લખાતું હતું. પણ છપાતું ન હતું, સંસ્કૃતપ્રાકૃત ભાષા હતી. કર્ણાટકમાં એક ગામ સંસ્કૃત ભાષાવાળું છે.

ભગવાને ગણધરોને જ્ઞાન આપ્યું. ગણધરોએ શિષ્યોને આપ્યું, ધારિતં બુદ્ધિમદ્ભિઃ મગજમાં જ્ઞાન રહેતું હતું. કાળ બદલાયો. કાલે કાલં સમાયરે દુષ્કાળ પડ્યો, બુદ્ધિ, શક્તિ ક્ષીણ થવા લાગી. નિર્ણય લેવાયો, લખવાનું શરૂ કરી દીધું. વલ્લભીપુરમાં શાસ્ત્રવિરૂદ્ધ પણ નિર્ણય ૫૦૦ આચાર્યોએ લીધો. અર્ધં ત્યજતિ પંડિતઃ જાન જાય તેના કરતાં પગ કપાવવો સારો. ૪૫ જિનાગમો મળ્યાં. આ દેશના પાવાપુરીમાં મળી છે. ચૂર્ણિ-અવચૂર્ણિ લખાઈ. આ ઉત્તરાધ્યયની ઓછામાં ઓછી ૨૫ ટીકાઓ રચાઈ છે. ભૂતકાળના આચાર્યોએ રચી છે. ઉત્તરાધ્યયન કથાઓનો ભંડાર છે. ઉપદેશ સમજવામાં સહાય કરે છે.

ઉપવાસનું પચ્ચકખાણ કરવું સહેલું છે, પણ ભાણા ઉપર બેસીને ઇન્દ્રિયોને જીતવી દુષ્કર છે. મોટા ભાગના જીવો ઇચ્છા પૂરી કરે છે. ફરવા જવાનું મન થયું તો ચાલો, દમન નથી કરી શકતા. કૂતરાના ભવમાં ઇચ્છા જાગસે પણ પૂરી નહિ થાય. સાધુતાની સાધના છટ્ઠે ગુણ ઠાણે છે. શ્રાવક પાંચમે છે. સાધુને પ્રમત્ત કેમ કહ્યા ? જે જગ્યા ઉપર વિષય-કષાય જાગવાના ચાન્સીસ હોય, ચહા પીવાની ઇચ્છા પણ કરાવે પણ સાધુ પૂજનિક કેમ ? જાગેલી ઇચ્છાને મારે. શ્રાવ કપૂરી કરે જ. જાગેલી ઇચ્છાને સાધુ દબાવે છે, યુદ્ધ કરે છે. શ્રાવકે પણ યુદ્ધ કરવું જોઈએ.

જ્ઞાનપૂર્વકનું દમન તારે છે. તિર્યંચો વિવેકરહિત છે. નારકો દુઃખમાં સબડે છે. દેવો વિષયમાં આસક્ત છે. ત્યારે મણુઆણં ધમ્મ સામગ્ગી. મનુષ્યોને સુખ અને દુઃખ મધ્યસ્થભાવે છે, માટે ધર્મ કરી શકે છે. યોગીને એકાંતમાં રામ મળે, ભોગીને કામ મળે. આજે ફલેટોનાં જીવન એકલવાયાં થઈ ગયાં, જાનનાં શીલનાં રક્ષણ ન થાય. ધર્મ પણ ખોવાઈ જાય.

(૧૩) **દુઃપરિચયા ઇમે કામા.** ત્યાગ સહેલો નથી. આત્મસુખમાં ક્યારેય નથી રહ્યા, ભોગસુખને ચાટ્યા જ કરે છે. તેથી ઇચ્છાઓ દુઃખે છોડાય તેવી કહી. અંદર જે સુખનો સ્વાદ છે તે ક્યાંય નથી. અધ્યાત્મ સારમાં મુનિ યશોવિજયજી મહારાજા કહે છે કે, આ સંસારનાં સુખો બિંદુ જેટલાં ય નથી. અધ્યાત્મનાં સુખો આગળ સંસારનાં સુખો કાંઈ જ નથી. તમને કોઈ પાર્લાનું ઘર છોડાવે તો મોં બગડી જાય અને અમને ખાલી કરતાં કાંઈ જ દુઃખ ન થાય, ફરક ક્યાં ? તમે બહાર રાચો છો, અમને અધ્યાત્મની પાતાલસરણિ મળી છે.

બારભાવનાનાં ચિંતન, શાંતરસમાં સ્નાન કરવાનો આનંદ આવે છે. જગતનાં તમામ સુખો લોલીપપ જેવાં છે. પેટ ભરાય નહિ, હાથમાં કાંઈ આવે નહિ. અરિહંતના ધ્યાને અરિહંત બની જવાય પણ જીવમાંથી પુદ્ગલ થાય ? તો તો ફ્રીજ સેવીને ફ્રીજ બની ગયા હોત. પણ પુદ્ગલ બની શકતા નથી. અંદરની રાગદ્વેષની પરિણતિ ઘટવી જોઈએ. એક વર્ષના સંયમપર્યાયમાં સાધુના સુખની માત્રા કેટલી ? અનુત્તર વિમાનનાં સુખો કરતાં પણ ચઢી જાય. વગર સાધને અંતરાત્મામાં સુખ હોય. મુંગાને ગોળ ખવરાવી દો તે કહી શકશે ખરો ? જાણે છે ખરો ? મૂક ગુડ ન્યાય. જાણે પણ કહી ન શકે. જિનહી પાયા તિનહી છિપાયા, ન કહે કોઉકે કાનમેં તાલી લાગી જબ અનુભવકી, તબ સમજે સબ શાનમેં. હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં. શમરસના સુખનો આવો અનુભવ છે. માથા પર બળતા અંગારા, ચામડી ઉતારતાં પણ મુનિઓ હસતા હતા.

(૧) વરસીદાન દીધું ત્યારે ધન છૂટ્યું. (૨) ઓઘો લીધો ત્યારે સ્ત્રી છૂટી. કંચન છૂટી ગયું, કાયાની દીક્ષા મરણ ટાઈમે લઈ શકાય છે.

(૩) અંદરની પવિત્રતાને વળગી જાઓ. બહારના પદાર્થોની લાલસા છોડી દો. સંસારનાં સુખો ભોગવવા છતાં તૃપ્તિ નથી. જગતનાં તમામ સુખ અને આહાર માટે આવું છે. ગીતામાં કહ્યું, તેન ત્યક્તેન ભુંજીથાઃ વગર ખાધે હોઈયાં કરો. ઢોચકું ભર્યાના આનંદ કરતાં બીજાને ખવરાવવાનો આનંદ માણો. ખાવું એ પુદ્ગલનો ધર્મ છે, અણાહાર એ આત્માનો ધર્મ છે.

(૧૪) **સલ્લં કામા વિષંકામા, કામા આશીવિષેપમા, કામે પત્થેયમાણા, અકામા જંતિ દુગ્ગઈં...**

ઇચ્છાઓ પીડારૂપ છે. પરણવા હોંશે હોંશે જાય પણ કાંઈક તો ખૂટે જ છે. હજારની આગકવાળો પણ રડે, ક્રોડપતિ પણ રડે. તેના કરતાં ફૂટપાથવાળો સુખે સૂઈ શકે છે. દેવાત્માઓની પણ આ જ દશા છે. બધે જ ઈર્ષ્યા અને અતૃપ્તિ ફેલાયેલાં છે. સુખ શૂળ જેવાં છે, સુખો ઝેર જેવાં છે. માર્યા વિના ન રહે. આશીવિષસર્પ જેવાં ઝેરી સુખો છે. દૃષ્ટિ પડતાં ય મારે. કામને ઇચ્છે છે તે કામ ન મળતાં દુર્ગતિમાં જાય છે.

(૧૫) **અપ્પણા સચ્ચમેસેજ્જા.** પોતાના આત્માએ જ સત્ય મેળવવા પ્રયત્ન કરવો. (સ્વતા)

(૧૬) **આહજ્જ કટ્ટુ ન નિન્હિજ્જ.** પાપ કરીને ઢાંકવા નહિ. આગને ઢંકાય નહિ તેમ પાપને ઢાંકીશ નહિ. પાપ છિપાયા નહિ છીપે, જો છીપે તો મહાભાગ. દાબી દૂબી નવિ રહે, જિમ રૂઈ લપેટી આગ. પાપ પીપળે ચઢીને ય પોકારે છે. કેન્સરની ગાંઠ બોલતી નથી પણ પૂર્વનાં પાપરૂપે બોલે છે. કયા રસ્તે આવ્યું અને ક્યારે આવ્યું, તે કહેવાય નહિ. અસતીપોષણ એટલે શીલનું લીલામ. શ્રાવકથી પશુ પળાય નહિ. સતીને એક જ પતિ હોય. પાંજરાં રાખે તે વાઘરી કહેવાય. ટૂંકી ચડ્ડી પહેરીને ફરવા જાય તો ઇજ્જત વધે ? કૂતરો સાથે રાખીને ફરવા જાય તો આબરૂ વધે ?

(૧૭) **કોહં અસચ્ચં કુજ્જા.** ક્રોધને અસત્ય કરી દો. બહાર ન નીકળવા દો. બહાર નીકળેલો ક્રોધ આગ ફેલાવશે.

(૧૮) **અસંખયં જીવિયં મા પમાયએ.** જીવન અસંસ્કારિત છે, માટે પ્રમાદ ન કરીશ. જરોવણીયસ્સ નત્થિ તાણં... જરા વખતે કોઈ શરણ નથી. પરિવાર વિમુખ થાય છે, અજયણાથી વર્તનારાઓને સૂચના. તે વખતે તમે કોનું શરણ લેશો ? કેમ કે ધર્મ તો કર્યો નથી ? આ જાણીને ધર્મસાધનાના માર્ગે લાગી જાઓ.

(૧) **અસંખયં જીવિયં મા પમાયએ, જરોવણીયસ્સ હુ નત્થિ તાણં,**

(૨) **એવં વિયાણાહિ જેણે પમત્તે કિંનુંવિ હિંસા અજયા ગહિન્તિ.**

(૩) **સૂયગડાંગમાં કહે છે, જાવઈંદિયા ન હાયંતિ તાવ ધમ્મં સમાયરે...**

પગમાં વા આવ્યા પછી કેવી રીતે નવાણું કરીશ ? આંખે મોતિયો આવ્યા પછી દર્શન કેવી રીતે થશે ? રોગ અટકવાનો નથી, ભારતની અંદર હવે વૃદ્ધાશ્રમો થવા લાગ્યા છે. કેમકે, સુપુત્રો હવે માબાપને ત્યાં મોકલવા લાગ્યા છે. આવા સુપુત્રોને દુર્યોધન કહી શકાય. ઘરમાં બિનઉપયોગી માણસ ન જોઈએ. આવો મેનિયા પશ્ચિમી વ્યવહાર આવી ગયો છે.

કામ ન કરે તો મારી નાખો. કાપી નાખો, દૂધ ન આપે તો ભેંસોને કાઢી નાખો, કાપી નાખો, રંડાપો આવ્યા પછી હડાપણની દાઢ ફૂટે છે. જુવાની હોય ત્યારે તો માબાપની સેવા કરવાનું મન થતું નથી. જવાની જબથી તબ જોશ નહિ આયા, જબ જોશ આયા તબ જવાની ચલી ગઈ. સ્વામિ વિવેકાનંદ અને રમણ મહર્ષિને જવાનીમાં જોશ આવી ગયું હતું.

ભગવાન કહે છે કે, જો જો, જે મનુષ્યો ધન મેળવવા માટે પાપકર્મને આચરે છે, દુર્બુદ્ધિવાળા થઈને પૈસા કમાય છે, પૈસા મેળવવા જૂઠું બોલે, હિંસા કરે, ચોરી કરે તે બરાબર નથી. **(૧) જે પાવકમ્મેહિં ધણં મણૂસા, સમાયયંતિ અમઈ ગહાય (૨) પહાય તે પાસ પયટ્ઠિએ નરે, વેરાણુબંધા નરયં ઉવેંતિ...** મિનિસ્ટરોની પરિસ્થિતિ ખરાબ કેમ થાય છે ? કેમ કે, આંધળા થઈને પાપ કરે છે.

જો ભગવાનના શરણમાં વિશ્વાસ હોય તો હાથ જોડીને પ્રાર્થના કરી પૈસાની ગરમી હોય તો માણસ કોઈને જોતો નથી. પૈસાથી ખોટાં કામ કરીને હેરાન થઈ જાય. છઠ્ઠીનાં ધાવણ નીકળી જાય. ધરમનાં કામ કરવા કર્મ કરવાની જરૂર નથી. પૈસા જે હોય તે જ રાખો. પેટ ફોડી નાખવું સારૂં, પણ પાપી પેટ માટે ચોરી-જૂઠ કરવાં તે સારાં નથી.

**વિત્તેણ તાણં ન લભે પમત્તે, ઈમંમિ લોએ અદુવા પરત્થા દીવ પ્પણટ્ઠે વ અણંત મોહે, નેયાઉયં દટ્ઠુમ-દટ્ઠુમેવ.** પૈસાથી સુરક્ષા મળતી નથી, પૈસા હોય તો સુરક્ષા થાય ? ઇંદિરાની થઈ ? રક્ષક જ ભક્ષક બને. મૃત્યુ તો હાજર જ રહે. પૈસા હોતે છતે પણ તારૂં બધું જ ખોટું થશે.

***સુત્તેસુ આવિ. પડિબુદ્ધિજીવી, નવિસેસે પંડિએ આશુ પન્ને,***

***ધોરા મુહુત્તા, અબલં શરીરં, ભારંડ પંખી વ ચરે અપ્પમત્તો.***

ઘોર ભયંકર સમય આવી રહ્યો છે, શરીર નિર્બળ છે, મરી જવા ઝાઝી મહેનત કરવી પડતી નથી.

**યે કાયા કાચકા કુંભા, નાહક તું દેખતે ફૂલતા.**

**પલકમેં ફૂટ જાયેગા, પતા જ્યું ડાલસે ગિરતા...જ.**

નખમાં ય રોગ ન હતો ને જતો રહ્યો, કેમ ? ભરોંસો નથી, ભારંડ પંખી હવે અપ્રસિદ્ધ છે. બોડી એક, ડોક બે, જીવ બે, કેટલી સાવધાની રાખવી પડે ? બંનેના વિચાર એક જોઈએ. તેને જ્યારે ખાવું હોય તો ડોક ઝુકાવવી પડે, એક ઊંચી કરે, બીજું નીચી કરે, બીજું રક્ષણ કરે. એક જ્યારે પીવે ત્યારે બીજું પીએ. આને અપ્રમત્ત કહેવાય. કર્મનો હુમલો થતો નથી ને ? રાગ ક્યાંય પોષાતો નથીને ? આ જોતો રહે તેને અપ્રમત્ત દશા કહેવાય. જગતનાં બધાં સુખો બહુ સુકોમલ હોય છે. આસક્તિ, ગલગલિયાં પેદા કરાવે તેવાં સુકોમળ છે.

**મંદા ય ફાસાય બહુ લોહણિજ્જા.**

આંખ કહેશે, આનો દેખાવ બહુ સારો છે, નાક કહેશે, સુગંધ બહુ સારી છે. કોઈની ચામડી સુંદર હોય તો પણ તેના ઉપર તું ફસાઈશ નહિ. કારણ તેના ઉપર મસી લગાડાશે નહિ. તારે ફક્ત

મન લગાડવું નહિ. **તહપ્પગારેસુ મણં ન કુજ્જા. રક્ખેજ્જા કોહં વિણએજ્જ માણં, માયં ન સેવે, પયહેજ્જ લોહં.**

મોહરાજાએ પાંચે ઇન્દ્રિયોનાં રમકડાં બિછાવ્યાં છે, નાકમાં ગૂંગા, આંખમાં પિયા, પેટમાં વિષ્ટા તથા મોઢામાં થૂંક ભર્યાં છે. માટે જરાય તેમાં આકર્ષાઈશ નહિ.

**ઔરભ્રીય અધ્યયન : કાલ્પનિક કથા**

પાપનુબંધી પુન્ય કોના જેવું છે ? ઔરભ્ર એટલે ઘેટો. એક ગાયને એક વાછરડું હતું. બીજી તરફ એક ઘેટો બાંધેલો હતો. ગાય જંગલમાં ઘાસ ચરવા જાય, ઘેટાને રોજ ઘેર લીલા ચણા ખવરાવાય. આ જોઈ બચ્ચું વાછરડું બળી જાય.

ધનાઢ્ય માણસો ગાડી લાવે, બીજા બળ્યા કરે. ગાય એકવાર ચરીને આવી, વાછરડું માને કહે, આપણો માલિક પંક્તિભેદ કરે ? તેને રોજ લીલા ચણા, આપણને સૂકું ઘાસ જ. વાછરડું રીસાઈ ગયું ત્યારે તેની મા સમજાવે છે, બેટા ! તારે ઈર્ષ્યા ન કરવી, ઇચ્છા પણ ન કરવી. એક દિવસ ઘેટાને શણગાર કરાવી, હાર પહેરાવી લઈ ગયા, માથે તિલક કરી, અંદર લઈ જઈને છરી ફેરવી મારી નાખ્યો.

લીલાં ઘાસ ખાનારની આ દશા થાય છે, પુન્યના ઉદયથી મળનારાં સુખો ઘેટાંને અપાતા લીલા ચણા જેવાં છે, પુન્યના ઉદયથી મળે છે, ટી.વી. અને ફ્રીજ. ગાયનું વાછરડું આ જોઈ જોઈને બળે છે, પણ કર્મસત્તા કતલના ટાઈમે ભોગવેલાં સુખને કાઢી નાખશે.

**નમિપ્રવ્રજ્યા...**

**રોગ જાયે જો આજની રાત, સંયમ લેવું તો પ્રભાત.** સંકલ્પથી રોગ નાસી ગયો. આપણી બાધા કેવી હોય ? નમિ ચાલી નીકળ્યા, દેવોએ પરિક્ષા કરી છે.

**મિહિલાએ ડજ્ઝમાણીએ, ન મે ડજ્ઝઈ કિંચિવિ**-વિરાગી થઈને ચાલી નીકળ્યા. ગીતામાં કહ્યું છે, નૈનં છિદન્તિ આત્માનં. હું જવાથી કાંઈ જતું નથી. સ્વાર્થ જવાથી રડે છે.

**ઘેઘૂર વડલો.**

ટાઢને તડકા ઝાડને સહન કરવાના. માણસને તો છાયા મળે. પોપટ, ચકલાં માળા કરે. માળામાં બચ્ચાં ચીં ચીં કરે. એકાએક આગ લાગી વડમાં, કોલાહલ થયો. શાના કારણે ? સ્વાર્થના કારણે. પોતાનો સ્વાર્થ જાય ત્યારે જ કોલાહલ થાય છે. પતિ મરી ગયા બાદ અંદર બેસી ત્રીજા દાડે ભજીયાં ખાય.

**બ્રહ્મચર્ય અધ્યયન**

વિગઈથી સાધુનું પતન થાય છે. સાધુ થઈને સ્ત્રીનો સમાગમ કરે, વારંવાર ડોળા ભમાડે તેનું શું થાય ? **દીહકાલિયં રોગાતંકં હવેજ્જા, તમ્હા પણવ અન્નં ન કરે.** જે બ્રહ્મચર્યવ્રત પાળવા તૈયાર નથી તેને દીર્ઘકાળના રોગો વળગી જાય છે. **કેવલી પન્નત્તો ધમ્માઓ ભંસેજ્જા.** બ્રહ્મચર્ય બાબતમાં મક્કમ રહેવું. ગરબડ કરવી નહિ. શ્રાવકે સ્વદારા વ્રતમાં સંતોષી રહેવું.

**પાપશ્રમણ કોને કહેવાય ?**

**ભોચ્ચા, પોચ્ચા સુહં સુવી... પગામશીલા...** જેણે દીક્ષા લીધી છે તે પ્રકામ શય્યા ન કરે ખાઈખાઈને ઊંઘી રહો. ભોચ્ચા ખાઈને, પોચ્ચા, પીને... આરામથી પડ્યા રહો. **પાવસમણે તિ વુચ્ચઈ,** ભોચ્ચા, પેચ્ચા સુહં સુવઈ પાવસમણે ત્તિ વુચ્ચઈ.

ગૃહસ્થોના રોટલા ખાઈખાઈને પડ્યા રહેવું તે કેવું કહેવાય ? હરામનું ખાધેલું નરકમાં ઠેલંઠેલા

કરાવશે. સારો માણસ કોઈનું હરામનું ન ખાય. ગોચરી લઈને પૈસા આપો છો ? ના, તો શું કરવાનું ? તો સ્વાધ્યાય, જ્ઞાનાદિમાં રક્ત થઈ જાવ. **ભણે ભણાવે સાધુને, સર્વ સમય સાવધાન,** ટપલાં ખાધા વિના સાધુ તૈયાર થાય નહિ. મુરઘી ચાંચો મારે તેમ સૂર્યાસ્ત સુધી ખા ખા કરાય નહિ. **અથ્થત્તંમિય સૂરમ્મિ... ચોઈઓ, પડિચોઈઓ, પાવસમણેત્તિવુચ્ચઈ.** ધર્મો રક્ષતિ રક્ષિતઃ ધર્મ કરનારની ધર્મ રક્ષા કરે છે. નવપદજીની સાધના કરો, મયણાશ્રીપાલને સાધના ધર્મે આપી. દ્રવ્યરોગો દૂર કરાતા નથી તો ભાવરોગને દૂર કરનાર ધર્મને કરો. આ પ્રમાણે ઉત્તરાધ્યયનમાં વિવિધ અધ્યયનો મૂકીને મહાવીરપ્રભુએ ખરેખર અનંત અનંત ઉપકાર આપણા ઉપર કર્યા છે.

**જ્ઞાનગમ્મત... ફક્ત મીંડું ચઢાવી દો, શું થશે ?** ઉદર, વદન, બગડી, વડી, ભાગ, રગ, માદા, કપાસ, ઘટ, કદ, કુતી, બગલો, ચિત, ખત, નદી, કાગ, બદરનાથ, દગો, બાડો, ખાડો, કપ જપ લપ ખડ ગાડું ગાડી, જગ, રાડ, ઢગ.

**કાંઈક સમજવા જેવું...**

(૧) સોપારી અંદરથી કઠિન, બહારથી કઠિન.

(૨) દ્રાક્ષ બેય બાજુથી પોચી.

(૩) બોરનો ઠળિયો અંદરથી કઠોર બહાર ઢીલો.

(૪) નાળિયેર ઉપરથી કઠિન, અંદરથી કોમળ...બોલો કોના જેવા બનશો ? નાળિયેર જેવા બનશું.

***વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ***
***લોકોત્તરાણાં ચેતાંસિ, કો નુ વિજ્ઞાતુ મર્હતિ...***

બીજા માટે કોમળ બનો; પોતાના માટે કઠોર બનો.

**પૂજ્ય અધ્યાત્મયોગી પં. શ્રી ભદ્રંકરવિ.મ.સા.ના હિતકારી હિતોપદેશ.**

૧. બીજાનું કાર્ય આવે ત્યારે પોતાનું કાર્ય ગૌણ બનાવવું : **તેમાં મુખ્ય કાયા**

૨. બીજાની ઇચ્છા સંતોષવા માટે પોતે સદા સજ્જ રહેવું : **મુખ્ય મન**

૩. બીજો પૂછવા આવે ત્યારે તેને ઉત્તર આપ્યા સિવાય રહેવું નહિ : **મુખ્ય વચન**

૪. બીજાની ઇચ્છા, તત્પરતા કે અભિરૂચિ ન હોય તે સર્વ સમય પોતાના કાર્યમાં મશલુગ રહેવું : **અધ્યાત્મી-આત્મઅધ્યાય**

૫. આવતી કાલે કે હવે પછીના સમયે શું કાર્ય કરવાનું છે, તેની યોજના, વિચારણા કે ગોઠવણી પહેલેથી કદી કરવી નહિ.

૬. જે કાર્ય જે સમયે દૈવયોગે સામે આવી પડે તે જ સર્વશ્રેષ્ઠ માનીને તેને બજાવવા માટે આનંદ માનવો.

૭. દુનિયામાં જે કાંઈ થઈ રહ્યું છે, તે કાર્ય-કારણના નિયમને અનુસારે યોગ્ય જ થઈ રહ્યું છે એમ સદા વિચારવું.

૮. આપણી ઇચ્છા મુજબ દુનિયાને ચલાવવાનો વિચાર કરવા કરતાં દુનિયા જે રીતે ચાલે છે તે રીતે ચાલવા દઈ આપણો ફાળો આપણને છાજે તે રીતે તેમાં આપવો. બીજો કેમ ચાલે તે ઉપર અધિકાર બીજાનો છે, આપણે કેમ ચાલવું તે ઉપર અધિકાર આપણો છે.

★-★-★

VARDHMAN ENTERPRISE : PHONE : 079-2860785